श्रीरायचन्द्र–जिनागमसंग्रहे

भगवत्सुधर्मस्वामिप्रणीतं

श्रीमद्भगवतीसूत्रम्

(व्याख्याप्रज्ञप्तिः)

पञ्चमाङ्गे प्रथमखण्डम् ।

श्रीमद्–अभयदेवसूरिविरचितविवरणसहितम् ।

श्रीयुत पुंजाभाइ हीराचन्दद्वारा संस्थापितायाः

श्रीजिनागमप्रकाशकसभाया मानदकार्यभारि-

मनसुखलाल रवजीभाई मेहता–प्रेरितेन

न्याय–व्याकरणतीर्थेन

श्रीजीवराजतनुज–पण्डित–बेचरदासेन

अनुवादितम्, संशोधितं च ।

मुम्बय्यां निर्णयसागराख्यमुद्रणालये मुद्रितम् ।

वि० सं० १९७४

समस्तभगवतीसूत्रमूल्यम्—४५–०–०

श्रीरायचन्द्र-जिनागमसंग्रहे

भगवत्सुधर्मस्वामिप्रणीत

श्रीमद्भगवतीसूत्र

(व्याख्याप्रज्ञप्ति.)

पञ्चम अंग-प्रथम खण्ड

श्रीमद्-अभयदेवसूरिविरचितविवरणसहित.

श्रीयुत पुंजाभाई हीराचन्दद्वारा संस्थापित

श्रीजिनागमप्रकाशकसभाना मानदकार्यभारी

मनसुखलाल रवजीभाई मेहताए

न्याय-व्याकरणतीर्थ

पण्डित बेचरदास जीवराज पासे

अनुवदाव्युं अने संशोधाव्युं.

मुम्बई: निर्णयसागराख्यमुद्रणालयमां मुद्रित थयुं.

वि० सं० १९७४.

समस्तभगवतीसूत्रमूल्य-४५-०-०

ता० १–८–१९१३ ने रोज श्रीजिनागम प्रकट करवा माटे नीचे प्रमाणे योजना बहार पडी हती:—

४५ जिनागम प्रकट करवा माटेनी एक योजना.

हर्षनो विषय छे के, हमणां हमणांमां, धर्मविषयक ग्रंथोना प्रकाशनना संबंधमां बीजा धर्मोनी पेठे, जैनधर्ममां पण बहु उत्साह जागृत थयो छे. जूदी जूदी अनेक संस्थाओ, लेखको अने पुस्तकप्रकटकर्त्ताओ तरफथी जूदी जूदी दिशाओमां यत्नो थवा मांड्या छे. कोइ मागधी—प्राकृत आकारे, कोई संस्कृत आकारे, कोई हींदि के गुजराती अनुवाद स्वरूपे सारा सारा ग्रंथोनो प्रकाश करी रह्या छे.

ज्यारे आ प्रकारे प्रयत्नो थई रह्या छे त्यारे ए महत्त्वनी दिशामां प्रयत्न करवा जेवी स्थिति जणाई. समर्थमां समर्थ श्वेताम्बर आचार्यो के जेओए पोताना ज्ञानसामर्थ्यथी विद्वानोनी सृष्टिने विषे अत्यारे पण विस्मयता उत्पन्न करी छे तेओए पण सौथी श्रेष्ठ पदवी जेने आपेली अने जेनुं तेओए अंतिम अवलंबन लीधेलुं एवा एक महत्त्वना कार्य माटे परिश्रम करवानो हवे समय आवेलो जणाय छे.

सर्वे जैन भाइओना जाणवामां छे के श्री श्वेताम्बर संप्रदायने मान्य एवां श्री जिनागम के जेनी संख्या ४५ नी गणवामां आवे छे तेमां अद्भुत तत्त्वज्ञान समायेलुं जोई युरोपना प्रोफेसर मेक्समूलर, प्रोफेसर हर्मन जेकोबी आदि बळवान् विद्वानो तेनां अंग्रेजीमां अनुवादो—भाषान्तरो करी रह्या छे.

हाल सुधीमां जिनागमना केटलाक अंग–उपांगो बहार पडी चूक्या छे. आ दिशामां सर्वथी पहेल करनार मुर्शिदाबादवाळा राय धनपतिसिंह बहादूर हता; जेओए सांभळवा प्रमाणे ई. स. १८८० नी लगभग १००,००० रुपिया शुभ मार्गे खर्चवा माटे आपी ते बहार पडाव्या हता. त्यार बाद जूदा जूदा स्थळोएथी केटलांक अंग–ऊपांगो, क्वचित् मूळ रूपे–क्वचित् मूळ अने संस्कृत टीका साथे, अने क्वचित् मूळना गुजराती अनुवाद साथे बहार पडी चूक्यां छे, राय धनपतिसिंहजी बहादूर तरफथी प्रकट थयेल अंग–उपांगो मूळ मागधी गाथाओ, संस्कृत टीकाओ अने जूना गुजराती टब्बाओ साथे बहार पडेल छे.

रायबहादुरनो ऊपकार सर्वथी श्रेष्ठ छे. आम छतां पण ते जे आकारे प्रकट थयां छे ते आकार अत्यारना समयने माटे सरळ नथी. एक तो ते बंगाळी मरोडमां छपायां छे, जे अत्यारनी आंखने सरळतापूर्वक प्रिय थवां मुश्केल. बीजु टब्बाओ गुजराती भाषामां छे. पण ते घणीज जूनी गुजरातीमां छे एटले अत्यारे ते सहेलाइथी वांचवा विचारवानुं मुश्केल थई पडे छे.

आम छतां, तेओनो परोपकार आपणे भूली जइए तो आपणी ते संपूर्ण कृतघ्नताज छे, केमके तेओए जे समये आपणा माटे ते कार्य करेलुं ते समये ते घणुंज महत्त्वनुं गणाय.

आवा प्रकारे जूदी जूदी रीते प्रयत्नो थयां छतां, तेमां एक सर्वथी अगत्यनो विषय रहेलो छे ते ए छे के, जिनागमना जूदा जूदा अंग–ऊपांगो ऊपर आचार्य भगवान् श्री हरिभद्रसूरि जेवा अनेक समर्थ महानुभावोए करेली संस्कृत टीकाओनो लाभ संस्कृत भाषाथी अज्ञात एवा वर्गने मळी शकतो नथी.

आ कारणथी देश भाषा जाणनारने सुलभ थई पडे तेटला माटे मूळ मागधी–प्राकृत–अने संस्कृत टीकाओ ते बन्नेना संपूर्ण भाषान्तर समेत सुंदर अने शुद्ध प्रकाश थाय तेवी कोई एक योजनानी जरूर छे.

आ विचारनी उत्पत्तिना मूळ कारणभूत पुरुष स्वर्गीय श्रीमान् रायचंद्र छे. तेओनो संवत् १९५७ मां देहोत्सर्ग थयो ते पहेलां तेओए आवा प्रकारनी दिशामां प्रयत्न करवा उपदेशेलुं.

आ योजना संपूर्णपणे अमलमां मूकतां, तेनी पाछळ थतां खर्चनो हिसाब करतां लगभग बे लाख (२००,०००) रु. नो अडसट्टो आवे छे.

आटली मोटी रकम एकी वखते उत्पन्न करी शकाय एवा नजीकमां संजोगो देखाता नथी. आ उपरथी कोइ वहेवारु पद्धतिए काम करवानो विचार थयो; एटले के, जो कोई सारी रकम कामना आरंभ माटे मळी आवे, तो पछी ते द्वाराए आगमो, उपर कही ते योजनापूर्वक बहार पाडी क्रयविक्रयना नियमानुसार काम लइ तेमांथी ने तेमांथी अनुक्रमे आगमोनुं प्रकाशन थतुं जाय.

सारी रकम प्रथम केवी होवी जोइए तेनो ख्याल करीए. दृष्टांत तरिके श्री भगवती सूत्र, मूळ गाथा तेनुं भाषान्तर, संस्कृत टीका अने तेनुं भाषान्तर करावी. छेल्लामां छेल्ली पद्धतिओ प्रमाणे छपावी बहार पाडीए, तो लगभग रु. २५,००० नो खर्च थवा जाय छे. एक वखत आ सूत्रजी बहार पाड्या पछी विक्रय थाय तो ते नाणां पाछां वसुल थइ बीजुं सूत्र छपाय, अने एम अनुक्रमे ४५ आगमो बहार पडी शके.

आवी सुंदर रकम पण आरंभने माटे होवी जोइए. पछी जेम एक कुशळ व्यापार खेडनारना हाथमां पचीश हजारनी मूडी मूक-

वामां आवे अने ते पोतानी व्यापारी कळाथी एक लाख रुपियानो व्यापार करी शके छे, तेम आ कामने माटे पण थई शके; परंतु तेवी रकम तो प्रारंभने माटे जोइए.

जणावतां आनंद थाय छे के, स्व. श्रीमद् रायचंद्रना एक प्रशंसक अमदावादनिवासी भाइ पुंजाभाई हीराचंदे एवी इच्छा जणावी छे के, जो आ काम पार पडी शके तेवी व्यापारी पद्धति उपर व्यवहारु योजना तेओने बतावबामां आवशे तो तेओ तरफथी कार्य आरंभ माटे एक सारी रकम धीरवामां आवशे.

आ उपरथी नीचे प्रमाणे गोठवण करवानुं धारवामां आव्युं:

(१) संभावित गृहस्थोनी देखरेख तळे जिनागमप्रकाशकसभा (जिनागम प्रसिद्ध करनारी संस्था) नामक एक खातुं उभुं करवुं.

(२) आ सभाए पीस्ताळीसे जिनागम मूळ टीका अने ते बन्नेना भाषान्तर सहित अनुक्रमे बहार पाडवां, अने तेने "श्री रायचंद्र-जिनागमसंग्रह" एवुं नाम आपवुं.

(३) सूत्रोनुं संशोधन कार्य तथा अनुवादनुं कार्य संस्कृत अने गुजराती भाषाना विद्वानो पासे कराववुं; अने ते विद्वानोना कार्यने जोवा माटे एक प्रतिष्ठित विद्वानने मुख्य अधिपति तरिके योजवा. जेवी रीते मर्हुम प्रोफेसर मेक्समूलरना नामथी *Sacred Books of the East* नी श्रेणी बहार पडी तेमां मुख्य अधिपति तरीके प्रोफेसर मेक्समूलर हता; अने अकेक ग्रंथोनुं कार्य करवा माटे भिन्न भिन्न विद्वान् व्यक्तिओ हती. युनिवर्सिटीना पदवीधर विद्वानो तेमज प्रतिष्ठित पंडितो आ संशोधन अने अनुवादनुं कार्य करशे. अने तेना उपर युनिवर्सिटीना प्रथम पंक्तिना एक विद्वान् पुरुषनुं मुख्य आधिपत्य रहेशे.

(४) जो जैनमुनि महाशयो रसपूर्वक आ कार्य पार पाडवा तेओनी पवित्र फरज समजशे तो ते तेओनी सहायता पण घणा उत्साहपूर्वक स्वीकारवामां आवशे.

(५) प्रत्येक सूत्र, विलायतमां छपाता पुस्तकोनी पेठे सुंदरमां सुंदर रीते छपाववां, अने तेना बाईन्डींग (पुंठानी बंधामणी) पण एवी सरस करवी के एक 'सेट' तरीके पुस्तकालयमां शोभा आपे.

(६) आखा हींदने अनुकूळ पडे तेटला माटे उत्तममां उत्तम मरोडना बालबोध टाईप वापरवा.

(७) अकेक सूत्रनी एवा प्रकारनी कींमत राखवी के जेथी वांचकवर्गने लेतां हर्ष थाय, अने मूळ मुडीने हानि न पहोंचे. आवी रीते विक्रय थतां जे नाणां वसुल थाय ते पाछां बीजां सूत्र छपाववा पाछळ रोकवा, अने ए प्रमाणे एक पछी एक बहार पडे जाय.

किम्मत केवा प्रकारनी राखनी ते आ उपरथी जोइ शकाशेः दृष्टांत तरिके "श्री भगवतीजी सूत्र" नुं अनुवाद करी बहार पडतां हिसाबनी गणत्री अनुसार लगभग ६०० फॉर्म्स पृष्ठ पांच हजार थवा जाय छे. तेना पांच भाग करीए तो अकेक हजार पृष्ठना एक भागनी रु. ६ नी कींमत सामान्य गणाबी जोइए. अत्रे जणाववुं आवश्यक थइ पडशे के, राय बहादूर धनपतिसिंहजीना संग्रहमां आ सूत्रनी किम्मत रु. १००) राखवामां आवी हती. जो के तेमां टीकानुं भाषान्तर नहोतु. आ योजनाद्वाराए श्री भगवतीजीनी एकंदर कींमत मात्र रु. ३०-०-० नी थाय. उपरांतमां कागळ, छपाई, पुटां, भाषांतर अने शुद्धि अनेकगणां कीमती थशे.

अमे आ योजनां हाथ धरवा अगाउ, समाज तेनो केवो सत्कार करशे ते जाणावा इच्छीए छीए, अने तेथीज श्री भगवतीजीना अगाउथी केटला ग्राहको थशे, अथवा अकेक भागना केटला ग्राहको थशे ते जाणवाना हेतुथी आ जोडे ग्राहक थनार माटे यादी-फॉर्म मोकलीए छीए.

जो अमने जणाशे के आ काम आरंभवाने माटे उत्साह आपनारी ग्राहक संख्या थशे, तो योजनाने अमलमां मूकवा माटे आरंभ थशे.

अंतमां जणाववानु के, भाइ पुंजाभाई हीराचंदे, जे समये आ योजना सत्कार पामे तो तेने अंगे उपर बताव्या प्रमाणेनी उदारता बतावबा इच्छ्युं छे ते समय जैनसाहित्यप्रकाशनना इतिहासमां सर्वथी विशेष अगत्यनो गणावा योग्य छे. अत्यारसुधी जिनागमनुं शुद्ध प्रकाशन बे कारणोथी यथायोग्य प्रगति पाम्युं नहोतुं. एक तो आपणामां विद्याविषयक खीलवणी बहु ओछी हती, अने बीजुं-आपणामां रुढिबद्ध एवा संस्कारो उतरी आव्या हता के, आगमप्रकाशन थाय नहीं. विद्याविषयक खीलवणीना कारणे आ रुढिबद्ध संस्कारो आपणामांथी घणा ओछा थया छे, परंतु सर्वथा ते गया नथी. जे गतिपूर्वक विद्याविषयक खीलवणी देशमां थती चाली छे ते गतिपूर्वक चालु रहे, तो ओछामां ओछा पचीश वर्ष आ रुढिबद्ध संस्कारो सर्वथा जवाने जोइए. आ प्रकारे २५ वर्ष सुधी राह जोतां, आवा कार्यनी सामे एक मोटो भय आवी उभो रहे तेम छे. धर्मचुस्त वर्गनी एक एवी फर्याद चालु थइ छे के; पश्चिम भणीनी केळवणीथी तरुण जमानो निवृत्ति मार्ग करतां प्रवृत्ति मार्गे विशेष वध्यो जाय छे. जे गतिए ते वध्यो जतो मानवामां आवे छे ते गतिनी गणत्री ध्यानमां लेतां, पचीश वर्ष पछी हमणां करतां बहुपणे प्रवृत्ति मार्गे शुं चढी न जाय? अने चढी जाय तो रुढिबद्ध संस्कारो सर्वथा जाय, त्यां आ

नवो भय आ महान् कामनी सामे आवीने उभो रहेवा शुं संभव नथी ! आ दृष्टि लेतां, अत्यारनो समयज आ कार्यने अंगे सर्वथी सारो छे, कारण के पश्चिम भणीनी केळवणी पामेलो वर्ग हजु निवृत्ति अने प्रवृत्ति मार्गना संस्कारोनी मध्य स्थितिमां छे.

आ उपरथी आशा राखवी स्थाने छे के, धर्मचुस्त मुनि अने गृहस्थ वर्ग, उपर दर्शावेलो जोखम २५ वर्ष पछी आवी उभो न रहे तेटला माटे, आगमप्रसिद्धिना कार्यने तरतज गति आपवाने पोताथी बनतुं सघळुं करी भाइ पुंजाभाईना उल्लासनो लाभ समाजने अपाववानी पोतानी पूर्ण फरज समजशे.

आ योजना अमलमां मूकी शकावा योग्य छे के नहीं तेनो निर्धार तरतमां थवो जोइए, केमके तेवो निर्धार थया पछीज योजनाने माटे सघळा प्रकारनां साधनो एकत्र थइ शके. आ पर्यूषणपर्व सुधीमां तेवो निर्धार थइ जवा माटे अमे जाहेर करवा रजा लइए छीए के संवत् १९६९ ना भादरवा शुद १५ सुधीमां श्रीभगवतीजी सूत्रना उपर जणावेली कींमते केटला ग्राहको थाय छे ते उपर आधार राखी योजना अमलमां मूकवी के नहीं तेनो छेवटनो निर्णय करवामां आवशे. जो आशाजनक संख्या ग्राहकोनी थशे, तो तरतमां योजना, अमलमां मूकवामां आवशे. जो ग्राहक संख्या एवी थशे के, आ भगीरथ कार्य एक साहसरूपे पण करवा जेवुं जणाशे, तो भादरवा शुद १५ पछी थनार पासेथी आ सूत्रनी किम्मत रु. ४५–०–० लेवामां आवशे.

आ योजनाने समाज तरफथी सत्कार मळतां तदनुसार 'भगवतीजी' नो आ प्रथम खंड बहार पडे छे.

श्रीजिनागमप्रकाशक सभा.
माणेकचोक अमदावाद.
तथा
१०७ धनजी स्ट्रीट मुंबई.

मनसुखलाल रवजीभाई मेहता.
जिनागमप्रकाशक सभाना
मानद कार्यभारी.

"यस्मिन् कस्मिन् पुरुषे यावतांऽशेन वीतरागता संभवति, तावतांऽशेन तस्य पुरुषस्य वाक्यं माननीयं स्यात्."

"सर्वेभ्यो वीतरागवचनं संपूर्णतया प्रतीतिपात्रं कथयितुं समुचितम्, यतो यत्र रागादिदोषाणां संपूर्णः क्षयः स्यात् तत्र"

"संपूर्णज्ञानस्वभावप्रकटनोचितनियमो घटते—श्रीजिने या वीतरागता सा सर्वेभ्योऽतिरिच्यते, तेषां वचनं प्रत्यक्षं प्रमाणं ततः."

धर्मोत्पत्तिमूलकारणम् ।

शारीरिकाद्यनन्तप्रकारैर्दुःखैर्व्याप्ता अत एव विह्वला जीवास्तानि त्यक्तुमिच्छवोऽपि न त्यक्तुं शक्नुवन्ति. किमस्य कारणम्? एतादृशं प्रश्नं नैके पुरुषाः समुत्पादयन्ति, परन्तु तं समाधातुं तु कश्चिद् विरल एव शक्नोति. यावच्च यथार्थतया दुःखमूलमेव न ज्ञातम्, तावत् कृतेऽपि तत्क्षयोपाये न तद् विनश्यति, किन्तु दुःखं प्रति आकण्ठं चाप्रियतायाम्, अभावुकतायां सत्यामपि तद् अनुभवनीयमेव. विपरीतोपायैर्दुःखं नाशयितुं प्रयतमाने जने, तन्नाशार्थं च असह्यपरिश्रमपूर्वकं कृतेऽपि प्रयत्ने यदि न तद् नश्येत् तदा मुमुक्षुरत्यन्तं व्यामुह्यति, अथवा स मुमुक्षुः पुनः पुनरेवं चिन्तयति—यत् किमेतत्? कथं नेदं दुःखं टलति? केनाऽपि प्रकारेण न तद् ममेष्टम्, स्वप्नेऽपि न तत् प्रति वृत्तिलवः, तथापि तत् प्राप्यते, अहं च यान् प्रयत्नान् तन्नाशाय करोमि, ते सर्वेऽपि केवलं विफला भवन्ति इति न, किन्तु अहं दुःखमेव अनुभवामि; किमेतत्? किमस्य कारणम्? किं न नाशार्हं दुःखम्? किं दुःखानुभूतिरेव जीवस्वभावः? किमस्ति कश्चिद् जगतः कर्ता? किं तेनैवमेव कर्तुमुचितं गणितम्? किं वैषा वृत्तिः भवितव्याधीना? किमथवा केषांचिद् मत्कृतापराधानामेवेदं फलम्? इत्येवंप्रकारान् अनेकान् विकल्पान् ते प्राणिनः कुर्वन्ति, ये सन्ति देह—मनोधारिणः. ये तु देहिनोऽपि मनोरहितास्ते प्राणिनः अव्यक्तं दुःखम् अनुभवन्ति, इच्छन्ति च अव्यक्ततया यदेतद् अस्मदीयं दुःखं केनाऽपि प्रकारेण प्रणश्येत्. अस्मिन् जगति सर्वे शरीरिणः व्यक्तं वाऽव्यक्तं तदेव समाकाङ्क्षन्ति यत् केनाऽपि प्रकारेण दुःखं संनश्येत्, कयाऽपि रीत्या नाहं दुःखमनुभवेयम्, सर्वथा सुखभागेव स्याम्, तेषां प्रयत्नोऽपि तदर्थमेव, एवं सत्यपि कथं न नश्यति तद् दुःखम्? एतादृशः प्रश्नो बहूनां विचारवतां मनसि पूर्वकाले समभूत्, वर्तमानेऽपि भवति, भविष्यत्यपि तादृशविचारवन्तो भविष्यन्ति. तेषु अनन्ताऽनन्तविचारवत्सु अनन्ता विचारवन्तः पूर्वोक्तप्रश्नसमाधानं प्राप्तवन्तः, मुक्ताश्च दुःखेभ्यः, वर्तमानेऽपि ये ये विचारवन्तस्तथ्यं समाधानं प्राप्तवन्तस्तेऽपि तथारूपं फलं प्राप्नुवन्ति, भविष्यति चापि ये ये विचारवन्तो यथार्थं समाधानं संप्राप्स्यन्ति ते ते तथारूपं फलं प्राप्स्यन्ति, नात्र संशयावकाशः.

केवलमौषधेनैव यदि शरीरदुःखं नश्येत्, धनादिप्राप्त्या मनोदुःखनाशो भवेत्, वा बाह्यसंसर्गजं दुःखं मनसि न किमपि प्रभावं विदध्यात् तदा दुःखनाशाय ये ये प्रयत्नाः क्रियन्ते, तेषां जीवानां ते ते सफलाः स्युः. किन्तु नैतादृग् भवत् कैरपि दृष्टम्, तदैव विचारवतां मनसि प्रश्नः समुत्पन्नः यद् दुःखनाशाय अन्य एव उपायः स्यात्, योऽयं तदर्थं क्रियते प्रयत्नः स तु अयथार्थ एव, एवमेव प्रवृत्तौ तु सर्वः श्रमो व्यर्थ एव, अतो यदि दुःखस्य मूलकारणं यथार्थतया ज्ञायेत, तदनुसारेण च उपायविधिर्भवेत् तदा दुःखं विनश्येत्, नान्यथा. यथार्थतया दुःखमूलकारणजिज्ञासोत्कण्ठिता अपि केचिदेव विचारशीलाः तद्विषयं सत्यं समाधानं प्राप्ताः, केचित् तु यथार्थं समाधानम् अप्राप्नुवन्तो मतिव्यामोहादिना आत्मानं यथार्थसमाधानप्रापकं मन्यमानास्तदनुसारेण उपदेष्टुं प्रवृत्ताः, लोका अपि बहव तदुपदेशानुसारेण प्रवृत्तिं विधातुं लग्नाः. जगति यदेतानि धर्मविषये भिन्नभिन्नमतान्तराणि दृश्यन्ते, तेषां सर्वेषामिदमेव मुख्यमूलम्. "धर्माद् दुःखं विनश्येत्" एतादृशः सिद्धान्तो बहूनां विचारवतां संजातः, परन्तु तेषां धर्मस्वरूपसंज्ञाने परस्परमधिको भेदः समजनि, केचित् तु स्वीयाद् मूलविषयाद् भ्रंशं प्राप्ताः, पुनश्च केऽपि तद्विषये मतिमोहाद् विविधतया नास्तिकादिपरिणामं गताः.

वीतरागवचनाऽभिप्रायः ।

किमस्ति दुःखम्? कानि च दुःखमूलकारणानि? तानि च कथं नश्येयुः? तत्संबन्धे जिनैर्वीतरागैर्यद् मतं दर्शितम् तत्,— श्रीमतो वर्धमानजिनस्य—वर्तमानकाले अन्तिमतीर्थंकरदेवस्य—शिक्षयाऽधुना मोक्षमार्गोऽस्तित्वं धरिवर्ति, एतच्चात्र संक्षेपेणोच्यते:—

"सर्वे जीवाः सुखं समिच्छन्ति, दुःखं तु सर्वेषामप्रियम्, दुःखाद् मुक्ता भवितुं सर्वे जीवा वाञ्छन्ति, तत्स्वरूपस्य यथार्थतयाऽ-

ज्ञानात् तद् दुःखं न नश्यति. तद्दुःखात्यन्तिकाभावं मोक्षमाचक्ष्महे. अत्यन्तवीतरागतामसंप्राप्य न भवेद् आत्यन्तिको मोक्षः, सम्यग्ज्ञान मन्तरा वीतरागता प्राप्तुमशक्या, सम्यग्दर्शनं विना ज्ञानमपि असम्यगुच्यते, येन स्वभावेन वस्तुनः स्वरूपम्, तेनैव स्वभावेन वस्तु ज्ञानं सम्यग्ज्ञानमुच्यते. सम्यग्दर्शनेन, सम्यग्ज्ञानेन च प्रतीतमात्मभावमनुसृत्य यद् वर्तनं तच्चारित्र्यमुच्यते. एषां त्रयाणाम् [सम्यग्ज्ञान-सम्यग्दर्शन–सम्यक्चारित्राणाम्] एकतया जायते मोक्षमार्गः. जीवः स्वाभाविकः, जीवाश्चानन्ताः, परमाणवोऽप्यनन्ताः, जीव–पुद्गलयोरना दिकः संयोगः, [परमाणूनां समूहः पुद्गलः] यावच्च जीवः पुद्गलेन संबद्धस्तावत् स सकर्मोच्यते, जीवो भावकर्मणां विधाता, भावकर्मण मपरं नाम विभावः, भावकर्मप्रभावेण जीवः पुद्गलराशिं संचिनोति, तत एव तैजसादिशरीरसंबन्धः, औदारिकादिशरीरसंबन्धश्च संजायते. यदि जीवो भावकर्मतो विमुखो जायेत तदा निजभावपरिणामी भवेत्. विना सम्यग्दर्शनं वास्तवेन भावकर्मतो जीवो विमुखीभवितुं न शक्नोति जिनवचनाद् या तत्त्वार्थे प्रतीतिः, सैव सम्यग्दर्शने मुख्यं साधनम्.

समुपदर्शिता इमे उपायाः—सम्यग्दर्शन–सम्यग्ज्ञान–सम्यक्चारित्रादयः, अथवा एषां त्रयाणां यदेकं नाम सम्यग्मोक्षः. सम्यग्दर्शना दिषु 'सम्यग्दर्शनमेव मुख्यम्' एवं रीत्या नैकस्थलेषु श्रीवीतरागैः प्ररूपितम्. यद्यपि सम्यग्ज्ञानादेव सम्यग्दर्शनमपि अवलक्ष्यते, तथापि स म्यग्दर्शनप्राप्तिरहितं ज्ञानं संसारस्य–दुःखस्य–कारणमिति मत्वा मुख्यतया सम्यग्दर्शनमेव गृहीतम्. यथा यथा सम्यग्दर्शनं शुद्धं संजायते तथा तथा सम्यक्चारित्रं प्रति वीर्यं समुल्लसति. एवं क्रमेण सम्यक्चारित्रावाप्तिसमयो नैकट्यमेव प्राप्नोति, तत एव चात्मनि स्थिरः स्वभाव सिध्यति, क्रमाच्च पूर्णतया स्थिरता प्राकट्यं प्राप्नोति, तत आत्मा निजपदे लीनो भूत्वा सर्वकर्मकलङ्करहितः शुद्धात्मस्वभावैकरूपे मोक्षे परमाऽव्याबाधसुखानुभवसमुद्रे च स्थितो भवति. यथा सम्यग्दर्शनप्राप्त्या ज्ञानं सम्यक्त्वभावं प्राप्नोति, एषः सम्यग्दर्शनस्य परमोपकारः तथा सम्यग्दर्शनं क्रमेण शुद्धं सत् पूर्णत्वेन यत् स्थिरतारूपं चारित्र्यं प्राप्नोति, तदर्थं तत् सम्यग्ज्ञानसामर्थ्यं समपेक्षते.

वीतरागशास्त्राणि।

सम्यग्ज्ञानप्राप्तावुपायभूतं वीतरागश्रुतम्, तत्तत्त्वोपदेष्टा महात्मा च. वीतरागश्रुतपरमरहस्यज्ञाता, असङ्गः, परमकरुणाशीलो महात्मा अत्यन्तं दुर्लभः, महाभाग्येनैव तद्योगः प्राप्यते तदसंशयम्. ईदृशमहात्मनां योगो दुर्लभतमः, यदा सुषमे देशे, कालेऽपि एतादृशम-हात्मनो योगो दुर्लभः, तदा दुःषमे काले स दुर्लभः स्यादेव, तत्र किं केन वक्तव्यम्. यद्यपि तादृशमहात्मनां योगः कश्चिदेव-लभ्यते, तथाऽपि यदि शुद्धवृत्तियुतो मुमुक्षुः स्यात् तदैव स तादृशपुरुषस्य मौहूर्तिकेऽपि समागमे अप्राप्तपूर्वं गुणं प्राप्नोति. येषां महात्मनां वचन-प्रभावाद् मुहूर्तमात्रेऽपि काले चक्रवर्तिनोऽपि राजानः स्वीयं राज्य–विभवादिकं परित्यज्य भयंकरे वने तपश्चर्यामाचरितुं संचरिताः, तेषां महा-त्मनां योगेन कथं नाऽपूर्वा गुणप्राप्तिर्भवेत्? सुषमे देशे, कालेऽपि कश्चिदेव तादृशां महात्मनां योगो जायेत, यतस्ते अप्रतिबद्धविहारिणो भवन्ति. कश्चिद् मुमुक्षुरेवमभिलषेद् यद् एवंप्रकाराणां महात्मनां निरन्तरः समागमः कथं स्यात्? यतो मुमुक्षवो मानवा दुःखक्षयेऽनन्यकारणभूतान् तान् पूर्णत्वेन समुपासीरन्. तद्विषयो मार्गः श्रीजिनेन भगवता एवमवलोकितः—नित्यं तत्समागमे आज्ञाधीनत्वेन वर्तनीयम्, तदर्थं च बाह्यान्तरपरिग्रहादिः त्याज्यः, ये तु तं [परिग्रहादिकम्] सर्वथा परित्यक्तुं न शक्तास्तैर्देशतस्तत्त्यागपूर्वकमेवं वर्तनीयम्. तेषां महात्मनां गुणातिशयत्वेन, सम्यगाचरणात्, परमज्ञानात्, परमशान्तेः, परमनिवृत्तेश्च मुमुक्षुजीवस्य अशुभवृत्तयः परावृत्ताः सत्यः शुभस्वभावं प्राप्य स्वरूपं प्रति वलन्ति. तेषां पुरुषाणां वचनानि आगमस्वरूपाणि, तदपि पुनः पुनः स्ववचनयोगाऽप्रवृत्तेः, निरन्तरं समागमयोगाभावात्, तद्वचनयथास्थितस्मरणविरहात्, केषांचिद् भावानां स्वरूपज्ञाने परावर्तनज्ञानापेक्षणात्, अनुप्रेक्षाबलवृद्ध्यर्थं च वीतरागश्रुतम्—वीतरा-गशास्त्रम्–बलवदेकम् उपकारकारकं साधनम्. यद्यपि तादृशमहापुरुषयोगेनैव प्रथमं तद्रहस्यं ज्ञानीयम्, पश्चाद् दृष्टौ विशुद्धायां सत्यां महात्मसमागमविरहेऽपि तत् श्रुतं बलवदुपकारकारकम्. अथवा यत्र केवलं तादृशां महात्मनां योगो भवितुमशक्यः, तत्रापि विशुद्धदृष्टिमतां वीतरागश्रुतं परमोपकारं करोति. तदर्थं चैव महापुरुषैरेकश्लोकाद् आरभ्य आद्वादशाङ्गं श्रुतप्रणयनमकारि. तद्द्वादशाङ्गस्य मूलतः उप-देष्टा श्रीसर्वज्ञो वीतरागः, यस्य स्वरूपं महात्मानो निरन्तरं ध्यायन्ति, स्वप्रतीत्या च तत्पदप्राप्तिमेव सर्वस्वप्राप्तिम् अनुभवन्ति. सर्वज्ञवचनानि संप्रधार्य महाचार्यैः तद् द्वादशाङ्गं न्यबन्धि, तदाऽऽश्रितैरपरैराज्ञाङ्कितैर्महात्मभिः इतराण्यनेकशास्त्राणि संरचितानि. द्वादशाङ्गनामानि चैवम्:—आचार–अङ्गम्, सूत्रकृत–अङ्गम्, स्थान–अङ्गम्, समवाय–अङ्गम्, व्याख्याप्रज्ञप्ति–भगवती–अङ्गम्, ज्ञाताधर्मकथा–अङ्गम्, उपासकद-शा–अङ्गम्, अन्तकृद्दशा–अङ्गम्, अनुत्तरौपपातिकदशा–अङ्गम्, प्रश्नव्याकरण–अङ्गम्, विपाक–अङ्गम्, दृष्टिवाद–अङ्गम्.

वीतरागशास्त्रं प्रति श्वेताम्बर-दिगम्बरौ।

तेभ्यः श्रीआचारादिशास्त्रेभ्यः कालदोषादनेकानि स्थलानि विसर्जनतां प्राप्तानि, अवशिष्टानि चाल्पानि स्थलानि; यानि चाल्पस्थलानि अवशि-ष्टानि तानि 'एकादशाङ्ग' इति संज्ञया श्वेताम्बरेषु प्रतीतानि. तन्मतं दिगम्बरैर्नानुमतम्. जिनदर्शने मुख्यतया श्वेताम्बर-दिग-म्बरनाम्ना भेदद्वयं प्रसिद्धम्. विसंवादापेक्षया, मताग्रहदृष्ट्या च तद् भेदद्वयं केवलं भिन्नभिन्नमार्गद्वयमिव दृश्यते. मतदृष्ट्या तु तदवलोकने तयोर्भेदयोर्महदन्तरम्. तत्त्वदृष्ट्या जिनदर्शने मुख्यतया तादृशो विशेषभेदः परोक्षः, दीर्घदृष्ट्या तत्संप्रे-क्षणे तयोर्द्वयोः भिन्नान्येव कारणानि दृश्यन्ते, विवादसंबन्धीनि बहूनि स्थलानि तु अप्रयोजनायमानान्येव तयोः, तान्यपि च परोक्षाणि. यानि च प्रत्यक्षकार्यभिन्नानि, न तेषु तादृशो भेदः, ततः संप्रदायद्वये उत्पद्यमाना गुणवन्तो जनाः सम्यग्दृष्ट्या पश्यन्ति, तथा च प्रवर्तन्ते यथा तत्त्वप्रतीतावन्तरायाऽल्पता भवेत्. यत् किञ्चिदस्तु, परन्तु तद्भेदद्वयमत्यन्तं सांनिध्यमागच्छति. "मोक्षमार्गप्रकाश" नामके दैगम्बरे ग्रन्थे वर्तमा-

नजिनागमाः, ये श्वेताम्बरसंप्रदायसंमान्याः, ते निषिद्धाः, किन्तु न तन्निषेधः समुचितः, इतरदर्शनग्रन्थेष्विव वर्तमानागमेषु अमुकानि स्थलानि अधिकतया संदिग्धानीवावभासन्ते, तथाऽपि सत्पुरुषदृष्ट्या संप्रेक्षणे समस्ति तन्निर्णयः. ततः उपशमदृष्ट्या तदागमावलोकने न कार्यः संशयः.

वीतरागश्रुतक-जिनागमस्य-माहात्म्यम् ।

श्रीजिनागमा उपशमस्वरूपाः, उपशमस्वरूपैरेव पुरुषैरुपशमार्थमेते प्ररूपिताः—उपदिष्टाः, स समुपशम आत्मार्थम्, नान्यप्रयोजनाय, सूत्राणि (जिनागमाः), तदनुसारेण च प्राचीनाचार्यैः रचितानि अन्यान्यपि बहूनि शास्त्राणि सन्ति विद्यमानानि, सुविहितपुरुषैस्तु तानि हितावहमत्यैव विरचितानि, कैश्चिदपि मतवादिभिः, हठाग्रहिभिः, शैथिल्यपोषकैश्च पुरुषैः संकलितानि कानिचित् पुस्तकानि सूत्रेभ्यः, जिनाचारेभ्यो वा भिन्नानि, प्रयोजनमर्यादाबाह्यानि च ज्ञायेरन्, तेषां पुस्तकानामुदाहरणात् प्राचीनसुविहिताचार्यवचनोत्थापनप्रयत्नो न भवभीरुभिर्महात्मभिर्विधीयते. परन्तु ततो भवति उपकार इति ज्ञात्वा तद्रक्षमाणं कुर्वद्भिर्यथोचितं तानि सदुपयोगतया गृह्यन्ते.

येन मतभेदेनाऽयं जीवो गृहीतः, स एव मतभेदः तत्स्वरूपमावृणोति—वीतरागपुरुषस्य समागममन्तरा, तदुपासनां विना चास्मिन् जीवे कथं समुत्पद्येत मुमुक्षुता ? कुतः स्यात् सम्यग्ज्ञानम् ? कथं भवेत् सम्यग्दर्शनम् ? केन प्रकारेण चाऽऽविःस्यात् सम्यक्चारित्रम् ? तानि त्रीणि वस्तूनि नान्यत्र संभवन्ति.

वर्तमाने वीतराग-मार्गदशा ।

वीतरागपुरुषाभावप्रायो वर्तमानः समयः, [जिनमार्गे] आश्चर्यकरा भेदाः, [स मार्गः] खण्डितः, [तम्] संपूरयितुं दुर्गमं साधनं दृश्यते, [तस्य] प्रभावे महानन्तरायः समस्ति, [तदर्थम्] च देश–कालादयः बहुप्रतिकूलाः वर्तन्ते, वीतरागमतं लोकप्रतिकूलं गंजालम्, ये लोका वीतरागमतानुयायिनः, तेऽपि न तत्प्रत्ययं स्वलक्ष्ये लक्षयन्ति, अथवा—अन्यमतमेव वीतरागमतं मत्वा ते सन्ति धर्मकरणे धावमानाः, यथार्थतया वीतरागमतज्ञानयोग्यता न तेषु लोकेषु लोक्यते, दृष्टिरागस्य प्रबलं साम्राज्यं समस्ति, वेषादिव्यवहारे विटम्बनां कृत्वा मोक्षमार्गे अन्तरायं विदधाना. समुपविष्टाः संसन्ति. तुच्छा, दीनाः, विराधकवृत्तियुक्ताश्च पुरुषा अग्रेसरा वर्तन्ते, यदि किमपि तथ्यं सत्यं बहिराविःस्यात् तदा ते प्राणघातजमिव दुःखं समनुभवन्ति इति विलोक्यते.

श्रुतज्ञानम्–जिनागमरूपसाधन-शक्तिः ।

वीतरागपदं पुनः पुनः संविचारणीयम्, समुपासनीयम्, ध्येयं च. कालदोषाद् अपारश्रुतसागरस्य बहुलो भागो विसृष्टः, अवशिष्टं च वर्तमाने बिन्दुमात्रम्, अल्पमात्रं वा; बहुस्थलेषु च स्थूलनिरूपणापारिशेष्यादेव न लभते इदानीन्तनो जनो निर्ग्रन्थभगवदुक्तश्रुतस्य पूर्णं लाभमस्मिन् क्षेत्रे, स एव हेतुर्मतमतान्तरोत्पत्तौ, तत एव च निर्मलात्मतत्त्वाभ्यासिनां महात्मनां संजाता अल्पता, अल्पतां प्राप्ते श्रुतज्ञाने बहुषु उत्पन्नेषु मतमतान्तरेषु, समाधानसाधनेषु परोक्षेष्वपि च 'सम्यग्दर्शनम्–श्रुतरहस्यम्' ईदृशो ह्यात्मानुभवहेतुर्मोक्षमार्गः—सम्यक्चारित्रम्, विशुद्धध्यानं चाद्यापि विद्यते, तत् किल परमहर्षकारणम्.

श्रीजिनपरिभाषा ।

श्रीजिनेन कथिता भावा अध्यात्मपरिभाषाभूषिताः समवभासन्ते, अत एव ते दुःसंज्ञानाः, (तद्वेदनार्थम्) परमपुरुषस्य योगः संप्राप्यः–जिनपरिभाषाविषयको विचारो यथावकाशं विशेषतो निदिध्यासितव्यः, भगवता जिनेन कथितो लोकसंस्थानादिर्भावो, ऽध्यात्मपरिभाषया साधयितुं शक्यः, चक्रवर्त्यादिस्वरूपमपि तथाविधम्, मनुष्योच्चताप्रमाणाद्यपि तथाप्रकारम्, कालप्रमाणादिष्वपि तथाविधतैव घटामटति, निगोदादिस्वरूपमपि न तथाप्रकारतामतिक्रामति, सिद्धस्वरूपमपि तेनैव प्रकारेण निदिध्यासनीयम्–संप्रापणीयम्, 'लोक'–शब्दार्थः, 'अनेकान्त'–शब्दार्थश्च आध्यात्मिकः. 'सर्वज्ञ'–शब्दसंज्ञानं बहुगूढम्, धर्मकथारूपाणि चरित्राणि आध्यात्मिकपरिभाषया परिभूषितानि, जम्बुद्वीपादिवर्णनमपि तथाप्रकारमेव.

भगवतीवर्णनानि ।

भगवतीप्रभृतिसिद्धान्तेषु यत् किमपि जीवानां भवान्तरवर्णनमकारि, न तत्र किमपि संशयनीयम्, तीर्थंकरास्तु पूर्णात्मस्वरूपाः, परन्तु ये पुरुषाः केवलं योग–ध्यानादिसमभ्यासबलात् स्थिताः, तेष्वपि कियन्तः पुरुषा. तानि भवान्तराणि ज्ञातुं शक्नुवन्ति एवं च यद् भवति न तत्र काऽपि कल्पितप्रकारता, यस्य पुरुषस्य आत्मनो निश्चयात्मकं ज्ञानम्, स भवान्तरज्ञानी भवितुमर्हति, कश्चिच्च ज्ञानतारतम्येन क्षयोपशमभेदाद् न तथा भवितुमर्हति, किन्तु यो जनः आत्मानं पूर्णतया, शुद्धतया च अनुभवति स तु तद् ज्ञानं (भवान्तरज्ञानम्) जानातीति सुनिर्णीतम्.

'आत्मा नित्यः, अनुभवरूपः, वस्तुरूपश्च' इत्यादि संस्कारदृढीकरणार्थं शास्त्रेषु ते ते प्रसङ्गाः समुपवर्णिताः, यदि कोऽपि स्पष्टतया न स्याद् भवान्तरज्ञानी तदा तु कोऽपि आत्मज्ञान्यपि न भवेदिति वक्तव्यं स्यात्. किन्तु तथा तु नास्ति, यतः—आत्मज्ञानं जायते स्पष्टतया, तत एव च भवान्तरज्ञानमपि स्पष्टतयैवावभासते यस्य कस्याऽपि ज्ञानिनः. स्वीयपरकीयभावसंज्ञानज्ञानं नैव केनाऽपि प्रकारेण विसंवादं प्राप्नोति.

—श्रीमद्राजचन्द्रः.

श्रीमद्राजचन्द्रात् श्रीजिनागमविषयकमिदं शिक्षणमस्माभिर्लब्धम्, अहम्मदावादनिवासिने श्रीमते हीराभाइ–सूनुश्रीपुंजाभाइनाम्ने स्वस्नेहिने श्रीमद्राजचन्द्रः। तेषामियमाज्ञाऽऽसीद् यद् द्रव्यव्ययो ज्ञानोद्धाराय कार्यः, तदाज्ञानुसारेण श्रीपुंजाभाइनाम्ना ज्ञानरसिकेन धनिना अकाले कालेन कवलितस्य स्वैकतरुणपुत्रश्रीकचराभाइनाम्नः संस्मरणार्थं श्रीजिनागमप्रकटनयोजना कारिता, यत्र सर्वतः प्रथमं श्रीमत्सुधर्मस्वामिसंकलितं श्रीभगवतीसूत्रमिदं प्रथमखण्डरूपेण संमुद्र्य प्रकाश्यते. एतच्च भगवतीसूत्रप्रथमखण्डं न्यायतीर्थ–व्याकरण–तीर्थेतिपदवीद्वयधारिणा पण्डितवर्येण श्रीजीवराजतनुजन्मना बेचरदासेन अनुवादितम्, स्थले स्थले मूल–टीकागतप्राकृतच्छाया–टिप्पणादिभिश्च संटिप्पितम्, संशोधितं च. आसीदिच्छा यद् एका आलोचनायुक्ता ऐतिहासिकी, शास्त्रसंमता च प्रस्तावनाऽनेन खण्डेन सहैव प्राकट्यं प्राप्नुयात्; परम् अत्रार्थेऽधिककालाऽपेक्षा इति अतः परं प्रकटयितुं चिकीर्षितम्. अत्राऽस्माभिरस्माकं सर्वाः शक्तयः असंकुचितं नियोज्य इदं पुस्तकं यथोत्तमं स्यात् तथा सर्वे प्रयत्नाः कृताः. तदिदं पुस्तकं प्रजाजनप्रेमपात्रीभवतु इति प्रबलत्वेन समाकाङ्क्षन्—

मनसुखलाल रवजीभाइ मेहता.

"जे कोइ पुरुषने जेटले अंशे वीतरागता संभवे छे तेटले अंशे ते पुरुषनुं वाक्य मान्यता योग्य छे."

"सर्व करतां वीतरागना वचनने संपूर्ण प्रतीतिनुं स्थान कहेवुं घटे छे, केमके ज्यां रागादिदोषनो संपूर्ण क्षय होय त्यां संपूर्ण ज्ञान स्वभाव प्रगटवा"
"योग्य नियम घटे छे--श्रीजिनने सर्व करतां उत्कृष्ट वीतरागता संभवे छे. तेमना वचननुं प्रत्यक्ष प्रमाण छे माटे."

धर्मोत्पत्तिनुं मूळकारण--

शारीरिक, मानसिक अनंत प्रकारनां दुःखोए आकुल व्याकुल जीवोने ते दुःखोथी छूटवानी बहु बहु प्रकारे इच्छा छतां तेमांथी मुक्त थइ शकता नथी तेनुं शुं कारण? एवो प्रश्न अनेक जीवोने उत्पन्न थया करे, पण तेनुं यथार्थ समाधान कोइ एक विरल जीवने ज प्राप्त थाय छे. ज्यां सुधी दुःखनुं मूल कारण यथार्थपणे जाणवामां न आव्युं होय त्यां सुधी ते टाळवाने माटे गमे तेवुं प्रयत्न करवामां आवे तोपण दुःखनो क्षय थइ शके नहीं, अने गमे तेटली अप्रियता अने अभाव ते दुःख प्रत्ये होय छतां तेने अनुभव्या ज करवुं पडे. अवास्तविक उपायथी ते दुःख मटाडवानुं प्रयत्न करवामां आवे अने ते प्रयत्न न सहन थइ शके एटला परिश्रमपूर्वक कर्युं होय छतां ते दुःख न मटवाथी दुःख मटाडवा इच्छता मुमुक्षुने अत्यंत व्यामोह थइ आवे छे अथवा थया करे छे के आनुं शुं कारण? आ दुःख केम टळतुं नथी? कोइ पण प्रकारे मारे ते दुःखनी प्राप्ति इच्छित नहीं छतां, स्वप्ने य पण तेना प्रत्ये कांइ पण वृत्ति नहीं छतां तेनी प्राप्ति थया करे छे अने हुं जे प्रयत्न करुं छुं ते ते बधां निष्फळ जइ दुःख अनुभव्या ज करुं छुं एनुं शुं कारण? शुं ए दुःख मटतुं ज नहीं होय? दुःखी थवुं ए ज जीवनो स्वभाव हशे? शुं कोइ एक जगत्कर्ता ईश्वर हशे? तेणे आम ज करवुं योग्य गण्युं हशे? शुं भवितव्यने आधीन ए वात हशे? अथवा कोइ एक मारा करेला अपराधोनुं फल हशे? ए वगेरे अनेक प्रकारना विकल्पो जे जीवो मनसहित देहधारी छे ते कर्या करे छे, अने जे जीवो मनरहित छे ते अव्यक्तपणे दुःखनो अनुभव करे छे, अने अव्यक्तपणे ते दुःख मटे एवी इच्छा राख्या करे छे. आ जगत्ने विषे प्राणी मात्रनी व्यक्त अथवा अव्यक्त इच्छा पण ए ज छे के, कोइ पण प्रकारे मने दुःख न हो अने सर्वथा सुख हो; प्रयत्न पण ए ज अर्थे छे; छतां ते दुःख शामाटे मटतुं नथी? एवो प्रश्न घणा घणा विचारवानोने पण भूत काळे उत्पन्न थयो हतो; वर्तमान काळे पण थाय छे अने भविष्यकाळे पण थशे. ते अनंत अनंत विचारवानोमांथी अनंत विचारवानो तेना यथार्थ समाधानने पाम्या अने ते दुःखथी मुक्त थया. वर्तमानकाळे पण जे जे विचारवानो यथार्थ समाधान पाम्या छे ते पण तथारूप फळने पामे छे अने भविष्यकाळे पण जे जे विचारवानो यथार्थ समाधान पामशे ते ते तथारूप फळने पामशे एमां संशय नथी.

शरीरनुं दुःख मात्र औषध करवाथी मटी जतुं होत, मननुं दुःख धनादि मळवाथी जतुं होत अने बाह्य संसर्गसंबंधनुं दुःख मनने कंइ असर उपजावी शकतुं न होत तो दुःख मटवा माटे जे जे प्रयत्न करवामां आवे छे ते ते सर्व जीवोनुं सफळ थात. पण ज्यारे तेम बनतुं जोवामां न आव्युं त्यारे ज विचारवानोने प्रश्न उत्पन्न थयुं के, दुःख मटवामाटे बीजो ज उपाय होवो जोइए; आ जे करवामां आवे छे ते उपाय अयथार्थ छे अने बधो श्रम वृथा छे माटे ते दुःखनुं मूलकारण जो यथार्थ जाणवामां आवे अने ते ज प्रमाणे उपाय करवामां आवे तो दुःख मटे; नहीं तो नहीं ज मटे. दुःखनां यथार्थ--मूळकारण--ना विचारना उत्कंठित छतां विचारवानोमांथी कोइक ज तेनुं यथार्थ समाधान पाम्या अने घणा यथार्थ समाधान नहीं पामतां छतां मतिव्यामोहादि कारणथी यथार्थ समाधान पाम्या छीए एम मानवा लाग्या अने ते प्रमाणे उपदेश करवा लाग्या अने घणा लोको तेने अनुसरवा पण लाग्या. जगत्मां जूदा जूदा धर्ममत जोवामां आवे छे तेनी उत्पत्तिनुं मुख्य कारण पण ए छे. "धर्मथी दुःख मटे" एम घणा खरा विचारवानोनी मान्यता थइ पण धर्मनुं स्वरूप समजवामां एकबीजामां घणो तफावत पड्यो. घणा तो पोतानो मूळ विषय चूकी गया, अने घणा तो ते विषयमां मति थाकवाथी अनेक प्रकारे नास्तिकादि परिणामोने पाम्या.

दुःख शुं छे, तेनां मूळकारणो शुं छे, अने ते शाथी मटी शके ? ते संबंधी जिनो एटले वीतरागोए जे मत दर्शाव्यो छे–श्रीमान् वर्धमान जिन–वर्तमान काळना चरम तीर्थंकर देवके जेओनी शिक्षाथी हाल मोक्षमार्गनुं अस्तित्व वर्ते छे–ते अहीं संक्षेपमां कहीए छीए:—

श्रीवीतराग धर्म-नो अभिप्राय

"सर्व जीव सुखने इच्छे छे; दुःख सर्वेने अप्रिय छे; दुःखथी मुक्त थवा सर्व जीव इच्छे छे. वास्तविक तेनुं स्वरूप न "समजवाथी ते दुःख मटतुं नथी. ते दुःखना आत्यन्तिक अभावनुं नाम 'मोक्ष' कहीए छीए. अत्यंत वीतराग थया विना आत्यंतिक मोक्ष "होय नहीं. सम्यग्ज्ञान विना वीतराग थइ शकाय नहीं. सम्यग्दर्शन विना ज्ञान असम्यक् कहेवाय छे. वस्तुनी जे स्वभावे स्थिति छे ते "स्वभावे ते वस्तुनी स्थिति समजवी तेने सम्यग्ज्ञान कहीए छीए. सम्यग्ज्ञान–दर्शनथी प्रतीत थयेला आत्मभावे वर्तवुं ते चारित्र छे. "ए त्रणे–(सम्यग्ज्ञान, सम्यग्दर्शन, सम्यक् चारित्र) नी एकताथी मोक्ष थाय. जीव स्वाभाविक छे, जीव अनंत छे. परमाणु अनंत छे. "जीव अने पुद्गल- (परमाणुओनो एक प्रकारनो समूह–गुच्छ)–नो संयोग अनादि छे. ज्यां सुधी जीवने पुद्गल संबंध छे त्यां सुधी "सकर्म जीव कहेवाय. भावकर्मनो कर्ता जीव छे. भावकर्मनुं बीजुं नाम विभाव कहेवाय छे. भावकर्मना हेतुथी जीव पुद्गल ग्रहे छे; "तेथी तैजसादि शरीर अने औदारिकादि शरीरनो योग थाय छे. भावकर्मथी विमुख थाय तो निजभावपरिणामी थाय. सम्यग्दर्शन विना "वास्तविकपणे जीव भावकर्मथी विमुख न थइ शके. सम्यग्दर्शन थवानो मुख्य हेतु जिनवचनथी तत्त्वार्थे प्रतीति थइ ते छे."

जे उपायो दर्शाव्या ते सम्यग्दर्शन, सम्यग्ज्ञान अने सम्यक्चारित्र अथवा ते त्रणेनुं एक नाम "सम्यग्मोक्ष" सम्यग्दर्शन, सम्यग्ज्ञान अने सम्यक्चारित्रमां सम्यग्दर्शननी मुख्यता घणे स्थळे ते वीतरागोए कही छे. जो के सम्यग्ज्ञानथी ज सम्यग्दर्शननुं पण ओळखाण थाय छे तो पण सम्यग्दर्शननी प्राप्ति वगरनुं ज्ञान संसार एटले दुःखना हेतुरूपे होवाथी सम्यग्दर्शननु मुख्यपणुं ग्रहण कर्युं छे. जेम जेम सम्यग्दर्शन शुद्ध थतुं जाय छे तेम तेम सम्यक्चारित्र प्रत्ये वीर्य उल्लसतुं जाय छे अने क्रमे करीने सम्यक्चारित्रनी प्राप्ति थवानो वखत आवे छे,– जेथी आत्मामां स्थिर स्वभाव सिद्ध थतो जाय छे अने क्रमे करीने पूर्ण स्थिर स्वभाव प्रगटे छे अने आत्मा निजपदमां लीन थइ सर्वकर्मकलंकथी रहित थवाथी एक शुद्ध आत्मस्वभावरूप मोक्षमां परम अव्याबाध सुखना अनुभवसमुद्रमां स्थित थाय छे. सम्यग्दर्शननी प्राप्तिथी जेम ज्ञान सम्यक्स्वभावने पामे छे–ए सम्यग्दर्शननो परम उपकार छे–तेम सम्यग्दर्शन क्रमे करी शुद्ध थतुं जइ पूर्ण स्थिरस्वभाव चारित्रने प्राप्त थाय तेने अर्थे सम्यग्ज्ञानना बळनी तेने खरेखरी आवश्यकता छे.

ते सम्यग्ज्ञान प्राप्तिनो उपाय वीतरागश्रुत अने ते श्रुततत्त्वोपदेष्टा महात्मा छे. वीतरागश्रुतना परम रहस्यने प्राप्त थयेला असंग अने परम करुणाशील महात्मानो योग प्राप्त थवो अतिशय कठण छे. महद्भाग्योदयना योगथी ज ते योग प्राप्त थाय छे एमां संशय नथी. एवा महात्मा पुरुषनो योग बहु दुर्लभ छे. सारा देश काळमां पण एवा महात्माओनो योग दुर्लभ छे तो आवा दुःषमकाळमां तेम होय एमां कांइ कहेवुं रहेतुं नथी यद्यपि तेवा महात्मा पुरुषनो क्वचित् योग बने छे; तो पण जो शुद्ध वृत्तिमान् मुमुक्षु होय तो ते अपूर्व गुणने तेवा मुहूर्तमात्रना समागममां प्राप्त करी शके छे. जे महात्मा पुरुषनां वचन-प्रतापथी मुहूर्तमात्रमा चक्रवर्तिओ पोतानुं राजपाट छोडी भयकर वनमां तपश्चर्या करवाने चाली नीकळ्या हता ते महात्मा पुरुषना योगथी अपूर्व गुण केम न थाय ? सारा देश काळमां पण क्वचित् तेवा महात्मानो योग बनी आवे छे; केमके तेओ अप्रतिबद्धविहारी होय छे त्यारे एवा पुरुषोनो नित्य संग रही शके तेम शीरीने बनी शके के जेथी मुमुक्षु जीव सर्व दुःखक्षय करवानां अनन्य कारणोने पूर्णपणे उपासी शके. तेनो मार्ग आ प्रमाणे भगवान् जिने अवलोकयो छे. "नित्य तेमना समागममां आज्ञाधीनपणे वर्तवुं जोइए अने ते माटे बाह्य, अभ्यन्तर परिग्रहादि त्याग ज योग्य छे–जेओ सर्वथा त्याग करवाने समर्थ नथी तेमणे देशत्यागपूर्वक आ प्रमाणे करवुं जोइए." ते महात्मा पुरुषना गुणातिशयपणाथी, सम्यग्आचरणथी, परमज्ञानथी, परमशान्तिथी, परमनिवृत्तिथी मुमुक्षुजीवनी अशुभवृत्ति-ओनुं परावर्तन थइ शुभ स्वभावने पामी स्वरूप प्रत्ये वळती जाय छे. ते पुरुषोनां वचनो आगमस्वरूप छे; तो पण वारंवार पोताथी वचनयोगनी प्रवृत्ति न थाय तेथी, तथा निरंतर समागमनो योग न बने तेथी, तथा ते वचननुं श्रवण तादृश्य स्मरणमां न रहे तेथी तेम ज केटलाक भावोनुं स्वरूप जाणवामां परावर्तननी जरुर होय छे तेथी, अने अनुप्रेक्षानुं बळ वृद्धि पामवाने अर्थे वीतरागश्रुत–वीतराग-शास्त्र–एक बळवान् उपकारी साधन छे; जो के तेवा महात्मापुरुषद्वारा ज प्रथम तेनुं रहस्य जाणवुं जोइए पछी विशुद्धदृष्टि थये महा-त्माना समागमना अंतरायमां पण ते श्रुत बळवान् उपकार करे छे. अथवा ज्यां केवल तेवा महात्माओनो योग बनी शकतो नथी त्यां पण विशुद्ध दृष्टिवानने वीतरागश्रुत परमोपकारी छे अने ते ज अर्थ थइने महत् पुरुषोए एक श्लोकथी मांडी द्वादशांग सुधीनी रचना करी छे.

वीतरागशास्त्र.

ते द्वादशांगना मूळ उपदेष्टा सर्वज्ञ वीतराग छे; के जेना स्वरूपनुं महात्मा पुरुषो ध्यान करे छे अने ते पदनी प्राप्तिमां ज सर्वस्व समायेलुं एम प्रतीतिथी अनुभवे छे. सर्वज्ञ वचनो धारण करीने महत् आचार्योए द्वादशांगीनी रचना करी हती अने तदाश्रित आज्ञांकित महात्माओए बीजां अनेक शास्त्रोनी रचना करी छे. आ प्रमाणे द्वादशांगना नामो छेः—आचारांग, सूत्र-

कृतांग, स्थानांग, समवायांग, व्याख्याप्रज्ञप्त्यंग, ज्ञाताधर्मकथांग, उपासकदशांग, अन्तकृद्दशांग, अनुत्तरौपपातिकदशांग, प्रश्नव्याकरणांग; विपाकश्रुतांग, दृष्टिवादांग.

वीतरागमार्ग परत्वे श्वेतांबर–दिगंबर.

काळदोषथी घणां स्थळो तेमांथी विसर्जन थइ गयां. अने मात्र अल्प स्थळो रह्यां. जे अल्प स्थळो रह्यां तेने 'एकादशांग' ने नामे श्वेतांबराचार्यो कहे छे. दिगंबरो तेमां अनुमत नथी, दिगम्बर अने श्वेतांबर एवा बे भेदो जिनदर्शनमां मुख्य छे विसंवाद के मताग्रहनी दृष्टिए तेमां बन्ने–श्वेतांबर तथा दिगंबर–केवळ भिन्न भिन्न मार्गनी पेठे जोवामां आवे छे. मतदृष्टिथी तेमां मोटो अंतर जोवामां आवे छे. तत्त्वदृष्टिथी तेवो विशेषभेद जिनदर्शनमां मुख्यपणे परोक्ष छे. दीर्घदृष्टिए जोतां तेनां जूदां ज कारणो जोवामां आवे छे. विवादनां घणां स्थळो तो अप्रयोजन जेवां छे, अने ते पण परोक्ष छे. जे प्रत्यक्ष कार्यभूत थइ शके तेवा छे तेमां तेवो भेद नथी. माटे बन्ने संप्रदायमां उत्पन्न थता गुणवान् पुरुषो सम्यग्दृष्टिथी जुए छे अने जेम तत्त्वप्रतीतिनो अंतराय ओछो थाय तेम प्रवर्ते छे. गमे तेम हो पण बन्ने बहु नजीकमां आवी जाय छे. 'मोक्षमार्गप्रकाश'[1]मां वर्तमान जिनागम के जे श्वेतांबर संप्रदायने मान्य छे तेनो निषेध कर्यो छे ते निषेध कर्तव्य नथी. वर्तमान आगममां अमुक स्थळो वधारे संदेहनां स्थान छे, पण सत्पुरुषनी दृष्टिए जोतां तेनुं निराकरण थाय छे, माटे उपशमदृष्टिए ते आगमो अवलोकन करवामां संशय कर्तव्य नथी—

वीतरागश्रुत - जिनागमनुं महत्त्व.

जिनागम छे ते उपशमस्वरूप छे. उपशमस्वरूप एवा पुरुषोए उपशमने अर्थे ते प्ररूप्यां छे–उपदेश्यां छे. ते उपशम आत्मार्थे छे. अन्य कोइ प्रयोजन अर्थे नथी–सूत्र (जिनागम) अने बीजां प्राचीन आचार्योए तत् अनुसार रचेलां घणां शास्त्रो विद्यमान छे. सुविहित पुरुषोए तो हितकारी मतिथी ज रच्यां छे. कोइ मतवादी, हठाग्रही अने शिथिलताना पोषक पुरुषोए रचेलां कोइ पुस्तको सूत्रथी अथवा जिनाचार्यथी मळतां न आवतां होय अने प्रयोजननी मर्यादाथी बाह्य होय ते पुस्तकोना उदाहरणथी प्राचीन सुविहित आचार्यनां वचनोने उत्थापवानुं प्रयत्न भवभीरु महात्माओ करता नथी; पण तेथी उपकार थाय छे एम जाणी तेनुं बहुमान करतां छतां यथायोग्य सदुपयोग करे छे.

जे मतभेदे आ जीव ग्रहायो छे ते ज मतभेद ज तेना स्वरूपने मुख्य आवरण छे. वीतरागपुरुषना समागम विना, उपासना विना आ जीवने मुमुक्षुता केम उत्पन्न थाय? सम्यग्ज्ञान क्यांथी थाय? सम्यग्दर्शन क्यांथी थाय? सम्यक्चारित्र क्यांथी थाय? केमके ए त्रणे वस्तु अन्य स्थानके होती नथी.

वर्तमानमां वीतरागमार्गनी दशा.

वीतराग पुरुषना अभाव जेवो वर्तमान काळ प्रवर्ते छे: (जिनमार्गमां) आश्चर्यकारक भेदो पडी गया छे; (ते मार्ग) खंडित छे; (तेने) संपूर्ण करवानु साधन सुगम्य देखाय छे. (तेना) प्रभावने विषे महद् अंतराय छे. (तेने माटे) देश काळादि घणा प्रतिकूळ छे–वीतरागोनो मत लोक प्रतिकूळ थइ पड्यो छे. रूढिथी जे लोको तेने माने छे तेना लक्षमां पण ते प्रतीत जणातो नथी; अथवा अन्य मतने वीतरागोनो मत समजी प्रवर्त्ये जाय छे. यथार्थ वीतरागनो मत समजवानी तेमनामां योग्यतानी घणी खामी छे. दृष्टिरागनुं प्रबळ राज्य वर्ते छे. वेषादि व्यवहारमां मोटी विटंबना करी मोक्षमार्गनो अंतराय करी बेठा छे. तुच्छ पामर पुरुषो विराधक वृत्तिना घणी अग्रभागे वर्ते छे; किंचित् सत्य बहार आवतां पण तेमने प्राणघात तुल्य दुःख लागतुं होय एम देखाय छे.

श्रुतज्ञान–जिनागमरूप साधनशक्ति.

वीतराग पद वारंवार विचार करवा योग्य छे; उपासना करवा योग्य छे; ध्यान करवा योग्य छे. काळना दोषथी अपार श्रुतसागरनो घणो भाग विसर्जन थतो गयो अने बिंदुमात्र अथवा अल्पमात्र वर्तमानमां विद्यमान छे. घणा स्थळोमां स्थूलत्व निरूपण रह्युं होवाथी निर्ग्रंथ भगवानना ते श्रुतनो पूर्ण लाभ वर्तमान मनुष्योने आ क्षेत्रे प्राप्त थतो नथी; घणा मतमतांतरो उत्पन्न थवानो हेतु पण ए ज छे. अने तेथी ज निर्मळ आत्मतत्वना अभ्यासी महात्माओनी अल्पता थइ. श्रुत अल्प रह्या छतां सम्यग्दर्शन, मतमतांतर घणां छतां, समाधानना केटलांक साधनो परोक्ष छतां सम्यग्दर्शन–श्रुतनु रहस्य एवो परम पदनो पंथ आत्मानुभवना हेतु सम्यक्चारित्र अने विशुद्ध आत्म–ध्यान आजे विद्यमान छे ए परम हर्षनुं कारण छे.

जिनपरिभाषा.

श्रीजिने कहेला भावो अध्यात्मपरिभाषामय होवाथी समजवा कठण छे. परमपुरुषनो योग संप्राप्त थवो जोइए. जिनपरिभाषा-विचार यथावकाशानुसार विशेष निदिध्यास करवा योग्य छे. भगवान् जिने कहेला लोकसंस्थानादि भाव आध्यात्मिक दृष्टिथी सिद्ध थवा योग्य छे. चक्रवर्त्यादिनुं स्वरूप पण आध्यात्मिकदृष्टिथी समजाय एवुं छे. मनुष्य–उत्सेध प्रमाणादिमां पण तेनो संभव छे. काळ प्रमाणादि पण ते ज रीते घटमान छे. निगोदादि पण ते ज रीते घटमान थवा योग्य छे. सिद्धस्वरूप पण ए ज भावथी निदिध्यास थवा योग्य छे–संप्राप्त थवायोग्य जणाय छे. 'लोक' शब्दनो अर्थ, 'अनेकान्त' शब्दनो अर्थ

---

१ आ ग्रंथनी दिगंबर पंडितराज टोडरमलजीए रचना करी छे. श्रीमद् राजचंद्र आ ग्रंथमां मतान्तरविषयक चर्चाने सहानुभूति आ रीते, आपता नथी. पण एकंदरे ए ग्रंथना संबंधमां कहे छे के "मोक्षमार्गप्रकाश" नामे ग्रंथ मुमुक्षु जीवे विचारवा योग्य छे. ते अवलोकन करतां कोइ कोइ विचारमां मतमतांतर जेवुं लागे तो नहीं मुंझातां ते स्थळे वधारे मनन करवुं अथवा सत्समागमने योगे ते स्थळ समजवुं योग्य छे.

आध्यात्मिक छे. 'सर्वज्ञ' शब्द समजवो बहु गूढ छे. धर्मकथारूप चरित्रो आध्यात्मिक परिभाषाथी अलंकृत लागे छे. जंबुद्वीपादिनुं वर्णन पण अध्यात्मपरिभाषाथी निरूपित कर्युं लागे छे.

भगवतीनां वर्णनो.

'भगवती' वगेरे सिद्धांतोने विषे जे कोइ जीवोना भवांतरनुं वर्णन कर्युं छे तेमां कांइ संशयात्मक थवा जेवुं नथी. तीर्थंकर तो पूर्ण आत्मस्वरूप छे. परंतु जे पुरुषो मात्र योगध्यानादिकना अभ्यास बळवडे स्थित होय, तेमांनां घणा पुरुषो पण ते भवांतर जाणी शके छे; अने एम बनवुं ए कांइ कल्पित प्रकार नथी. जे पुरुषने आत्मानुं निश्चयात्मक ज्ञान छे तेने भवांतरनु ज्ञान घटे छे–होय छे. क्वचित् ज्ञानना तारतम्य–क्षयोपशम भेदे तेम नथी पण होतु; तथापि जेने आत्मानुं पूर्ण शुद्धपणुं वर्ते छे ते पुरुष तो निश्चय ते ज्ञानने जाणे छे.–भवांतरने जाणे छे–'आत्मा नित्य छे.' 'अनुभवरूप छे.' वस्तु छे ए ए प्रकारे अत्यंत दृढ थवा अर्थे शास्त्रने विषे ते प्रसंगो कहेवामां आव्या छे. भवांतरनु जो स्पष्ट ज्ञान कोइने थतुं न होय, तो आत्मानुं ज्ञान पण कोइने थतु नथी एम कहेवा योग्य छे; तथापि एम तो नथी. आत्मानु स्पष्ट ज्ञान थाय छे, अने भवांतर पण स्पष्ट भासे छे. पोताना तेम ज परना भव जाणवानुं ज्ञान कोइ प्रकारे विसंवादपणुं पामतु नथी.

श्रीमद् रायचंद्र.

श्रीजिनागम परत्वेनां श्रीमद् रायचद्रनां आ शिक्षणनी अमोने प्राप्ति थयेली. तेओनी अमदावादनिवासी भाइ **पुंजाभाइ हीराचंदने** एक एवी आज्ञा हती के, द्रव्य व्यय ज्ञानोद्धार अर्थे करवो. ए आज्ञानुसार, भाइ **पुंजाभाइए** पोताना एक तरुण पुत्र भाइ **कचराभाइना** अकालिक मृत्यु निमित्ते श्रीजिनागम प्रकट करवानी एक योजना तैयार करावी. जेमां सर्वथी प्रथम आ श्रीमान् सुधर्मास्वामी प्रणीत 'भगवती सूत्र' प्रथम खंडरूपे मुद्रित थइने प्रकाशित थाय छे. न्यायतीर्थ, व्याकरणतीर्थ पंडितवर्य **बेचरदास जीवराजे** भगवतीना आ विभागने संशोध्यो छे; अनुवाद्यो छे अने स्थले स्थले छाया तथा उपयोगी टिप्पणोथी बनी शके तेटलो सरल कर्यो छे. इच्छा हती के एक मोटी आलोचनावाळी, ऐतिहासिक अने शास्त्रसंमत प्रस्तावना आ भाग साथे प्रकट थइ जाय. पण तेमां अधिक समयनी अपेक्षा होवाथी हवे पछी तेने प्रकट करवाने इच्छयु छे. अमारी सर्व शक्तिओनो असंकुचित उपयोग करी तेने उत्तमोत्तम करवा अर्थे सर्व प्रयत्नो कर्या छे. प्रजाजनने ते प्रेमरूप हो ए अमारी महत्त्वाकांक्षा छे.

मनसुखलाल रवजीभाई मेहता.

शतक १.—परिचय.

शतक १.—प्रश्नोत्थान.

शतक १.—उद्देशक १.

शतक १.—उद्देशक २.

शतक १.—उद्देशक ३.

शतक १.—उद्देशक ४.

शतक १.—उद्देशक ५.

शतक १.—उद्देशक ६.

शतक १.—उद्देशक ७.

शतक १.—उद्देशक ८.

शतक १.—उद्देशक ९.

शतक १.—उद्देशक १०.

शतक २.—उद्देशक १.

शतक २.—उद्देशक २.

शतक २.—उद्देशक ३.

शतक २.—उद्देशक ४.

शतक २.—उद्देशक ५.

शतक २.—उद्देशक ६.

शतक २.—उद्देशक ७.

शतक २.—उद्देशक ८.

शतक २.—उद्देशक ९.

शतक २.—उद्देशक १०.

अस्तिकाय केटला छे?—पांच.—धर्मास्तिकायमां केटला वर्ण वगेरे छे?—ते वर्णादिथी रहित अने अवस्थित छे.—धर्मास्तिकायना पांच भेद.—द्रव्यथी, क्षेत्रथी, काळथी, भावथी अने गुणथी.—ए प्रमाणे बधा अस्तिकायो.—जीवमां केटला वर्ण वगेरे छे?—तेमां वर्णादि नथी.—गतिगुण धर्मास्तिकाय.—स्थितिगुण अधर्मास्तिकाय.—अवगाहनागुण आकाशास्तिकाय.—उपयोगगुण जीवास्तिकाय.—ग्रहणगुण पुद्गलास्तिकाय.—पुद्गलास्तिकायमां केटला वर्ण वगेरे?—पांच वर्ण, पांच रस, बे गंध अने आठ स्पर्श.—धर्मास्तिकायनो एक प्रदेश के अनेक प्रदेश धर्मास्तिकाय कहेवाय?—नहीं.—ज्यां सुधी एक पण प्रदेश ऊणो होय त्यां सुधी धर्मास्तिकाय न कहेवाय.—लाडवो आखो होय तो ज लाडवो कहेवाय, पण अडधो होय तो लाडवानो कटको कहेवाय.—ए प्रमाणे बधा अस्तिकायो.—आकाश, जीव अने पुद्गलना अनंत प्रदेशो छे.—जीव.—उत्थानादिक सहित जीवनो जीवभाव.—उपयोगलक्षण जीव.—आकाश.—आकाशना केटला प्रकार?—बे.—लोकाकाश अने अलोकाकाश.—लोकाकाश जीवरूप, जीवदेशरूप, जीवप्रदेशरूप, अजीवरूप, अजीवदेशरूप अने अजीवप्रदेशरूप छे.—रूपी अजीवना चार प्रकार.—स्कंध, स्कंधदेश, स्कंधप्रदेश अने परमाणुपुद्गल.—अरूपी अजीवना पांच प्रकार.—अलोकाकाश.—ते अजीवद्रव्यदेश छे.—अगुरुलघु छे.—लोकाकाशमां केटला वर्ण वगेरे छे?—तेमां वर्णादिक नथी.—धर्मास्तिकाय वगेरेनुं प्रमाण तथा स्पर्शना.—धर्मास्तिकाय केवडो मोटो?—लोक जेवडो.—ए प्रमाणे लोकाकाश अने बधा अस्तिकाय.—धर्मास्तिकायना केटला भागने अधोलोक अडके?—अडध झाझेरा भागने.—तिरछो लोक केटला भागने अडके?—असंख्येय भागने.—ऊर्ध्वलोक केटला भागने अडके?—अडध माठेरा भागने.—धर्मास्तिकाय साथे रत्नप्रभानी, घनोदधिनी अने अवकाशांतरनी स्पर्शना.—ए प्रमाणे साते पृथ्वी.—जंबूद्वीपादिक द्वीप समुद्रो.—सौधर्म कल्प अने यावत्—ईषत्प्राग्भारा पृथिवी.—तेम ज अधर्मास्तिकाय अने लोकाकाश.—गाथा.— ३०५—३१४

शुद्धिपत्रकम्.

पृष्ठे–	पङ्क्ती–	अशुद्धम्–	शुद्धम्–
२	१४	प्रज्ञापि,	प्रज्ञासि,
६	४	सुखाव	सुखाव–
१०	४०	पूर्वोक्तविषयः–पद	पूर्वोक्तविषय–पद
११	आ पानामां जे १६ मा नंबरवाळुं संस्कृत छे तेनो 'इति भणआत्' सुधीनो भाग १५ मा नंबरवाळा भाषांतरमां जाणवानो छे–तेनुं भाषांतर त्यां आवी गयुं छे माटे.		
११	२१	हुजारा	हुजार
११	२३	मातापित	मातापिता
११	२५	ज्ञातामे	ज्ञाताधर्मे
१२	९	समोवसरणो	समवसरणो
१२	आ पानामां जे १७ मा नंबरनुं संस्कृत छे 'तेनो अभिधेयत्वात्' सुधीनो भाग ११ मा पृष्ठमां आवेल १६ नंबरवाळा भाषांतरमां जाणवानो छे–तेनुं भाषांतर त्यां आव्युं छे माटे.		
१४	३४	मूतूणं	मुतूणं
१४	३५	बमुक्खजणो	ब मुक्खजणो
१४	३८	सव्वसु–	सव्वसू–
१४	४३	अरथं	अरथं न
१५	१६	बात्तरिं	बावत्तरिं
१५	४४	चक्रवर्तीनो	चक्रवर्तीनी
१५	५३	समाचोरस	समचोरस
२२	२२	शत्रुतुं	शत्रुतुं
२२	२५	प्रधानो	प्रधाने
२५	१७	महावीरं	महावीरं
,,	१९	नागपत्तिणो	नागपतिणो
,,	२४	पलबं	पलंब
,,	३५	दाडिमन	दाडिमना
,,	४८	उज्वल	उज्ज्वल
२८	४२	आउहइ	आरुहइ
२८	४२	आउहित्ता	आरुहित्ता
२८	४४	आणए	आणाए
२८	५१	जावा	जाव
३०	६	गोत्रन	गोत्रना
३०	२९	माडंलिको	माडंबिको
३२	८	दांत	दान्त
३२	४९	वर्षधर	वर्षधर
३४	१९	पावधुं	पाव्युं
४६	३०	समयोम	समयोमां
४७	३३	आवीचिक	आवीचिकं
५६	२४	काळा	काळे
५७	१९	प्रतिपादनार्थम्	प्रतिपादनार्थम्
५९	४४	यानिभगवन् !	यानि भगवन् !
६१	२९	आहारिज्यमाणाः	आहरिज्यमाणाः
६२	३९	समुच्चयार्थक	समुच्चयार्थक
६४	१७	—भूयमान	भूयमान
६५	१४	सत्काइत्यर्थः.	सत्का इत्यर्थः.
६५	२७	भिर्ब्भंति	भिज्जंति
६६	२५	[illegible]	[illegible]
६९	११	प्रकारणोमां	प्रकरणोमां
[illegible]	२	कोकणी	काकणी
[illegible]	[illegible]	[illegible]	[illegible]
७४	३९	स्थितिर्मणित्वा	स्थितीर्मणिता
७८	३	नैरइया	नेरइया
७८	१९	सिद्धि–	सिद्ध–
८२	३५	करे, छे.	करे छे.
९१	३४	पुव्वावेवभगा	पुव्वोववन्नगा
९१	४३	बहुतरान्,	बहुतरान्
९२	४३	गौतम,	गौतम !
९२	४४	आरम्भिकी !	आरम्भिकी,
९२	४५	मिथ्यादर्शन	मिथ्यादर्शन
९४	२१	अथातर	अर्थांतर
९६	२८	छे.	छे
१००	८	तत्,	तत्
१००	१६	छे.	छे
१०३	२१	प्रमत्ता–ऽप्रमता,	प्रमत्ता–ऽप्रमत्ता–
१०५	३५	विशेषधिक	विशेषाधिक
१०६	१६	वट्टमाणे हि	वट्टमाणेहि
१०६	२०	संसारसंस्थान	संसारसंस्थान
१०६	३७	मूलछाया	मूलच्छाया
१०६	४१	वर्तमानैर्हि	वर्तमानैः
१०७	३६	[गुणे'त्ति]	गुणे'त्ति]
१०७	४०	क्षप्यन्तेः	क्षप्यन्ते
११३	२६	जीवैः	जीवाः
११३	२७	कृतम्	अकार्षुः
११३	,,	,,	,,
११३	,,	,,	,,
११६	२१	प्रथमा	प्रथम
११६	२४	त्या	त्यां
११८	४	नत्थित्त	नत्थित्ते
१२२	२०	बध	बंध
१२७	२	प्राहिकत्वेन	प्राहकत्वेन
१३२	३६	रोचते	नो रोचते
१३३	५	तिर्यञ्च	तिर्यंच
१४२	३९	शतसहस्राणि	शतसहस्राणि षट्त्रिंशत्
१५३	३६	मायोपयुक्ताश्च	मायोपयुक्ताश्च
१५५	,,	एवम्	एवं
१५९	१६	कहेवा	कहेवा
१६६	२७	प्राणाति पातक्रिया	प्राणातिपातक्रिया
१६७	१०	संबंधो–	संबन्धः–
१६८	६	उवासंतरे ?	उवासंतरे
१६८	७	पुच्छा.	पुच्छा ?
,,	३६	? पुच्छा.	पुच्छा ?
,,	४२	एवम्–अपि	एतद् अपि
१७१	२६	इत्यादि.	इत्यादि]
१७२	३४	जीवपइट्ठिआ'	जीवपइट्ठिआ''
१७७	४२	श्रीभगवतीचूर्णि.	श्रीभगवतीचूर्णिः.
१८०	८	अर्थ	अर्थ
१८१	३५	तत्प्रथमतया	तत् प्रथमतया
१८५	२६	कोसागार ओर्णि	कोसागारओर्णि
१८६	११	अमे बाडी	अमे केळ, बाडी

पृष्ठे–	पङ्क्तौ–	अशुद्धम्–	शुद्धम्–
१८६	१२	वळी काळी	वळी केस, काळी
१९१	४०	वनविवुण	वनविवुर्ण
२०५	११	अमउंत्थिया	अमउत्थिया
२०७	३०	गामकटगा	गामकंटगा
,,	,,	परिसहेवसग्गा	परीसहोवसग्गा
२११	४	संवुडेणं	संवुडे णं
२१४	४०	दुक्खा	दुःक्खा
२१५	१५	भासिआ अमासा	भासिआ मासा अभासा
२१५	३६	पुद्गलः	पुद्गलाः
२१५	३७	स्कन्धा	स्कन्धो
२१५	४०	अभाषाणा	अभाषा
२१५	४०	भाष्यमाणी	भाष्यमाणा
२१८	२३	हो	होइ
२२३	२०	स्कंदकन	स्कंदकना
२२४	२१	श्वासमा	श्वाममां
२२४	२२	निःश्वासमा	निःश्वासमां
२२८	१५	आदारिक	औदारिक
२३४	४५	श्रमणोः	श्रमणः
२३७	३८	अनन्तै,	अनन्तै–
२४५	१३	प्रकारन	प्रकारना
२५९	३७	पेठ	पेठे
२६१	१८	समुग्घाया	रामुग्घाया
२६६	१६	क्या	कर्या
२७०	१५	तेन	तेने
२७१	१९	दो वेदं	दोवेदं
२७६	८	कायाभवस्थ	कायभवस्थ
२७६	२४	नागरमां	नगरमां
२७८	१२	विहरति	विहरंति
२७९	३८	तेस्थविरा	ते स्थविरा
२८०	४४	स्वाध्यायं	स्वाध्यायं
२८१	३	पडिकेहिता	पडिकेहिता
२८२	२	भगवन्	भगवान्
२८२	२३	अप्पम्	अप्पयं
२८२	३४	श्रमणोपासकै	श्रमणोपासकैः
२८४	३२	असनोथी	आसनोथी
२८६	१५	फलकारं	फलकारं
२८६	३४	प्रश्नत्तरो	प्रश्नोत्तरो
२८६	३६	पदो	पेढा
२८६	३६	आपवाम	आपवामां
२८७	३५	सामामां	समामां
२८७	४१	आरागस्य	अरागस्य
२९०	१९	विरूद्ध	विरुद्ध
२९५	१८	जोयणसहस्से	जोयणसयसहस्से
२९५	१९	प्रात्याभिमुखं	प्रात्यभिमुखम्
२९५	३१	योजनसहस्राणि	योजनशतसहस्राणि
२९६	५	केइयं	केवइयं
२९६	७	उच्चतमेव	उच्चत्तमेव
२९६	१७	एंशी लाख योजन	एक लाख एंशी हजार योजन
२९६	१७	अठ्योतेर	एक लाख अठ्योतेर
२९७	१४	भूक्के	भूक्के
२९८	२७	मुलच्छाया	मूलच्छाया
२९९	७	सचेश्वर	स चेश्वर
३०१	२३	अलंकारश्वसभा	अलंकारश्व सभा
३०१	२४	पूर्वं	पूर्वं०
३०८	३१	एगग्गहग	एगग्गहण
३०८	३२	अणता	अणंता
३१०	१९	अलोगगासे #	अलोगागासे
३११	२६	परमाणुं	परमाणु
३११	३३	जोवप्रदेशाश्च	जीवप्रदेशाश्च

अन्यान्यपि यानि दूषणानि मतिमान्द्यात्, दृष्टिदोषात्, सीसकाक्षरयोजकप्रमादाच सहृदयानां मनो–नयनविषयमवतरेयुः, तानि तैर्महाशयैः संशोध्य.नि, संसूचनीयानि चेति प्रार्थयते—

अनुवादकः ।

संकेतसूचना—

अनु०—अनुवादक.

उमा० तत्त्वा० अ० सू०—उमास्वातिनूं तत्त्वार्थ, अध्याय, सूत्र.

क० आ०—कलकत्ता आवृत्तिवाळुं.

क० आ० भ० श० उ०—कलकत्ता आवृत्तिवाळुं भगवती, शतक, उद्देशक.

क० प्र० गा० टी०—कर्मग्रन्थ प्रथम गाथा टीका.

गा०—गाथा.

चिमनलाल डा०—रा०चिमनलाल डाह्याभाइ मुद्रित.

जी० क० आ०—जीवाभिगम कलकत्ता आवृत्तिवाळुं.

प्र० छा०—प्रमाणभूत गाथाच्छाया.

भ० टी०—भगवती टीका.

भा० भावनगर मुद्रित.

भा० पृ०—भावनगरमुद्रित पृष्ठ.

य० ग्रं० / यशो० ग्रं० }—यशोविजय जैनग्रंथमाळा.

वि० गा०—विशेषावश्यक गाथा.

विशेषा०—विशेषावश्यक.

शं०—शंका.

श्रीअभय०—श्रीअभयदेवसूरिजी.

समा०—समाधान.

भगवत्सुधर्मस्वामिप्रणीत भगवतीसूत्र.

श्रीअभयदेवसूरिविरचितवृत्तिसहित.

शतक १.–परिचय.

मंगल.—शास्त्रप्रस्तावना.—ग्रंथनामव्याख्या.—मङ्गलविचार.—अर्हन्.—सिद्ध.—आचार्य.—उपाध्याय.—साधु.—नमस्कारचर्चा.—अर्हदादिने पृथग् नमस्कार शामाटे? ऋषभादिने पृथक् पृथक् शामाटे नमस्कार नथी कर्यो?.—अर्हदादिने भिन्न नमस्कारनो हेतु.—नामोच्चारणपूर्वक नमस्कारनुं अशक्यत्व.—प्रथम सिद्धोने नमस्कार शामाटे नहीं?.—सिद्धपूर्व अर्हतने नमस्कारनो हेतु.—प्रथम आचार्योने नमस्कार शामाटे नहीं?.—अर्हदधीनआचार्यसामर्थ्य.—द्रव्यश्रुतप्राधान्य.—ब्राह्मी लिपि.—शास्त्र ज मंगलस्वरूप छतां पुनः मंगल शामाटे?—शास्त्राभिधेय.—शास्त्रफल.—शास्त्रसंबंध.—भगवतीपरिमाण.—उद्देशकार्थ.—उद्देशकविषय.—श्रुतनमस्कार.

१. सर्वज्ञमीश्वरमनन्तमसङ्गमग्र्य सार्वीयमस्मरमनीशमनीहमिद्धम्,
सिद्धं शिवं शिवकरं करणव्यपेतं श्रीमज्जिनं जितरिपुं प्रयतः प्रणौमि.

२. नत्वा श्रीवर्धमानाय श्रीमते च सुधर्मणे. सर्वानुयोगवृद्धेभ्यो वाण्यै सर्वविदस्तथा;
एतट्टीका–चूर्णी जीवाभिगमादिवृत्तिलेशांश्च, संयोज्य पञ्चमाङ्गं विवृणोमि विशेषतः किञ्चित्.

मङ्गल:

१. सर्वज्ञ, ईश्वर, अनंत, असंग, अग्र्य, सर्वहितावह, अस्मर, अनीश, अनीह, तेजस्वी, सिद्ध, शिव, शिवकर, करण–इन्द्रियो अने शरीर-रहित, जितरिपु श्रीमान् जिनने प्रयत्नपूर्वक प्रणमुं छुं.

प्रारंभ.

२. श्रीवर्धमानस्वामिने, श्रीसुधर्मगणधरने, सर्वानुयोगवृद्धोने अने सर्वज्ञनी वाणीने नमी, आ सूत्रनी टीका, चूर्णि अने जीवाभिगमादिवृत्तिना लेशो–अंशो–ने संयोजी कांइक विशेषथी पंचम अंग–भगवतीसूत्र–ने विवरुं छुं.

३. व्याख्यातं 'समवाया'ख्यं चतुर्थमङ्गम्. अथावसरायातस्य *'विआहपण्णत्ति'* तिसञ्ज्ञितस्य पञ्चमाङ्गस्य समुन्नतजयकुञ्जरस्येव, ललितपदपद्धतिप्रबुद्धजनमनोरञ्जकस्य, उपसर्गनिपाताऽव्ययसरूपस्य, घनोदारशब्दस्य, लिङ्गविभक्तियुक्तस्य, सदाख्यातस्य, सल्लक्षणस्य, देवताधिष्ठितस्य, सुवर्णमण्डितोद्देशकस्य, नानाविधाद्भुतप्रवरचरितस्य, षट्त्रिंशत्प्रश्नसहस्रप्रमाणसूत्रदेहस्य, चतुरनुयोगचरणस्य, ज्ञान-चरणनयनयुगलस्य, द्रव्यास्तिक-पर्यायास्तिकनयद्वितयदन्तमुसलस्य, निश्चय-व्यवहारनयसमुन्नतकुम्भद्वयस्य, योग-क्षेमकर्णयुगलस्य, प्रस्तावनावचनरचनाप्रकाण्डशुण्डादण्डस्य, निगमनवचनातुच्छपुच्छस्य, कालाद्यष्टप्रकारप्रवचनोपचारचारुपरिकरस्य, उत्सर्गा-ऽपवादवादसमुच्छलदतुच्छघण्टायुगलघोषस्य, यशःपटहपटुप्रतिरवाऽऽपूर्णदिक्चक्रवालस्य, स्याद्वादविशदाङ्कुशवशीकृतस्य, विविधहेतुहेतिसमूहसमन्वितस्य, मिथ्यात्वा-ऽज्ञाना-ऽविरमणलक्षणरिपुबलदलनाय श्रीमन्महावीरमहाराजेन नियुक्तस्य, बलनियुक्तकल्पगणनायकमतिप्रकल्पितस्य मुनियोधैरनाबाध-

---

१. काले विणए बहुमाणे उवहाणे तह अनिण्हवणे, वंजण अत्थ तदुभये अट्ठविहो नाणमायारो.—पंचप्रतिक्रमणसूत्र. अथवा, कालात्मरूपसंबन्धाः संसर्गोपकृती तथा, गुणिदेशार्थशब्दाश्चेत्यष्टौ कालादयः स्मृताः.—रत्नाकरावतारिका, चतुर्थपरिच्छेद.–अनु०.

मधिगमाय पूर्वमुनिशिल्पिकल्पितयोर्बहुप्रवरगुणत्वेऽपि ह्रस्वतया महतामेव वाञ्छितवस्तुसाधनसमर्थयोर्वृत्ति-चूर्णिनाडिकयोः, तदन्येषां च जीवाभिगमादिविविधविवरणदवरकलेशानां संघट्टनेन बृहत्तरा अत एवाऽमहतामप्युपकारिणी हस्तिनायकादेशादिव गुरुजनवचनात् पूर्वमुनिशिल्पिकुलोत्पन्नैरस्माभिर्नाडिकेवेयं वृत्तिरारभ्यते. इति शास्त्रप्रस्तावना.

शास्त्रप्रस्तावना:

३. 'समवाय' नामना चतुर्थ अंगनुं व्याख्यान करवामां आव्युं. हवे अवसरप्राप्त 'विआहपण्णत्ति' नामक पंचम अंगनुं विवरण करीश. आ पंचम अंग ते एक प्रौढ जयकुंजर (मानीता हाथी) नी पेठे छे, के जे ललितपदनी पद्धतिथी प्रबुद्ध मनुष्योना मनने रंजन करनार छे, जे [1]उपसर्ग–निपाताव्ययस्वरूप छे, जेना शब्दो घन अने उदार छे, जे लिंग अने विभक्तिथी युक्त छे, जे सदाख्यात छे, जे सल्लक्षणयुक्त छे, जे देवाधिष्ठित छे, [2]जेनो उद्देशक सुवर्णमंडित छे, जेनुं चरित विविध प्रकारनुं, अद्भुत अने श्रेष्ठ छे, जे छत्रीश हजार प्रश्नात्मक सूत्रदेहसहित छे, जेने चार अनुयोगरूप चार चरण छे, जेने ज्ञान अने चारित्ररूप नयनयुगल छे, जेने द्रव्यास्तिक अने पर्यायास्तिक नामना बे नयरूप बे दन्तूशल छे, जेने निश्चय अने व्यवहारनयरूप बे समुन्नत कुंभस्थल छे, जेने योग अने क्षेमरूप बे कर्ण छे, जेने प्रस्तावनानी वचनरचनारूप प्रचंड शुंढ छे, जेने निगमन–उपसंहार–वचनरूप अतुच्छ पुच्छ छे, जेने [3]कालादि अष्टप्रकारना प्रवचनोपचाररूप मनोहर तंग छे, जे उत्सर्गवादरूप अने अपवादवादरूप उछळता बे अतुच्छ घंटना घोषयुक्त छे, जेणे यशरूप पटह–ढोल–जन्य स्फुट प्रतिध्वनिथी दिक्चक्रवाल–दिग्मंडल–पूरी दीधुं छे–गजावी मूक्युं छे, जे स्याद्वादरूप विशद अंकुशथी वशीकृत छे, जे विविध हेतुरूप शस्त्रसमूहथी युक्त छे, जेने श्रीमन्महावीरमहाराजे मिथ्यात्व, अज्ञान अने अविरमणस्वरूप शत्रुसैन्यने नाश करवाने नियोज्यो छे, अने जे सैन्यनियुक्तकल्पगणनायकनी मतिथी प्रकल्पित छे तेना स्वरूपने मुनिरूप योधाओ सुगमताथी जाणी शके ए माटे पूर्वना मुनिरूप शिल्पीओए वृत्तिरूप अने चूर्णिकारूप नाडिका रचेली छे; ते जो के बहुश्रेष्ठगुणयुक्त छे, तथापि संक्षिप्त छे अने तेथी ते महान् पुरुषोना ज वांछित अर्थने साधी आपवामां समर्थ छे, माटे वृत्ति अने चूर्णिकारूप नाडिकाना तथा तदन्य 'जीवाभिगम' आदि विविध विवरणसूत्रांशोना संघट्टनथी बृहत्तर माटे ज अल्पज्ञोने पण उपकार करनारी नाडिका जेवी आ वृत्ति, पूर्वमुनिरूपशिल्पिना कुळमां जन्मेला अमो हस्तिनायकना आदेशतुल्य गुरुजनना वचनथी आरभीए छीए. ए प्रमाणे शास्त्रप्रस्तावना थई.

अक्षरसंयोगो अथवा सकल अक्षरोनां संयोगो जेने ज्ञेय पणे होय ते, अथवा श्रव्याक्षरसन्निवादी—श्रव्य (सांभळवा योग्य शब्दो)ने संगतिपणे अहर्निश बोलवाना स्वभाववाळा. आवा अनेकगुणगण युक्त, विनयनी राशि सम तथा शिष्याचारने पालता भगवान् इंद्रभूति श्रमण भगवंत महावीरनी अदूरसामन्ते विहरे छे, ए प्रमाणे संबंध मेळववो. अदूरसामन्त—दूर एटले छेटे अने सामन्त एटले पासे, ते बन्नेनो निषेध होवाथी, बहु छेटे पण नहीं अने बहुपासे पण नहीं. केवी रीते विहार करे छे ते कहे छेः ['उड्ढंजाणु' त्ति] ऊर्ध्वजानु जेओना जानु (घुंटण) ऊर्ध्व (ऊंचा) छे, शुद्ध पृथ्वीना आसननुं वर्जन होवाथी तथा औपग्राहिकनिषद्याना अभावथी उत्कुटुक आसनवाळा (उभडक बेठेला) ['अहोसिरे'त्ति] अधःशिर नीचे मुख राखवावाळा, ऊर्ध्व तथा तिरछो द्रष्टिपात न करता नियमित मापवाळा भूभागमां दृष्टि राखवावाळा, ['झाणकोट्ठोवगए'त्ति] ध्यानकोष्ठोपगत—धर्मध्यान, अथवा शुक्ल-ध्यानरूप कोठाने प्राप्त थयेला, जेम कोठामां नाखेल अनाज प्रसरतुं (वेगतुं) नथी, तेम शुक्लध्यान तथा धर्मध्यानथी जेओनी अंतःकरणनी वृत्ति तथा इंद्रियो चलायमान थती नथी तेवा भगवान् इंद्रभूति, ['संजमेणं'ति] संवररूप संयमवडे अने ['तवस'त्ति] अनशनादि तपवडे ['अप्पाणं भावेमाणे विहरइ'त्ति] आत्माने भावता विहरे छे. 'संयम अने तप ए बन्ने मोक्षनां प्रधान अंग छे' एम ख्यापन करवाने संयम अने तपनुं ग्रहण कर्युं छे. नवा कर्मोना अग्रहणमां हेतु होवाथी संयमनुं अने प्राचीन कर्मोनो निर्जरवानुं कारण होवाथी तपनुं मोक्षांगमां प्रधानपणुं छे, कारण के नवा कर्मोनुं ग्रहण न करवाथी तथा प्राचीन कर्मोना क्षय करवाथी सकल कर्मक्षयरूप मोक्ष थाय छे.

ऊर्ध्वजानु. अधःशिर. ध्यानकोष्ठोपगत. संयमः तप.

तए णं से भगवं गोयमे जायसड्ढे, जायसंसए, जायकोऊहल्ले; उप्पण्णसड्ढे, उप्पण्णसंसए, उप्पण्णकोऊहल्ले; संजायसड्ढे, संजायसंसए, संजायकोऊहल्ले; समुप्पण्णसड्ढे, समुप्पण्णसंसए, समुप्पण्णकोऊहल्ले उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ, वंदइ, नमंसइ; नमंसित्ता णच्चासण्णे, णाइदूरे, सुस्सूसमाणे, नमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासमाणे एवं वयासीः—

त्यार पछी जातश्रद्ध—प्रवर्तेली श्रद्धावाळा, जातसंशय, जातकुतूहल, उत्पन्नश्रद्ध, उत्पन्नसंशय, उत्पन्नकुतूहल, संजातश्रद्ध, संजातसंशय, संजातकुतूहल, समुत्पन्नश्रद्ध, समुत्पन्नसंशय अने समुत्पन्न कुतूहल ते भगवान् गौतम उत्थानवडे उभा थाय छे; उत्थानवडे उभा थईने जे तरफ श्रमण भगवंत महावीर छे त्यां आवे छे; आवी श्रमण भगवंत महावीरने त्रणवार प्रदक्षिणा करे छे, प्रदक्षिणा करी वांदे छे, नमे छे, नमी बहु निकट नहीं तेम बहु दूर नहीं एवी रीते भगवंतनी सामे विनयवडे ललाटे हाथजोडी भगवंतना वचनने श्रवण करवानी इच्छावाळा भगवंतने नमता अने पर्युपासना शुश्रूषा करता आ प्रमाणे बोल्याः—

---

१. मूलच्छायाः—तदा स भगवान् गौतमो जातश्रद्धः, जातसंशयः, जातकुतूहलः, उत्पन्नश्रद्धः, उत्पन्नसंशयः, उत्पन्नकुतूहलः, संजातश्रद्धः, संजातसंशयः, संजातकुतूहलः; समुत्पन्नश्रद्धः, समुत्पन्नसंशयः, समुत्पन्नकुतूहल उत्थया उत्तिष्ठति, उत्थया उत्थाय येनैव श्रमणो भगवान् महावीरस्तेनैव उपागच्छति, उपागम्य श्रमणं भगवन्तं महावीरं त्रिकृत्वः आदक्षिणप्रदक्षिणं करोति, कृत्वा वन्दते, नमस्यति, नमस्यित्वा नात्यासन्नः, नातिदूरः, शुश्रूषमाणः, नमस्यन् अभिमुखो विनयेन कृतप्राञ्जलिः पर्युपासीन एवमवादीत्.

१. आ (औपग्राहिक) शब्द मूळ उपग्रह शब्दथी बने छेः उप=पासे+ग्रह=ग्रहण करवुं अर्थात् 'पासे राखवुं' ए उपग्रह शब्दनो व्युत्पत्त्यर्थ छे. जैनपरिभाषामां ते (औपग्राहिक) शब्द श्रमणोना—साधुओना जे उपकरणोनुं मात्र संयम माटे ज प्रयोजन ते उपकरणोनो सूचक छेः—प्रवचनसारोद्धार द्वार ६०, गा० ४९८:—अनु०

२. आ (धर्मध्यान) शब्दनो स्थूल अर्थ 'धर्मविषयक चिंतन' छे, पण ते शब्द अमुक प्रकारना चिंतनमां ज जैनपरिभाषाए स्वीकार्यो छे.

"आज्ञा—अपाय—विपाक—संस्थानविचयाय धर्ममप्रमत्तसंयतस्य" (उमास्वाति, तत्त्वार्थ० अ० ९, सू० ३७) "आज्ञाना, अपायना, विपाकना अने संस्थानना निर्णय माटे एकाग्रपणे चिंतन ते धर्मध्यान." जिनप्रवचन ते आज्ञा कहेवाय. अपाय ते रागद्वेषादिकथी उत्पन्न थता अनर्थो कहेवाय, विपाक ते कर्म—पुण्य अने पाप—नुं फल कहेवाय अने संस्थान ते द्वीप अने समुद्रादिकना आकारो कहेवाय. (उमास्वाति, तत्त्वार्थ० अ० ९, सू०३७). आ ज प्रमाणे (क० आ० भ० श० २५, पृ०—१८०३-४) मां पण 'धर्मध्यान' शब्दनुं विवेचन स्फुटपणे करेलुं छे—अनु०

३. आ (शुक्लध्यान) शब्दनो लौकिक अर्थ—शुक्ल—धोळुं, ध्यान—चिंतन अर्थात् 'पवित्र चिंतन' थाय छे, पण जैनपरिभाषाए ते शब्द अमुक अर्थमां ज वापर्यो छेः—

"पृथक्त्व—एकत्ववितर्क—सूक्ष्मक्रियाऽप्रतिपाति—व्युपरतक्रियाऽनिवृत्तीनि" (उमा० तत्त्वार्थ० अ० ९, सू० ४१) 'शुक्लध्यान' शब्दथी नीचे लखेला चार अर्थो जैनदृष्टिए प्रसिद्ध छे.—१. "पृथक्त्ववितर्क, २. एकत्ववितर्क, ३. सूक्ष्मक्रिय अप्रतिपाति—अनिवृत्त, ४. व्युपरतक्रिय अनिवृत्ति-समुच्छिन्नक्रिय अप्रतिपाति. पृथक्त्ववितर्क—पृथक्त्व संबंधी वितर्क, एकत्ववितर्क—एकत्व संबंधी वितर्क, सूक्ष्मक्रिय अप्रतिपाति प्रतिपात (पतन) रहित सूक्ष्म क्रियावाळो व्यापार. व्युपरतक्रिय अनिवृत्ति—क्रिया विनानो निवर्तन रहित व्यापार." ए चारे शब्दनो स्फुट अर्थ आ प्रमाणे छेः—एक पदार्थ संबंधी उत्पत्ति, स्थिति, नाशादिक धर्मनो भेदपूर्वक जे वितर्क ते 'पृथक्त्ववितर्क', ते विचारसहित होय छे. वळी अर्थथी व्यंजनमां तथा व्यंजनथी अर्थमां मन, वचन अने शरीर संबंधी व्यापारोनुं विचरण ते विचार कहेवाय छे. उत्पत्ति वगेरे अनंत धर्मोमांना कोइ पण एक धर्मने (पर्यायने) अवलंबी अभेदपूर्वक जे वितर्क. ते 'एकत्ववितर्क.' ते विचाररहित होय छे. मनना अने वचनना संपूर्ण निरोध अने शरीरना अर्ध निरोधने 'सूक्ष्मक्रिय' कहे छे अने ते आगळ आगळ वधवाना परिणाम सहित होवाथी निवर्तनरहित छे. शरीरनी, वचननी अने मननी क्रियाओना समूळगा नाशने 'समुच्छिन्नक्रिय' कहे छे अने ते प्रतिपातरहित छे. (उमा० तत्त्वार्थ० अ० ९, सू० ४१). आज प्रमाणे (क० आ० भ० श० २५ पृ० १८०३-४) मां 'शुक्लध्यान' शब्द परत्वे स्फुट विवेचन छेः—अनु०

४. आ (संवर) शब्द 'सं' पूर्वक 'वृ' धातुथी बने छे. तेनो अर्थ 'संवरवुं' अर्थात् 'रोकवुं' थाय छे. बहुलताए जैनपरिभाषामां ते शब्द अमुक प्रकारना 'रोकवा'मां वपराय छे.

"आस्रवनिरोधः संवरः" (उमा० तत्त्वार्थ० अ० ९, सू० १) "आस्रवनो निरोध ते संवर" अने आस्रव एटले शरीरनो, वचननो अने मननो शुभ के अशुभ व्यापार अर्थात् पुण्य के पापना रोकवाने संवर कहे छे. (उमा० तत्त्वार्थ० अ० ९, सू० १):—अनु०

१६. *'तए णं से'* त्ति ततो ध्यानकोष्ठोपगतविहरणानन्तरम्, *'णं'* इति वाक्यालंकारार्थः, *'से'* इति प्रस्तुतपरामर्शार्थः, तस्य तु सामान्येन उक्तस्य विशेषावधारणार्थमाहः—*'भगवं गोयमे'* त्ति. किम्? इत्याहः—*'जायसड्ढे'* इत्यादि—जातश्रद्धादिविशेषणः सन् उत्तिष्ठतीति योगः. तत्र जाता प्रवृत्ता श्रद्धा इच्छा वक्ष्यमाणार्थतत्त्वज्ञानं प्रति यस्यासौ जातश्रद्धः, तथा जातः संशयो यस्य स जातसंशयः, संशयश्चानवधारितार्थं ज्ञानम्, स चैवं तस्य भगवतो जातः—भगवता हि महावीरेण *'चलमाणे चलिए'* इत्यादौ सूत्रे चलन् अर्थश्चलितो निर्दिष्टः, तत्र च य एव चलन् स एव चलित इत्युक्तः, ततश्चैकार्थविषयावेतौ निर्देशौ—'चलन्' इति च वर्तमानकालविषयः, 'चलितः' इति चातीतकालविषयः, *अतोऽत्र संशयः—कथं नाम य एवार्थो वर्तमानः स एव अतीतो भवति?* इति, *विरुद्धत्वादनयोः* कालयोरिति. तथा *'जायकोऊहल्ले'* त्ति जातं कुतूहलं यस्य स जातकुतूहलो जातौत्सुक्य इत्यर्थः—कथमेतान् पदार्थान् भगवान् प्रज्ञापयिष्यति? इति. तथा *'उप्पण्णसड्ढे'* त्ति उत्पन्ना प्राग् अभूता सती भूता श्रद्धा यस्य स उत्पन्नश्रद्धः. अथ जातश्रद्ध इत्येतावदेव अस्तु, किमर्थमुत्पन्नश्रद्ध इत्यभिधीयते?, प्रवृत्तश्रद्धत्वेनैव उत्पन्नश्रद्धत्वस्य लब्धत्वाद्, न ह्यनुत्पन्ना श्रद्धा प्रवर्तत इति. अत्रोच्यतेः—हेतुत्वप्रदर्शनार्थम्, तथाहिः—कथं प्रवृत्तश्रद्ध उच्यते?, यत उत्पन्नश्रद्धः, इति हेतुत्वप्रदर्शनं चोचितमेव *वाक्यालंकारत्वात्* तस्य. यदाहुः—*"प्रवृत्तदीपामप्रवृत्तभास्करां प्रकाशचन्द्रां बुबुधे विभावरीम्"* इह यद्यपि प्रवृत्तदीपत्वादेव अप्रवृत्तभास्करत्वमवगतम्, तथापि अप्रवृत्तभास्करत्व प्रवृत्तदीपत्वादेर्हेतुतयोपन्यस्तमिति. *'उप्पण्णसंसए, उप्पण्णकोऊहल्ले'* त्ति प्रागुवत्. तथा *'संजायसड्ढे'* इत्यादिपदषट्कं प्रागवत्. नवरमिह सम्-शब्दः प्रकर्षादिवचनः, यथाः—"संजातकामो बलभिद्विभूत्यां मानात् प्रजाभिः प्रतिमाननाच्च" "ऐन्द्रैश्वर्यप्रकर्षेण जातेच्छः कार्तवीर्यः" इति.

१६. ['तए[1] णं[2] से' त्ति] त्यार पछी एटले के, ['भगवं गोयमे' त्ति] ते श्रमण भगवान गौतमे ध्यानरूपी कोष्ठने प्राप्त थइ विहरण कर्या पछी—भगवान गौतम केवा? ते कहे छे के ['जायसड्ढे' इत्यादि] उत्पन्न श्रद्धावाळा वगेरे विशेषणयुक्त उठे छे. ए प्रमाणे संबंध जोडवो. तेने विषे जात एटले प्रवृत्त, श्रद्धा एटले वक्ष्यमाण (हवे पछी कहेवामां आवनार) अर्थतत्त्वना ज्ञाननी इच्छा, जेने छे ते जातश्रद्ध. जातसंशय जात एटले प्रवृत्त अने संशय एटले अनवधारित अर्थज्ञान, ते जेने छे ते जातसंशयः ते (संशय) भगवान गौतमने आ प्रमाणे थयो के, भगवंत महावीरे 'चलमाणे चलिए' इत्यादि सूत्रमां 'चालता पदार्थने चाल्यो' ए प्रमाणे कह्युं छे अने ए कथनमां जे चालतो पदार्थ छे तेने ज 'चाल्यो' कहेलो होवाथी, चालतो अने चाल्यो ए बन्ने क्रियासूचक शब्दोनुं निर्देशन एक ज पदार्थ संबंधे छे. तो 'चालतो' ए वर्तमान काळने दर्शावनारु होवाथी अने 'चाल्यो' भूत काळनुं सूचक होवाथी, ए बे निर्देशो एक ज पदार्थ संबंधे केम होइ शके?. आ रीत्या आ स्थळे भगवान् गौतमने संशय थयो के, जे पदार्थ वर्तमानकाल विषयक छे, ते ज पदार्थ भूतकाळ विषयक केम होय? कारण के वर्तमान अने भूत बन्ने काळ (परस्पर) विरुद्ध छे. आ प्रमाणे संशय थयो. तेथी जातसंशय कह्या. तथा ['जायकोऊहल्ले' त्ति] जातकुतूहल उत्पन्न थयेली उत्सुकतावाळा. 'आ पदार्थोने भगवंत केवी रीते जणावशे'' ए प्रमाणे कुतूहलवाळा, तथा ['उप्पण्णसड्ढे' त्ति] उत्पन्नश्रद्ध अभूतपूर्व -कोइवार पूर्वे न थयेली श्रद्धावाळा. (हवे कोइ शंका करे के), 'जातश्रद्ध' ए पूर्वोक्त विशेषण ज राखो, शा माटे 'उत्पन्नश्रद्ध' ए प्रमाणे बीजुं विशेषण आपो छो? कारण के ज्यांसुधी श्रद्धा उत्पन्न थती नथी त्यांसुधी प्रवर्तती नथी तेथी, 'प्रवर्तेली श्रद्धावाळा' ए विशेषण आपवाथी ज 'उत्पन्न थएली श्रद्धावाळा' ए विशेषणार्थ स्वयं आवी जशे. अहीं (तेना समाधानमां) कहे छे के, श्रद्धानी उत्पत्तिनो अने श्रद्धानी प्रवृत्तिनो अन्योऽन्य कार्यकारणभाव (हेतुहेतुमद्भाव) संबंध दर्शाववाने आ प्रमाणे प्रयोग कर्यो छेः उत्पन्न श्रद्धावाळा छे माटे ज प्रवृत्त श्रद्धावाळा छे; अर्थात् श्रद्धानी उत्पत्तिनो अने श्रद्धानी प्रवृत्तिनो अन्योऽन्य कार्यकारणभाव संबंध छे. अने विशेषणोमां अन्योऽन्य कार्यकारणभाव (हेतुहेतुमद्भाव) जणाववो ए वाक्यनो अलंकार होवाथी तेने बताववो उचित ज छे. कह्युं छे के.—"सूर्य जेमां प्रवृत्त नथी, दीवो जेमां प्रवर्तेला छे. तेवी चंद्रना प्रकाशवाळी रात्रीने जाणी" अहीं 'प्रवर्तेला दीपवाळी' ए कहेवाथी ज सूर्य जेमां अप्रवृत्त (अस्त) थयो छे एवी रात्री जणाय छे, छतां सूर्यनुं अस्त थवुं ए दीपोनी प्रवृत्तिमां हेतु छे, एम जणाववा 'प्रवृत्तदीप' अने 'अप्रवृत्तभास्कर' एवा बे विशेषणो विभावरी (रात्री) ने आप्यां छे. ['उप्पण्णसंसए, उप्पण्णकोऊहल्ले' त्ति] उत्पन्नसंशय उत्पन्न संशयवाळा, उत्पन्नकुतूहल उत्पन्न कुतूहलवाळा, आ बे पदोनी पण प्रथमनी जेम व्याख्या करवी, अर्थात् पूर्व कथनानुसारे अन्योन्य हेतुहेतुमद्भाव (कार्यकारणपणुं) जाणी लेवो, तथा ['संजायसड्ढे' इत्यादि] संजातश्रद्ध इत्यादि छ पदनी व्याख्या पूर्ववत् करवी. विशेष ए के, अहीं (संजातश्रद्ध आदि छ पदमां) 'सम्' शब्द प्रकर्षादि अर्थवाळो छे. जेम. "संजातकामो बलभिद्विभूत्यां मानात् प्रजाभिः प्रतिमाननाच्च" "अहंकार तथा प्रजाना प्रतिमानथी इंद्रना ऐश्वर्यने विषे सम् प्रकर्षथी प्रवर्तेली इच्छावाळो कार्तवीर्य." जेम आ स्थळे 'सम्' नो 'प्रकर्ष' अर्थ थाय छे, तेम संजातश्रद्धादि छ पदमां 'सम्' नो 'प्रकर्ष' अर्थ करवो.

जातश्रद्ध. जातसंशय. जातकुतूहल. उत्पन्नश्रद्ध. उत्पन्नश्रद्ध शा-माटे?. विशेषणोनो कार्य-कारणभाव. उत्पन्नसंशय. उत्पन्नकुतूहल. संजातश्रद्ध १०

१७. अन्ये तु *'जायसड्ढे'* इत्यादिविशेषणद्वादशकमेवं व्याख्यान्तिः—जाता श्रद्धा यस्य प्रष्टुं स जातश्रद्धः, किमिति जातश्रद्धः? इत्यत आहः—यस्माद् जातसंशयः—'इदं वस्तु एवं स्याद् एवं वा' इति. अथ जातसंशयोऽपि कथम्? इत्यत आहः—यस्माद् जातकुतूहलः—'कथं नामाऽस्यार्थमवभोत्स्ये?' इत्यभिप्रायवान् इति. एतच्च विशेषणत्रयमवग्रहाऽपेक्षया द्रष्टव्यम्. एवम्—उत्पन्न- संजात—समुत्पन्नश्रद्धादय ईहाऽपाय-धारणाभेदेन वाच्याः अन्ये त्वाहुः—*जातश्रद्धत्वाद्यपेक्षया उत्पन्नश्रद्धत्वादयः समानार्थाः विवक्षितार्थस्य प्रकर्षप्रवृत्तिप्रतिपादनाय* स्तुतिमुखेन ग्रन्थकृतोक्ताः, न चैवं पुनरुक्तिदोषाय. यदाहः—"वक्ता हर्षभयादिभिराक्षिप्तमनाः स्तुवंस्तथा निन्दन्, यत् पदमसकृद् ब्रूते तत् पुनरुक्तं न दोषाय." इति. 'उट्ठाए उट्ठेइ' त्ति उत्थानम्—उत्था—ऊर्ध्वं वर्तनम्, तया उत्थया उत्तिष्ठति—ऊर्ध्वो भवति. *'उट्ठेइ'* इत्युक्ते क्रियारम्भ-

---

१. 'णं' वाक्यालंकार माटे योज्यो छे. २. 'से' शब्द अधिकृत (चालु) विषयनो परामर्शक छे. ३. 'से' शब्दद्वारा बोधित सामान्य अर्थने विशेषित करवा 'भगवं गोयमे' ए वाक्य कह्युं छे.—अर्थात् 'से'नो सामान्यप्रकारे 'ते' एवो अर्थ थाय छे. ते अर्थने 'भगवं गोयमे' आ वाक्य विशिष्ट करे छे, तेथी 'ते भगवान् गौतम' एवो अर्थ थयोः—श्री अभयदेव.

मात्रमपि प्रतीयते, यथाः—वक्तुमुत्तिष्ठत इति. ततस्तद्व्यवच्छेदायोक्तमुत्थाय इति. *'उट्ठाए उट्ठित्त'*त्ति उपागच्छतीत्युत्तरक्रियापेक्षया उत्थानक्रियायाः पूर्वकालताऽभिधानाय *'उत्थयोत्थाय'* इति क्त्वाप्रत्ययेन निर्दिशति इति. *'जेणेव'* इत्यादि. इह प्राकृतप्रयोगाद्, अव्ययत्वाद् वा येन इति यस्मिन्नेव दिग्भागे, श्रमणो भगवान् महावीरो वर्तते तस्मिन्नेव दिग्भागे उपागच्छति; तत्कालाऽपेक्षया वर्तमानत्वाद् आगमनक्रियाया वर्तमानविभक्त्या निर्देशः कृतः—उपागतवान् इत्यर्थः. उपागम्य च श्रमण भगवन्तं महावीरं कर्मताऽऽपन्नम्, *'तिक्खुत्तो'*त्ति त्रीन् वारान् त्रिकृत्वः, *'आयाहिणपयाहिणं करेइ'*त्ति आदक्षिणाद् आदक्षिणहस्ताद् आरभ्य प्रदक्षिणः परितो भ्राम्यतो दक्षिण एव आदक्षिणप्रदक्षिणोऽतस्तं करोति इति. *'वंदइ'*त्ति वन्दते वाचा स्तौति, *'नमसइ'*त्ति नमस्यति कायेन प्रणमति, *'णच्चासण्णे'*त्ति न नैव, अत्यासन्नोऽतिनिकटः—अवग्रहपरिहाराद्, नात्यासन्ने वा स्थाने वर्तमान इति गम्यम्, *'णाइदूरे'*त्ति न नैव अतिदूरोऽनिविप्रकृष्टोऽनौचित्यपरिहाराद्, नातिदूरे वा स्थाने, *'सुस्सूसमाणे'*त्ति भगवद्वचनानि श्रोतुमिच्छन् *'अभिमुहे'*त्ति अभि भगवन्त लक्ष्यीकृत्य मुखमस्य इत्यभिमुखः, तथा *'विणएणं'*त्ति विनयेन हेतुना *'पंजलिउडे'*त्ति प्रकृष्ट प्रधानो ललाटतटघटितत्वेन, अञ्जलिर्हस्तन्यासविशेष, कृतो विहितो येन स, ''अग्न्याहितादि''दर्शनात् प्राञ्जलिकृतः; *'पज्जुवासमाणे'*त्ति पर्युपासीन सेवमानः, अनेन च विशेषणकदम्बकेन श्रवणविधिरुपदर्शित, आह च —''*णिद्दा–विगहा–परिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं, भत्तिबहुमाणपुव्व उवउत्तेहिं सुणेअव्वं*''ति. *'एवं वयासि'*त्ति एव वक्ष्यमाणप्रकारं वस्तु, अवादीद् उक्तवान्.

अन्यव्याख्या.

१७. अन्य तो 'जातश्रद्ध' इत्यादि बार विशेषणोनी व्याख्या आ प्रमाण करे छे. -जेओ पूछवाने श्रद्धावाळा थाय ते जातश्रद्ध, जातश्रद्ध शा माटे थया? तो कहे छे केः—उत्पन्न संशय छे माटे, 'आ पदार्थ आवो होय के आवो?' ए प्रमाणे संशय छे माटे. जातसंशय पण केम थया? तो कहे छे जातकुतूहल छे तेथी. ''आ अर्थने हुं केवी रीते जाणीश?'' आवा प्रकारना अभिप्रायवाळा छे तेथी, आ त्रण विशेषणो अवग्रहनी अपेक्षाए जाणवा. ए प्रमाणे उत्पन्नसंशय, उत्पन्नकुतूहल आदि त्रण विशेषणो ईहानी अपेक्षाए जाणवा. संजातश्रद्ध, संजातसंशय आदि त्रण विशेषणो अपायनी अपेक्षाए समजवा. तेम समुत्पन्नश्रद्ध, समुत्पन्नसंशय अने समुत्पन्नकुतूहल ए त्रण विशेषणो धारणानी अपेक्षाए पण समजवा. बीजाओ कहे छे के जातश्रद्धनी अपेक्षाए

१. आयप्पमाणमित्तो चोद्दिसि होइ उग्गहो गुरुणो, अणणुण्णायस्स सया न कप्पए तत्थ पविसेउं.-प्रवचनसारोद्धारेद्वार. २ गा—१२६ अनु०

१. ए अवग्रहादिक शब्दनुं जैनपरिभाषाए आ प्रमाण विवेचन छे –ज्यारे कोइ पण मनुष्य कोइ पण इंद्रिय के मनद्वारा कोइ एक चीजने जाणे छे त्यारे ते तो एम समजे छे के 'मे आंख उघाडी के पदार्थ जोयो' अर्थात् तेनी एवी कल्पना छे के, इंद्रियोनी के मननी क्रिया थता वार ज वस्तुओनु ज्ञान थाय छे, पण खरी रीते तेम थतुं नथी, वस्तुमात्रनुं ज्ञान थवामां जैनदृष्टिए बहुकाल लागे छे पण ते काल घणो सूक्ष्म होवाथी जाणनार एम ज कल्पे छे के, वस्तुना जाणवामां वार लागती ज नथी कोइ एक युवान अने बलवान पुरुष एक जीर्ण वस्त्रने ज्यारे फाडे छे त्यारे ते तो एम ज समजे छे के, ते वस्त्रने फाडतां वार ज लागी नथी, पण ते वस्त्र फाडता संख्यातीत समयो लागे छे, ते ज प्रमाणे वस्तुमात्रना ज्ञानमां घणो काळ लागे छे जैनदृष्टिए वस्तुमात्रनुं ज्ञान थवामां नीचे प्रमाणे क्रम गोठवायो छे जे कोइ वस्तुने आपणे आपणा मन के इंद्रियद्वारा प्रत्यक्ष करी शकता होइए ते वस्तु संबंधी चोक्कस निर्णय थवा पहेलां सौथी प्रथम ते वस्तुविषयक अवग्रह थाय छे, पछी ते ज वस्तु विषयक ईहा थाय छे अने पछी ते वस्तुनो निर्णय थाय छे, पछी छेवटे ते वस्तुना ज्ञाननो संस्कार जामे छे ते अवग्रहादिकना अर्थनुं विवेचन कर्या पहेला मात्र एक विशेष वात जणाववानी छे अने ते आ छे के–जैनदृष्टिए पूर्वोक्त अवग्रहना बे भेद छे एक व्यंजनावग्रह अने बीजो अर्थावग्रह नेत्रेंद्रिय अने मन शिवायनी चारे इंद्रियोने ते बन्न अवग्रहो होय छे अने नेत्रेंद्रिय तथा मनने मात्र अर्थावग्रह होय छे.

इंद्रिय.	व्यंजनावग्रह	अर्थावग्रह.	ईहा	अवायः	धारणा.
स्पर्शेंद्रिय—चामडी.	छे	छे.	छे.	छे	छे.
रसेंद्रिय—जीभ.	,,	,,	,,	,,	,,
घ्राणेंद्रिय—नाक.	,,	,,	,,	,,	,,
नेत्रेंद्रिय—आंख.	नथी.	,,	,,	,,	,,
श्रोत्रेन्द्रिय—कान.	छे.	,,	,,	,,	,,
मन.	नथी.	,,	,,	,,	,,

''[illegible] जेणऽत्थो घडो व्व दीवेण वंजणं तं च, उवगरणिंदियसद्दाइपरिणय-द्दव्वसंबंधो'' विशेषा० गा० १९४ (य० ग्रं–पृ–११७).

''जेम दीपकद्वारा घट व्यक्त थाय छे तेम जे वडे अर्थ व्यक्त थाय ते व्यंजन, तेनो जे अवग्रह ते व्यंजनावग्रह. अर्थात् स्थूल व्याख्या प्रमाणे शब्दपणे, रसपणे, गंधपणे अने स्पर्शपणे परिणाम पामेल पुद्गलोनो (जड परमाणुओनो) इंद्रियो साथे जे संबंध ते व्यंजन अने तेनो अवग्रह ते 'व्यंजना-

पुनरुक्ति नथी.
उत्थान.

उत्पन्नज्ञानादि विशेषणो अन्यार्थ (भिन्न अर्थवाळां) नथी, (अर्थात् सर्वे समान अर्थवाळां छे) तो पण विवक्षित अर्थनो प्रकर्ष प्रतिपादित करवाने ते समान अर्थवाळा विशेषणोनो स्तुतिमुख (स्तुतिपरायण) ग्रथकारे प्रयोग कर्यो छे. आ स्थले सर्व विशेषणो एक अर्थवाळा छे, तो पण पुनरुक्ति दोष आवी शकतो नथी. कह्युं छे केः "हर्ष, भय वगेरेथी आक्षिप्त (अस्वस्थ) मनवाळो वक्ता, स्तुति करतो अथवा निंदा करतो जे (समान अर्थवाळा) पदोने अनेकवार बोले, तो पण ते पुनरुक्ति दोषने पात्र नथी." आवा विशेषणोयुक्त भगवान् गौतम, ['उट्ठाए उट्ठेइ'त्ति] उत्थया उत्तिष्ठति–उंचा वर्तता (उभा थवाने अभिमुख थता) उठे छे. अहीं 'उत्थया' ए शब्द न मूकतां 'उत्तिष्ठति' एकलुं ज पद राखे, तो क्रियामात्रनो प्रारंभ पण प्रतीत थइ शके छे, अर्थात् 'बेसतां अथवा उठतां कोइ पण क्रिया शरु करवी' एवो अर्थ पण केवल 'उत्तिष्ठति' क्रियाशब्दनो थाय छे. जेम के. (वक्तुमुत्तिष्ठते) बोलवाने आरंभ करे छे, तेथी अहीं तेनो व्यवच्छेद थाय तेम न समजाय–अने स्पष्टरूपे उत्थान (उभा थवुं) ए क्रिया जणाय माटे 'उत्थया' ए 'उत्तिष्ठति' क्रियापद साथे जोड्यु छे. ['उट्ठाए उट्ठित्त'त्ति] उत्थानवडे उठीने ['जेणेवं' इत्यादि] जे दिशाना विभागमां श्रमण भगवंत महावीर छे. ['तेणेव'त्ति] ते दिग्भागमां आवे छे (ते समयनी अपेक्षाए वर्तमानकाल होवाथी शास्त्रकारे पण 'आवे छे' ए प्रमाणे वर्तमानकाळ वापर्यो छे.) जे दिग्भागमां श्रमण भगवत महावीर हता ते स्थले आव्या. आवीने श्रमण भगवंत महावीरने ['तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ'त्ति] आदक्षिण (भगवानना) जमणा हस्तथी आरंभी, 'प्रदक्षिण' प्र परित (भगवतनी चारे तरफ), भमता दक्षिण (जमणा) ज आवे ए प्रमाणे जे भ्रमण ते आदक्षिणप्रदक्षिण. तेम त्रण वार प्रदक्षिणा करे छे, प्रदक्षिणा करी ['वदइ'त्ति] वचनवडे स्तुति करे छे, तथा ['नमंसइ'त्ति] कायद्वारा नमस्कार करे छे. नमस्कार करीने, अवग्रहना परिहारथी ['णच्चासण्णे'त्ति] अति समीप नही, अथवा अति समीप स्थाने नहीं रहेला, अनुचितताना त्यागी–उचितपणाना स्वीकारक होवाथी, ['णाइदूरे'त्ति] अत्यन्त दूर नही, अथवा अत्यन्त दूर स्थले नही रहेला. (भगवतना वचनोने) ['सुस्सूसमाणे'त्ति] शुश्रूषमाण साभळवानी इच्छावाळा, भगवतनी ['अभिमुहे'त्ति] सम्मुख मुखवाळा, अने ['विणएण'त्ति] विनयवडे ['पजलिउडे'त्ति] प्राञ्जलिकृत–ललाटतटने विषे रचित होवाथी प्रकृष्ट, (प्रधान) अजली एटले हस्तद्वयनु स्थापन विशेष जेओए कर्यु छे एवा, तथा ['पज्जुवासमाणे'त्ति] पर्युपासीन सेवता. ['एव वयासि'त्ति] आ प्रमाणे कहेवा लाग्या (आ प्रमाणे विशेषणसमूहथी श्रवण करवानी विधि शास्त्रकारे बतावेली छे) कह्युं छे के. "निद्रा तथा विकथाने त्यजिने, मन, वचन अने कायने गोपवीने, ललाटतटने विषे हस्तपुट स्थापीने. मनुष्योए भक्ति, बहुमानपूर्वक उपयुक्त (दत्तचित्त) थइ श्रवण करवुं".

वन्दनः नमन.
अवग्रहपरिहार.
शुश्रूषमाणः विनय.
पर्युपासना.
श्रवणविधि.

वग्रह' एटले तद्दन अव्यक्त ज्ञान जेनो शब्दथी निर्देश न थइ शके तेवु ज्ञान वि० गा० १९४ (य० ग्रं० पृ–११७). पूर्वे कह्याप्रमाणे आंख अने मन शिवायनी इंद्रियोद्वारा कोइ पण पदार्थनो निर्णय करता पहेला सौथी पूर्व आ व्यंजनावग्रह थाय छे

त्यारबाद अर्थावग्रह थाय छे अर्थ–पदार्थनो जे अवग्रह ते 'अर्थावग्रह' जे वस्तुपरत्वे व्यंजनावग्रह थएलो हतो ते ज वस्तु परत्वे "सामण्णत्थावग्गहणमुग्गहो" वि० गा० १८० (य० ग्रं० पृ–१०९) "आ काइ छे एवा प्रकारनुं जे ज्ञान ते अर्थावग्रह अर्थात् कोइ पण प्रकारनी विशेषता विना जे मात्र सामान्यरूपे ज्ञान ते अर्थावग्रह." वि० गा० १८० (य० ग्रं० पृ–१०९) आ अर्थावग्रह सर्व इंद्रियोने अने मनने होय छे आ 'अर्थावग्रह' थया पछी 'ईहा' थाय छे. जे "नेयमग्गणमहेहा' वि० गा० १८० (य० ग्रं० पृ०–१०९). 'आ काइ छे' एवुं ज्ञान अर्थावग्रहथी थएलुं हतुं, ते ज वस्तुसंबंधे उत्पन्न थता भेदोना विचारने 'ईहा' कहे छे, अर्थात् 'ते वस्तु अमुक गुणोवाळी छे माटे अमुक होवी जोइए अने अमुक गुणवाळी नथी माटे ते अमुक नथी' एवा प्रकारना ज्ञानने ईहा कहे छे वि० गा० १८० (य० ग्रं० पृ–१०९). आ ईहा सर्व इंद्रियो अने मनने होय छे ते ईहा पछी निश्चयात्मक 'अपाय' थाय छे अर्थात् जे वस्तु सबंधे ईहा थएली हती ते ज वस्तुसबंध अपाय थाय छे. 'ईहा' मां आवेल वस्तुनो अवगम–निर्णय–ते अवाय– "तस्सावगमोऽवाओ' वि० गा० १८० (य० ग्रं० पृ–१०९). अपाय–छे, अर्थात् 'ते अमुक ज छे' एवा ज्ञानने 'अवाय–अपाय' कहे छे. वि० गा० १८० (य० ग्रं० पृ–१०९). आ अपाय सर्व इंद्रियोने अने मनने होय छे त्यारबाद जे पदार्थसबंधे अपाय थएलो हतो ते ज पदार्थ संबंधे धारणा थाय छे ते धारणा वासनारूप–स्मरणरूप–ज्ञानना जामीनरूप छे अपायद्वारा निश्चित वस्तुनी जे अविच्युति–स्मृति, तेने धारणा कहे छे. "अविचुई धारणा तस्स" वि० गा० १८० (य० ग्रं० पृ–१०९). अर्थात् ज्ञानना दृढ संस्कारने धारणा कहे छे–विशे० गा० १८० (य० ग्रं० पृ–१०९). तात्पर्य ए छे के –दरेक पदार्थोनुं सौथी प्रथम अणु संयोग जन्य अव्यक्त ज्ञान, पछी तद्दन सामान्य ज्ञान, पछी काचो पाको निर्णय, पछी तद्दन निर्णय अने पछी संस्कार थाय छे ए क्रम आंख अने मन शिवायनी इंद्रियोनो छे, पण आंख अने मननो तो बीजो क्रम छे. ते आ छे–सौथी प्रथम अणु सयोग निरपेक्ष तद्दन सामान्य ज्ञान, पछी काचो पाको निर्णय, पछी तद्दन निश्चय अने पछी संस्कार थाय छे. पूर्वे कह्या प्रमाणे आंख अने मनने 'व्यजनावग्रह' होतो नथी तेमा कारणरूपे नीचेनी वात छे –कोइ पण पदार्थना स्पर्शनुं ज्ञान करवुं होय त्यारे चामडी (स्पर्शेंद्रिय) साथे स्पर्शपणे परिणाम पामेल पुद्गलोनो संयोग जरुर अपेक्षित छे कोइ पण पदार्थना रसनुं ज्ञान करवुं होय त्यारे जीभ (रसेंद्रिय) साथे रसपणे परिणामपामेल पुद्गलोनो सयोग जरुर अपेक्षित छे कोइ पण पदार्थना गंधनुं ज्ञान करवुं होय त्यारे नाक (घ्राणेंद्रिय) साथे गंधपणे परिणाम पामेल अणुओनो सयोग जरुर अपेक्षित छे, अने कोइ पण चेतनजन्य के अचेतनजन्य शब्दनुं ज्ञान करवुं होय त्यारे कान (कर्णेंद्रिय) साथे शब्दपणे परिणाम पामेल अणुओनो सयोग जरुर अपेक्षित छे तथापि कोइ पण पदार्थना रूपनुं ज्ञान करवुं होय त्यारे आंख (नेत्रेंद्रिय) साथे रूपपणे परिणाम पामेल पुद्गलोना सयोगनी कशी पण जरुर नथी. तेम ज कोइ पण पदार्थविषयक मनन करवुं होय त्यारे मन साथे कोइ पण प्रकारना अणुओना संयोगनी कशी पण जरुर नथी. आ प्रमाणे जैनदर्शन स्वीकारे छे. माटे पूर्वोक्त स्वरूपवाळो 'व्यंजनावग्रह' आंख अने मनने होतो नथी. 'आंख अने मनने पोताना विषयनुं ज्ञान करवामा पदार्थना संयोग (स्पर्श)नी जरुर शा माटे नथी ?' ए प्रश्नना निराकरण माटे जिज्ञासुओए "रत्नाकरावतारि०. तथा "स्याद्वादरत्नाकर'ना द्वितीय प० सू० ५. मानी टीका. "विशेषावश्यक" भाग बीजामानु व्यंजनावग्रहनुं गा० २०४ थी २४९ (य० ग्रं० पृ थी १४७) सुधीनु प्रकरण मननपूर्वक धारवुं –अनु०

१. अही आगळ आवनारी 'उपागच्छति–आवे छे.' ए क्रियानी अपेक्षाए पूर्वकाल बताववाने 'उत्थाय–उठीने' ए ठेकाणे 'क्त्वा' प्रत्ययवडे निर्देश कर्यो छे. २. अही प्राकृत प्रयोगथी अथवा अव्यय होवाथी 'जेण' शब्दनो 'यस्मिन्' ए प्रमाणे सप्तमीनो अर्थ कर्यो छेः–श्रीअभयदेव.

३. चारे दिशामा आत्मप्रमाणमात्र–शरीरप्रमाण साडात्रण हाथ गुरुनो अवग्रह होय छे. ते अवग्रहमां गुरुनी आज्ञा विना हमेशा प्रवेश करवो कल्पतो नथी; अर्थात् विनेयजन गुरुथी साडात्रण हाथ दूर बेसे तेने अवग्रह कहे छे.–प्रवचनसारोद्धार, द्वार २ गाथा १२६ः–अनु०

४. 'कृतप्राञ्जलि'ने बदले 'प्राञ्जलिकृत' शब्द मूक्यो छे ते 'आहिताग्न्यादि' गणने आधारे छेः–श्रीअभय०

शतक १.—उद्देशक १.

चलमान चलित.—निर्जीर्यमाण निर्जीर्ण.—एकार्थ छे?.—नानार्थ छे?.—उत्पन्नपक्ष.—विगतपक्ष.—सर्वजीवस्थित्यादिविचार.—नैरयिकस्थिति.—नैरयिकश्वासोच्छ्वास.—नैरयिकआहार.—आहारपरिणाम.—चितोपचितादि.—नैरयिकपुद्गलभेद.—चयोपचयादि.—अपवर्तनादि.—नैरयिकपुद्गलग्रहणादि.—नैरयिककर्मबंधादि.—असुरकुमारस्थिति.—असुरकुमारश्वासोच्छ्वास.—असुरकुमारआहार.—आहारपरिणाम.—चितोपचितादि.—असुरकुमारकर्मबंधादि.—नागकुमारस्थित्यादि.—सुवर्णकुमारादि.—पृथिवीकायिकजीवस्थिति.—पृथिवीकायिकजीवआहारादि.—जलजीव, अग्निजीव, वायुजीव अने वनस्पतिजीवस्थितिआहारादि —कीटपतंगविचार.—द्वींद्रियजीवस्थिति—आहारादि.—लोमाहार.—प्रक्षेपाहार.—त्रींद्रिय—चतुरिंद्रियजीवस्थित्यादि.—पंचेंद्रियतिर्यंचजीवस्थित्यादि.—मनुष्यस्थित्यादि.—वानव्यंतरस्थित्यादि.—ज्योतिष्क—सूर्यचंद्रादि—स्थित्यादि.—वैमानिकस्थित्यादि.—शुं जीव आत्मारंभ, परारंभ, तदुभयारंभ के अनारंभ छे?.—जीवभेद.—आत्मारंभत्वादिनुं कारण —नैरयिकादिवैमानिकपर्यंतजीवनो आत्मारंभादिविचार.—लेश्यावाळा जीवनो आत्मारंभादिविचार.—ज्ञान, दर्शन, चारित्र, तप अने संयम शुं ऐहभविक, पारभविक के उभयभविक छे?.—असंवृत अनगार सिद्ध थाय?.—असंवृत मुनि शामाटे सिद्ध न थाय?.—संवृत अनगार सिद्ध थाय?.—संवृत अनगार शामाटे सिद्ध थाय?.—असंयत जीव देव थाय?.—असंयत जीव शामाटे देव थाय? अने शामाटे देव न थाय?.—वानव्यंतर देवोना रहेठाणो-देवलोको-केवा होय?—उद्देशकसमाप्ति अने गौतम विहार.—

१. प्रश्नः—[१]से णूणं भंते! चलमाणे चलिए?, उदीरिज्जमाणे उदीरिए?, वेइज्जमाणे वेइए?, पहिज्जमाणे पहीणे?, छिज्जमाणे छिन्ने?, भिज्जमाणे भिन्ने?, डज्झमाणे दड्ढे?, मिज्जमाणे मडे?, निज्जरिज्जमाणे निज्जिण्णे?.

१. प्र०—हे भगवन्! जे चालतुं होय ते 'चाल्युं' (ए प्रमाणे कहेवाय)? तेम ज जे उदीरातुं होय ते 'उदीरायुं', वेदातुं होय ते 'वेदायुं', पडतुं होय ते 'पड्युं,' छेदातुं होय ते 'छेदायुं,' भेदातुं होय ते 'भेदायुं,' बळतुं होय ते 'बळ्युं,' मरतुं होय ते 'मर्युं', अने निर्जरातुं होय ते 'निर्जरायुं' (ए प्रमाणे कहेवाय)?.

१. उत्तरः—हंता, गोयमा! चलमाणे चलिए, जाव निज्जरिज्जमाणे निज्जिण्णे.

१. उ०—हा, गौतम! चालतुं होय ते 'चाल्युं', यावत् निर्जरातुं 'निर्जरायुं', ए प्रमाणे कहेवाय.

---

१. मूलच्छायाः—तद् नूनं भगवन्!, चलत् चलितम्?, उदीर्यमाणम्—उदीरितम्?, वेद्यमानं वेदितम्?, प्रहीयमाणं प्रहीणम्?, छिद्यमानं छिन्नम्?, भिद्यमानं भिन्नम्?, दह्यमानं दग्धम्?, म्रियमाणं मृतम्?, निर्जीर्यमाणं निर्जीर्णम्?. हन्त, गौतम! चलत् चलितम्, यावद् निर्जीर्यमाणं निर्जीर्णम्.

१. भगवंत महावीरना समयमां जे अनेक दार्शनिको हता; तेमां जमालि नामना भगवंत महावीरना भाणेज पण एक दार्शनिक तरीके हता. तेमनुं मंतव्य तो अमारी जाणमां नथी तेम ते क्यांय उपलब्ध होय तेम जणातुं पण नथी, पण भगवंत महावीरना अने तेमना सिद्धांतमां खास भेद हतो ते जणाववाने श्रीजिनप्रवचन साक्षिभूत छे. भगवंत महावीरनो आगम अनेकांतवादपूर्ण छे, एटले ते आगम एक ज पदार्थने पण अनेक-दृष्टिओथी भिन्न भिन्न रूपे जोइ शके छे. श्रीयुत जमालिना मतनुं प्रदर्शक उदाहरण नीचे प्रमाणे छेः—एक शाळवीने आपणे सूतर आपी एक वणवानुं कह्युं. ते शाळवीए आपेल सूतरथी कपडुं वणवानुं काम पण शरु कर्युं बीजा बे चार दिवस पछी ज्यारे आपणे ते शाळवीने पूछीशुं के, 'शुं थयुं?' त्यारे ते कहेशे के, 'सूतरनुं कपडुं वणायुं छे.' खरी रीते तो पूरुं कपडुं वणायुं नथी, तो पण शाळवीनुं कहेवुं लोको साचुं माने तेम मानी तेने पैसा धीरवा वगेरेनो व्यवहार करे छे. जो ते शाळवीनुं कहेण साचुं न होय तो लोक एवो मूर्ख नथी के तेने साचुं मानी व्यवहार चलावे. आ प्रसंगमां जमालिनुं एवुं मंतव्य छे के, ते शाळवीनुं कहेण अने तेने साचुं मानी व्यवहार करनार समस्त लोक खोटो ज छे; कारण के कपडुं पूरुं वणायुं नथी छतां शाळवी अने लोक 'कपडुं वणायुं छे' एम माने छे. श्रमण भगवंत महावीरनो एवो सिद्धांत छे के, शाळवीनुं वक्तव्य अने लोकमत बन्ने साचां पण छे. तेओ कहे छे के, निश्चयनयने अवलंबी कपडानो सूक्ष्मभाग वणायो होय तो पण 'कपडुं वणायुं' एम बोलवामां असत्यता नथी अने व्यवहारनयने अवलंबी पूरुं कपडुं वणाय त्यारे ज कपडुं वणायुं कहेवाय. ए ज प्रमाणे ('वणातुं होय ते वणायुं' ए प्रमाणे) 'चालतुं होय ते चाल्युं' वगेरे उपर्युक्त पदो जाणी लेवां. तात्पर्य ए ज के, जे वात एक नजरथी अवलोकतां खोटी लागे ते वात पण बीजी नजरे साची देखाय के माटे वात खोटी छे एम न कहेतां पोतानी दृष्टि एक पक्षीय छे एम कहेवुं ए श्रेय छे. आ जमालिना मतनुं विवेचन करवा माटे

६ श० सू०

भगवान् गौतम आ प्रश्न करे छे. आ जमालिना मतनुं नाम 'बहुरतदृष्टि' पण छे. अमारा ख्याल प्रमाणे 'बहुरत' शब्दनो अर्थ आ छेः–बहु=घणुं, रत=रमेल–लीन, जमालि पोते जे कार्य बहु–तद्दन पूरुं–थयुं देखे तेने ज 'कृत' कार्य कहे छे, माटे जे मंतव्य बहु भागमां–स्थूलभागमां–रत होय ते 'बहुरत' कहेवाय अने ते मंतव्यने स्वीकारनारा लोको पण 'बहुरत' कहेवाय. तेओनी जे दृष्टि ते 'बहुरत'दृष्टि. ए शब्दनो व्यवहार जैनप्रवचनमां घणे स्थळे छे. ते मतनो अने तेना स्थापक जमालिआचार्यनो तथा ते प्रकारना मतनी उत्पत्तिनो हेवाल नीचे प्रमाणे छेः—

"चोद्दस वासाणि तया जिणेण उप्पाडिअस्स नाणस्स, तो बहुरयाण दिट्ठी सावत्थीए समुप्पन्ना." २३०६. "चतुर्दश वर्षाणि तदा जिनेन श्रीमन्महावीरेण, उत्पादितस्य केवलज्ञानस्य, ततोऽत्रान्तरे, बहुरतनिह्नवानां दर्शनं दृष्टिः, श्रावस्त्यां नगर्यां समुत्पन्नेति." × × × × × "जिट्ठा, सुदंसण जमालि णोज्ज सावत्थी तिंदुगुज्जाणे, पंच सया य सहस्सं ढंकेण जमालि मोत्तूणं." २३०७. × × × "इहैव भरतक्षेत्रे कुण्डपुरं नाम नगरम्. तत्र भगवतः श्रीमन्महावीरस्य भागिनेयो जमालिर्नाम राजपुत्र आसीत्. तस्य च भार्या श्रीमन्महावीरस्य दुहिता तस्याश्च ज्येष्ठेति वा, सुदर्शनेति वा, अनवद्याङ्गीति वा नामेति. तत्र पञ्चशतपुरुषपरिवारो जमालिर्भगवतो महावीरस्य अन्तिके प्रव्रज्यां जग्राह. सुदर्शनाऽपि सहस्रस्त्रीपरिवारा तदनु प्रव्रजिता. ततश्च एकादशसु अङ्गेष्वधीतेषु जमालिना भगवान् विहारार्थं मुत्कलापित. ततो भगवता तूष्णीमास्थाय न किञ्चित् प्रत्युत्तरमदायि. तत एवममुत्कलितोऽपि पञ्चशतसाधुपरिवृतो निर्गतः श्रीमन्महावीरान्तिकात् ग्रामानुग्रामं च पर्यटन् गतः श्रावस्तीनगर्याम्. तत्र च तैन्दुकाभिधानोद्याने कोष्ठकनाम्नि चैत्ये स्थितः. ततश्च तत्र तस्य अन्त–प्रान्ताहारैस्तीव्रो रोगातङ्कः समुत्पन्नः, तेन च न शक्नोत्युपविश्य स्थातुम्. ततो बभाण श्रमणान्–'मन्निमित्तं शीघ्रमेव संस्तारकमास्तृणीत, येन तत्र तिष्ठामि' ततस्तैः कर्तुमारब्धोऽसौ बाढं च दाहज्वराभिभूतेन जमालिना पृष्टम्–'संस्तृतः संस्तारको नवा ?' साधुभिश्च संस्तृतप्रायत्वाद् अर्धसंस्तृतेऽपि प्रोक्तम्–'संस्तृतः' इति. ततोऽसौ वेदनाविह्वलितचेता उत्थाय तत्र निषण्णोऽर्धसंस्तृतं तद् दृष्ट्वा क्रुद्ध 'क्रियमाणं कृतम्' इत्यादि सिद्धान्तवचनं स्मृत्वा मिथ्यात्वमोहनीयोदयतो वक्ष्यमाणयुक्तिभिर्वितथमिति चिन्तयामास. ततः स्थविरैर्वक्ष्यमाणाभिरेव युक्तिभिः प्रतिबोधितो यदा कथमपि न प्रतिबुध्यते तदा गतास्तं परित्यज्य भगवत्समीपे, अन्ये तु तत्समीप एव स्थिताः, सुदर्शनाऽपि तदा तत्रैव श्रावकढङ्ककुम्भकारगृह आसीत्: जमाल्यनुरागेण च तन्मतमेव प्रपन्ना ढङ्कमपि तद् ग्राहयितुं प्रवृत्ता. ततो ढङ्केन 'मिथ्यात्वमुपगतेयम्' इति ज्ञात्वा प्रोक्तम 'नेदृशं किमपि वयं जानीमः'. अन्यदा च आपाकाभिमध्ये भृद्भाजनोद्वर्तन–परावर्तनं कुर्वता अङ्गारकमेकं प्रक्षिप्य तत्रैव प्रदेशे स्वाध्यायं कुर्वत्याः सुदर्शनायाः संघाट्येकदेशो दग्धः, ततस्तया प्रोक्तम्–'श्रावक! किं त्वया मदीयसंघाटी दग्धा ?' तेनोक्तम–'ननु दह्यमानमदग्धम्' इति भवतां सिद्धान्तः, तत क्व केन त्वदीया संघाटी दग्धा ?' इत्यादि तदुक्तं परिभाव्य संबुद्धाऽसौ 'सम्यक प्रेरितास्मि' इत्यभिधाय मिथ्या दुष्कृतं ददाति, जमालिं च गत्वा प्रज्ञापयति यदा चासौ कथमपि न प्रज्ञाप्यते तदाऽसौ सपरिवारा, शेषसाधवश्च एकाकिनं जमालिं मुक्त्वा भगवत्समीपं जग्मुः. जमालिस्तु बहुजनं व्युद्ग्राह्य अनालोचितप्रतिक्रान्तः कालं कृत्वा किल्बिषिकदेवेषु उत्पन्नः व्याख्याप्रज्ञप्त्यागमाच्च एतच्चरितं विस्तरतोऽवसेयमिति. एष संग्रहगाथाभावार्थः. अक्षरार्थस्त्वयम्– × × × ज्येष्ठा, सुदर्शना, अनवद्याङ्गीति जमालिगृहिणीनामानि. अन्ये तु व्याचक्षते–'ज्येष्ठा—महत्तरी, सुदर्शना नाम भगवतः श्रीमन्महावीरस्य भगिनी, तस्याः पुत्रो जमालिः. अनवद्याङ्गीनाम भगवतो दुहिता जमालिगृहिणी' इति. श्रावस्त्यां नगर्यां तैन्दुकोद्याने 'जमालिनिह्नवदृष्टिरुत्पन्ना, इति वाक्यशेषः. तत्र पञ्च शतानि साधूनाम्, सहस्रं च आर्यिकाणाम्, एतेषां मध्ये यः स्वयं न प्रतिबुद्धस्तं जमालिं मुक्त्वा ढङ्केन प्रतिबोधित इति. × × × × × २३०७–विशेषावश्यकसूत्रे (य० ग्रं० पृ–९३५–३६)

श्रमण भगवंत महावीर केवलज्ञानी थया पछी चौद वरसे 'श्रावस्ती' नगरीमां 'बहुरत'नामना निह्नवोनुं दर्शन (मत) पेदा थयुं. गा– २३०६. तेनुं संक्षिप्त इतिवृत्त आ छेः–आ ज भरतखंडमां 'कुंडपुर' नामनुं शहेर हतुं. त्यां भगवंत महावीरनो भाणेज जमालि नामे राजपुत्र रहेतो हतो. भगवंत महावीरनी पुत्री ते जमालिनी वहू हती. तेना नाम त्रण छेः–ज्येष्ठा, सुदर्शना अने अनवद्यांगी. कालक्रमे करी ते कुंडपुर शहेरमां पांचसो पुरुषनी साथे जमालि नामना राजपुत्रे भगवंत महावीरनी पासे दीक्षा लीधी. त्यार पछी तेनी पाछळ एक हजार स्त्रीओ साथे ते जमालिनी पत्नीए (सुदर्शनाए) पण दीक्षा लीधी. त्यार बाद जमालिनामे साधु ज्यारे अग्यार अंगोने भण्यो त्यारे तेणे भगवंतथी मोकळा थवाने भगवंतनी आज्ञा मागी पण भगवंते चूप रहीने कांइ पण प्रत्युत्तर न आप्यो. भगवंने तेने (जमालिसाधुने) छुटा थवानी आज्ञा न आपी तो पण ते पांचसे साधुओने साथे लइने भगवंत महावीरनी पासेथी बहार जवाने निकळ्यो अने गामे गाम फरतो श्रावस्ती–'सावत्थी' नामनी नगरीमां आव्यो. त्यां ते 'तैंदुक' नामना उद्यान (बगीचा) मां 'कोष्टक' नामना चैत्यमां रह्यो. त्यार बाद ते लुखा सूका आहारने लेतो होवाथी तेना शरीरमां रोगातंक उत्पन्न थयो तेथी ते बेसी रहेवाने पण असमर्थ निवड्यो, अर्थात् ते रोगथी ते बेसी शकतो पण नहीं. तेथी तेणे साथे आवेला साधुओने कह्युं के.–'मारे माटे शीघ्र संथारो (पथारी) पाथरो के जेथी हुं त्यां स्थिति करुं–शयन करुं.' त्यार बाद ते साधुओए पथारी पाथरवानी शरुआत करी दाहज्वरथी अत्यंत पीडा पामेल ते जमालिए पूछ्युं केः–'पथारी पथराइ रही के नहीं ?' ज्यारे जमालिए पूर्वप्रमाणे प्रश्न कर्यो त्यारे जो के पथारी पूरी पथराइ न हती, अडधी पथराइ हती तो पण (कोइ अपेक्षाने अवलंबी) ते साधुओए एम कह्युं केः–'पथारी पथराइ छे.' त्यार बाद पीडाथी भांभळा चित्तवाळो बनेलो ते जमालि उठीने ज्यां पथारी तैयार थती हती त्यां आव्यो अने आवीने अडधी (तैयार थएली) पथारीने जोइने क्रुद्ध थयो. पछी 'करातुं होय ते करायुं कहेवाय' इत्यादि आगम (शास्त्र) ना वचनने संभारी मिथ्यात्वमोहनीयना उदयथी ते खोटुं छे अर्थात् 'करातुं होय ते करायुं कहेवाय' इत्यादि शास्त्रना वचनो खोटा छे एम हवे पछी कहेवाशे एवी युक्तिओथी चिंतववा लाग्यो. त्यारे तेने समजाववा माटे स्थविरोए हवे पछी कहेवाशे एवी युक्तिओनो ज उपयोग कर्यो. पण ते कोइ प्रकारे समज्यो नहीं त्यारे ते स्थविर मुनिओ तेनो परित्याग करीने भगवंतनी पासे गया. बीजा (स्थविर सिवायना मुनिओ) तो ते जमालिनी पासे ज रह्या. सुदर्शना पण 'ढंक' नामना कुंभार श्रावकने घरे (ज्यां जमालि हतो) त्यां ज रही अने तेणे जमालि उपरना अनुरागथी तेनो ज मत स्वीकार्यो. ते ढंक नामना कुंभारने (भगवंत महावीरनो जे श्रावक हतो) पण तेना मतनो स्वीकार कराववा प्रवृत्त थइ. त्यारे ते ढंक श्रावके 'सुदर्शना पण मोह–असत्यमार्ग–ने पामी छे' एम जाणीने कह्युं के, 'एवुं कांइ पण अमे जाणता नथी.' बीजे कोइ वखते ज्यारे ते ढंक कुंभार निभाडामां मुकेल माटीना वासणोनो हेर फेर करतो हतो त्यारे तेणे एक अंगारो स्वाध्यायने करती ते सुदर्शनाना कपडामां मुक्यो जेथी तेनी संघाटीनो छेडो बळ्यो. त्यारे ते सुदर्शनाए कह्युं के,' हे श्रावक! मारी संघाटी कां बाळी ?' पछी ते ढंके कह्युं के, 'बळतुं होय ते बळ्युं न कहेवाय' एम तमारो सिद्धांत छे अने आ संघाटी तो हजु सुधी दग्ध नथी पण दह्यमान–बळती–छे माटे 'क्यारे अने कोणे तारी संघाटी बाळेली छे ?' इत्यादि ते ढंकनुं कहेण साभळीने ते सुदर्शना समजी गइ के जमालिनुं मंतव्य युक्ति अने शास्त्र विरुद्ध छे. पछी ते सुदर्शनाए ढंकने 'तमे ठीक प्रेरणा करी–ठीक समजावी' एम कहीने पोते मानेल खोटी वातनी माफी आपी. पछी तेणे (सुदर्शनाए) जइने जमालिने समजाव्यो, पण ज्यारे ते कोइ प्रकारे न समज्यो त्यारे तेने मूकीने ते सुदर्शना साध्वी पोतानो परिवार लइने भगवंतनी पासे गइ अने बाकी रहेल साधुओ पण भगवंतनी पासे गया. जमालि तो घणा माणसोने

१. 'से' इति तद् यदुक्तं पूज्यैः 'चलत् चलितम्' इत्यादि. 'णूणं'ति एवमर्थे, तत्र तत्राऽस्यैवंव्याख्यातत्वात्, अथवा 'से' इतिशब्दो मागधदेशीप्रसिद्धोऽथशब्दाऽर्थे वर्तते, अथशब्दस्तु वाक्योपन्यासार्थः, परिप्रश्नार्थे वा; यदाहः—"अथ प्रक्रिया-प्रश्ना-ऽऽनन्तर्य-मङ्गलो-पन्यास-प्रतिवचन-समुच्चयेषु" नूनम्—इति निश्चितम्, 'भंते'त्ति[१] गुरोरामन्त्रणम्, ततश्च हे भदन्त! कल्याणरूप! सुखरूप! इति वा, 'भदि कल्याणे सुखे च' इति वचनात्, प्राकृतशैल्या वा भवस्य संसारस्य, भयस्य वा भीतेरन्तहेतुत्वाद् भवान्तो भयान्तो वा; तस्याऽऽमन्त्रणम्—हे भवान्त! हे भयान्त! वा, भान् वा ज्ञानादिभिर्दीप्यमान! 'भा दीप्तौ' इति वचनात्; भ्राजमान! वा दीप्यमान! 'भ्राजृ दीप्तौ' इति वचनात्. अयं च आदित आरभ्य 'भंते'त्ति—पर्यन्तो ग्रन्थो भगवता सुधर्मस्वामिना पञ्चमाङ्गस्य प्रथमशतस्य प्रथमोद्देशकस्य संबन्धार्थमभिहितः, अथ अनेन सम्बन्धेनाऽऽयातस्य पञ्चमाङ्गप्रथमशतप्रथमोद्देशकस्येदमादिसूत्रम्:—'चलमाणे चलिए' इत्यादि. अथ केनाऽभिप्रायेण भगवता सुधर्मस्वामिना पञ्चमाङ्गप्रथमशतप्रथमोद्देशकस्याऽर्थोऽनुकथनं कुर्वता एवमर्थवाचकं सूत्रमुपन्यस्तम्, नान्यानि इति? अत्रोच्यते, इह चतुर्षु पुरुषार्थेषु मोक्षाख्यः पुरुषार्थो मुख्यः सर्वाऽतिशायित्वात्, तस्य च मोक्षस्य साध्यस्य, साधनानां च सम्यग्दर्शनादीनां साधनत्वेनाऽव्यभिचारिणामुभयनियमस्य शासनाच्छास्त्रं सद्भिरिष्यते, उभयनियमस्त्वेवम्:—सम्यग्दर्शनादीनि मोक्षस्यैव साध्यस्य साधनानि नान्यस्यार्थस्य, मोक्षश्च तेषामेव साधनानां साध्यो नान्येषामिति, स च मोक्षो विपक्षक्षयात्, तद्विपक्षश्च बन्धः—स च मुख्यः कर्मभिरात्मनः संबन्धः, तेषां तु कर्मणां प्रक्षयेऽयमनुक्रम उक्तः—'चलमाणे'त्ति चलत् स्थितिक्षयादुदयमागच्छद्—विपाकाऽभिमुखीभवद् यत् 'कर्म' इति प्रकरणगम्यम्, तच्चलितम्—उदितमिति व्यपदिश्यते; चलनकालो हि उदयावलिका, तस्य च कालस्याऽसंख्येयसमयत्वादादि—मध्या-ऽन्तयोगित्वम्, कर्मपुद्गलानामप्यनन्ताः स्कन्धा अनन्तप्रदेशास्ततश्च ते क्रमेण प्रतिसमयमेव चलन्ति, तत्र योऽसावाद्यः चलनसमयस्तस्मिंश्चलदेव तच्चलितमुच्यते. कथं पुनस्तद्वर्तमानं सदऽतीतं भवति? इति. अत्रोच्यते, यथा पट उत्पद्यमानकाले प्रथमतन्तुप्रवेशे उत्पद्यमान एवोत्पन्नो भवतीति, उत्पद्यमानत्वं च तस्य प्रथमतन्तुप्रवेशकालादारभ्य 'पट उत्पद्यते' इत्येवं व्यपदेशदर्शनात् प्रसिद्धमेव, उत्पन्नत्वं तूपपत्त्या प्रसाध्यते:—

१. ['से' इति] से एटले ते, के जे पूज्योए 'चालतो छे ते चाल्यो' इत्यादि कह्युं छे, (ए) ['णूणं'ति]नूनम्—ए प्रमाणे छे? अथवा ए निश्चित छे? (कारण के ते ते स्थले आनी 'नूनम्' शब्दनी 'ए प्रमाणे' अर्थमां व्याख्या करेली छे) अथवा, 'से' शब्द 'अथ' शब्दना अर्थमां मागधदेशी प्रसिद्ध छे, अने 'अथ' शब्द तो वाक्यना आरंभने माटे, अथवा प्रश्नने माटे समजवो. कह्युं छे के, "अथ शब्द प्रकरण, प्रश्न, अनन्तरपणुं, मंगल, प्रारंभ, उत्तर तथा समुच्चय बतावनार छे" ['भंते'त्ति][१] 'भन्ते' ए शब्द गुरुना आमन्त्रणनो सूचक छे, तेथी भंते—हे भदन्त! एटले हे कल्याणस्वरूप अथवा सुखस्वरूप!, अथवा 'भंते!'

भमावीने—पोताना मतमां घणा माणसोने मेळवीने—मरण पामी किल्बिषिक देवोमां उत्पन्न थयो. आ जमालिनुं चरित्र जो विस्तारपूर्वक जाणवुं होय तो भगवती नामना पांचमा अंगमां नवमशतकना तेत्रीशमा उद्देशकमां (क० आ० पृ०—७९९—८४९) जमालिनुं जे चरित्र कह्युं छे ते जाणवुं. ए प्रमाणे उपली संग्रह गाथानो भावार्थ छे, ते गाथानो अक्षरार्थ तो आ छे—ज्येष्ठा, सुदर्शना अने अनवद्यांगी, ए त्रणे नाम जमालिनी घरवाळीनां छे बीजाओ तो कहे छे के:—"भगवंत महावीरनी ज्येष्ठा एटले मोटी सुदर्शना नामे बहेन छे तेनो पुत्र जमालि छे अने अनवद्यांगी नामनी भगवंतनी पुत्री छे जे जमालिनी गृहिणी छे. 'श्रावस्ती—सावत्थी' नगरीमां तैंदुकनामना उद्यानमां जमालिनामना निह्नवनो मत उत्पन्न थयो. तेमां पांचसे साधुओ अने एक हजार साध्वीओ हती. तेमांथी केटलाक तो पोतानी मेळे जमालिना मतने खोटो समजी भगवंत महावीर पासे गया हता जेओ पोतानी मेळे जमालिना मतनी असत्यता न समजी शक्या हता तेने ढंकनामना श्रावके समजाव्या. मात्र एक जमालि कोइ प्रकारे समज्यो नहीं गा—२३०७—विशेषा० (य० ग्रं० पृ—९३५—३६). आ जमालिना सिद्धांतनुं समर्थन अने सत्यासत्यता श्रीविशेषावश्यकसूत्रमां सविस्तर जणावी छे. ते माटे जुओ—विशेषा० (गा० २३०६ थी २३३२. य० ग्रं० पृ०—९३५थी ९४५.)—अनु०

१. भदि कल्लाण—सुहत्थो धाऊ तस्स य भदंत—सद्दोऽयं. स भदंतो कल्लाणो सुहो य + + ३४३९. व्याख्या—'भदि कल्याणे सुखे च' इति भदि, धातुः कल्याणार्थः, सुखार्थश्च. तस्य भदि—धातोर्भदन्त इत्यौणादिकप्रत्यये भदन्तशब्दोऽयं निष्पद्यते, ततः स्थितमिदं स भदन्त—कल्याणः, सुखश्च. ३४३९. अथवा 'भन्ते' इति नेदं 'भदन्त' इत्यामन्त्रणम्, किन्तु 'भजन्त' इति. कया व्युत्पत्त्या? इत्याह—अहवा भय सेवाए' तस्स भयन्तो त्ति सेवए जम्हा, सिवगइणो सिवमग्गं सेव्वो य जओ तदत्थीण ३४४६. अथवा 'भज श्रिञ सेवायाम्' इति भजधातु, तस्य भजते सेवते इति भजन्तः तस्य संबोधनं हे भजन्त गुरो!. स चेह कस्मात्? उच्यते—यस्मात् सेवते, कान्? शिवगतीन् सिद्धिगतिप्राप्तान्, अथवा दर्शन—ज्ञान—चारित्रलक्षणं शिवमार्गं मोक्षमार्गम्, अथवा सेव्यश्च यस्मादसौ तदर्थिनां मोक्षमार्गार्थिनाम्, तस्माद् भज्यते सेव्यते इति भजन्त इत्युच्यते, ३४४६. अथवा भान्तो भ्राजन्तो वा गुरुरुच्यते, कथम्? इत्याहः—अहवा भा भाजो वा दित्तीए होइ तस्स भंतो त्ति, भाजंतो वायरिओ सो नाणतवोगुणजुईए. ३४४७. अथवा भाधातुर्भ्राजधातुर्वा 'दित्तीए'त्ति दीप्तौ पठ्यते, तस्य भान्तो भ्राजन्त इति वा भवति. स चैवंभूतः कः? इत्याह—आचार्यः, स च कथं भाति, भ्राजते वा? इत्याहः—ज्ञान—तपोगुणदीप्त्येति. ३४४७. अथवा भ्रान्तो भगवान् वाऽसाविति दर्शयन्नाह:—अहवा भंतोऽवेओ जं मिच्छत्ताइबंधहेउओ, अहवेसरियाइभगो विज्जइ से तेण भगवंतो. ३४४८. अथवा 'भ्रम अनवस्थाने' इत्यस्य धातोर्भ्रान्त इत्युच्यते, यस्मादपेतोऽसौ मिथ्यात्वादिबन्धहेतुभ्य इति. अथवा ऐश्वर्यादिकः षड्विधो भगो विद्यते 'से' तस्य, तेन भगवान् गुरुरिति. ३४४८. अथवा भवान्तो भयान्तो वाऽयमित्याऽऽदर्शयन्नाह:—नेरयाइभवस्स य अंतो जं तेण सो भवान्तो त्ति. अहवा भयस्स अंतो होइ भयंतो भयं तासो. ३४४९. अथवा यस्माद् नारकादिभवस्यान्तहेतुत्वादन्तोऽसौ तेन भवान्त इति, अथवा भयस्यान्तो भयान्तो भवति, भयं च त्रास उच्यते. ३४४९.—विशेषावश्यकः—अनु०

१. 'विशेषावश्यक' सूत्रमां 'भन्ते' शब्दनी व्याख्या आ प्रमाणे छेः—'भदन्त,' 'भजन्त,' 'भान्त,' 'भ्राजन्त,' 'भ्रान्त,' 'भगवत्,' 'भयान्त' अने 'भवान्त' शब्द परथी 'भन्ते' शब्द बने छे. तेनी व्याख्या नीचे प्रमाणे छेः—कल्याण अने सुख अर्थवाळा 'भदि' धातु परथी 'भदन्त' शब्द बने छे. तेनो अर्थ कल्याणरूप अने सुखरूप थाय छे. अथवा सेवा अर्थवाळा 'भज' धातु परथी 'भजन्त' शब्द बने छे. 'भजन्त' एटले सिद्धिगतिने प्राप्त जीवोने जे सेवे ते, अथवा ज्ञान, दर्शन अने चारित्ररूप मोक्षमार्गने जे सेवे ते, अथवा मोक्षार्थी पुरुषोवडे जे सेवाय ते. अथवा दीप्ति अर्थवाळा 'भा' धातु परथी 'भान्त' शब्द बने छे. 'भान्त' एटले ज्ञान तथा तपादि गुणोनी दीप्तिथी जे युक्त होय ते. अथवा दीप्ति अर्थवाळा 'भ्राज' धातु परथी 'भ्राजन्त'

प्राकृतशैली होवाथी, भव एटले संसारना नाशकारी होवाथी भवान्त, वा भीतिना नाशकारक होवाथी भयान्त, तेना संबोधनमां हे भवान्त! अथवा हे भयान्त!. अथवा भाॅन्=ज्ञानादिवडे दीप्यमान, वा भ्राजमान=दीप्यमान हे गुरो! अर्थात् हे गुरो! आपे कहेलुं 'चालतुं ते चाल्युं' इत्यादि ए प्रमाणे छे?. आदिथी आरंभीने 'भंते!' सुधीनो आ ग्रन्थ, भगवान् सुधर्मास्वामिए पांचमा अंगना प्रथम शतकना प्रथम उद्देशकना संबंधमाटे कह्यो. हवे आ संबंधे आवेला पांचमा अंगना, प्रथम शतकना, पहेला उद्देशकनुं आ ['चलमाणे चलिए' इत्यादि] प्रथम सूत्र छे. शंकाः—पांचमां अंगना प्रथम शतकना पहेला उद्देशकना अर्थानुकथनने करता भगवान् सुधर्मास्वामिए बीजा अर्थवाळां सूत्रो न मूकतां शरुआतमां ज 'चालतुं ते चाल्युं' ए अर्थने कथन करतुं सूत्र केम राख्युं?. समाधानः—चार पुरुषार्थमां मोक्षनामनो पुरुषार्थ सर्वातिशायी होवाथी मुख्य छे, अने साध्य एवा मोक्षना सम्यग्दर्शनादि अव्यभिचारी साधनो छे. आ प्रमाणे उभयना निश्चयनुं शिक्षण आपनार शास्त्रने सज्जनो इच्छे छे. उभय नियम आ प्रमाणे छे:—साध्यस्वरूप मोक्षनां ज सम्यग्दर्शनादि साधनो छे परतु अन्यना नथी, तथा मोक्ष पण सम्यग्दर्शनादि साधनो वडे ज साध्य छे, किंतु अन्यवडे नथी. उक्त रीति वडे उभय (बन्ने) ना निश्चयने करावनार शास्त्रने सज्जन पुरुषो इच्छे छे. ते मोक्ष विपक्ष (मोक्षविरुद्ध पक्ष) ना क्षयथी थाय छे, ते विपक्ष बंध छे कर्मोनो आत्मानी साथे संबंध ते ज मुख्य बंध कहेवाय छे. ते कर्मोना प्रक्षय निमित्ते (मोक्षप्राप्ति अर्थे) आ ['चलमाणे' इत्यादि] अनुक्रम कह्यो छे, अर्थात् आ प्रारंभ सूत्र कर्मक्षयनु सूचक छे, माटे प्रथम कह्यु छे. ['चलमाणे'त्ति] तेमां (वक्ष्यमाण प्रश्नमां) चलत्=स्थितिना क्षयथी उदयमां आवतुं, विपाक फलदान रूपपरिणाममाटे अभिमुख थतुं, जे कर्म ('कर्म' ए अर्थ प्रकरणगम्य छे) ते कर्म 'चलितम्' एटले 'उदयमां आव्युं' ए प्रमाणे व्यपदेशाय छे. कर्मोनो जे चलनकाळ ते ज उदयावलिका छे. अने ते चलनकाळ असंख्य समयवाळो होवाथी आदि, मध्य अने अंतथी

'चलमाण चलित' ए सूत्र प्रथम केम?

ए सूत्र कर्मक्षयना अनुक्रमनुं सूचक छे.

समय.

शब्द बने छे 'भ्राजन्त' एटले ज्ञान तथा तपादि गुणोनी दीप्तिथी जे युक्त होय ते. अथवा भ्रमण अर्थवाळा 'भ्रम' धातु परथी 'भ्रान्त' शब्द बने छे. भ्रान्त' एटले मिथ्यात्वादि बंधनोथी जे रहित होय ते. अथवा 'भग' शब्दने 'मतु' प्रत्यय लागवाथी 'भगवत्' बने छे. 'भगवत्' एटले ऐश्वर्यादि छ प्रकारनी ऋद्धिवडे जे युक्त होय ते अथवा 'भवान्त' शब्द परथी 'भन्ते' शब्द बने छे भवात-भव-नारकादिभव, तेनो अन्त=नाश, तेने करनार अथवा 'भयान्त' शब्द परथी 'भन्ते' शब्द बने छे भयांत-भय-समारजन्य त्रास, तेनो अन्त=नाश, तेने करनार—विशेषावश्यक, गाथा ३४३९, ३४४६, ३४४७, ३४४८, ३४४९—अनु०

२. कल्याण अथवा सुख थवुं, ए अर्थवाळा 'भदि' धातु परथी 'भदन्त' शब्द बने छे—श्रीअभयदेव ३. 'भा दीपवुं' ए धातुनुं 'शतृ' प्रत्ययमां रूप समजवुं—श्रीअभयदेव ४. 'भ्राजृ दीपवु' ए धातुनुं 'आनश' प्रत्ययमा रूप समजवुं—श्रीअभयदेव

५ कोइ पण पदार्थनी स्थिति (उमर) सूचववी होय त्यारे तेना साधन तरीके मात्र काल ज उपयोगमा आवे छे अने ते माटे. व्यवहारदक्ष पुरुषोए ते स्थितिना सूचक कालना घणा विभाग कर्या छे. जैनदर्शनमा वपराता कालनुं माप समयथी शरु थाय छे अर्थात् जेम परमाणु—परम अणु—नानामा नानो गणाय तेम कालनो नानामा नानो भाग, जेनाथी बीजो भाग नानो न थइ शके एवो भाग ते जैनपरिभाषामा 'समय' शब्दथी प्रसिद्ध छे जैनशास्त्रमां कालनु कोष्टक आ प्रमाणे छे—'समय' ए तद्दन सूक्ष्मकाल छे. असंख्य समयोनी एक 'आवलिका' थाय छे संख्येय आवलिकानो एक 'आन—उच्छ्वास' थाय छे संख्येय उच्छ्वासोनो एक 'निःश्वास' थाय छे. आन अने निःश्वास ए बन्नेनो भेगो मळेलो काळ एक 'प्राण' थाय छे. सात प्राणनो एक 'स्तोक' थाय छे सात स्तोकनो एक 'लव' थाय छे. सत्योतेर लवनो एक 'मुहूर्त' थाय छे त्रीश मुहूर्तनो एक 'अहोरात्र' थाय छे. पंदर अहोरात्रनो एक 'पक्ष' थाय छे. बे पक्षनो एक 'मास—महिनो' थाय छे. बे मासनो एक 'ऋतु' थाय छे त्रण ऋतुओनुं एक 'अयन' थाय छे. बे अयननु एक 'संवत्सर' थाय छे. पांच संवत्सरनुं एक 'युग' थाय छे. वीश युगनुं 'शतवर्ष' थाय छे दश शतवर्षनुं 'वर्षसहस्र' थाय छे सो वर्षसहस्रनु 'वर्षलक्ष' थाय छे चोराशी वर्षलक्षनुं एक 'पूर्वांग' थाय छे चोराशी लाख पूर्वांगनु एक 'पूर्व' थाय छे अने एक पूर्वमा ७,०,५,६०००००००००० आटला वर्ष थाय छे अर्थात् सात शंकु, शून्य महापद्म, पांच निखर्व अने छ खर्व जेटला ते वर्ष छे चोराशी लाख पूर्वनु एक 'त्रुटितांग' छे चोराशी लाख त्रुटितांगनुं एक 'त्रुटित' थाय छे चोराशी लाख त्रुटितनुं एक 'अटटांग' थाय छे. चोराशी लाख अटटांगनु एक 'अटट' थाय छे चोराशी लाख अटटनुं एक 'अववांग' थाय छे चोराशी लाख अववांगनुं एक 'अवव' थाय छे. चोराशी लाख अववनुं एक 'हूहूकांग' थाय छे चोराशी लाख हूहूकांगनु एक 'हूहूक' थाय छे. चोराशी लाख हूहूकनु एक 'उत्पलांग' थाय छे. चोराशी लाख उत्पलांगनुं एक 'उत्पल' थाय छे चोराशी लाख उत्पलनु एक 'पद्मांग' थाय छे चोराशी लाख पद्मांगनु एक 'पद्म' थाय छे. चोराशी लाख पद्मनुं एक 'नलिनांग' थाय छे चोराशी लाख नलिनांगनुं एक 'नलिन' थाय छे चोराशी लाख नलिननुं एक 'अर्थनिपूरांग' थाय छे. चोराशी लाख अर्थनिपूरांगनुं एक 'अर्थनिपूर' थाय छे चोराशी लाख अर्थनिपूरनुं एक 'अयुतांग' थाय छे. चोराशी लाख अयुतांगनुं एक 'अयुत' थाय छे. चोराशी लाख अयुतनुं एक 'नयुतांग' थाय छे चोराशी लाख नयुतांगनुं एक 'नयुत' थाय छे चोराशी लाख नयुतनुं एक 'प्रयुतांग' थाय छे. चोराशी लाख प्रयुतांगनुं एक 'प्रयुत' थाय छे चोराशी लाख प्रयुतनुं एक 'चूलिकांग' थाय छे चोराशी लाख चूलिकांगनी एक 'चूलिका' थाय छे. चोराशी लाख चूलिकानुं एक 'शीर्षप्रहेलिकांग' थाय छे अने चोराशी लाख शीर्षप्रहेलिकांगनी एक 'शीर्षप्रहेलिका' थाय छे एक शीर्षप्रहेलिकामां '७५८२६३२५३०७३०१०२४११५७९७३५६९९७५६९६४०६२१८९६६८४८०८०१८३२९६००१०००' आटला आकडा थाय छे आ 'शीर्षप्रहेलिका' सुधीनो काल गणितथी जाणी शकाय छे अने संख्येय छे तथा ते पछीनो पण संख्येय काल छे परंतु ते गणितथी जाणी शकातो नथी माटे ते उपमावडे ज्ञेय छे. जेम के, पल्योपम, सागरोपम अने पुद्गलपरावर्तादि रूप काळ छे ते मात्र उपमाथी ज जाणी शकाय छे. तेनुं विवेचन ते ते शब्दो उपर टिप्पणतरीके आगळ सूचवाशे. 'समय' जे सूक्ष्मतम काळ छे तेनुं स्वरूप श्रीअनुयोगद्वारसूत्रमां आ प्रमाणे छे—

"से किं तं समये?, समयस्स णं परूवणं करिस्सामि, से जहा नामए तुन्नागदारए सिया तरुणे, बलवं, जुगवं, जुवाणे, अप्पायंके, थिरग्गहत्थे, दढपाणिपायपासपिट्ठंतरोरुपरिणए, तलजमलजुगलपरिघनिभबाहू, चम्मेट्ठ-दुहणमुट्ठिअसमाहयनिचियगायकाए, लंघण—पवण—जवण—वायामसम-त्थे, उरस्सबलसमण्णागए, छेए, दक्खे, पट्ठे, कुसले, मेहावी, निउणे, निउणसिप्पोवगए एगं महइं पडसाडिअं वा, पट्टसाडिअं वा गहाय सयराहं

हवे 'समय' ए शुं छे? ते प्रश्नना उपशमन माटे समयना स्वरूपनी विवेचना करीश. जेम कोइ एक दरजीनो छोकरो, जे तरुण, बलवान्, युगवान्, युवान्, अल्पातंक—रोगरहित, स्थिर हस्तग्रवाळो, जेना हाथ, पग, पडखा, वांसो, आंतरडा अने उरु दृढपणे परिणत छे. ताडना युग्मनी पेठे, भुंगळानी पेठे अने भोगळनी पेठे जेना बाहु मजबूत छे. जेनां गात्रो अने काय चर्मेष्टक, दुघण अने मुष्टिकथी समाहत अने

युक्त छे. कर्मपुद्गलोना पण अनंत स्कंधो, अनन्त प्रदेशो छे, तेथी तेओ अनुक्रमे प्रतिसमये (समये समये) ज उदयमां आव्या करे छे, (चाल्या करे छे). तेने विषे जे प्रारंभनो चलन समय छे, ते समयने विषे चालतां कर्मने 'चाल्युं' ए प्रमाणे कहेवाय छे. शंकाः—आ प्रमाणे 'चालतुं' ए वर्तमान होवा छतां, तेने माटे 'चाल्युं' एवो भूतकाळ विषयक व्यवहार केम थाय ? समाधानः—पटनी उत्पत्तिना समयमां प्रथम तन्तुना प्रवेश समये उत्पद्यमान (पेदा थतो) ज पट उत्पन्न थाय छे एम व्यपदेशाय छे. हवे, युक्तिपुरस्सर उत्पद्यमान पटनी उत्पन्नता सिद्ध करवा जणावे छे के:—प्रथम तन्तुनो प्रवेश काळ शरु थयो तेटलामां अर्थात् कपडाने वणवानी क्रिया करतां ज्यारे मात्र एक ज त्राग वणाणो होय त्यारे पण 'पट (कपडुं) पेदा थाय छे' ए प्रमाणे व्यवहारमां देखवाथी पटनुं उत्पद्यमानपणुं प्रसिद्ध ज छे. हवे तेनुं ज उत्पन्नपणुं युक्तिपुरस्सर सिद्ध करीए छीएः

कर्मपुद्गल.

वर्तमान भूत केम ?

पट.

२. तथाहिः—उत्पत्तिक्रियाकाल एव प्रथमतन्तुप्रवेशेऽसावुत्पन्नः, यदि पुनर्नोत्पन्नोऽभविष्यत् तदा तस्याः क्रियायाः वैयर्थ्यमभविष्यद् निष्फलत्वाद्, उत्पाद्योत्पादनार्था हि क्रिया भवन्ति, यथा च प्रथमे क्रियाक्षणे नासावुत्पन्नस्तथा उत्तरेष्वपि क्षणेष्वनुत्पन्न एवासौ प्राप्नोति, को हि उत्तरक्षणक्रियाणामात्मनि रूपविशेषः ? येन, प्रथमया नोत्पन्नस्तदुत्तराभिस्तूत्पाद्यते, अतः सर्वदैवानुत्पत्तिप्रसङ्गः, दृष्टा चोत्पत्तिरन्त्यतन्तुप्रवेशे पटस्य दर्शनाद्, अतः प्रथमतन्तुप्रवेशकाले एव किंचिदुत्पन्नपटस्य यावन्नोत्पन्नं न तदुत्तरक्रियया उत्पाद्यते, यदि पुनरुत्पाद्येत तदा तदेकदेशोत्पादन एव क्रियाणाम्, कालानां च क्षयः स्यात्. यदि हि तदंशोत्पादननिरपेक्षा अन्या क्रिया भवति तदोत्तरांशानुक्रमणं युज्येत, नान्यथा; तदेवं यथा, पट उत्पद्यमान एव उत्पन्नस्तथैवाऽसंख्यातसमयपरिमाणत्वाद् उदयावलिकाया आदिसमयात् प्रभृति चलदेव कर्म चलितम्, कथम् ? यतो यदि हि तत् कर्म चलनाभिमुखीभूतमुदयावलिकाया आदिसमय एव न चलितं स्यात्, तदा तस्याद्यस्य चलनसमयस्य वैयर्थ्यं स्यात्, तत्राचलितत्वात्, यथा च तस्मिन् समये न चलितं तथा द्वितीयादिसमयेष्वपि न चलेत्, को हि तेषामात्मनि रूपविशेषः ? येन, प्रथमसमये न चलितमुत्तरेषु चलतीति, अतः सर्वदैवाऽचलनप्रसङ्गः, अस्ति चान्त्यसमये चलनम्—स्थितेः परिमितत्वेन कर्माऽभावाभ्युपगमात्; अत आवलिकाकालादिसमय एव किंचिच्चलितम्, यच्च तस्मिंश्चलितं तन्नोत्तरेषु समयेषु न चलति, यदि तु तेष्वपि तदेवाद्यं चलनं

हत्थमित्तं ओसारिज्जा, तत्थ चोयए पण्णवगं एवं वयासीः—जे णं काले णं तेणं तुन्नागदारएणं तीसे पडसाडिआए वा, पट्टसाडिआए वा सयराहं हत्थमित्ते ओसारिए से समए भवइ ?, नो इणट्ठे समट्ठे. कम्हा ?, जम्हा संखिज्जाणं तंतूणं समुदयसमिइसमागमेणं पडसाडिआ निप्फज्जइ, उवरिल्लयम्मि तंतुम्मि अच्छिन्ने हिट्ठिल्ले तंतू न छिज्जइ, अन्नम्मि काले उवरिल्ले तंतू छिज्जइ, अन्नम्मि काले हिट्ठिल्ले तंतू छिज्जइ, तम्हा से समए न भवइ, एवं वयंतं पन्नवगं चोयए एवं वयासीः—जे णं काले णं तुन्नागदारएणं तीसे पडसाडिआए वा, पट्टसाडिआए वा उवरिल्ले तंतू छिन्ने से समए न भवइ ?, कम्हा ?, जम्हा संखिज्जाणं पम्हाणं समुदयसमिइसमागमेणं एगे तंतू निप्फज्जइ, उवरिल्ले पम्हम्मि अच्छिन्ने हिट्ठिल्ले पम्हे न छिज्जइ, अन्नम्मि काले उवरिल्ले पम्हे छिज्जइ, अन्नम्मि काले हिट्ठिल्ले पम्हे छिज्जइ, तम्हा से समए न भवइ एवं वयंतं पन्नवगं चोयए एवं वयासीः—जे णं काले णं तेणं तुन्नागदारएणं तस्स तंतुस्स उवरिल्ले पम्हे छिन्ने से समए न भवइ ? कम्हा ?, जम्हा अणंताणं संघायाणं समुदयसमिइसमागमेणं एगे पम्हे निप्फज्जइ, उवरिल्ले संघाए अविसंघाइए हिट्ठिल्ले संघाए न विसंघाइज्जइ, अन्नम्मि काले उवरिल्ले संघाए विसंघाइज्जइ, अन्नम्मि काले हिट्ठिल्ले संघाए विसंघाइज्जइ, तम्हा से समए न भवइ, इत्तो वि णं सुहुमतराए समए पण्णत्ते. समणाउसो ! असंखिज्जाणं समयाणं समुदयसमिइसमागमेणं सा एगा 'आवलिअ'त्ति पवुच्चइ. अनुयोगद्वारसूत्र (क० आ० पृ–४२३):—अनु०

निश्चित छे. जे उलंघवामां, कूदवामां, वेगथी जवामां अने कसरत करवामां समर्थ छे. जे बलुकी छातीवाळो छे. जे छेक, दक्ष, प्रष्ठ, कुशल, मेधावी, निपुण अने निपुणशिल्पप्राप्त छे: (दरजीनो एवो कोइ एक छोकरो) पटशाटिका—कपडानी साडी के पट्टशाटिका जीणा कपडानी साडीने जेटला काळे शीघ्र एक हाथ सुधी फाडे ते काल समय कहेवाय ?, तेना उत्तरमां कहे छे के, ए वात ठीक नथी अर्थात् तेटलो काळ एक समय न कहेवाय. तेटलो काळ एक समय न कहेवाय तेनो हेतु शुं ?. तो कहे छे के, भाइ ! संख्याता तांतणा भेगा थाय त्यारे एक पटशाटिका उत्पन्न थाय छे अने ज्यां सुधी उपरनो तांतणो छेदानो (फडानो) नथी त्यां सुधी एनी पछीनो—नीचेनो—तांतणो पण छेदानो नथी, अर्थात् उपरना तांतणानो फाटवानो समय जुदो छे अने नीचेना तांतणानो फाटवानो समय जुदो छे माटे, एक हाथ सुधी फाडवाना कालने समय न कहेवाय. ए प्रमाणे जणावनार पुरुष प्रति प्रेरक पुरुषे कह्युं के, जो एक हाथ सुधी फाडवाना कालने समय न कहेवाय तो भले, पण दरजीना छोकराद्वारा ते पटशाटिकाना सौथी उपरना ज एक तांतणाने कापवामां जेटलो काल लागे छे ते शुं समय न कहेवाय ?, तेना उत्तरमां कहे छे के, ए पण समय न कहेवाय. तेमां हेतु शुं ?, तो कहे छे के, भाइ ! ज्यारे संख्याता पक्ष्म—पुंभडां—भेगां थाय छे त्यारे सूतरनो एक तांतणो बने छे अने ते बधां पुंभडाओमां पण ज्यां सुधी छेक उपरनुं पुंभडुं कपातुं नथी त्यां सुधी तेनी नीचेनुं—एनी पछीनुं—पुंभडुं पण कपातुं नथी, अर्थात् जे काले उपरनुं पुंभडुं कपाय छे ते काले नीचेनुं पुंभडुं कपातुं नथी—ते दरेक पुंभडानो कपावानो काळ जुदो छे माटे एक तांतणो कापतां जेटलो वखत जाय छे तेटलो वखत पण समय न कहेवाय. ए प्रमाणे जणावनार पुरुष प्रति प्रेरक पुरुषे कह्युं के, जो एक तांतणाना कापवाना कालने समय न कहेवाय तो भले, पण दरजीना छोकराद्वारा उपरना तांतणाना संख्याता पुंभडाओमांनुं एक ज पुंभडुं जेटला वखतमां कपाय तेटलो काळ शुं समय न कहेवाय ?. तेना उत्तरमां कहे छे के, तेटलो काळ पण समय न कहेवाय. तेमां हेतु शुं ?, तो कहे छे के, भाइ ! ज्यारे परमाणुओना अनंत संघातो मळे त्यारे एक पुंभडुं बने छे अने ज्यांसुधी उपरनो संघात न कपाय त्यांसुधी नीचेनो—एनी पछीनो—संघात पण न कपाय, अर्थात् ते दरेक संघातोने कपावानो काळ भिन्न भिन्न छे माटे एक पुंभडाने कपावानो काल पण समय न कहेवाय. परंतु ए करतां पण जे सूक्ष्मतर काळ छे ते काल ज्ञानिपुरुषोए समय तरीके उपदेश्यो छे. वळी हे आयुष्मन् श्रमण ! एवा असंख्याता समयो मळे त्यारे एक 'आवलिका' थाय छे. (इत्यादि समग्रकाळनुं माप आगळ कह्या प्रमाणे जाणवुं.) अनुयोगद्वार (क० आ० पृ–४२३):—अनु०

१. आ (कर्मपुद्गल) शब्दनो अर्थ आ प्रमाणे छेः—कर्म=पुण्य के पाप, पुद्गल=रूपादिगुणवाळो जड पदार्थ. जैनदर्शन पाप अने पुण्यने एक जड वस्तु तरीके परमाणुरूप स्वीकारे छे. जीवने उपयोगमां आवता आकाशमां (लोकाकाशमां) सर्वत्र तेना (पाप अने पुण्यना) अणुओना थरने थर भरेला छे. पाप अने पुण्यना अणुओ जैनदर्शनमां (पाप अने पुण्यनी) वर्गणा तरीके प्रसिद्ध छे. जैनशास्त्रमां 'पुद्गल' शब्द रूपादिगुणयुक्त जड पदार्थने कहे छे माटे कर्मपुद्गल शब्द पाप अने पुण्यना अणुओना अर्थने जणावे छे. कर्मने अणुरूप अने मूर्त मानवानां कारणोना जिज्ञासुए जैनकर्मशास्त्रने मननपूर्वक अवलोकवुं.—अनु०

भवेत्, तदा तस्मिन्नेव चलने सर्वेषामुदयावलिकाचलनसमयानां क्षयः स्यात्; यदि हि तत्समयचलननिरपेक्षाणि अन्यसमयचलनानि भवन्ति, तदा उत्तरचलनानुक्रमणं युज्येत, नान्यथा; तदेवं चलदपि तत् कर्म चलितं भवतीति.

वर्तमानने भूतना. व्यवहारनी सिद्धि.

२. तथाहि; प्रथम तन्तुनो प्रवेश थये छते उत्पत्तिक्रियाकालमां ज पट उत्पन्न थयो छे एम स्वीकारवुं जोइए. जो प्रथम तन्तुना प्रवेश समये पण पट उत्पन्न थतो नथी एम मानवामां आवे तो, प्रथम समयनी पटोत्पादिका क्रिया निष्फळ जाय छे. कारण के उत्पन्न थता पदार्थोने उत्पन्न करवाने माटे ज क्रियाओ होय छे अने क्रिया विद्यमान होवा छतां कार्य न थाय तो ते क्रिया नकामी गणाय छे. तथा (पूर्वपक्षना मतानुसारे) जेम पट प्रथम क्रियासमये उत्पन्न थतो नथी तेम, उत्तर समयोने विषे पण उत्पन्न न ज थवो जोइए. कारण के उत्तर समयनी क्रियाओमां शुं विशेषता छे के, जेथी प्रथम समयनी क्रियाथी पट उत्पन्न न थाय, अने उत्तर समयनी क्रियाओथी उत्पन्न थाय[१]. एथी ज (एटले के प्रथम समये प्रथम तन्तुनो प्रवेश थये छते पण पटनुं उत्पन्न पणुं नहीं मानीए तो) हम्मेशने माटे (कोइ पण काले) पटनी उत्पत्तिनो संभव नथी, अर्थात् तेनी अनुत्पत्तिनो प्रसंग आवशे. अने अन्त्य तन्तुना प्रवेशे संपूर्ण पटने देखवाथी उत्पत्ति तो देखीए छीए. तेथी मानवुं जोइए के, प्रथम तन्तुना प्रवेश समये ज पटनो कांइक अंश उत्पन्न थाय छे. प्रथम तंतुना प्रवेश समये ज जेटलो पटांश उत्पन्न थयो, तेने (उत्पन्न थयेला अंशने) उत्तर क्रिया उत्पन्न करती होय, तो, ते एक ज पटांशने उपजाववामां पट उत्पन्न करनार समग्र क्रियाओनो अने सकल कालनो क्षय थाय. वळी जो उत्पन्न थएला पटना प्रथमांशना उत्पादननी अपेक्षारहित पाश्चात्य क्रियाओ होय तो ज पटना पाछला अंशोनो अनुक्रम थाय, अन्यथा अनुक्रम थाय नहीं, अर्थात् प्रारंभना एक ज अंशनी उत्पत्तिमां उपर कह्या प्रमाणे संपूर्ण क्रियानो अने कालनो क्षय थवाथी, पाछळना अंशोनी उत्पत्ति थाय नहीं. आ प्रमाणे जेम उत्पन्न थतो पट उत्पन्न थयो कहेवाय छे तेम कर्मोनी असंख्यात समयना परिमाणवाळी उदयावलिका होवाथी, आदि समयथी प्रारंभी 'चालतुं' जे कर्म ते 'चाल्युं' ए प्रमाणे कहेवाय छे. कारण के चालवाने अभिमुख थएलुं कर्म उदयावलिकाना आदि समयमां ज चाल्युं न होय तो, ते कर्मनो आदिचलनसमय, कर्मचलनरहित होवाथी व्यर्थ थाय छे. अने जेम ते कर्म प्रथम समयमां चाल्युं नथी तेम, बीजे समये, त्रीजे समये, वगेरे असंख्यात समयोमां पण ते कर्म चालवु न जोइए, कारण के चलनरहित पहेला समय करतां द्वितीयादिसमयोमां शुं विशेषता छे के, पहेला समयमां ते कर्म न चाल्युं अने उत्तर समयोमां चाल्युं?. (अर्थात् प्रथम समय करतां उत्तर समयोमां कांइ पण विशेषता न होवाथी, जेम उत्तर समयोमां चलन क्रिया मनाय छे, तेम प्रथम समयमां पण जरूर चलन क्रिया मानवी जोइए.) आथी, सर्व समयो समान होवा छतां पण प्रथम समयमा कर्मनुं चलन न मानवुं, अने द्वितीयादि समयोमां चलननुं मानवुं, ए वात युक्तिरहित होवाथी अने समयोनी समानता होवाथी, जेम प्रथम समयमां चलन नथी थतुं. तेम द्वितीयादि समयोमां पण चलन थवुं असंभवित छे. अने तेथी सर्वदा (सर्व समये) कर्मना अचलननो प्रसंग आवशे, अर्थात् कदि पण कर्म चालशे ज नहीं (उदयमां आवशे ज नहीं). वळी कर्मोनी स्थिति परिमित होवाथी, कर्माऽभावना अभ्युपगमने लइने अन्त्य समये कर्मोनु चलन थतु अनुभवाय छे माटे, प्रथमना ज चलन समयमां तेम ज, प्रथमोत्तर सर्व चलन समयोमां कर्मना अंशो कांइ चलित (चालेला) छे एम मानवुं ज जोइए. अने जे जे कर्म उदयावलिकाना आदि समयमां चाल्युं छे, ते ते उत्तर समयमां चालतुं नथी. कारण के जो उत्तर समयमां पण ते प्रथम समयमा थएलुं चलन थाय तो ते आदिचलनमां ज उदयावलिकाना सकल चलन समयनो क्षय थाय, अर्थात् आदि चलनमां सर्वकाळ चाल्यो जाय अने कदी पण कर्मनो अंत आवी ज न शके. वळी आ समये अमुक कर्मांश चलित थयो, आ समये अमुक कर्मांश चलित थयो, ए प्रमाणे उत्तर चलनना कर्मनो चलनक्रम त्यारे ज थइ शके ज्यारे प्रथम समयना कर्मांशना चलननी अपेक्षा वगरनां (स्वतन्त्र) अन्य समयना चलनो होय. अन्यथा एटले प्रथम समयना चलनमाटे ज जो सर्व उत्तर समयोने लगाडीए तो ते पूर्वोक्त क्रम पण बनी शकतो नथी. तात्पर्य ए ज के कोइ पण काले कर्मनुं अन्त्य चलन थतुं होवाथी ते अन्त्य चलननी पहेलांना सर्व समयोमां चालता कर्मने चलित मानवु ज जोइए. तो ए प्रमाणे पूर्वोक्त तर्कोथी चालतुं कर्म पण चाल्युं कही शकाय छे एम स्पष्ट चूक्युं छे.

---

१. कदाच आपणे एम स्वीकारीए के, प्रथम क्रियासमये पट उत्पन्न थतो नथी पण, प्रथम पछीना समयोमां उत्पन्न थाय छे, तो ते मंतव्य पण साचुं नथी, कारण के जेम प्रथम क्रियासमयमा पट उत्पन्न थतो नथी तेम प्रथम पछीना सर्व क्रियासमयोमां पण ते उत्पन्न थइ शकशे नहीं, कारण के प्रथम क्रियासमयमा अने उत्तर क्रियासमयमा काइ पण विशेषता नथी:–अनु०

२. वळी उत्पन्न थवाने शरु थएल पटने आपणे कोइ पण काले–अन्त्यतन्तु प्रवेश थये छते समाप्ति काले–उत्पन्न थएलो जोइए छीए माटे, आपणे एम स्वीकारवुं जोइए के, पट, प्रथम समयथी माडीने दरेक समये उत्पन्न थया ज करे छे, अर्थात् उत्पद्यमान पट पण अंशे अंशे उत्पन्न थया ज करे छे, तथा पटनो जेटलो जे अंश प्रथम तन्तुप्रवेश समये प्रथम क्रियाकाले उत्पन्न थयो छे, ते अंशथी भिन्न भिन्न पटना अंशो द्वितीय क्रियाकाले तैयार थाय छे, अर्थात् प्रथम समये उत्पन्न पटना अंशने द्वितीय समयनी क्रियाओ फरीथी उत्पन्न करती नथी. कदाच कोइ एम स्वीकारे के, प्रथम समये उत्पन्न थएल पटना अंशनी फरी उत्पत्ति करवा उत्तर समय-द्वितीयसमयादि–नी क्रियाओ लागे छे तो, ते मंतव्य पण सत्येतर (जूठुं) छे. जो एम मानवामां आवे तो पण कोइ काले पटनी उत्पत्ति थइ शके ज नहीं. कारण के उत्तर समयनी सर्व क्रियाओ प्रथम समये उत्पन्न थएल पटना अंशने उत्पन्न कर्या ज करशे, जेथी कदापि तेनो (पटनो) अंत आवशे नहीं अने ते प्रथम समये उत्पन्न थयेल पटना अंशनी उत्पत्ति करवामां ज उत्तरनी सर्व क्रियाओनो अने समयनो क्षय थशे, वळी पटनो प्रथम अंश उत्पन्न थयो, द्वितीय अंश उत्पन्न थयो, इत्यादि क्रम त्यारे ज संभवे के ज्यारे प्रथम समयना पटांशना उत्पादननी अपेक्षावगरनी–स्वतन्त्र–बीजि उत्तर समयनी क्रियाओ होय. अन्यथा एटले एक ज प्रथम समये उत्पन्न थएल पटांशने ज उत्पन्न करवामा ज जो सर्व क्रियाओने लगाडीए तो, ते पूर्वोक्त क्रम पण बनी शके नहीं. तात्पर्य ए ज छे के, ज्यारे अन्त्यसमये आपणे पटने उत्पन्न थएलो जोइए छीए त्यारे, ते पटने अन्त्यसमयनी पहेलां आदिना दरेक समयमां अंशे अंशे उत्पन्न थतो मानवो ज जोइए, अर्थात् उत्पद्यमान पट उत्पन्न थाय छे ए मन्तव्य निर्विवाद छे. हवे जेम उत्पद्यमान पट उत्पन्न थतो सिद्ध कर्यो तेम ज, 'चालतुं कर्म चाल्युं' ए व्यवहारनी पण निर्दोषता सिद्ध करवी:–अनु०

३. कर्मोनी स्थिति मर्यादित होवाथी एक एवो पण चलननो अन्त्यसमय आवे छे जेमां, योग्य भव्यात्मा कर्मरहित थइ जाय छे. जो, कदि कर्मचलन थतुं ज न होय तो जीवोनी मुक्ति थइ शके ज नहीं माटे, चलनना अन्त्यसमयनी पूर्वना दरेक, उदयावलिकाना प्रथमादि समयोमां पण कर्म अंशे अंशे चलित थया करे छे, एम मानवुं जोइएः–अनु०

१. तथा *'उदीरिज्जमाणे उदीरिए'त्ति* उदीरणा नाम अनुदयप्राप्तम्, चिरेणाऽऽगामिना कालेन यद् वेदयितव्यं कर्मदलिकं तस्य विशिष्टाऽध्यवसायलक्षणेन करणेनाऽऽकृष्योदये प्रक्षेपणम्; सा च असंख्येयसमयवर्तिनी, तया च पुनरुदीरणया उदीरणाप्रथमसमय एव उदीर्यमाणं कर्म पूर्वोक्तपटदृष्टान्तेन उदीरितं भवतीति. तथा *'वेइज्जमाणे वेइए'त्ति* वेदनं कर्मणो भोगोऽनुभव इत्यर्थः, तच्च वेदनं स्थितिक्षयादुदयप्राप्तस्य कर्मणः, उदीरणाकरणेन च उदयमुपनीतस्य भवति. तस्य च वेदनाकालस्याऽसंख्येयसमयत्वाद् आद्यसमये वेद्यमानमेव वेदितं भवतीति. तथा *'पहिज्जमाणे पहीणे'त्ति* प्रहाणं तु जीवप्रदेशैः सह संश्लिष्टस्य कर्मणस्तेभ्यः पतनम्, एतदप्यसंख्येयसमयपरिमाणमेव, तस्य तु प्रहाणस्यादिसमये प्रहीयमाणं कर्म प्रहीणं स्याद् इति. तथा *'छिज्जमाणे छिन्ने'त्ति* छेदनं तु कर्मणो दीर्घकालानां स्थितीनां ह्रस्वताकरणम्, तच्चाऽपवर्तनाऽभिधानेन करणविशेषेण करोति, तदपि च छेदनमसंख्येयसमयमेव, तस्य तु आदिसमये स्थितितश्छिद्यमानं कर्म छिन्नमिति. तथा *'भिज्जमाणे भिन्ने'त्ति* भेदस्तु कर्मणः शुभस्याऽशुभस्य वा तीव्ररसस्याऽपवर्तनाकरणेन मन्दताकरणम्, मन्दस्य चोद्वर्तनाकरणेन तीव्रताकरणम्; सोऽपि चाऽसंख्येयसमय एव, ततश्च तदाद्यसमये रसतो भिद्यमानं कर्म भिन्नमिति. तथा *'डज्झमाणे दड्ढे'त्ति* दाहस्तु कर्मदलिकदारूणां ध्यानाग्निना तद्रूपाऽपनयनम्—अकर्मत्वजननमित्यर्थः. यथाहि—काष्ठस्याऽग्निना दग्धस्य काष्ठरूपाऽपनयनम्, भस्मात्मना च भवनं दाहस्तथा कर्मणोऽपीति. तस्याऽप्यन्तर्मुहूर्तवर्तित्वेनाऽसंख्येयसमयस्याऽऽदिसमये दह्यमानं कर्म दग्धमिति. तथा *'मिज्जमाणे मडे'त्ति* म्रियमाणमायुष्कर्म मृतमिति व्यपदिश्यते, मरणं ह्यायुष्पुद्गलानां क्षयः, तच्चाऽसंख्येयसमयवर्ति भवति, तस्य च जन्मनः प्रथमसमयादाऽऽरभ्याऽऽवीचिकमरणेनाऽनुक्षणं मरणस्य भावाद् म्रियमाणं मृतमिति. तथा *'निज्जरिज्जमाणे निज्जिण्णे'त्ति* निर्जीर्यमाणं नितरामपुनर्भावित्वेन क्षीयमाणं कर्म निर्जीर्णं क्षीणमिति व्यपदिश्यते. निर्जरणस्याऽसंख्येयसमयभावित्वेन तत्प्रथमसमय एव पटनिष्पत्तिदृष्टान्तेन निर्जीर्णत्वस्योपपद्यमानत्वादिति. पटदृष्टान्तश्च सर्वपदेषु सभावनिको वाच्यः.

२. [‘उदीरिज्जमाणे उदीरिए’त्ति] उदीरातुं ते उदीरायुं. उदयने प्राप्त नहीं थएल एवा अने आगामी लांबा काळे वेदवाना कर्मदलिकने विशिष्ट अध्यवसायरूप करणवडे खेंचीने उदयमां लाववुं तेने ‘उदीरणा’ कहे छे. ते उदीरणा असंख्येय समयवर्ती छे. ते उदीरणावडे प्रथमसमयमां ज उदीरातां कर्मने पूर्वोक्त पटना दृष्टान्तवडे ‘उदीरायुं’ कहेवाय छे. [‘वेइज्जमाणे वेइए’त्ति] वेदातुं ते वेदायुं. कर्मने भोगववु कर्मनो अनुभव करवो तेने वेदन[1] कहे छे. स्थितिनो क्षय थवाथी उदयने प्राप्त थएल कर्मनु अथवा उदीरणा करी उदयने प्राप्त करेला कर्मनु वेदन थाय छे ते वेदननो असंख्य समय काल होवाथी, आद्य समयने विषे वेदातां कर्मने ‘वेदायुं’ ए प्रमाणेनो व्यवहार उपर प्रमाणे घटे छे. [‘पहिज्जमाणे पहीणे’त्ति] पडतुं ते पड्युं. जीवप्रदेशोनी साथे संबद्ध कर्मनुं जीवप्रदेशोथी पडवुं ते ‘प्रहाण’ कहेवायः, जीवप्रदेशोथी कर्मना पडवारूप प्रहाण (प्रहाणनो काल) पण असंख्येय समय परिमाणवाळुं छे. ते प्रहाणना आदि समयने विषे जीवप्रदेशोथी पडतु कर्म ‘पड्युं’ ए प्रमाणेनो व्यवहार पटना दृष्टान्तवडे समजवो. अर्थात् प्रहाणना आदि समयमां जे पडवा मांड्युं ते पड्युं एम कहेवाय छे. [‘छिज्जमाणे छिन्ने’त्ति] छेदातुं ते छेदायु. कर्मनी दीर्घकालनी स्थितिनी लघुता करवी अर्थात् कर्मनी दीर्घकालिक स्थितिने ह्रस्वकालिक करवी तेने छेदन कहे छे. जीव ते छेदनने अपवर्तन नामना करणविशेषथी करे छे. तेनी (अपवर्तननी) स्थिति असंख्यात समयनी छे. प्रथम समयमां स्थितिथी छेदाता कर्मने ‘छेदायुं’ ए प्रमाणेनो व्यवहार पूर्वोक्त रीत्यनुसार समजवो. [‘भिज्जमाणे भिन्ने’त्ति] भेदातुं (पूर्वस्थितिथी बदलातुं) ते भेदायुं. शुभ वा अशुभ कर्मना तीव्र रसनुं अपवर्तनाकरणवडे मंद करवुं, अने मंदरसनु उद्वर्तनाकरणवडे तीव्र करवुं तेने भेद कहे छे. आ भेद पण असंख्येय समय स्थितिवाळो छे. तेथी प्रथम समयमां तीव्र अथवा मंद रसथी भेदाता कर्मने ‘भेदायु’ ए प्रमाणेनो व्यवहार पूर्वोक्त समजवो. [‘डज्झमाणे दड्ढे’त्ति] बळतुं ते बळ्युं. कर्मदलिकरूप काष्ठोना स्वरूपनो ध्यानरूप अग्निवडे नाश करवो अर्थात् कर्मनो अभाव करवो—कर्मरहितपणुं करवु तेने अहीं दाह समजवो. जेम अग्निवडे दग्ध थएला काष्ठना रूपनो नाश थइ ते काष्ठ भस्मस्वरूप थाय छे तेम कर्मनो पण ध्यानरूप अग्निवडे दाह थाय छे. ते (दाह) पण अन्तर्मुहूर्तवर्ती होवाथी असंख्येय समय स्थितिवाळो छे. तेना आद्यसमयविषे दह्यमान (बळतां) कर्मने ‘दग्ध’ (बळ्यु) ए प्रमाणेनो व्यवहार पूर्वोक्त प्रमाणे समजवो. [‘मिज्जमाणे मडे’त्ति] मरतु ते मर्यु ‘मरता’ एवा आयु कर्मनो ‘मर्यु’ ए प्रमाणे व्यवहार थाय छे. आयुःकर्मना पुद्गलोनो क्षय ए ज मरण छे. ते असंख्येय समयवर्ती छे. जन्मना प्रथम समयथी आरंभीने आवीचिक[2]

उदीर्यमाण उदीरित. वेद्यमान वेदित. प्रहीयमाण प्रहीण. छिद्यमान छिन्न. भिद्यमान भिन्न. दह्यमान दग्ध. म्रियमाण मृत. आवीचिक.

---

१. आ (वेदन) शब्द जैनपरिभाषामां ‘कर्मजन्य फलना अनुभव’ अर्थमां पण प्रसिद्ध छे.

“वेदिताः स्वेन रसविपाकेन प्रतिसमयमनुभूयमानाः” (भगवतीटीका) “पोताना रसविपाकथी प्रतिसमये अनुभवाता कर्मपुद्गलोने वेदित (वेदाएला) कर्मपुद्गलो कहेवाय छे,” (भगवतीटीका) –अनु०

२. (आवीचिक) शब्द एक प्रकारना मरणनो सूचक छे. जैन महर्षिओए पांच प्रकारनुं मरण जणाव्यु छे. तेना नाम आ छेः–आवीचिकमरण, अवधिमरण, आत्यंतिकमरण, बालमरण अने पंडितमरण. आवीचिकमरण–आ–समस्त प्रकारे, वीचि तरंगो, तेनी पेठे मरण ते आवीचिकमरण अर्थात् जेम एक पछी एक तरंग विना विलंबे आव्या ज करे छे तेम एक पछी एक क्षणे आयुष्यनो नाश थया ज करे छे अने ते नाश ‘आवीचिकमरण’ कहेवाय छे. जेम कोइ मनुष्यनी (जे जनमवानो छे) आवरदा ५० वरसनी छे, अने ते एक स्थळ छोडी बीजे स्थळे ज्यारथी गर्भमां आव्यो त्यारथी तेनी ते पचास वरसनी आवरदामांथी घटाडो थवो शरु थइ जाय छे. अर्थात् जेम जेम काल थतो जाय छे, मनुष्य मोटो थतो जाय छे तेम तेम जेटलो काळ गयो तेटलो काल (वरस, मास, दिन, घडी, पळ, विपळ) तेना आयुष्यनो नाश थाय छे. तात्पर्य ए के, प्रतिक्षण तेना आयुष्यनो नाश थया करे छे अने आयुष्यनो नाश ए ज मरण छे माटे, ते प्रतिक्षण थता आयुष्यना नाशने ‘आवीचिकमरण’ कहेवाय छे. अवधिमरण=अवधिवाळुं मरण ते अवधिमरण. आत्यंतिकमरण=जे मरण आत्यंतिक छे ते आत्यंतिकमरण. बालमरण=बालनुं–विरतिविनाना जीवनुं–जे मरण ते बालमरण. अने पंडितमरण=पंडितनुं–सर्वविरतिवाळा जीवनुं–श्रमणनुं–जे मरण ते पंडितमरण. अहीं ‘आवीचिकमरण’

निर्जीर्यमाण निर्जीर्ण.

मरणवडे प्रतिक्षण मरणनो सद्भाव होवाथी 'मरतां' ने 'मर्युं' ए प्रमाणे कहेवाय छे. ['निज्जरिज्जमाणे निज्जिण्णे'त्ति] निर्जरातुं ते निर्जरायुं. निरन्तर अपुनर्भाव (फरीथी न थवा) वडे क्षय थतुं कर्म निर्जीर्ण–क्षीण–थयुं, ए प्रमाणे व्यवहार थाय छे. निर्जरा असंख्येय समयभावी होवाथी तेना प्रथम समयमां ज निर्जरता–क्षीण थता–कर्मने पटनी उत्पत्तिना दृष्टान्तवडे 'निर्जर्युं' (क्षीण थयुं) ए प्रमाणे युक्तियुक्त व्यवहार समजवो. आ प्रमाणे वर्तमान काळमां भूतकाळना व्यवहारवाळा दरेक स्थले पटनुं दृष्टान्त भावनासहित कहेवुं.

४. तदेवमेतान्नव प्रश्नान् गौतमेन भगवता भगवान् महावीरः पृष्टः सन्नुवाचः–*'हंता'* इत्यादि. अथ कस्माद् भगवन्तं गौतमः पृच्छति ?, विरचितद्वादशाङ्गतया विदितसकलश्रुतविषयत्वेन, निखिलसंशयाऽतीतत्वेन च सर्वज्ञकल्पत्वात् तस्य. आह चः–*"संखाइए उ भवे साहइ जं वा परो उ पुच्छेज्जा, ण य णं अणाइसेसी वियाणइ एस छउमत्थो"*त्ति. नैवम्, उक्तगुणत्वेऽपि छद्मस्थतयाऽनाभोगसंभवात्. यदाहः–"नहि नामाऽनाभोगः छद्मस्थस्येह कस्यचिन्नास्ति, यस्माद् ज्ञानावरणं ज्ञानावरणप्रकृति कर्म" इति. अथवा जानत एव तस्य प्रश्नः संभवति, स्वकीयबोधसंवादनार्थम्, अज्ञलोकबोधनार्थम्, शिष्याणां वा स्ववचसि प्रत्ययोत्पादनार्थम्, सूत्ररचनाकल्पसंपादनार्थं च इति. तत्र *'हंता गोयमे'*त्ति 'हंत' इति कोमलाऽऽमन्त्रणार्थः, दीर्घत्वं च मागधदेशीप्रभवमुभयत्रापि. *'चलमाणे'* इत्यादिप्रत्युच्चारणं तु 'चलदेव चलितम्' इत्यादीनां स्वाऽनुमतत्वप्रदर्शनार्थम्. वृद्धाः पुनराहुः–*"हंता गोयमा"* इत्यत्र 'हन्त' इति 'एवमेतद्' इति अभ्युपगमवचनम्, यदनुमतं तत्प्रदर्शनार्थं *'चलमाणे'* इत्यादि प्रत्युच्चारितम्" इति. इह च यावत्–करणलभ्यानि पदानि सुप्रतीतान्येव. एवमेतानि नव पदानि कर्माधिकृत्य वर्तमाना–ऽतीतकालसामानाधिकरण्यजिज्ञासया पृष्टानि, निर्णीतानि च.

वर्तमान पण भूत.
गौतम शामाटे पूछे ?

४. आवी रीते नव प्रश्नो भगवान् गौतमस्वामिए भगवान् महावीरस्वामिने पूछ्या. ते प्रश्नोनो उत्तर आपतां भगवान महावीरे कह्युं के, हे गौतम ! तेम ज छे, एटले के, 'चालतुं-चालवा मांड्युं ते चाल्युं' त्यांथी आरंभी 'निर्जरातुं–निर्जरवा मांड्युं–ते निर्जर्युं' एम ज छे. शंकाः—भगवंतने गौतमस्वामी शामाटे पूछे छे, कारण के तेओ द्वादशाङ्गीना रचनार होवाथी सकल श्रुतना विषयने जाणवावाळा छे, तथा निखिल संशयातीत होवाथी तेओना सकल संशयो नष्ट थवाथी सर्वज्ञ सदृश छे. कह्युं छे केः–"परे पूछे तो छद्मस्थ सख्यातीत भवोने कहे छे, कारण के ते अनतिशेषी नथी अर्थात् अतिशय ज्ञानवान् होय छे" माटे जाणे छे. समाधानः —एम नही. कारण के उक्त गुणोवाळा होवा छतां तेओने, छद्मस्थताने लइने अनाभोगनो अपरिपूर्णतानो- संभव छे. कह्युं छे केः–"कोइ पण छद्मस्थने अनाभोग नथी एम नथी. अर्थात् अनाभोग ज छे, कारण के ज्ञानने आवरण करवाना ज स्वभाववाळु ज्ञानावरणीय कर्म छे" अथवा जाणतां छतां पोताना ज्ञानना सवादने माटे, अज्ञलोकना बोधने माटे, शिष्योनी पोताना वचनमां प्रतीति उत्पन्न करवाने माटे, सूत्ररचनाना कल्प संपादनने माटे प्रश्न करवा संभवे छे. ['हंता गोयमे'त्ति] तेने विषे "हंता गोयमा !", (हा गौतम !), "चालतुं ते चाल्युं" इत्यादि प्रश्नना प्रत्युत्तर माटे "चालतुं ते चाल्युं" इत्यादि प्रत्युच्चारण- पुनरुच्चारण पोतानी अनुमति दर्शाववा कह्युं छे. वृद्धो तो कहे छे केः–"['हंता गोयमा'] ए स्थले [हंता] ए शब्द 'ए ए प्रमाणे-हा' आवी रीते स्वीकारवचन छे अने जे अनुमत छे ते, प्रदर्शित करवाने 'चालतुं ते चाल्युं' इत्यादि प्रत्युच्चारित छे." 'यावत्' शब्दथी अध्याहृत पदो तो सुस्पष्ट ज छे. ए प्रमाणे कर्मने आश्रीने आ नव पदो वर्तमान अने भूत काळना समानाधिकरणपणाने जाणवानी इच्छा वडे पूछ्या अने तेनो निर्णय कर्यो.

छद्मस्थ छे माटे.
संवाद-अज्ञबोध-शिष्यप्रतीति-सूत्रकल्प.
भगवदनुमति.
वृद्धव्याख्या.
निर्णय.

शब्दनो प्रसंग होवाथी तेना माटे ज सविस्तर विवेचन कर्युं छे अने बीजा चार जातना मरणमाटे मात्र अहीं शब्दार्थ ज कर्यो छे पण, तेनो खास अर्थ अप्रसंगथी लख्यो नथी.

"कइविहे णं भंते ! मरणे पण्णत्ते ?. गोयमा ! पंचविहे मरणे पण्णत्ते, तं जहाः–आवीचिअमरणे, ओहिमरणे, आइअंतिअमरणे, बालमरणे, पंडिअमरणे." "आ समन्ताद्, वीचय प्रतिसमयमनुभूयमानायुषोऽपरायुर्दलिकोदयात् पूर्वपूर्वायुर्दलिकविच्युतिलक्षणा अवस्था यस्मिन् तद् आवीचिकम्, अथवा अविद्यमाना वीचिर्विच्छेदो यत्र तद् अवीचिकम्, अवीचिकमेव आवीचिकम्, तच्च तद् मरणं चेत्यावीचिकमरणम्" (भ० श० १३, उ० ७, क० आ० पृ–११३८–३९):–अनु०

"हे भगवन् ! मरणना केटला प्रकार कह्या छे ?. हे गौतम ! मरणना पांच प्रकार कह्या छे, ते आ प्रमाणेः—आवीचिकमरण, अवधिमरण, आत्यंतिकमरण, बालमरण अने पंडितमरण." "आ–चारे बाजुथी, वीचि–प्रतिसमये अनुभवाता आयुष्यथी पहेलां पहेलांना आयुष्यदलिकनी बीजा आयुर्दलिकना उदयथी उत्पन्न थती नाशरूप हालत, जे तेवी हालत वाळुं छे ते आवीचिक–प्रतिक्षण थतो आयुष्यनो क्षय ते आवीचिकमरण. अथवा, जे मरणमां वीचि–(जीवननो तरंग) विच्छेद–नथी ते आवीचिकमरण–प्रतिसमये थतो आयुष्यनो क्षय." (भगवती श० १३ उ० ७, क० आ० पृ–११३८–३९):- अनु०

१. प्र० छायाः–संख्यातीतांस्तु भवान् कथयति यद् वा परस्तु पृच्छेत्, न चानतिशेषी विजानात्येष छद्मस्थः. २. इयं चावश्यकनिर्युक्तौ गणधरप्रकरणे. श्रीजीवाभिगमसूत्रटीकायामपि श्रीमन्मलयगिरिणा एषा प्रमाणत्वेन गृहीता, (जी० क० आ० पृ–१६):–अनु०

१. आ गाथा आवश्यकनिर्युक्तिमां गणधरप्रकरणमां छे. अने श्रीमन्मलयगिरिसूरिए आ गाथाने श्रीजीवाभिगमनी टीकामां प्रमाणरूपे ग्रहण करेली छे. (जी० क० आ० पृ–१६):–अनु०

२. शिष्ये पूछवुं अने गुरुए कहेवुं एवो आचार छे. ३. 'हंता' अने 'गोयमा' ए बन्ने स्थळे प्राकृत होवाथी दीर्घ थाय छे. 'हंता' ए कोमलामन्त्रणार्थक छेः—श्रीअभयदेव.

प्र०—२. एए णं भंते ! नव पया किं एगट्ठा ? णाणाघोसा ? णाणावंजणा ? उदाहु णाणट्ठा ? णाणाघोसा ? णाणावंजणा ?.

प्र०—२. हे भगवन् ! आ नव पदो शुं एक अर्थवाळां, नाना घोषवाळां अने नाना व्यंजनवाळां छे ? के नाना अर्थवाळां, नाना घोषवाळां अने नाना व्यंजनवाळां छे ?.

उ०—२. गोयमा ! चलमाणे चलिए, उदीरिज्जमाणे उदीरिए, वेइज्जमाणे वेइए, पहिज्जमाणे पहीणे, एए णं चत्तारि पया एगट्ठा, णाणाघोसा, णाणावंजणा उप्पण्णपक्खस्स. छिज्जमाणे छिण्णे, भिज्जमाणे भिण्णे, दड्ढमाणे दड्ढे, मिज्जमाणे मडे, निज्जरिज्जमाणे निज्जिण्णे, एए णं पंच पया णाणट्ठा, णाणाघोसा णाणावंजणा, विगयपक्खस्स.

उ०—२. हे गौतम ! चालतुं चाल्युं, उदीरातुं उदीरायुं, वेदातुं वेदायुं, प्रक्षीण थतुं प्रक्षीण थयुं, आ चार पदो उत्पन्नपक्षनी अपेक्षाए एक अर्थवाळां, नाना घोषवाळां अने नाना व्यंजनवाळां छे. तथा छेदातुं छेदायुं, भेदातुं भेदायु, दहातुं दहायुं, मरतुं मर्युं, निर्जरातुं निर्जरायुं, आ पांच पदो विगतपक्षनी अपेक्षाए नाना अर्थवाळां, नाना घोषवाळां अने नाना व्यंजनवाळां छे.

५. अथैतान्येव चलनादीनि परस्परतः किं तुल्यार्थानि, भिन्नार्थानि ? चेति पृच्छां निर्णयं च दर्शयितुमाहः—*'एए णं भंते'* इत्यादि व्यक्तम्. नवरम्—*'एगट्ठ'त्ति* एकाऽर्थानि अनन्यविषयाणि एकप्रयोजनानि वा, *'णाणाघोस'त्ति* इह घोषा उदात्तादयः, *'णाणावंजण'त्ति* इह व्यञ्जनानि अक्षराणि, *'उदाहु'त्ति* 'उताहो' निपातो विकल्पार्थः, *'णाणट्ठ'त्ति* भिन्नाऽभिधेयानि. इह चतुर्भङ्गी पदेषु दृष्टाः—१. तत्र च कानिचिदेकार्थानि एकव्यञ्जनानि यथा; क्षीरं क्षीरमित्यादीनि. २. तथाऽन्यानि एकार्थानि नानाव्यञ्जनानि यथा; क्षीरं पय इत्यादीनि. ३. तथाऽन्यान्यनेकार्थानि एकव्यञ्जनानि यथा; अर्क-गव्य माहिषाणि क्षीराणि. ४. तथाऽन्यानि नानाऽर्थानि नानाव्यञ्जनानि यथा; घट-पट-लकुटादीनि. तदेवं चतुर्भङ्गीसंभवेऽपि द्वितीयचतुर्थभङ्गकौ प्रश्नसूत्रे गृहीतौ, परिदृश्यमाननानाव्यञ्जनतया तदन्ययोरसंभवाद्. निर्वचनसूत्रे तु चलनादीनि चत्वारि पदान्याश्रित्य द्वितीयः, छिद्यमानादीनि तु पञ्च पदान्याश्रित्य चतुर्थ इति. ननु चलनादीनामर्थानां व्यक्तभेदत्वात् कथमाद्यानि चत्वारि पदानि एकार्थानि ? इत्याशङ्क्याहः—*'उप्पण्णपक्खस्स'त्ति* उत्पन्नमुत्पादो भावे क्लीबे 'क्त'प्रत्ययविधानात्, तस्य पक्षः परिग्रहोऽङ्गीकारः 'पक्ष परिग्रहे' इति धातुपाठादिति उत्पन्नपक्षः, इह च षष्ठ्यास्तृतीयार्थत्वाद् उत्पन्नपक्षेण उत्पादाङ्गीकारेण—उत्पादाख्यं पर्यायं परिगृह्य एकार्थानि एतानि उच्यन्ते. अथवा उत्पन्नपक्षस्य उत्पादाख्यवस्तुविकल्पस्याऽभिधायकानीति शेषः, सर्वेषामेषामुत्पादमाश्रित्य एकार्थकारित्वादेकान्तर्मुहूर्तमध्यभावित्वेन तुल्यकालत्वाच्चैकार्थिकत्वमिति भावः. स पुनरुत्पादाख्यः पर्यायो विशिष्टः केवलोत्पाद एव. यतः कर्मचिन्तायां कर्मणः प्रहाणे फलद्वयम्—केवलज्ञान-मोक्षप्राप्ती, तत्रैतानि पदानि केवलोत्पादविषयत्वादेकार्थानि उक्तानि, यस्मात् केवलज्ञानपर्यायो जीवेन न कदाचिदपि प्राप्तपूर्वः, यस्माच्च प्रधानस्ततस्तदर्थ एव पुरुषप्रयासः, तस्मात् स एव केवलज्ञानोत्पत्तिपर्यायोऽभ्युपगतः. एषां च पदानामेकार्थानामपि सतामयमर्थः सामर्थ्यप्रापितक्रमः—यदुत पूर्वं तच्चलति—उदेतीत्यर्थः, उदितं च वेद्यते—अनुभूयते इत्यर्थः, तच्च द्विधा—स्थितिक्षयादुदयप्राप्तम्, उदीरणया चोदयमुपनीतम्. ततश्चाऽनुभवानन्तरं तत् प्रहीयते दत्तफलत्वाज्जीवाद्पयातीत्यर्थः. एतच्च टीकाकारमतेन व्याख्यातम्.

५. हवे ते ज चलनादि पदो परस्पर तुल्यार्थ छे के भिन्नार्थ छे? एवो प्रश्न अने निर्णय दर्शाववा माटे कहे छेः-['एए णं भंते'] इत्यादि स्पष्ट छे. विशेषता ए के, ['एगट्ठ'त्ति] एकार्थानि -अनन्य—अभिन्न—विषयवाळां, अथवा एक प्रयोजनवाळां, ['णाणाघोस'त्ति] विविध प्रकारना उदात्तादि घोषवाळां तथा ['णाणावंजण'त्ति] विविध व्यंजनवाळां छे ? के, ['णाणट्ठ'त्ति] भिन्न भिन्न अर्थवाळां, (विविध घोषवाळां तथा विविध व्यंजनवाळां) छे ? अहीं चतुर्भंगी समजवी, ते आ प्रमाणेः—

एकार्थ ? भिन्नार्थ ? चतुर्भंगी.

१. समानार्थ समानव्यंजन.
२. समानार्थ विविधव्यंजन.
३. भिन्नार्थ समानव्यंजन.
४. भिन्नार्थ भिन्नव्यंजन.

केटलांक पदो एक ज अर्थवाळां अने समान व्यंजनवाळां होय छे. (जेमः क्षीरम्, क्षीरम्, इत्यादि. १.) केटलांक (पदो) समान अर्थवाळां अने विविध व्यंजनवाळां होय छे. (जेमः क्षीरम्, पयः, इत्यादि. २.) केटलांक (पदो) अनेक अर्थवाळां अने एक ज व्यंजनवाळां होय छे.

---

१. मूलच्छायाः—एतानि भगवन् ! नव पदानि किमेकार्थानि, नानाघोषाणि, नानाव्यञ्जनानि; उताहो नानार्थानि, नानाघोषाणि, नानाव्यञ्जनानि ?. गौतम ! चलत् चलितम्, उदीर्यमाणमुदीरितम्, वेद्यमानं वेदितम्, प्रहीयमाणं प्रहीणम्, एतानि चत्वारि पदानि एकार्थानि, नानाघोषाणि, नानाव्यञ्जनानि, उत्पन्नपक्षस्य. छिद्यमानं छिन्नम्, भिद्यमानं भिन्नम्, दह्यमानं दग्धम्, म्रियमाणं मृतम्, निर्जीर्यमाणं निर्जीर्णम्, एतानि पञ्च पदानि नानार्थानि, नानाघोषाणि, नानाव्यञ्जनानि, विगतपक्षस्य.

१. अहीं उदात्त वगेरे उच्चारण विशेष तेने घोष समजवोः—श्रीअभयदेव. २. व्यंजन एटले अक्षरः—श्रीअभयदेव. ३. 'उताहो' विकल्पार्थने जणावनार अव्यय छे अने तेनो अर्थ 'के' थाय छेः—श्रीअभयदेव. ४. अहीं बने शब्दोनो 'दूध' अर्थ छे तेम ज बने पदोमां अक्षरोनी पण समानता छे तेथी, एकार्थक अने समान व्यंजननुं उदाहरण आप्युं. ५. अहीं 'क्षीर' अने 'पयः' बने शब्दोनो दूध अर्थ छे, परंतु अक्षरो भिन्न भिन्न होवाथी एकार्थक अने विविध व्यंजननुं उदाहरण आप्युंः—अनु०.

(जेमः आकडानुं दूध, गायनुं दूध, भेंसनुं दूध. ३.) केटलांक पदो विविध अर्थवाळां अने विविध व्यंजनवाळां होय छे. (जेमः घट, पट, लकुट वगेरे. ४.) आ प्रमाणे पदोमां चार भंगीनो संभव होवा छतां प्रश्नसूत्रमां बीजी अने चोथी भंगीनुं ग्रहण कर्युं छे, कारण के देखीती रीते बधे पदो विविध व्यंजनवाळां होवाथी पहेली अने त्रीजी भंगीनो संभव ज नथी. उत्तर सूत्रमां तो चलनादि चार पदोने आश्रीने बीजी भंगी, अने 'छिद्यमान' वगेरे पांच पदोने आश्रीने चोथी भंगी समजवी. शं०–चलनादि (पदो)मां अर्थोनो स्पष्ट रीते भेद होवाथी आदिना चार पदो एकार्थक (समान अर्थवाळां) केम कह्यां?, स०–कहे छे केः–['उप्पण्णपक्खस्स'त्ति] उत्पन्न उत्पाद नो जे पक्ष–परिग्रह–ते वडे=उत्पत्तिपक्षना अंगीकार वडे एकार्थ छे, अर्थात् उत्पादपर्यायने परिग्रहीने ए चारे पदो एकार्थक कहेवाय छे; अथवा 'उत्पन्नपक्षस्य' एटले उत्पाद नामना वस्तुविकल्पने कहेवावाळा ए चार पदो छे. तात्पर्य ए के, आ चार पदो उत्पादने आश्रीने एक ज अर्थवाळां होवाथी, तथा एक ज अन्तर्मुहूर्तमध्यभावी होवाथी तेओनो काल पण तुल्य छे. आथी, एकार्थक- तुल्य अर्थवाळां छे. ते उत्पाद नामनो पर्याय विशिष्ट केवलज्ञानोत्पादरूप ज समजवो, कारण के कर्मनी विचारणामां कर्मना नाशथी बे फल थाय छेः केवलज्ञान अने मोक्षनी प्राप्ति. तेने विषे आ चार पदो केवलज्ञानना उत्पादविषयक होवाथी एकार्थक कह्यां छे, कारण के जीवे पूर्वमां कोई वखत केवलज्ञानपर्याय प्राप्त कर्यो नथी तेथी ए प्रधान छे. वळी तेने माटे ज पुरुषनो प्रयास होवाथी ते ज केवलज्ञाननो उत्पादरूप पर्याय अहीं स्वीकार्यो छे. आ चार पदो एकार्थक होवा छतां पण तेओनो आ अर्थ–निम्नोल्लिखित अर्थ–सामर्थ्य प्रापित क्रम युक्त छे, अर्थात् प्रकरणबळथी क्रमपूर्वक थाय छे, एटले के प्रथम कर्म चाले छे, अर्थात् स्थितिना क्षयथी अथवा उदीरणाना बलथी, आ बन्ने प्रकारे कर्म उदयमां आवे छे अने उदयमां आवेलुं कर्म वेदाय- अनुभवाय–छे. उदय प्राप्त कर्म द्विविध छेः स्थितिना क्षयथी उदयमां आवेलुं, तथा उदीरणावडे उदयमां आवेलुं. ते कर्म अनुभव्या पछी जीवथी जुदुं पडे छे एटले के ते कर्मे फल आपेलुं होवाथी ते कर्मनो विपाक अनुभवी लीधेलो होवाथी–जीवथी (ते) चाल्युं जाय छे. आ व्याख्या टीकाकारना मत प्रमाणे करी.

एकार्थ केम ?

उत्पादपक्ष.

क्रमपूर्वक-अर्थ.

६. अन्ये तु व्याख्यान्तिः–''स्थितिबन्धाद्यविशेषितसामान्यकर्माश्रयत्वाद् एकार्थकान्येतानि केवलोत्पादपक्षस्य च साधकानि''इति. 'चत्वारि चलनादीनि पदानि एकार्थकानि'इत्युक्ते 'शेषाणि अनेकार्थकानि' इति सामर्थ्यादवगतमपि सुखावबोधाय साक्षात् प्रतिपादयितुमाह.–*'छिज्जमाणे'* इत्यादि व्यक्तम्. नवरम्–*'णाणट्ठ'* त्ति नानार्थानि, नानार्थत्व त्वेवम्–'छिद्यमान छिन्नम्' इत्येतत् पदं स्थितिबन्धाश्रयम्, यतः सयोगिकेवली अन्तकाले योगनिरोधं कर्तुकामो वेदनीय-नाम-गोत्राख्यानां निसृणां प्रकृतीनां दीर्घकालस्थितिकानां सर्वापवर्तनया आन्तर्मौहूर्तिकं स्थितिपरिमाणं करोति. तथा 'भिद्यमानं भिन्नम्' इत्येतत् पदमनुभागबन्धाश्रयम्, तत्र च यस्मिन् काले स्थितिघातं करोति, तस्मिन्नेव काले रसघातमपि करोति. केवलं रसघातः स्थितिखण्डकेभ्यः क्रमप्रवृत्तेभ्योऽनन्तगुणाभ्यधिकः, अतोऽनेन रसघातकरणेन पूर्वस्माद् भिन्नार्थं पदं भवति. तथा 'दह्यमानं दग्धम्' इत्येतत् पदं प्रदेशबन्धाश्रयम्, प्रदेशबन्धस्तु अनन्तानामनन्तप्रदेशानां स्कन्धानां कर्मत्वाऽऽपादनम्. तस्य च प्रदेशबन्धकर्मण· सत्कानां पञ्चह्रस्वाक्षरोच्चारणकालपरिमाणयाऽसंख्यातसमयया गुणश्रेणीरचनया पूर्वं रचितानां शैलेश्यवस्थाभाविसमुच्छिन्नक्रियध्यानाग्निना प्रथमसमयादारभ्य यावदन्त्यसमयस्तावत् प्रतिसमयं क्रमेणासंख्येयगुणवृद्धानां कर्मपुद्गलानां दहनं दाहः, अनेन च दहनार्थेन इदं पूर्वस्मात् पदाद् भिन्नार्थं पदं भवति, दाहश्चान्यत्रान्यथा रूढोऽपि इह मोक्षचिन्ताऽधिकाराद् मोक्षसाधन उक्तलक्षणकर्मविषय एव ग्राह्य इति. तथा 'म्रियमाणं मृतम्' इत्येतत् पदमायुष्कर्मविषयम्, यत आयुष्कपुद्गलानां प्रतिसमयं क्षयो मरणम्, अनेन च मरणार्थेन पूर्वपदेभ्यो भिन्नार्थत्वाद् भिन्नार्थं पदं भवति. तथा 'म्रियमाणं मृतम्' इत्यनेनायुष्कर्मैव उक्तम्, यत.–''कर्मैव तिष्ठज्जीवतीत्युच्यते, कर्मैव च जीवादपगच्छद् म्रियत इत्युच्यते'' तच्च मरणं सामान्येनोक्तमपि विशिष्टमेवाभ्युपगन्तव्यम्. यत· संसारवर्तीनि मरणान्यनेकशोऽनुभूतानि दुःखरूपाणि चेति किं तैः? इह पुन. पदेऽपुनर्भवमरणमन्त्यं सर्वकर्मक्षयसहचरितमपवर्गहेतुभूतं विवक्षितमिति. तथा 'निर्जीर्यमाणं निर्जीर्णम्' इत्येतत् पदं सर्वकर्माऽभावविषयम्, यतः सर्वकर्मनिर्जरणं न कदाचिदप्यनुभूतपूर्वं जीवेनेति, अतोऽनेन सर्वकर्माऽभावरूपनिर्जरणार्थेन पूर्वपदेभ्यो भिन्नार्थत्वाद् भिन्नार्थं पदं भवति. अथैतानि पदानि विशेषतो नानार्थान्यपि सन्ति सामान्यतः कस्य पक्षस्याऽभिधायकतया प्रवृत्तानि? इत्यस्यामाशङ्कायामाहः–*'विगयपक्खस्स'*त्ति विगतं विगमो वस्तुनोऽवस्थान्तरापेक्षया विनाशः, स एव पक्षो वस्तुधर्मः, तस्य वा पक्षः परिग्रहो विगतपक्षः, तस्य विगतपक्षस्य वाचकानीति शेषः.

---

१. अहीं 'दूध' शब्दना अनेक अर्थो थया, परंतु दरेक स्थळे 'दूध' ए समान अक्षरवाळुं पद छे तेथी, एक व्यंजन अने अनेकार्थनुं दृष्टान्त आप्युं. २. अहीं 'घट' 'पट' अने 'लकुट' जुदा जुदा अर्थवाळां अने जुदा जुदा अक्षरवाळां छे तेथी विविधार्थक अने विविध व्यंजननुं दृष्टान्त आप्युं. ३. समान अर्थवाळां अने विविध व्यंजनवाळां, ए बीजी भंगी छे. ४. विविध अर्थवाळां अने विविध व्यंजनवाळां, ए चोथी भंगी छेः–अनु० ५. उत्पद्+त= उत्पन्नम् ए प्रमाणे भावने विषे नपुंसकमां 'क्त' प्रत्यय थयो छे –श्रीअभयदेव. ६. 'पक्ष' धातु 'परिग्रह' अर्थमां छेः–श्रीअभय० ७ तृतीयार्थक षष्ठी होवाथी तृतीयानो अर्थ कर्यो. ८. उत्पन्नवस्तुविकल्प, ध्रुववस्तुविकल्प अने विनाशवस्तुविकल्प, एनी अंदरथी अहीं उत्पन्नवस्तुविकल्पने आश्रीने चारे पदो एकार्थक कह्यां छे·–अनु०

१. विशेषावश्यकसूत्रे 'शैलेशी' शब्दस्य विवरणमेवम्·–सेलेसो किल मेरू सेलेसी जा तदचलया, होउं व असेलेसो सेलेसीहोइ थिरयाए. ३०६५. अहवा सेलु व्व इसी सेलेसी होइ सोऽतिथिरयाए, से व अलेसी होइ सेलेसीहोअलोवाओ. ३०६६. सीलं व समाहाणं निच्छयओ सव्वसंवरो सो य, तस्सेसो सीलेसो सेलेसी होइ तदवत्था. ३०६७. व्याख्या–शैलेशो मेरुस्तस्यैवाऽचलता स्थिरताऽस्यामवस्थायां सा शैलेशी. अथवा, अशैलेशः शैलेश इव स्थिरतया भवति शैलेशी, 'भवति' इत्यध्याहारः. अथवा, प्राकृतसंज्ञामाश्रित्य स्थिरतया 'सेलु व्व इसी महरिसी' तस्य संबन्धिनी स्थिरतावस्थाऽनुप्रवारतः शैलेशी. अथवा प्राकृतत्वादेव ''से भिक्खू वा भिक्खुणी वा'' इत्यादिन्यायतः 'सेत्ति सो महरिसी' अलेश्यो लेश्यारहितो भवति यस्यामवस्थायां सा शैलेशी, अकारलोपादिति. अथवा, शीलं समाधानम्, तच्च निश्चयतः प्रकर्षप्राप्तसमाधानरूपत्वात् सर्वसंवरः, ततश्चास्य सर्वसंवररूपस्य शीलस्येशः तस्येयमवस्था शैलेशीति. गा० ३०६५. ३०६६. ३०६७ः–अनु०

६. बीजाओ तो आ प्रमाणे व्याख्या करे छेः–"आ चार पदो स्थितिबंधादि विशेषरहित–सामान्य–कर्मना आश्रित होवाथी एकार्थक छे, अने केवलज्ञानना उत्पादपक्ष (उत्पत्तिपक्ष) ना साधक छे." 'चलनादि चार पदो एकार्थक छे' ए प्रमाणे कहेवाथी ज 'शेष पांच पदो अनेकार्थक छे' एम सामर्थ्यथी जणाइ गयुं; छतां सुखपूर्वक बोध थवाने साक्षात् प्रतिपादनने माटे कहे छे केः–['छिज्जमाणे'] 'छिद्यमान' इत्यादि स्पष्ट छे. विशेष नानार्थक आ प्रमाणेः–'छेदातुं ते छेदायुं' आ वाक्य स्थितिबंधसापेक्ष छे. कारण के अंतकाळमां योगना निरोधने करवानी इच्छावाळा सयोगी केवली दीर्घकाळ सुधी रहेनारी वेदनीय, नाम अने गोत्र नामनी त्रण प्रकृतिना स्थिति परिमाणने सर्वाऽपवर्तनाकरण वडे अन्तर्मुहूर्त समयपरिमाण स्थितिवाळुं करे छे. 'भेदातुं ते भेदायुं' आ पद अनुभागबंधने आश्री कह्युं छे. (ते सयोगी केवली) जे काळे स्थितिघातने करे छे ते ज काळे रसघातने पण करे छे. केवळ अनुक्रमे प्रवृत्त थएला स्थितिखंडको करतां रसघात अनन्तगुण अधिक छे. आथी आ पद रसघात करवारूप अर्थवाळुं होवाथी स्थितिघातार्थक पूर्व पद करतां भिन्न अर्थवाळुं छे. तथा 'बळतुं ते बळ्युं' ए पद प्रदेशबंधने आश्रीने छे. अनन्त प्रदेशात्मक अनन्त स्कंधोने कर्मत्वापादन करवुं तेने प्रदेशबंध कहे छे. पांच ह्रस्वाक्षरना उच्चारकाळ जेटला परिमाणवाळी अने असंख्यातसमययुक्त गुणश्रेणीनी रचनावडे पूर्वे रचित अने प्रथम समयथी आरंभी यावत् अंत समय सुधी प्रतिसमये क्रमथी असंख्यातगुणवृद्ध कर्म पुद्गलोना दहनने दाह कहे छे. ते शैलेशी अवस्थामां थनार शुक्लध्यानना चतुर्थ पाद (चोथा पाया) रूप समुच्छिन्नक्रिय नामना ध्यानाग्नि वडे थाय छे. आ प्रकारे आ पद दहनार्थक होवाथी पूर्व पदोथी भिन्नार्थक छे. अन्य स्थळे अन्यार्थवाळो दाह प्रसिद्ध होवा छतां अर्थात् दाह शब्द अन्य प्रकारे रूढ छे, छतां अहीं मोक्षविचारणाना अधिकारमां मोक्षनो साधक उक्तलक्षण कर्मविषयक दाह ग्रहण करवो. तथा 'मरतुं ते मर्युं' ए पद आयुःकर्मविषयक छे, कारण के आयुष्य संबंधी पुद्गलोनो प्रतिसमय क्षय थवो ए ज मरण छे अने आ प्रमाणे मरवारूप अर्थवडे पूर्व पदोथी आ पद भिन्न अर्थवाळुं होवाथी भिन्नार्थक छे. तेथी 'मरतुं ते मर्युं' ए पदवडे आयुःकर्म ज कहेवायुं, कारण के "(आयुः) कर्म ज रहे छे त्यां सुधी 'जीवे छे' ए प्रमाणे कहेवाय छे, अने जीवथी (आयुः) कर्म दूर थतां ज 'मरे छे' ए प्रमाणे कहेवाय छे." अहीं सामान्यथी 'मरण' कहेवा छतां ते मरण विशिष्ट ज स्वीकारवुं, कारण के संसारमां वर्तता दुःखरूपी मरणो अनेक वखत अनुभव्यां तेथी शुं? अर्थात् ते अहीं न लेवां, पण अहीं मरणपदवडे अपुनर्भवरूप छेल्लुं, सर्वकर्मना क्षयनुं सहचारी, तथा मोक्षनुं कारणभूत मरण विवक्षित छे. तथा 'निर्जरातुं ते निर्जरायुं' ए पद सकल कर्मोना अभाव विषयक छे. जीवे पूर्वे कोइ वखत संपूर्ण कर्मना निर्जरणने अनुभव्युं नथी. आ सर्व

अन्य. नानार्थ. स्थितिबंध. अनुभागबंध. प्रदेशबंध. शैलेशी. मरण. निर्जरण.

---

१. आ (स्थितिबंध) शब्द कर्मनी (अमुककाल सुधीनी) स्थितिना नियमनो सूचक छे. जेम कोइ एक भींत उपर रंग लगावेलो होय अने ते अमुक काल सुधी स्थायी होय छे तेम, आत्मा पोतानी विचारसंकलनाथी के वचन अने देहना व्यापारथी, कर्मना (पुण्य, पापना) अणुओनो जे थर पोता उपर जमावे छे ते थर पण अमुक काल सुधी रहेनारो होय छे अने जेटला काल सुधी ते कर्मनो थर आत्मा उपर रहे ते कालने 'स्थितिबंध' कहे छे.

"अध्यवसायविशेषगृहीतस्य कर्मदलिकस्य यत् स्थितिकालनियमनं स स्थितिबन्धः" (क० प्र० गा०टी० २, पृ–३. भा०)

"एक प्रकारना अध्यवसायद्वारा ग्रहण करेल कर्मदलिकना स्थिति कालना नियमने 'स्थितिबंध' कहे छे". (क० प्र० गा० टी० २, पृ–३. भा०):–अनु०

२. ४४ मां पृष्ठमां 'समय' शब्द उपरनुं पांचमुं टिप्पण गवेषो, जेमां 'मुहूर्त'नुं स्वरूप कहेवाइ गयुं छे.–अनु०

३. आ (अनुभागबंध) शब्द कर्ममां रहेल रसने जणावनारो छे. जेम कोइ केरीमां एकगुण मीठाश छे, कोइ केरीमां द्विगुण (बमणी) मीठाश छे, कोइ केरीमां त्रिगुण मीठाश छे अने ए प्रमाणे दरेक केरीमां न्यून अधिक मीठाश होय छे; तेथी ते मीठाश प्रमाणे खानाराने सुखादिकनी प्राप्ति थाय छे. तेम आत्माए संगृहीत करेल कर्मना थरमां पण रस होय छे अने ते रस कोइ थरमां एकगुण, कोइमां द्विगुण, कोइमां त्रिगुण अने ए प्रमाणे दरेक थरमां रसनी न्यूनाधिकता होय छे. तेथी ज ते थरना धणी–कर्म फळना भोगकरनार–ने विचित्ररसवाळा कर्मोना थरो भोगववा पडे छे. उदाहरण तरीके जेम, एक मनुष्ये एक लाख रूपियानुं दान कर्युं अने बीजा मनुष्ये एक पावलुं पाणी पायुं, तो पण ते बन्ने मनुष्यो केटलीक वार एवो कर्मनो थर पोता उपर जमावे छे जेनुं सुखरूप फल बेउने एक सरखुं ज मळे छे. तेम ज कोइ मनुष्ये मोटी हिंसा करी अने कोइ मनुष्ये मात्र मनद्वारा ज हननो विचार कर्यो, तो पण ते बन्ने मनुष्यो केटलीक वार एवो कर्मनो थर पोता उपर ले छे जेनुं दुःखरूप फल ते बेउने एक सरखुं ज होय छे अर्थात् कर्मना थरमां रस रेडवानुं सामर्थ्य स्थूल क्रियाओ उपर नथी पण आत्माना विचारोनी दृढता उपर छे. ते कर्मना थरमा रहेल सारा या नठारा रसने 'अनुभागबंध' कहे छे.

"कर्मपुद्गलानामेव शुभोऽशुभो वा, घात्यघाती वा यो रसः सोऽनुभागबन्धो रसबन्ध इत्यर्थः" (कर्म० प्र० गा० टी० २, पृ–३. भा०)

"कर्मपुद्गलोना ज सारा वा नठारा, घातक वा अघातक रसने 'अनुभागबंध' के, 'रसबंध' कहे छे." (क० प्र० गा० टी० २, पृ–३. भा०):–अनु०

४. आ(प्रदेशबंध) शब्द कर्मना ग्रहणनो सूचक छे. आत्मा जे कर्मनो थर पोता उपर ले छे पण जो ते थरनी स्थितिनो एटले के, ते थर अमुक काल सुधी आत्मा उपर रहेशे तेनो निर्णय न होय अने ते थरमा कोइ प्रकारनो रस न रेडायो होय तो, ते थर 'प्रदेशबंध' कहेवाय छे.

"कर्मपुद्गलानामेव यद् ग्रहणं स्थिति–रसनिरपेक्षदलिकसंख्याप्राधान्येनैव करोति स प्रदेशबन्धः" (क० प्र० गा० टी०२, पृ–३. भा०)

"स्थिति अने रसनी अपेक्षा सिवाय मात्र संख्यानी प्रधानताए ज कर्म पुद्गलोना ग्रहणने 'प्रदेशबंध' कहेवाय छे." (क० प्र०–गा० टी० २, पृ–३. भा०):–अनु०

५. विशेषावश्यक सूत्रमां 'शैलेशी' शब्दनुं विवेचन आ प्रमाणे छेः–शैलेशी=मेरु नामना शैलेश (पर्वतस्वामी) जेवी अचलता जे स्थिरतामां होय ते शैलेशी. अथवा, स्थिरतावडे अशैलेश शैलेशनी पेठे थाय ते शैलेशी. अथवा, सेऽलेसी–प्राकृत होवाथी 'से भिक्खू वा भिक्खुणी वा' इत्यादि न्यायथी 'से' एटले ते–महर्षि–अर्थात् जे अवस्थामां महर्षि लेश्यारहित होय ते शैलेशी अवस्था (अकारना लोपथी आ शब्द बने छे.) अथवा, प्राकृत संज्ञाने आश्रीने स्थिरतावडे शैल–पर्वत–जेवो जे महर्षि तेनी जे स्थिरता ते पण उपचारथी शैलेशी कहेवाय. अथवा शील–समाधान–समाधि, ते निश्चयनयथी उत्कृष्ट समाधानरूप होवाथी सर्व संवर, तेनो जे ईश–स्वामी–ते शीलेश अने तेनी जे स्थिति–अवस्था–ते शैलेशी. (विशेषा० गा०३०६५,६६,६७):–अनु०

६. आ (समुच्छिन्नक्रिय) शब्द माटे 'शुक्लध्यान' शब्द उपरनुं विवेचन जुओ (आगळनुं पृ–३७.):–अनु०

७. आ (निर्जरण) शब्द 'निर्' पूर्वक 'जॄ' धातुथी उपजे छे. 'जॄ' धातुनो अर्थ 'जीर्ण थवुं–नाश पामवो' थाय छे. जैनपरिभाषामां 'कर्मोना नाशमां' आ निर्जरण के निर्जरा शब्द प्रसिद्ध छे.

"निर्जीर्यमाणम्–नितराम्–अपुनर्भावेन क्षीयमाणं कर्म" (भ० टी० श्रीअभयदेव.)

"फरीथी उत्पन्न न थाय तेवी रीते क्षय पामता कर्मने 'निर्जरण' प्राप्त कर्म कहे छे." (भ० टी० श्रीअभयदेव.):–अनु०

कर्मना अभावरूप निर्जरण अर्थने लीधे आ पद पूर्व पदोथी भिन्न अर्थवाळुं होवाथी भिन्नार्थक छे. आ पदो विशेषे करी नानार्थक–विभिन्नार्थक–छे, परंतु सामान्य रीते क्या पक्षना अभिधायकपणे प्रवर्तेला छे? आ प्रमाणेनी आशंकाना परिहार माटे कहे छेः–['विगयपक्खस्स' त्ति] विगत–विगम–अवस्थान्तरनी अपेक्षाए वस्तुनो विनाश, अर्थात् वस्तुनुं अवस्थान्तर थवुं ते, ते ज पक्ष एटले वस्तुधर्म, अथवा तेनो पक्ष एटले परिग्रह, ते विगतपक्ष कहेवाय. ते विगत पक्षना कहेवावाळा आ पांच पदो छे, ए प्रमाणे संबंध करी लेवो.

विगत पक्ष.

७. विगतत्वं तु इह अशेषकर्माऽभावोऽभिमतः, जीवेन तस्याप्राप्तपूर्वतयाऽत्यन्तमुपादेयत्वात् तदर्थत्वाच्च पुरुषप्रयासस्येति. एतानि चैवं विगमार्थानि भवन्ति–छिद्यमानपदे हि स्थितिखण्डनं विगम उक्तः, भिद्यमानपदे तु अनुभावभेदो विगमः, दह्यमानपदे तु अकर्मताभवनं विगमः, म्रियमाणपदे पुनरायुष्कर्माऽभावो विगमः, निर्जीर्यमाणपदे तु अशेषकर्माऽभावो विगम उक्तः, तदेवमेतानि विगतपक्षस्य प्रतिपादकानीत्युच्यन्ते. एवं च यत् पञ्चमाङ्गादिसूत्रोपन्यासे प्रेरितं 'यदुत केनाऽभिप्रायेण इदं सूत्रमुपन्यस्तमिति?' तत् केवलज्ञानोत्पाद–सर्वकर्मविगमाऽभिधानरूपसूत्राऽभिप्रायव्याख्यानेन निर्णीतमिति. एतत् सूत्रसंवादिसिद्धसेनाचार्योऽप्याहः–*'उप्पज्जमाणकालं उप्पण्णं विगयं विगच्छन्तं, दवियं पण्णवयंतो तिकालविसयं विसेसेइ.''* इति. 'उत्पद्यमानकालम्' इत्यनेन आद्यसमयादारभ्य उत्पत्त्यन्तसमयं यावदुत्पद्यमानत्वस्य इष्टत्वाद् वर्तमान-भविष्यत्कालविषयद्रव्यमुक्तम्, 'उत्पन्नम्' इत्यनेन तु अतीतकालविषयम्, एवं 'विगतं विगच्छत्' इत्यनेनापीति, ततश्च उत्पद्यमानादि प्रज्ञापयन् स भगवान् द्रव्यं विशेषयति, कथं?, त्रिकालविषयं यथा भवतीति संवादगाथार्थः.

७. अहीं विगत एटले अशेष कर्मनो अभाव इष्ट छे, कारण के जीवे पूर्वे कोइ समय तेने (अशेष कर्मना अभावने) प्राप्त कर्यो नथी. जेथी ते, सकल कर्मनो अभाव) अत्यन्त उपादेय ग्राह्य–छे; वळी तेने माटे ज पुरुषनो प्रयास छे. आ पांच पदो आवी रीते विगमार्थक (विनाशार्थक) छेः–(१) छिद्यमानपदमां स्थितिखंडरूप विगम कह्यो. (२) भिद्यमान पदमां अनुभावभेद–रसभेद–विगम कह्यो. (३) दह्यमान पदमां कर्मरहित थवा (कर्मनो दाह थवा) स्वरूप विगम कह्यो. (४) म्रियमाण पदमां फरी आयुःकर्मना अभावरूप विगम कह्यो. (५) अने निर्जीर्यमाण पदमां अशेष कर्मनो अभाव ए विगम कह्यो छे. आ कारणथी आ पांच पदो विगतपक्षना कहेवावाळा छे. आ पांचमां अंगना आदि सूत्रना उपन्यासमां जे प्रेर्युं हतु के, शा अभिप्रायथी आ सूत्र सौथी प्रथम रच्यो छो?, तेनो केवलज्ञाननी उत्पत्ति अने सर्व कर्मनो नाश कहेवारूप सूत्रना अभिप्रायनी व्याख्यावडे निर्णय कर्यो. आ सूत्रना संवादी सिद्धसेनाचार्य पण कहे छेः–''उत्पद्यमानकालिक (वर्तमानकालना) द्रव्यने उत्पन्नकालिक (भूतकालिक) प्ररूपनार, तथा विगच्छत्कालिक (वर्तमान कालना) द्रव्यने विगतकालिक (भूतकालिक) प्ररूपनार भगवान् 'द्रव्य त्रिकाल विषयक छे' एम द्रव्यने विशेषित करे छे अर्थात् आद्य समयथी आरंभी उत्पत्तिना अंत्य समय सुधी उत्पद्यमानत्व इष्ट होवाथी 'उत्पद्यमान काल' ए पद वडे वर्तमान अने भविष्यत् कालविषयक वात कही. 'उत्पन्न' ए पदथी अतीत कालविषयक द्रव्य कह्युं. 'विगच्छत्' पदथी पण ए ज प्रमाणे कह्युं छे एटले के उत्पद्यमानादिनुं प्ररूपणकर्ता भगवान् द्रव्यने विशेषित करे छे के, द्रव्य त्रिकाळविषयक छे.'' आ प्रमाणे संवाद गाथानो अर्थ छे.

विगम.

समाधान.

सिद्धसेननी अनुमति.

८. अन्ये तु 'कर्म' इति पदस्य सूत्रेऽनभिधानाच्चलनादिपदानि सामान्येन व्याख्यान्ति न कर्मापेक्षयैव, तथाहिः–*'चलमाणे चलिए'*त्ति इह चलनमस्थिरत्वपर्यायेण वस्तुन उत्पादः. *'वेइज्जमाणे वेइए'*त्ति व्येजमानं कम्पमानम्, व्येजितं कम्पितम्–'एजृ कम्पने' इति वचनात्, व्येजनमपि तद्रूपापेक्षयोत्पाद एव. *'उदीरिज्जमाणे उदीरिए'*त्ति इहोदीरण स्थिरस्य सत प्रेरणं तदपि चलनमेव. *'पहिज्जमाणे पहीणे'*त्ति प्रहीयमाणं प्रभ्रश्यत् परिपतदित्यर्थः, प्रहीणं प्रभ्रष्टं परिपतितमित्यर्थः, इहापि प्रहाणं चलनमेव. चलनादीनां चैकार्थत्वं सर्वेषां गत्यर्थत्वाद्. *'उप्पण्णपक्खस्स'*त्ति चलत्वादिना पर्यायेणोत्पन्नत्वलक्षणपक्षस्याऽभिधायकान्येतानीति. तथा छेद-भेद-दाह-मरण-निर्जरणानि अकर्मार्थान्यपि व्याख्येयानि, तद्व्याख्यानं च प्रतीतमेव. भिन्नार्थता पुनरेषामेवम्–कुठारादिना लतादिविषयश्छेदः. तोमरादिना शरीरादिविषयो भेदः. अग्निना दार्वादिपर्यादिविषयो दाहः. मरणं तु प्राणत्यागः. निर्जरा तु अतिपुराणीभवनमिति. *'विगयपक्खस्स'*त्ति भिन्नार्थान्यपि सामान्यतो विनाशाऽभिधायकान्येतानीत्यर्थः. न च वक्तव्यं किमेतैश्चलनादिभिः इह निरूपितै? अतत्त्वरूपत्वादेषाम्. अतत्त्वरूपत्वस्याऽसिद्धत्वात्, तदसिद्धिश्च निश्चयनयमतेन वस्तुस्वरूपस्य प्रज्ञापयितुमारब्धत्वात्, तथाहिः–व्यवहारनयश्चलितमेव चलितमिति मन्यते, निश्चयस्तु चलदपि चलितमिति. अत्र च बहु वक्तव्यम्, तच्च विशेषावश्यकाद्, इहैवाभिधास्यमानजमालिचरिताच्चाऽवसेयमिति.

सामान्यव्याख्या.

८. केटलाक तो, सूत्रमां 'कर्म' पद कहेलुं नथी माटे चलन वगेरे पदोनी सामान्यपणे व्याख्या करे छे, अर्थात् चलन वगेरे पदोनुं सामान्य रीते व्याख्यान करे छे. किन्तु कर्मनी ज अपेक्षाए व्याख्या करता नथी, जेम केः–''(१) ['चलमाणे चलिए'] 'चालतुं ते चाल्युं' एमां चलन एटले अस्थिरत्व पर्यायथी वस्तुनो उत्पाद (उत्पत्ति.) (२) ['वेइज्जमाणे वेइए'] 'कंपतुं ते कंप्युं' एमां व्येजमानं एटले कंपतुं. ते व्येजितं एटले कंप्युं. कंपवुं ए पण स्वस्वरूपनी अपेक्षाए उत्पाद ज छे. (३) ['उदीरिज्जमाणे उदीरिए'] 'उदीरातुं उदीरायुं' ए पदमां उदीरवुं एटले स्थिर होय तेने प्रेरवुं, अने ते प्रेरण पण चलन ज छे. (४) ['पहिज्जमाणे पहीणे'] 'प्रभ्रष्ट थतुं- प्रभ्रष्ट थवा मांड्युं ते प्रभ्रष्ट थयुं' अहीं प्रहीयमाणं–प्रभ्रष्ट थतुं एटले परिपतन पामतुं (पडतुं) प्रहीणं -प्रभ्रष्ट–भ्रष्ट थयुं अर्थात् परिपतित थयुं–पड्युं. (एम अर्थ संबंध छे.) आ स्थले प्रहाण–भ्रष्ट थवुं–ए पण चलन ज छे. ए

---

१. प्र०छायाः–उत्पद्यमानकालमुत्पन्नं विगतं विगच्छत्, द्रव्यं प्रज्ञापयंस्त्रिकालविषयं विशेषयति. इति. सम्मतितर्के तृतीयकाण्डे (मा०) गा–३७.

२. एतद् जमालिचरितमस्मिन्नेव भगवतीसूत्रे नवमे शते, त्रयस्त्रिंश (३३) उद्देशके (पृ० ७९९–८४९ क० आ०) द्रष्टव्यम्, तथा श्रीविशेषावश्यकसूत्रे गा० २३०७–२३३२, पृ–९३५–९४४ (य० ग्रं०) द्रष्टव्यम्:–अनु०

१. 'एजृ' कंपवुं ए धातुनुं 'वि' उपसर्गपूर्वक रूप छेः–श्रीअभयदेव.

चलण वगेरे चार पदो गत्यर्थक होवाथी एकार्थक—समानार्थक—छे. ['उप्पण्णपक्खस्स'त्ति] चलनादि पर्यायथी आ चार पदो उत्पादलक्षण पक्षना कहेनारां छे. तथा छेद, भेद, दाह, मरण अने निर्जरा ए पांचेने पूर्वोक्त कर्म विषयथी अन्य विषयमां पण व्याख्यात करवा, तेओनी व्याख्या प्रतीत ज छे. ए पांचनुं भिन्नार्थपणुं आ प्रमाणे छेः—(१). कुठार (कुहाडा) वगेरेथी लतादिकनुं—वेलडी वगेरेनुं—कापवुं ते छेद, (२) भाला वगेरेथी शरीरादिकनुं कापवुं ते भेद, (३) अग्नि वगेरेथी काष्ठादिनुं बाळवुं ते दाह, (४) प्राणत्याग ते मरण अने (५) अत्यन्त पुराणुं (जूनुं) थवुं ते निर्जरा. ['विगयपक्खस्स'त्ति] आ दरेक पदो भिन्नार्थक छे तो पण सामान्य रीते विनाशने कहेनारां छे. आ मामान्य प्रकारे 'चालतुं ते चाल्युं' वगेरे अतत्त्वरूप होवाथी तेना निरूपण वडे शुं अर्थात् आ शास्त्रमां ए वातनुं निरूपण शामाटे कर्युं ? कारण के ते अतत्त्वरूप छे, एवी शंका न करवी. समा०—अहीं निश्चयनयना मत प्रमाणे वस्तुस्वरूपने जणाववानो आरंभ करेलो होवाथी सामान्य रीतिए पण चलनादि पदनुं निरूपण तात्त्विक छे माटे, तेमां अतत्त्वरूपनी ज असिद्धि छे. (अर्थात् निश्चय नयना मत अनुसार 'चालतुं ते चाल्युं' ए अतत्त्व नथी पण तत्त्वरूप सत्य छे) जेमके, व्यवहारनय 'चाल्युं' तेने ज 'चाल्युं' माने छे, परंतु निश्चयनय तो 'चालता'ने पण 'चाल्युं' माने छे. आ स्थले घणुं वक्तव्य कहेवानुं छे, परंतु ते विशेषावश्यकथी, तथा आ सूत्रमां ज जमालिनुं चरित्र कहेवाशे त्यांथी जाणी लेवुं.

अतत्त्वनी व्याख्या शामाटे ?

तत्त्व छे.

निश्चयनय.

नैरयिक.

३. प्र०—णेरइयाणं भंते ! केवइयंकालं ठिई पन्नत्ता ?.

३. प्र०—हे भगवन् ! नैरयिकोनी स्थिति केटला काळनी कही छे अर्थात् तेओनुं आयुष्य केटलुं होय छे ?.

३. उ०—गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं. उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पन्नत्ता.

३. उ०—हे गौतम ! जघन्यथी (थोडामां थोडी) दश हजार वर्षनी स्थिति कही छे, अने उत्कृष्टताथी (वधारेमां वधारे) तेत्रीश सागरोपमनी स्थिति कही छे.

४. प्र०—नेरइया णं भंते ! केवइकालस्स आणमंति वा? पाणमंति वा ? ऊससंति वा ? नीससंति वा ?.

४. प्र०—हे भगवन् ! नैरयिको केटला काळे श्वास ले छे ? अने केटले काळे श्वास मूके छे ? अर्थात् केटला काळे उच्छ्वास ले छे अने निःश्वास मूके छे ?.

४. उ०—जहा ऊसासपए.

४. उ०—हे गौतम ! उच्छ्वासपदमां कह्युं छे तेम जाणवुं.

५. प्र०—नेरइया णं भंते ! आहारट्ठी ?.

५. प्र०—हे भगवन् ! नैरयिको आहारार्थी (आहारना अभिलाषी) छे ?.

५. उ०—जहा पण्णवणाए पढमए आहारुद्देसए, तहा भाणियव्वं. गाथा:—

ठिई उस्सासाऽऽहारे किं वाऽऽहारेंति, सव्वओ वा वि,
कतिभागं सव्वाणि व कीस व भुज्जो परिणमंति ?.

५. उ०—हे गौतम ! जेम पन्नवणा (प्रज्ञापना) ना आहारपदना पहेला उद्देशकमां कह्युं छे, तेम जाणी लेवुं. गाथाः—
नैरयिकोनी स्थिति, उच्छ्वास तथा आहार विषयक कहेवुं, शुं तेओ आहार करे ? सर्व आत्मप्रदेशे वारंवार आहार करे ? केटलामो भाग आहार करे ? सर्व आहारक द्रव्योनो आहार करे ? अने आहारक द्रव्योने केवा रूपमां वारंवार परिणमावे ?.

६ प्र०—नेरइयाणं भंते ! पुव्वाहारिया पोग्गला परिणया ? आहारिया आहारिज्जमाणा पोग्गला परिणया ? अणाहारिया आहारिज्जस्समाणा पोग्गला परिणया ? अणाहारिया अणाहारिज्जस्समाणा पोग्गला परिणया ?

६. प्र०—हे भगवन् ! नैरयिकोए पूर्वे आहरेला पुद्गलो परिणामने पाम्यां ? आहरेला तथा आहराता पुद्गलो परिणामने पाम्यां ? जे पुद्गलो अनाहारित—नहीं आहरेला—छे ते तथा आहराशे ते परिणामने पाम्यां ? के जे पुद्गलो नहीं आहरेला छे ते तथा नहीं आहराशे ते परिणामने पाम्यां ?.

---

१. जमालिनुं सविस्तर चरित्र आ भगवतीसूत्रमां ज नवम शतकमां तेत्रीशमां उद्देशकमां छे त्यांथी जाणवुं (क० आ० पृ०७९९–८४९) तथा विशेषावश्यकसूत्रमां पण तेनो अधिकार छे, जे आगळ (पृ–४१–४२) ना टिप्पणमां जणाव्यो छे, ते पण जाणवो. (गाथा. २३०७–२३३२, पृ–९३५–९४४ य० ग्रं०)

१. मूलच्छायाः—नैरयिकाणां भगवन् ! कियत्कालं स्थितिः प्रज्ञप्ता ?. गौतम ! जघन्येन दश वर्षसहस्राणि, उत्कृष्टेन त्रयस्त्रिंशत् सागरोपमानि स्थितिः प्रज्ञप्ता. नैरयिका भगवन् ! कियत्कालाद् आनन्ति वा, प्राणन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा ?. यथोच्छ्वासपदे. नैरयिका भगवन् ! आहारार्थिनः ?. यथा प्रज्ञापनायां प्रथम आहारोद्देशकः, तथा भणितव्यम्. गाथाः—स्थितिः, उच्छ्वासा–ऽऽहारः किं वाऽऽहरन्ति सर्वतो वाऽपि, कतिभागं सर्वाणि वा किंस्वतया वा भूयः परिणमन्ति ? नैरयिकाणां भगवन् ! पूर्वाहृताः पुद्गलाः परिणताः. आहृताः, आह्रियमाणाः पुद्गलाः परिणताः. अनाहृताः, आहरिष्यमाणाः पुद्गलाः परिणताः. अनाहृताः, अनाहरिष्यमाणाः पुद्गलाः परिणताः ?:–अनु०

२. एतच्च प्रज्ञापनायां सप्तमम्. (क० आ० पृ–३२०–३२४). ३. आहारपदमपि तत्रैव अष्टाविंशतितमम्. तत्र द्वावुद्देशकौ, तयोः प्रथमः साक्षित्वेन समीपन्यस्तः, स च तत्र (क० आ० पृ–७२९–७३६) अस्ति:–अनु०

१. आ 'उच्छ्वासपद' प्रज्ञापनासूत्रमां सातमुं छे अने ते (क० आ० पृ–३२०थी३२४ सुधी) छे. २. 'आहारपद' प्रज्ञापनासूत्रमां अठ्ठावीशमुं छे, तेना बे उद्देशक छे, तेमां प्रथम उद्देशक (क० आ० पृ–७२९ थी७३६सुधी) छेः–अनु०

६. उ०—गोयमा ! नेरइयाणं पुव्वाहारिया पोग्गला परिणया. आहारिया आहारिज्जमाणा पोग्गला परिणया, परिणमंति य. अणाहारिया आहारिज्जस्समाणा पोग्गला णो परिणया, परिणमिस्संति. अणाहारिया अणाहारिज्जस्समाणा पोग्गला नो परिणया, णो परिणमिस्संति.

७. प्र०—नेरइयाणं भंते ! पुव्वाहारिया पोग्गला चिया ? पुच्छा.

७. उ०—जहा परिणया, तहा चिया वि, एवं उवचिया वि, उदीरिया, वेइया, निज्जिण्णा. गाहाः—

परिणय, चिया, य उवचिया, उदीरिया, वेइया, य निज्जिण्णा;
एक्केक्कम्मि पदम्मि चउव्विहा पोग्गला होंति.

८. प्र०—नेरईयाणं भंते ! कतिविहा पोग्गला भिज्जंति ?

८. उ०—गोयमा ! कम्मदव्ववग्गणमहिकिच्च दुविहा पोग्गला भिज्जंति. तं जहाः—अणू चेव, बायरा चेव.

९. प्र०—नेरईयाणं भंते ! कतिविहा पोग्गला चिज्जंति ?.

९. उ०—गोयमा ! आहारदव्ववग्गणमहिकिच्च दुविहा पोग्गला चिज्जंति. तं जहाः—अणू चेव, बायरा चेव. एवं उवचिज्जंति.

१०. प्र०—णेरईया णं भंते ! कतिविहा पोग्गले उदीरेंति ?

१०. उ०—गोयमा ! कम्मदव्ववग्गणमहिकिच्च दुविहे पोग्गले उदीरेंति. तं जहाः—अणू चेव, बायरा चेव. सेसा वि एवं चेव भाणियव्वा—वेदेंति, णिज्जरेंति. उयट्टिंसु, उयट्टेंति, उयट्टेस्संति. संकामिंसु, संकामेंति, संकामेस्संति. णिहत्तिंसु, णिहत्तेंति, णिहत्तेस्संति. णिकायिंसु, णिकायिंति, णिकायेस्संति. सव्वेसु वि कम्मदव्ववग्गणमहिकिच्च. गाहाः—

भेदिय, चिया, उवचिआ, उदीरिआ, वेदिआ, य णिज्जिण्णा;
उव्वट्टण-संकामण-णिहत्तण-णिकायणे तिविहकालो.

६. उ०—हे गौतम ! नैरयिकोए पूर्वे आहरेला पुद्गलो परिणामने पाम्यां. आहरेला पुद्गलो परिणामने पाम्यां अने आहरातां पुद्गलो परिणामने पामे छे. नहीं आहरेला पुद्गलो परिणामने पाम्यां नथी अने जे पुद्गलो आहराशे ते परिणामने पामशे. तथा नहीं आहरेला पुद्गलो परिणामने पाम्यां नथी अने जे पुद्गलो नहीं आहराशे ते परिणामने पामशे नहीं.

७. प्र०—हे भगवन् ! नैरयिकोए पूर्वे आहरेला पुद्गलो चयने पाम्यां ? (एम प्रश्न करवो.)

७. उ०—हे गौतम ! जेवी रीते परिणामने पाम्यां, तेवी रीते चयने पण पाम्यां. ए प्रमाणे उपचयने पाम्यां. उदीरणाने पाम्यां. वेदनने पाम्यां तथा निर्जराने पाम्यां. गाथाः—

परिणत, चित, उपचित, उदीरित वेदित, अने निर्जीर्ण; ए एक एक पदमां चार प्रकारना पुद्गलो (प्रश्न अने उत्तर विषयक) थाय छे.

८. प्र०—हे भगवन् ! नैरयिकोवडे केटला प्रकारना पुद्गलो भेदाय ?

८. उ०—हे गौतम ! कर्मद्रव्यवर्गणाने आश्रीने बे प्रकारना पुद्गलो भेदाय छे. ते आ प्रमाणे छेः—सूक्ष्म अने बादर.

९. प्र०—हे भगवन् ! नैरयिको केटला प्रकारना पुद्गलोनो चय करे छे ?.

९. उ०—हे गौतम ! आहारद्रव्यवर्गणानी अपेक्षाए बे प्रकारना पुद्गलोनो चय करे छे. ते आ प्रमाणे छेः—सूक्ष्म अने बादर. ए प्रमाणे उपचयमां पण जाणवुं.

१०. प्र०—हे भगवन् ! नैरयिको केटला प्रकारना पुद्गलोनी उदीरणा करे छे ?

१०. उ०—हे गौतम ! कर्मद्रव्यवर्गणानी अपेक्षाए ते बे प्रकारना पुद्गलोनी उदीरणा करे छे. ते आ प्रमाणे छेः—सूक्ष्म अने बादर. शेष (बाकीना) पदो पण आ प्रमाणे कहेवा. वेदे छे, निर्जरे छे. अपवर्तन पाम्या, अपवर्तन पामे छे, अपवर्तन पामशे. संक्रमाव्या, संक्रमावे छे, संक्रमावशे. निधत्त थया, निधत्त थाय छे, निधत्त थशे. निकाचित थया, निकाचित थाय छे, निकाचित थशे. आ सर्व पदमां कर्मद्रव्यवर्गणानो अधिकार करीने (अणु तथा बादर पुद्गलो कहेवा.) गाथाः—

भेदाया, चय पाम्या, उपचय पाम्या, उदीराया, वेदाया अने निर्जराया. अपवर्तन, संक्रमण, निधत्तन अने निकाचल (पाछलना चार) पदोमां त्रण प्रकारनो काल कहेवो.

---

१. मू०छाः—गौतम ! नैरयिकाणां पूर्वाहृताः पुद्गलाः परिणताः. आहृताः, आह्रियमाणाः पुद्गलाः परिणताः, परिणमन्ति च. अनाहृताः, आहरिष्यमाणाः पुद्गला नो परिणताः, परिणंस्यन्ति. अनाहृताः, अनाहरिष्यमाणाः पुद्गला नो परिणताः, नो परिणंस्यन्ति. नैरयिकाणां भगवन् ! पूर्वाहृताः पुद्गलाश्चिताः ? पृच्छा. यथा परिणताः, तथा चिता अपि, एवमुपचिता अपि, उदीरिताः, वेदिताः, निर्जीर्णाः. गाथाः—परिणताश्चिताश्चोपचिता उदीरिता वेदिताश्च निर्जीर्णाः, एकैकस्मिन् पदे चतुर्विधाः पुद्गला भवन्ति. नैरयिकाणां भगवन् ! कतिविधाः पुद्गला भिद्यन्ते ? गौतम ! कर्मद्रव्यवर्गणामधिकृत्य द्विविधाः पुद्गला भिद्यन्ते, तद्यथाः—अणवश्चैव बादराश्चैव. नैरयिकाणां भगवन् ! कतिविधाः पुद्गलाश्चीयन्ते ?. गौतम ! आहारद्रव्यवर्गणामधिकृत्य द्विविधाः पुद्गलाश्चीयन्ते. तद्यथाः—अणवश्चैव, बादराश्चैव. एवमुपचीयन्ते. नैरयिका भगवन् ! कतिविधान् पुद्गलानुदीरयन्ति ?. गौतम ! कर्मद्रव्यवर्गणामधिकृत्य द्विविधान् पुद्गलानुदीरयन्ति. तद्यथाः—अणूंश्चैव, बादरांश्चैव. शेषा अप्येवं चैव भणितव्याः—वेदयन्ति. निर्जरयन्ति. अपावर्तयन्, अपवर्तयन्ति, अपवर्तयिष्यन्ति. समक्रमयन् , संक्रमयन्ति, संक्रमयिष्यन्ति. निधत्तानकार्षुः, निधत्तान् कुर्वन्ति, निधत्तान् करिष्यन्ति. निकाचितवन्तः, निकाचयन्ति, निकाचयिष्यन्ति. सर्वेष्वपि कर्मद्रव्यवर्गणामधिकृत्य. गाथाः—भेदिताः, चिताः, उपचिताः, उदीरिताः, वेदिताश्च निर्जीर्णाः; अपवर्तन-संक्रमण-निधत्तन-निकाचने त्रिविधः कालः—अनु०—

११. प्र०—णेरइया णं भंते ! जे पोग्गले तेया-कम्मत्ताए गेण्हंति, ते किं तीतकालसमए गेण्हंति ? पडुप्पण्णकालसमये गेण्हंति ? अणागतकालसमये गेण्हंति ?.

११. प्र०—हे भगवन्! नैरयिको जे पुद्गलोने तैजस-कार्मण-पणे ग्रहण करे छे, तेने (पुद्गलोने) शुं अतीत (गयेला) काळसमयमां ग्रहण करे छे ? प्रत्युत्पन्न (वर्तमान) काळसमयमां ग्रहण करे छे ? के भविष्य काळसमयमां ग्रहण करे छे ?

११. उ०—गोयमा ! णो तीयकालसमये गेण्हंति, पडुप्पण्णकालसमए गेण्हंति, णो अणागयकालसमए गिण्हंति.

११. उ०—हे गौतम! अतीत काळसमयमां ग्रहण करता नथी, (पण) प्रत्युत्पन्न काळसमयमां ग्रहण करे छे. (अने) भविष्य काळसमयमां ग्रहण करता नथी.

१०. तेओ विषे शंकादिक आ प्रमाणे छे —शंका – अवधिज्ञानथी मनःपर्यायज्ञानने जूदु कहेवानु शुं कारण? कारण के परमाणुथी मांडी बधां रूपवाळां द्रव्यो सुधीना विषयोने ग्रहण करनारु अवधिज्ञान छे माटे ते (अवधिज्ञान) असंख्य प्रकारनु छे. अने मनःपर्यायज्ञाननो विषय मात्र मनोद्रव्यो ज छे. ते मनोद्रव्यो अवधिज्ञानवडे पण जोवाइ शकाय छे माटे मनोद्रव्योने जाणनारु अवधिज्ञानथी जूदुं मनःपर्याय ज्ञान होवानुं कारण नथी. तो पण शास्त्रोमां जूदुं मनःपर्याय ज्ञान शा माटे कह्यु अर्थात् तेने जूदु कहेवामा तत्त्व शु छे? ए प्रमाणे ज्ञानांतर विषे शका छे. स०—जो के अवधिज्ञानवडे मनोद्रव्यो पण उपलब्ध थइ शके छे. तो पण मनःपर्यायज्ञान अवधिज्ञानना भेदोमा समाइ शकतु नथी. कारण के अवधि अने मनःपर्यायज्ञाननो जूदो जूदो स्वभाव छे. तेओनो भिन्न स्वभाव आ रीतिए छे —मन पर्यायज्ञान मात्र मनोद्रव्योनु ज ग्राहक छे अने ते ज्ञानमां प्रथम दर्शन (सामान्य ज्ञान) होतु नथी अने केटलुक अवधिज्ञान मन सिवायना द्रव्योनु ग्राहक छे तथा केटलुक अवधिज्ञान मनने अने बीजा द्रव्योने पण ग्रहण करनारुं होय छे तथा अवधिज्ञानमा सौथी प्रथम दर्शन होय छे, पण कोइ अवधिज्ञान एवु नथी के जे मात्र मनोद्रव्यनुं ज ग्राहक होय. इत्यादि आ संबंधे घणुं कहेवानुं छे. तात्पर्य ए छे के, पूर्व प्रमाणे अवधिज्ञान अने मनःपर्याय ज्ञानना स्वभावमा जूदाइ छे माटे मनःपर्यायज्ञान अवधिज्ञान करतां जूदुं कहेवुं जोइए. दर्शन विषे शंका. तथा दर्शन एटले सामान्यज्ञान, तेमा जो इंद्रियनिमित्तक अने अनिंद्रिय (मनो) निमित्तक सामान्य अर्थविषयक ज्ञानने दर्शन कहेवामां आवे तो एक चक्षुर्दर्शन अने बीजु अचक्षुर्दर्शन एम बे भेद ज शा माटे होइ शके? जो इंद्रियजन्य अने अनिंद्रियजन्य ए प्रकारे दर्शनना भेद करवाना होय तो चक्षुर्दर्शननी पेठे श्रोत्रदर्शन, घ्राणदर्शन, रसनादर्शन, स्पर्शदर्शन अने मनोदर्शन ए प्रकारे दर्शनना छ भेद थवा जोइए, पण बे भेद न ज थवा जोइए. स० -वस्तुना बे प्रकार छे सामान्य अने विशेष, माटे कोइ स्थळे सामान्यप्रकारे वस्तुनो निर्देश थाय छे अने कोइ स्थळे विशेष प्रकारे वस्तुनो निर्देश थाय छे. तेमां अहीं 'चक्षुर्दर्शन' ए निर्देश विशेषता पूर्वक छे अने 'अचक्षुर्दर्शन' ए निर्देश सामान्य प्रकारे छे. वळी दर्शनना विभाग बीजी रीतिए पण कही शकाय छे. तो पण जे 'चक्षुर्दर्शन अने अचक्षुर्दर्शन' ए प्रकारे दर्शनना भेद कर्या छे तेमां कारणरूपे इंद्रियोना बे विभाग छे. ते आ छे. प्राप्यकारी अने अप्राप्यकारी. जो के मन तो अप्राप्यकारी छे तो पण मनने अनुसरनारी प्राप्यकारी इंद्रियो घणी छे, माटे मनोदर्शन अने आंख सिवायनी बीजी दरेक इंद्रियोनु दर्शन अचक्षुर्दर्शन शब्दथी लेवाय छे अने आंखनुं दर्शन चक्षुर्दर्शन शब्दथी समजवानुं छे. अथवा दर्शन एटले 'सम्यक्त्व' लेवुं. अने ते विषे शंका आ प्रमाणे छे.-दर्शनना बे विभाग छे—क्षायोपशमिक अने औपशमिक. तेमां क्षायोपशमिकनुं स्वरूप आ छेः-"उदीर्ण थएलुं मिथ्यात्व क्षीण थयुं होय अने अनुदीर्ण मिथ्यात्व उपशांत—टाढुं पडी गएलुं—होय" त्यारे क्षायोपशमिक दर्शन—सम्यक्त्व—होइ शके छे. औपशमिकनुं स्वरूप आ छेः- "उदीर्ण थएलु मिथ्यात्व क्षीण थयुं होय, अने बाकीनुं मिथ्यात्व अनुदीर्ण होय त्यारे मात्र अंतर्मुहूर्त सुधी जीव औपशमिक सम्यक्त्वने पामे छे" हवे क्षायोपशमिक दर्शननुं अने औपशमिक दर्शननुं लक्षण जोतां तो ते बेमां जरापण तफावत भासतो नथी अने ते बन्नेमां तफावत तो कह्यो छे. तेनुं शुं कारण? समाः—क्षयोपशम अने उपशमनुं लक्षण जूदुं ज छे. उदीर्णनो क्षय अने अनुदीर्णनो विपाकानुभवनी अपेक्षाए उपशम होय पण प्रदेशानुभवनी अपेक्षाए तो उदय ज होय तेने 'क्षयोपशम' कहे छे. अने उपशममां तो प्रदेशानुभव ज नथी अर्थात् क्षयोपशममां प्रदेशानुभव होय छे अने उपशममां ते नथी होतो ए रीतिए ए बेमां तफावत छे. कह्यु छे केः "क्षायोपशमिक भावमां विपाक—अनुभाव—सिवाय सत्—विद्यमान -कर्म वेदाय छे अर्थात् विपाकानुभवपूर्वक वेदातुं नथी अने उपशांतकषायवाळो जीव तो सत् कर्मने पण वेदतो नथी."

अवधिथी मनःपर्याय जूदुं शा माटे?

जूदी जातनु छे माटे.

तेओनी जूदाइ.

दर्शन विषे शंका.

समाधान.

दर्शन—सम्यक्त्व.

क्षयोपशम अने उपशमनी जूदाइ.

---

१. प्र० छा:—मिथ्यात्वं यद् उदीर्णं तत् क्षीणम्, अनुदितं चोपशान्तम्. २. क्षीणे उदीर्णे अनुदीयमाने च शेषमिथ्यात्वे, अन्तर्मुहूर्तमात्रमुपशमसम्यक्त्वं लभते जीवः. ३. वेदयति सत्कर्म क्षायोपशमिकेषु नानुभावं सः, उपशान्तकषायः पुनर्वेदयति न सत्कर्मः—अनु०

११. तथा चारित्रं चरणम्, तत्र यदि सामायिकं सर्वसावद्यविरतिलक्षणम्, छेदोपस्थापनीयमपि तल्लक्षणमेव, महाव्रतानामवद्यविरतिरूपत्वात्. तत् कोऽनयोर्भेदः? उक्तश्चासौ इति. अत्र समाधिः–ऋजुजड–वक्रजडानां प्रथम–चरमजिनसाधूनामाश्वासनाय छेदोपस्थापनीयमुक्तम्, व्रतारोपणे हि मनाक् सामायिकाऽशुद्धावपि व्रताखण्डनाच्चारित्रिणो वयं चारित्रस्य व्रतरूपत्वादिति बुद्धिः स्यात्, सामायिकमात्रे तु तदशुद्धौ भग्नं नश्चारित्रम्. चारित्रस्य सामायिकमात्रत्वाद् इत्येवमनाश्वासस्तेषां स्यादिति. आह च–"[1]रिउ–वक्कजडा पुरिमेयराण सामाइए वयारुहणं. मणयमसुद्धेऽपि जओ सामाइए हुंति हु वयाइं" इति. तथा लिङ्गं साधुवेषः, तत्र च यदि मध्यमजिनैर्यथालब्धवस्त्ररूपं लिङ्गं साधूनामुपदिष्टम्, तदा किमिति प्रथम–चरमजिनाभ्यां सप्रमाणधवलवसनरूपं तदेवोक्तम्. सर्वज्ञानामविरोधिवचनत्वादिति. अत्रापि ऋजुजड–वक्रजड–ऋजुप्राज्ञशिष्यानाश्रित्य भगवतां तस्योपदेशः, तथैव तेषामुपकारसंभवादिति समाधिः. तथा प्रवचनमत्राऽऽगमः, तत्र च यदि मध्यमजिनप्रवचनानि चतुर्यामधर्मप्रतिपादकानि, कथं प्रथमेतरजिनप्रवचने पञ्चयामधर्मप्रतिपादके? सर्वज्ञानामविरुद्धवचनत्वात्. अत्रापि समाधिः–चतुर्यामोऽपि तत्त्वतः पञ्चयाम एव असौ, चतुर्थव्रतस्य परिग्रहेऽन्तर्भूतत्वात्, "योषा हि नाऽपरिगृहीता भुज्यते" इति न्यायादिति. तथा प्रवचनमधीते, वेत्ति वा प्रावचनः–कालापेक्षया बह्वागम पुरुष, तत्रैक प्रावचनिक एवं कुरुते, अन्यस्त्वेवम्, इति किमत्र तत्त्वम्? इति. समाधिश्चेह चारित्रमोहनीयक्षयोपशमविशेषेण, उत्सर्गापवादादिभावितत्वेन च प्रावचनिकानां विचित्रा प्रवृत्तिरिति, नासौ सर्वथाऽपि प्रमाणम्, आगमाविरुद्धप्रवृत्तेरेव प्रमाणत्वादिति. तथा कल्पो जिनकल्पिकादिसमाचारः, तत्र यदि नाम जिनकल्पिकानां नाग्न्यादिरूपो महाकष्टः कल्पः कर्मक्षयाय, तदा स्थविरकल्पिकानां वस्त्र–पात्रादिपरिभोगरूपो यथाशक्तिकरणात्मकोऽकष्टस्वभावः कथं कर्मक्षयाय इति? इह च समाधिः द्वावपि कर्मक्षयहेतू अवस्थाभेदेन जिनोक्तत्वात्, कष्टाकष्टयोश्च विशिष्टकर्मक्षयं प्रत्यकारणत्वादिति.

चारित्र विषे शंका.

११. तथा चारित्र विषे पण शंका आ प्रमाणे छे–चारित्रना बे प्रकार छे, एक सामायिक अने बीजुं छेदोपस्थानीय. सामायिक चारित्र सर्वसावद्य विरतिरूप छे अने महाव्रतरूप होवाथी छेदोपस्थानीय चारित्र पण अवद्यविरतिरूप ज छे. तो आ बन्नेनुं लक्षण सरखुं छे छतां तेमां तफावत केम होइ शके? अने शास्त्रोमां तो ते बेमां तफावत कह्यो छे. तेनुं शुं कारण? समा० प्रथम जिनना साधुओ ऋजुजड छे तथा अंतिम जिनना साधुओ वक्रजड छे माटे तेओना आश्वासन सारु पूर्व प्रमाणे चारित्रना बे प्रकार कह्या छे. जो चारित्रना बे प्रकार करवामां न आवे अने आगळ एक ज सामायिक चारित्ररूप प्रकार व्यवस्थापवामां आवे तो नीचे लख्या प्रमाणे बाधो आवे छे. जे मुमुक्षुए पूर्वे ज सामायिक चारित्र स्वीकार्युं छे ते मुनि जो तेमां कांइ जरा पण भूल करे तो तेना मनमां एम आवे के मारुं चारित्र नष्ट थइ गयुं अने हुं भ्रष्ट थइ गयो. कारण के चारित्र मात्र केवळ सामायिकरूप ज छे पण बीजुं नथी अर्थात् ए प्रमाणे ते आकळो थइ जाय अने सौथी पहेला चारित्र स्वीकार्या पछी जो बीजी वार चारित्र लेवानो प्रसंग होय तथा पूर्वना चारित्रमां जो कांइ भूल थाय तो पूर्व प्रमाणे आकळा थवानो प्रसंग न रहे. कारण के व्रतनो आरोप कर्या बाद जो सामायिक संबंधे जराक अशुद्धता थइ होय तो व्रत खंडातुं नथी. अने तेम थवाथी तेओ (थोडी भूलवाळा) पण 'अमे चारित्रवाळा छीए' एम समजी आकळा थता नथी अने आ कारणने लीधे ज पूर्वप्रमाणे चारित्रना बे प्रकार कह्या छे. कह्युं छे के "प्रथम अने अंतिम जिनना साधुओ अनुक्रमे ऋजुजड तथा वक्रजड छे माटे तेओने सारु सामायिक पछी व्रतनो आरोप कह्यो छे. कारण के जो सामायिक जराक अशुद्ध थयुं होय तो पण व्रतोने बाध आवतो नथी. अर्थात् सामायिक संबंधी थोडी भूल थाय तो पण व्रतो रहे छे" हवे लिंग वेष–संबंधे पण आ प्रमाणे शंका छे. जो वचला जिनोए एम कह्युं होय के, वस्त्रो मळे तेवो वेष साधुओए राखवो तो प्रथम अने अंतिम जिने एम शा माटे कह्युं के, साधुओए मापवाळां अने धोळां वस्त्रथी पोताना वेष धरवो? कारण के सर्वज्ञनुं वचन परस्पर विरुद्ध नथी होतुं. समा० ऋजुजड, वक्रजड अने ऋजुप्राज्ञ स्वभाववाळा शिष्योने अपेक्षी भगवते पूर्व प्रमाणे भिन्न लिंग विषे उपदेश कर्यो छे. कारण के तेवा शिष्योनो उपकार ते ज प्रकारे थइ शके छे. हवे प्रवचन आगम संबंधे पण आ प्रमाणे शंका छेः–जो वचला जिननुं प्रवचन चार व्रतरूप धर्मने कहेतुं होय तो प्रथम अने अंतिम जिननुं प्रवचन पांच व्रतरूप धर्मने कहे तेनुं शुं कारण? कारण के सर्वज्ञोना वचनो परस्पर विरुद्ध होइ शकता नथी. समा० चार व्रतरूप धर्म पण खरी रीते पांच व्रतरूप ज छे. कारण के चोथा व्रतनो, परिग्रहमां समावेश कर्यो छे 'स्वीकारेली ज स्त्री भोगवाय छे' एवा न्यायथी स्त्री पण परिग्रहरूप ज छे. हवे प्रावचनिक विषे शंका आ प्रमाणे छे प्रवचनने भणे के जाणे ते प्रावचनिक, अर्थात् कालापेक्षाए बहुश्रुत पुरुष. एक प्रावचनिक आम करे छे अने बीजो प्रावचनिक आम करे छे तो एमां खरुं तत्त्व कोनुं समजवुं? समा० चारित्रमोहनीयना एक प्रकारना क्षयोपशमथी अने उत्सर्ग तथा अपवादादिना सबंधपणाने लीधे प्रावचनिकोनी प्रवृत्ति विचित्रतावाळी जणाय छे अने ते सर्वथा प्रमाणरूप पण नथी. कारण के ते ज प्रवृत्ति प्रमाणभूत छे जे आगमथी अविरुद्ध छे. तथा कल्प विषेनी शंका आ प्रमाणे छेः–कल्प एटले जिनकल्पिकादिकनो आचार. तेमां जो जिनकल्पिकोनो नाग्न्यादि नागा रहेवुं वगेरे रूप महाकष्टवाळो कल्प कर्मक्षयनुं कारण होय तो स्थविरकल्पिकोनो वस्त्र अने पात्रादिनो परिभोग करवारूप तथा यथाशक्ति करवारूप ओछा कष्टवाळो कल्प कर्मक्षयनुं कारण केम थइ शके? अर्थात् न थइ शके. समा० ते बन्ने कल्पो अवस्थाना भेदथी कर्मक्षयमां कारण छे, एम श्रीजिने कहेलुं छे. तथा कष्ट अने अकष्ट विशिष्ट कर्मना नाश माटे कांइ कारण नथी.

समाधान.

वेष विषे शंका. समाधान. प्रवचन विषे शंका. समाधान. कोनुं साचुं? आगम. कल्प विषे शंका. समाधान.

१२. तथा मार्गः पूर्वपुरुषक्रमागता सामाचारी, तत्र केषांचिद् द्विश्चैत्यवन्दनाऽनेकविधकायोत्सर्गकरणादिकाऽऽवश्यकसामाचारी. तदन्येषां तु न तथेति किमत्र तत्त्वमिति? समाधिश्च–गीतार्थाशठप्रवर्तिताऽसौ सर्वापि न विरुद्धा, आचरितलक्षणोपेतत्वात्, आचरितलक्षणं चेदम्–"[2]असढेण समाइण्णं जं कत्थइ केणई असावज्जं, न निवारियमन्नेहिं बहुमणुमयमेयमायरियं"ति. तथा मतं समान एवाऽऽगमे

---

१. प्र०छाया.—ऋजु–वक्रजडाः पूर्वेतराणां सामायिके व्रतारोहणम्, मनाग् अशुद्धेऽपि यतः सामायिके भवन्ति खलु व्रतानि. २. अशठेन समाचीर्णं यत् कुत्राऽपि केनचिद् असावद्यम्, न निवारितमन्यैर्बहु अनुमतमेतद् आचरितम्:–अनु०

आचार्याणामभिप्रायः, तत्र च सिद्धसेनदिवाकरो मन्यते केवलिनो युगपद् ज्ञानम्, दर्शनं च, अन्यथा तदावरणक्षयस्य निरर्थकता स्यात्. जिनभद्रगणिक्षमाश्रमणस्तु भिन्नसमये ज्ञान-दर्शने जीवस्वरूपत्वात्. यथा तदावरणक्षयोपशमे समानेऽपि क्रमेणैव मति-श्रुतोपयोगौ, न चैकतरोपयोगे इतरक्षयोपशमाभावः, तत्क्षयोपशमस्योत्कृष्टतः षट्षष्टिसागरोपमप्रमाणत्वात्, अतः किं तत्त्वमिति ? इह च समाधिः—यदेव मतमागमाऽनुपाति तदेव सत्यम् इति मन्तव्यम्, इतरत् पुनरुपेक्षणीयम्. अथ अबहुश्रुतेन नैतदवसातुं शक्यते, तदेवं भावनीयम्—आचार्याणां संप्रदायादिदोषादयं मतभेदः, जिनानां तु मतमेकमेव, अविरुद्धं च रागादिविरहितत्वात्, आह चः—"*अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जुगप्पवरा, जियराग-दोस-मोहा य णण्णहा वाइणो तेणं*"ति.

१२. हवे मार्ग विषेनो संदेह आ प्रमाणे छेः—मार्ग एटले पुरुषना क्रमवडे—परंपरावडे—चाली आवेली सामाचारी—पद्धति. तेमां कोइनी आवश्यक सामाचारी बे चैत्यवंदन अने अनेक प्रकारना कायोत्सर्ग करणादिरूप छे तथा बीजानी सामाचारी तेवी नथी. तो अहीं खरुं शुं छे ? समा०—ए बधी य सामाचारी विरुद्ध नथी. कारण के तेना प्रवर्तक गीतार्थ अने अशठ छे तथा ते सामाचारी आचरितलक्षणयुक्त छे. आचरितनुं लक्षण आ छेः—"जेनुं आचरण अशठे कर्युं होय, जे असावद्य—निष्पाप—होय, अने जे कोइ स्थळे कोइनाथी निवारित थएलुं न होय, तथा जे बहुमत होय ते आचरित कहेवाय छे" हवे मत विषे आ प्रमाणे संशय छेः—मत एटले सरखा ज शास्त्रमां आचार्योनो (जूदो) अभिप्राय, तेमां सिद्धसेन दिवाकर नामना आचार्य कहे छे के, केवलिने ज्ञान अने दर्शन एक साथे ज होय छे. जो एम न मानवामां आवे तो ज्ञानावरण अने दर्शनावरणना क्षयनी निरर्थकता थइ जाय. वळी ए ज वात विषे जिनभद्रगणिक्षमाश्रमण नामना आचार्य तो एम माने छे के, केवलिने ज्ञान अने दर्शन भिन्न काळे होय छे. कारण के जीवनुं स्वरूप एवा प्रकारनुं ज छे. जेम मतिज्ञान अने श्रुतज्ञानना आवरणनो क्षयोपशम सरखो ज छे तो पण ते बन्ने ज्ञान क्रमपूर्वक ज थाय छे अने ज्यारे ते बेमांथी एक ज्ञाननो उपयोग होय त्यारे बीजा ज्ञाननो क्षयोपशम नथी होतो एम नथी. कारण के तेना क्षयोपशमनो समय ६६ सागरोपमनो छे. हवे आ बे मतमां कयुं मत साचुं ? समा०—जे वात आगमने अनुसरती होय ते ज साची छे, एम मानवुं. अने बीजी वातनी उपेक्षा करवी. 'कइ वात आगममान्य छे अने कइ वात तेवी नथी' ए हकीकत तो बहुश्रुत पुरुष ज जाणी शके छे पण जे बहुश्रुत न होय ते पूर्वोक्त वात जाणी शकतो नथी. तेणे ते विवादवाळी वात माटे आ प्रमाणे विचार करवोः—संप्रदायादिना दोषथी पूर्व प्रमाणेनो आचार्योनो मत भेद छे. पण श्रीजिनोनुं मत तो एक ज छे अने ते अविरुद्ध छे. कारण के ते रागादिथी रहित छे. कह्युं छे केः—"जेओए उपकार नथी कर्यो एवा बीजा माणसो उपर अनुग्रह करवामां जे जिनो तत्पर छे, वळी जे जिनो युगप्रवर तथा राग, द्वेष अने मोहने जितनारा छे माटे तेओ अन्यथा कहेनारा—खोटुं बोलनारा—होय ज नहीं."

बधी किया साची ? हा. कारण.

आचार्योना मतभेद विषे शंका.

समाधान.

जिने तो साचुं ज कह्युं छे.

१३. तथा भङ्गा द्व्यादिसंयोगभङ्गकाः, तत्र च द्रव्यतो नाम एका हिंसा, न भावत इत्यादिचतुर्भङ्ग्युक्ता, न च तत्र प्रथमोऽपि भङ्गो युज्यते, यतः किल द्रव्यतो हिंसा ईर्यासमित्या गच्छतः पिपीलिकादिव्यापादनम्, न चेयं हिंसा तल्लक्षणायोगात्. तथाहिः—"*जो उ पमत्तो पुरिसो तस्स उ जोगं पडुच्च जे सत्ता, वावज्जंति नियमा तेसिं सो हिंसओ होई*"त्ति. उक्ता चेयम्, अतः शङ्का, न चैवं युक्ता, एतद्गाथोक्तहिंसालक्षणस्य द्रव्य-भावहिंसाश्रयत्वात्, द्रव्यहिंसायास्तु मरणमात्रतया रूढत्वादिति. तथा नया द्रव्यास्तिकादयः, तत्र यदि नाम द्रव्यास्तिकमतेन नित्यं वस्तु, पर्यायास्तिकनयमतेन कथं तदेवाऽनित्यम् ? विरुद्धत्वादिति शङ्का. इयं चायुक्ता, द्रव्यापेक्षया एव तस्य नित्यत्वात्, पर्यायापेक्षया चानित्यत्वात्, दृश्यते चापेक्षया एकत्र एकदा विरुद्धानामपि धर्माणां समावेशः, यथा—जनकापेक्षया य एव पुत्रः, स एव पुत्राऽपेक्षया पिता इति. तथा नियमोऽभिग्रहः, तत्र यदि नाम सर्वविरतिसामायिकं तदा किमन्येन पौरुष्यादिनियमेन ? सामायिकेनैव सर्वगुणाऽवाप्तेः, उक्तश्चासौ इति शङ्का, इयं चायुक्ता. यतः सत्यपि सामायिके युक्तः पौरुष्यादिनियमः, अप्रमादवृद्धिहेतुत्वादिति. आह चः—"*सामाइए वि हु सावज्जचागरूवे उ गुणकरं एयं, अपमायवुड्डिजणगत्तणेण आणाओ विन्नेयं*"ति. तथा प्रमाणं प्रत्यक्षादि, तत्राऽऽगमप्रमाणम्—आदित्यो भूमेरुपरि योजनशतैरष्टाभिः संचरति, चक्षुःप्रत्यक्षं च तस्य भुवो निर्गच्छतो ग्राहकमिति किमत्र सत्यम् ? इति संदेहः. अत्र समाधिः—नहि सम्यक् प्रत्यक्षमिदम्, दूरतरदेशतो विभ्रमादिति.

भगवत्सुधर्मस्वामिप्रणीते **श्रीभगवतीसूत्रे** प्रथमशते तृतीयोद्देशके **श्रीअभयदेवसूरि**विरचितं विवरणं समाप्तम्.

१३. हवे भंगो—भांगाओ—संबंधे नीचे प्रमाणे शंका छेः—भंगो एटले द्व्यादि संयोगरूप भांगाओ. तेमां हिंसा संबंधे चार भांगा कहेला छे. ते आ प्रमाणेः—

भांगा विषे शंका.

१. द्रव्यथी हिंसा, भावथी नहीं.
२. भावथी हिंसा, द्रव्यथी नहीं.
३. द्रव्यथी नहीं अने भावथी नहीं.
४. द्रव्यथी पण हिंसा अने भावथी पण हिंसा.

---

१. प्र० छायाः—अनुपकृतपराऽनुग्रहपरायणा यद् जिना युगप्रवराः, जितराग-दोष-मोहाश्च नान्यथावादिनस्तेनः—अनु०

१. प्र० छायाः—यस्तु प्रमत्तः पुरुषः तस्य तु योगं प्रतीत्य ये सत्त्वाः, विपद्यन्ते नियमात् तेषां स हिंसको भवति. २. सामायिकेऽपि खलु सावद्यत्यागरूपे तु गुणकरमेतद्, अप्रमादवृद्धिजनकत्वेन आज्ञातो विज्ञेयम्:—अनु०

हवे आ चार भांगामांनो प्रथम भंग पण युक्त नथी. कारण के ते प्रथम भांगामां हिंसानुं लक्षण घटतुं नथी. द्रव्य हिंसा एटले ईर्यसमितिपूर्वक गमन करनार जीवद्वारा कीडी वगेरे जीवोनुं जे व्यापादन ते. खरी रीते तपासीए तो पूर्वप्रमाणेना लक्षणवाळी द्रव्यहिंसामां हिंसानुं लक्षण ज घटतुं नथी. कह्युं छे केः–"जे पुरुष प्रमत्त होय अने तेनी क्रियाथी जे जीवो हणाइ जाय तो ते जीवोनो हणनार चोक्कस ते प्रमत्त पुरुष ज कहेवाय." आ लक्षण प्रथम भांगामां जणातुं नथी, माटे ते हिंसा शी रीतिए कहेवाय ? शास्त्रमां तो तेने हिंसा कही छे.

समाधान. समा०–पूर्वनी शंका युक्त नथी. कारण के पूर्वनी गाथामां हिंसानुं जे लक्षण बताव्युं छे ते लक्षण द्रव्यहिंसानुं नथी. पण द्रव्य अने भावहिंसानुं छे. द्रव्यहिंसानुं लक्षण तो मात्र मरण छे अने ते प्रथम भांगामां घटी जाय छे माटे कोइ प्रकारनो वांधो आवतो नथी.

नयो विषे शंका. हवे नयो संबंधे आ प्रमाणे शंका छेः–द्रव्यास्तिक वगेरे सात नयो छे. तेमां द्रव्यास्तिक नयना मतथी जे वस्तु नित्य छे ते ज वस्तु पर्यायास्तिक नयना मतथी अनित्य केम होइ शके ? कारण के नित्य अने अनित्य ए बे धर्मो परस्पर विरुद्ध होवाथी एक ज पदार्थमां केम संभवी शके ?

समाधान. समा० ए शंका अयुक्त छे. कारण के वस्तुमां जे नित्यत्व अने अनित्यत्व धर्म छे ते भिन्न भिन्न अपेक्षाए छे. अर्थात् द्रव्यनी अपेक्षाए वस्तु नित्य छे अने पर्यायनी अपेक्षाए वस्तु अनित्य छे. एक काळे एक ज वस्तुमां भिन्न भिन्न अपेक्षाए विरुद्ध धर्मोनो समावेश थतो लोकमां पण देखाय छे. जेम केः पितानी अपेक्षाए जे मनुष्य पुत्र कहेवाय छे ते ज मनुष्य पोताना पुत्रनी अपेक्षाए पिता कहेवाय छे. अर्थात् एक ज मनुष्य एक ज काळे जूदी जूदी अपेक्षाए पिता पण कहेवाय छे अने पुत्र पण कहेवाय छे.

नियमो विषे शंका. हवे नियमोमां शंका आ प्रमाणे छेः नियम एटले अभिग्रह. तेमां एक ज नियम करवो पण बीजा नियमो करवानुं शुं प्रयोजन ? अर्थात् सर्वविरतिरूप सामायिक एक ज करवुं पण पौरुषी–पोरषी वगेरे बीजा नियमो करवाथी शुं ? कारण के एक सामायिक करवाथी ज बधा गुणोनो लाभ थाय छे. अने एक नियम करवाथी बधो लाभ थाय छे. तो पण बीजा नियमो करवानुं शास्त्रमां लख्युं छे. तेनुं शु कारण ?

समाधान. समाधानः पूर्वनी शंका अयुक्त छे. कारण के सामायिक करवामां आवे तो पण प्रमादना नाशक अने अप्रमादना वर्धक होवाथी पौरुषी वगेरे बीजा नियमो पण करवा योग्य छे. कह्युं छे के, "सर्व पापना छोडवारूप सामायिक करवामां आवे तो पण पौरुषी वगेरे नियमो करवा ए गुणकर छे. कारण के ते नियमो अप्रमादने वधारनारा छे, एम आज्ञाथी जाणवुं."

प्रमाण विषे शंका. हवे प्रमाण संबंधे शंका आ प्रमाणे छे प्रमाण प्रत्यक्षादिरूप छे. तेमां आगमप्रमाण संबंधे संशय संभवे छे. आगममां लख्युं छे के, भूमिथी उंचे आठसें योजन सूर्य संचरे छे. अने आपणे आपणी नजरथी तो ते सूर्यने हमेशा पृथ्वीथी नीकळतो देखीए छीए. तो अहीं सत्य वात शी छे ?

समाधान. समाधानः जेवी रीते आपणे सूर्यने नीकळतो देखीए छीए ते आपणुं प्रत्यक्ष सत्य नथी. कारण के सूर्य अत्यंत दूर होवाथी ते संबंधे आपणने भ्रम थवो संभवित छे.

बेडारूप. समुद्रेऽखिलजलचरिते क्षारभारे भवेऽस्मिन्, दायी यः सद्गुणानां परकृतिकरणाद्वैतजीवी तपस्वी ।
अस्माकं वीरवीरोऽनुगतनरवरो वाहको दान्ति–शान्त्योर्, दद्यात् श्रीवीरदेवः सकलशिववर मारहा चाप्तमुख्यः ॥ १ ॥

शतक १.–उद्देशक ४.

कर्मप्रकृति केटली ?—आठ.—गाथा.—उपस्थान.—वीर्यथी के अवीर्यथी ?—बालवीर्य.—पंडितवीर्य.—अपक्रमण.—उपशांत मोहनीय.—पोताथी अपक्रमे के परथी अपक्रमे ?—रुचि अने अरुचि.—करेल कर्म वेद्या विना छुटकारो थाय ?—ना.—कारण.—बे प्रकारनुं कर्म.—अरहंते जाणेलुं.—आभ्युपगमिकी वेदना.—औपक्रमिकी वेदना.—पुद्गल हतुं ?—पुद्गल छे ?—पुद्गल हशे ?—हा.—स्कंध.—जीव.—मात्र संयमादिकथी मनुष्य सिद्ध थयो ? थाय छे ? अने थशे ?—ना.—कारण.—आधोवधिक.—परमाधोवधिक.—केवली सिद्ध थया ?—हा.—केवलज्ञानी थया पछी सिद्ध थाय ?—हा.—केवली ए पूर्ण कहेवाय ?—हा.—उद्देशकसमाप्ति.—

१४६. प्र०—कइ णं भंते ! कम्मप्पगडीओ पण्णत्ताओ ?

१४६. उ०—गोयमा ! अट्ठ कम्मप्पगडीओ पण्णत्ताओ, कम्मप्पगडीए पढमो उद्देसो नेयव्वो जाव–अणुभागो सम्मत्तो. गाहा:–

कइ पयडी ? कह बंधइ ? कइहिं च ठाणेहिं बंधइ पयडी ?
कइ वेदेइ य पयडी ? अणुभागो कइविहो कस्स ?

१४७. प्र०—जीवे णं भंते ! मोहणिज्जेणं कडेणं कम्मेणं उदिण्णेणं उवट्ठाएज्जा ?

१४७. उ०—हंता, उवट्ठाएज्जा.

१४८. प्र०—से भंते ! किं वीरियत्ताए उवट्ठाएज्जा, अवीरियत्ताए उवट्ठाएज्जा ?

१४८. उ०—गोयमा ! वीरियत्ताए उवट्ठाएज्जा, णो अवीरियत्ताए उवट्ठाएज्जा.

१४९. प्र०—जइ वीरियत्ताए उवट्ठाएज्जा, किं बालवीरियत्ताए उवट्ठाएज्जा, पंडिअवीरियत्ताए उवट्ठाएज्जा, बालपंडियवीरियत्ताए उवट्ठाएज्जा ?

१४९. उ०—गोयमा! बालवीरियत्ताए उवट्ठाएज्जा, णो पंडिअवीरियत्ताए उवट्ठाएज्जा, णो बालपंडिअवीरियत्ताए उवट्ठाएज्जा.

१४६. प्र०—हे भगवन् ! कर्मप्रकृतिओ केटली कही छे ?

१४६. उ०—हे गौतम ! कर्मप्रकृतिओ आठ कही छे, अहीं 'प्रज्ञापना'ना कर्मप्रकृति नामना त्रेवीशमा पदनो प्रथम उद्देशक जाणवो यावत्–अनुभाग समाप्त. गाथाः—

केटली कर्मप्रकृति ? केवी रीते बांधे छे ? केटलां स्थानोवडे प्रकृतिओने बांधे छे ? केटली प्रकृति वेदे छे ? अने कोनो केटला प्रकारनो रस छे ?

१४७. प्र०—हे भगवन् ! कृत मोहनीय कर्म ज्यारे उदयमां आवेलुं होय त्यारे जीव उपस्थान करे–परलोक प्रति प्रयाण करे ?

१४७. उ०—हे गौतम ! हा, त्यारे उपस्थान करे.

१४८. प्र०—हे भगवन् ! ते उपस्थान शुं वीर्यताथी थाय ? के अवीर्यताथी थाय ?

१४८. उ०—हे गौतम ! ते उपस्थान वीर्यताथी थाय, पण अवीर्यताथी न थाय.

१४९. प्र०—हे भगवन् ! जो ते उपस्थान वीर्यताथी थाय तो शुं बालवीर्यताथी थाय, पंडितवीर्यताथी थाय के बालपंडितवीर्यताथी थाय ?

१४९. उ०—हे गौतम ! ते उपस्थान बालवीर्यताथी थाय, पण पंडितवीर्यताथी के बालपंडितवीर्यताथी न थाय.

---

१. मूलच्छायाः—कति भगवन् ! कर्मप्रकृतयः प्रज्ञप्ताः ? गौतम ! अष्ट कर्मप्रकृतयः प्रज्ञप्ताः. कर्मप्रकृत्याः प्रथम उद्देशो ज्ञातव्यो यावत्–अनुभाग समाप्तः. गाथा–कति प्रकृतयः ? कथं बध्नाति ? कतिभिश्च स्थानैः बध्नाति प्रकृतीः ? कति वेदयति च प्रकृतीः ? अनुभागः कतिविधः कस्य ? जीवो भगवन् ! मोहनीयेन कृतेन कर्मणा उदीर्णेनोपतिष्ठेत् ? हन्त, उपतिष्ठेत्. तद् भगवन् ! किं वीर्यतयोपतिष्ठेत्, अवीर्यतयोपतिष्ठेत् ? गौतम ! वीर्यतयोपतिष्ठेत्, नो अवीर्यतयोपतिष्ठेत्. यदि वीर्यतयोपतिष्ठेत्, किं बालवीर्यतयोपतिष्ठेत्, पण्डितवीर्यतयोपतिष्ठेत्, बालपण्डितवीर्यतयोपतिष्ठेत् ? गौतम ! बालवीर्यतयोपतिष्ठेत्, नो पण्डितवीर्यतयोपतिष्ठेत्, नो बालपण्डितवीर्यतयोपतिष्ठेत्:–अनु०

२. आ प्रथम उद्देशक प्रज्ञापना सूत्र क० आ० पृ० ६६०–६७३ सुधी छे:—अनु०

१५०. प्र०—जीवे णं भंते ! मोहणिज्जेणं कडेणं कम्मेणं उदिण्णेणं अवक्कम्मेज्जा ?

१५०. उ०—हंता, अवक्कमेज्जा.

१५१. प्र०—से भंते ! जाव–बालपंडिअवीरियत्ताए अवक्कमेज्जा ?

१५१. उ०—गोयमा ! बालवीरियत्ताए अवक्कमेज्जा, नो पंडिअवीरियत्ताए अवक्कमेज्जा, सिय बालपंडिअवीरियत्ताए अवक्कमेज्जा. जहा उदिण्णेणं दो आलावगा तहा उवसंतेण वि दो आलावगा भाणियव्वा; नवरं–उवट्ठाएज्जा पंडिअवीरियत्ताए, अवक्कमेज्जा, बालपंडिअवीरियत्ताए.

१५२. प्र०—से भंते ! किं आयाए अवक्कमइ, अणायाए अवक्कमइ ?

१५२. उ०—गोयमा ! आयाए अवक्कमइ, णो अणायाए अवक्कमइ.

१५३. प्र०—मोहणिज्जं कम्मं वेएमाणे से कहमेयं भंते ! एवं?

१५३. उ०—गोयमा ! पुव्विं से एयं एवं रोयइ, इयाणिं से एयं एवं नो रोयइ; एवं खलु एयं एवं.

१५४. प्र०— से णूणं भंते ! नेरइयस्स वा, तिरिक्खजोणिअस्स वा, मणूसस्स वा, देवस्स वा जे कडे पावे कम्मे, नत्थि तस्स अवेइअत्ता मोक्खो ?

१५४. उ० हंता, गोयमा ! नेरइयस्स वा, तिरिक्ख–मणु–देवस्स वा जे कडे पावे कम्मे, नत्थि तस्स अवेइत्ता मोक्खो.

१५५. प्र०—से केणट्ठेणं भंते ! एवं वुच्चइ नेरइयस्स वा जाव–मोक्खो ?

१५५. उ०—एवं खलु मए गोयमा ! दुविहे कम्मे पन्नत्ते. तं जहा·—पएसकम्मे य, अणुभागकम्मे य. तत्थ णं जं तं पएसकम्मं तं नियमा वेएइ, तत्थ णं जं त अणुभागकम्मं तं अत्थेगइयं वेएइ, अत्थेगइयं णो वेएइ, णायमेय अरहया, सुयमेयं अरहया, विन्नायमेयं अरहया—इमं कम्मं अयं जीवे अब्भोवगमिआए वेयणाए वेदेस्सइ, इमं कम्मं अयं जीवे उवक्कमिआए

१५०. प्र०—हे भगवन् ! कृत मोहनीय कर्म ज्यारे उदयमां आवेलुं होय त्यारे जीव अपक्रमण करे–उत्तम गुणस्थानकथी हीनतर गुणस्थानके जाय ?

१५०. उ०—हे गौतम ! हा, अपक्रमण करे.

१५१. प्र०—हे भगवन् ! ते अपक्रमण यावत्–बालवीर्यताथी, पंडितवीर्यताथी के बालपंडितवीर्यताथी थाय ?

१५१. उ०—हे गौतम ! बालवीर्यताथी थाय अने कदाचित् बालपंडितवीर्यताथी पण थाय, पण पंडितवीर्यताथी न थाय. जेम 'उदयमां आवेल' पद साथे बे आलापक कह्या तेम 'उपशांत' साथे पण बे आलापक कहेवा. विशेष ए के, त्यां पंडितवीर्यताथी उपस्थान थाय अने बालपंडितवीर्यताथी अपक्रमण थाय.

१५२. प्र०—हे भगवन् ! ते अपक्रमण शुं आत्मावडे थाय ? के अनात्मावडे थाय ?

१५२. उ०— हे गौतम ! ते अपक्रमण आत्मावडे थाय, पण अनात्मावडे न थाय.

१५३. प्र०—हे भगवन् ! मोहनीय कर्मने वेदतो ते ए ए प्रमाणे केम होय ?

१५३. उ०—हे गौतम ! पहेलां तेने ए ए प्रमाणे रुचे छे अने हमणा तेने ए ए प्रमाणे रुचतुं नथी, माटे ते ए ए प्रमाणे छे.

१५४. प्र०—हे भगवन् ! जे पाप कर्म करेलुं छे तेने वेद्या विना–अनुभव्या विना–नैरयिकनो, तिर्यंचयोनिकनो, मनुष्यनो के देवनो मोक्ष नथी ?

१५४. उ०—हे गौतम हा, करेल पाप कर्मने अनुभव्या विना नैरयिकनो, तिर्यंचयोनिकनो, मनुष्यनो के देवनो मोक्ष नथी.

१५५. प्र०—हे भगवन् ! तमे ए प्रमाणे शा हेतुथी कहो छो के, 'नैरयिकनो यावत्—मोक्ष नथी' ?

१५५. उ०—हे गौतम ! ए प्रमाणे निश्चित छे के, में कर्मना बे प्रकार कह्या छे. ते आ प्रमाणे:—प्रदेशकर्म अने अनुभागकर्म. तेमां जे प्रदेशकर्म छे ते चोक्कस वेदवुं पडे छे अने जे अनुभागकर्म छे. ते केटलुंक वेदाय छे अने केटलुंक नथी वेदातुं. ए अर्हत द्वारा ज्ञात, स्मृत अने विज्ञात छे के, आ जीव आ कर्मने आभ्युपगमिकवेदनावडे वेदशे. आ जीव आ कर्मने औपक्रमिकवेदनावडे वेदशे.

१. मूलच्छाया:—जीवो भगवन् ! मोहनीयेन कृतेन कर्मणा उदीर्णेनाऽपक्रामेत् ? हन्त, अपक्रामेत्. तद् भगवन्! यावत्–बालपण्डितवीर्यतयाऽपक्रामेत् ? गौतम ! बालवीर्यतयाऽपक्रामेत्, नो पण्डितवीर्यतयाऽपक्रामेत्, स्याद् बालपण्डितवीर्यतयाऽपक्रामेत्. यथोदीर्णेन द्वौ आलापकौ तथोपशान्तेनाऽपि द्वौ आलापकौ भणितव्यौ; नवरम्–उपतिष्ठेत् पण्डितवीर्यतया, अपक्रामेद् बालपण्डितवीर्यतया. तद् भगवन् ! किमात्मनाऽपक्रामति, अनात्मनाऽपक्रामति? गौतम ! आत्मनाऽपक्रामति, नो अनात्मनाऽपक्रामति. मोहनीयं कर्म वेदयन् तत् कथमेतद् भगवन् ! एवम् ! गौतम ! पूर्वं तस्यैतदेवं रोचते, इदानीं तस्यैतदेवं रोचते, एवं खलु एतदेवम् तद् नूनं भगवन् ! नैरयिकस्य वा, तिर्यग्योनिकस्य वा, मनुष्यस्य वा, देवस्य वा यत् कृतं पापं कर्म, नास्ति तस्याऽवेदयित्वा मोक्षः ? हन्त, गौतम ! नैरयिकस्य वा, तिर्यग्–मनुज–देवस्य वा यत् कृतं पापं कर्म नास्ति तस्याऽवेदयित्वा मोक्षः तत् केनाऽर्थेन भगवन् ! एवमुच्यते–नैरयिकस्य वा, यावत्–मोक्षः ? एवं खलु मया गौतम ! द्विविधं कर्म प्रज्ञप्तम्. तद्यथा:—प्रदेशकर्म च, अनुभागकर्म च: तत्र यत् तद् प्रदेशकर्म तद् नियमेन वेदयति, तत्र यत् तदनुभागकर्म तद् अस्त्येककं वेदयति, अस्त्येककं नो वेदयति. ज्ञातमेतदर्हता, स्मृतमेतदर्हता, विज्ञातमेतदर्हता–इदं कर्माऽयं जीवः आभ्युपगमिकया वेदनया वेदयिष्यति. इदं कर्माऽयं जीव औपक्रमिकया:–अनु०

वेदणाए वेदेस्सइ. अहाकम्मं, अहानिगरणं जहा जहा तं भगवया दिट्ठं तहा तहा तं विप्परिणमिस्सतीति. से तेणट्ठेणं गोयमा ! नेरइयस्स वा जाव—मुक्खे.

यथाकर्म—बांधेल कर्मने अनुसारे, निकरणोने अनुसारे जेम जेम भगवंते ते जोयुं छे तेम तेम ते विपरिणमशे—विपरिणाम पामशे. माटे हे गौतम ! ते हेतुथी एम कह्युं छे के, यावत्—करेल कर्मोने अनुभव्या विना नैरयिकनो, तिर्यचयोनिकनो, मनुष्यनो के देवनो मोक्ष नथी.

१. अनन्तरोद्देशके कर्मण उदीरण—वेदनादि उक्तमिति तस्यैव भेदादीन् दर्शयितुम्, तथा द्वारगाथायां '*पगइ*'त्ति यदुक्तं तच्चाभिधातुमाहः— '*कइ णं*' इत्यादि व्यक्तम्. नवरम्—'*कम्मप्पगडीए*'त्ति प्रज्ञापनायां त्रयोविंशतितमस्य कर्मप्रकृत्यभिधानस्य पदस्य प्रथमोद्देशको नेतव्यः. एतद्व्याख्यानां चार्थानां संग्रहगाथाऽस्ति, इत्यत आह—'*गाहा*' सा चेयम्—'*कइ*' इत्यादि. तत्र '*कइ पगडी*'त्ति द्वारम्. तच्च एवम्:—"*कइ णं भंते ! कम्मप्पगडीओ पण्णत्ताओ ? गोयमा ! अट्ठ. तं जहाः—णाणावरणिज्जं*" इत्यादि. '*कह बंधइ*'त्ति द्वारम्. इदं चैवम्:—"*कहं णं भंते ! जीवे अट्ठ कम्मप्पगडीओ बंधइ ? गोयमा ! णाणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणावरणिज्जं कम्मं निगच्छइ.*" विशिष्टोदयाऽवस्थं जीवस्तद् आसादयतीत्यर्थः. "*दरिसणावरणिज्जस्स कम्मस्स उदएणं दंसणमोहणिज्जं कम्मं निग्गच्छइ*" विपाकाऽवस्थं करोतीत्यर्थः. "*दंसणमोहणिज्जस्स कम्मस्स उदएणं मिच्छत्तं निगच्छइ, मिच्छत्तेणं उदिण्णेणं, एवं खलु जीवे अट्ठ कम्मप्पगडीओ बंधइ*" इत्यादि. न चैवमिहेतरेतराश्रयदोषः, कर्मबन्धप्रवाहस्याऽनादित्वाद् इति. '*कइहिं च ठाणेहिं*'ति द्वारम्. तच्चैवम्:—"*जीवे णं भंते ! णाणावरणिज्जं कम्मं कइहिं ठाणेहिं बंधइ ? गोयमा ! दोहिं ठाणेहिं. तं जहाः—रागेण य, दोसेण य*" इत्यादि. '*कइ वेदेइ य*'त्ति द्वारम्. इदं चैवम्:—"*जीवे णं भंते ! कइ कम्मप्पगडीओ वेएइ ? गोयमा! अत्थेगइए वेएइ, अत्थेगइए नो वेएइ. जे वेएइ से अट्ठ*" इत्यादि. "*जीवे णं भंते! णाणावरणिज्जं कम्मं वेएइ? गोयमा ! अत्थेगइए वेएइ, अत्थेगइए नो वेएइ.*" केवलिनोऽवेदनात्. "*णेरइए णं भंते ! णाणावरणिज्जं कम्मं वेएइ? गोयमा! नियमा वेएइ*" इत्यादि. '*अणुभागो कइविहो कस्स*'त्ति, कस्य कर्मणः कतिविधो रस इति द्वारम्. इदं चैवम्:—"*णाणावरणिज्जस्स णं भंते ! कम्मस्स कतिविहे अणुभागे पण्णत्ते ? गोयमा ! दसविहे अणुभागे पन्नत्ते. तं जहाः—सोयावरणे, सोयविन्नाणावरणे*" इत्यादि. द्रव्येन्द्रियावरणः, भावेन्द्रियावरणश्चेत्यर्थः.

१. आगळना उद्देशकमां कर्मनुं उदीरण तथा वेदन वगेरे कह्युं छे. हवे आ चालु उद्देशकमां ते ज कर्मना भेदोने दर्शाववा तथा आगळ कहेल द्वार गाथामां जणावेल ['पगइ'] पदनी व्याख्या करवा सारु कहे छे केः—['कइ णं' इत्यादि] ए सूत्र स्पष्ट छे. विशेष ए के, ['पगडीए'त्ति] प्रज्ञापना सूत्रमां कहेल कर्मप्रकृति नामना त्रेवीशमा पदनो प्रथम उद्देशक अहीं समजवो. ए उद्देशकमां कहेल अर्थोनी संग्रह गाथा छे. माटे कहे छे केः— ['गाहा'] ते गाथा आ छेः—['कइ' इत्यादि.] तेमां ['कइ पगडी'] ए नामनुं द्वार छे. ते आ प्रमाणेः—"हे भगवन्! कर्मप्रकृतिओ केटली कही छे? हे गौतम! कर्मप्रकृतिओ आठ कही छे. ते आ प्रमाणेः—ज्ञानावरणीय, इत्यादि. ['कह बंधइ'त्ति] ए द्वार छे. ते आ प्रमाणेः—"हे भगवन्! जीव आठ कर्मप्रकृतिओने केवी रीते—कये प्रकारे—बांधे छे? हे गौतम! ज्ञानावरणीय कर्मनो उदय थवाथी (विशिष्ट उदयावस्थावाळा) दर्शनावरणीय कर्मने जीव पामे—बांधे—छे. दर्शनावरणीय कर्मनो उदय थवाथी जीव दर्शनमोहनीय कर्मने विपाकावस्थ करे छे. दर्शनमोहनीय कर्मनो उदय थवाथी जीव मिथ्यात्वने प्राप्त करे छे. अने मिथ्यात्वनो उदय थवाथी जीव ए प्रमाणे आठे कर्मप्रकृतिओने बांधे छे" इत्यादि. पूर्व प्रकारे कर्मनो बंध थवामां इतरेतराश्रय दोष होइ शकतो नथी. कारण के कर्मबंधनो प्रवाह अनादिनो छे. ['कइहिं च ठाणेहिं'ति] ए द्वार छे. ते आ प्रमाणे छेः "हे भगवन्! जीव केटलां स्थानोवडे ज्ञानावरणीय कर्मने बांधे छे? हे गौतम! बे स्थानोवडे बांधे छे. ते आ प्रमाणेः—रागवडे अने द्वेषवडे" इत्यादि. ['कइ वेदेइ य'त्ति] ए द्वार छे. ते आ प्रमाणेः—"हे भगवन् ! जीव केटली कर्मप्रकृतिओने वेदे छे? हे गौतम ! केटलीकने जीव वेदे छे अने केटलीकने जीव नथी वेदतो. जेने जीव वेदे छे ते आठ कर्मप्रकृतिओ छे" इत्यादि. "हे भगवन् ! जीव ज्ञानावरणीय कर्मने वेदे छे ? हे गौतम! कोइ जीव वेदे छे? अने कोइ जीव नथी वेदतो" कारण के केवली ज्ञानावरणीय कर्मने नथी वेदतो. "हे भगवन् ! नैरयिक जीव ज्ञानावरणीय कर्मने वेदे छे? हे गौतम!

प्रज्ञापना.

कर्मप्रकृति केटली ?

केवी रीते बांधे ?

केटलां स्थान ?

केटली वेदे ?

१. मूलच्छायाः—वेदनया वेदयिष्यति. यथाकर्म, यथानिकरणं यथा यथा तद् भगवता दृष्टं तथा तथा तत् विपरिणंस्यति. इति. तत् तेनाऽर्थेन गौतम ! नैरयिकस्य वा यावत्—मोक्षः—अनु०

१. अयं च सविस्तरः, सटीकश्च प्रज्ञापनायामस्ति. (क० आ० ६६०—६७३):—अनु०

२. प्र० छायाः—कति भगवन् ! कर्मप्रकृतयः प्रज्ञप्ताः ? गौतम ! अष्ट. तद्यथाः—ज्ञानावरणीयम्. ३. कथं भगवन् ! जीवोऽष्ट कर्मप्रकृतीर्बध्नाति ? गौतम ! ज्ञानावरणीयस्य कर्मण उदयेन दर्शनावरणीयं कर्म निर्गच्छति. ४. दर्शनावरणीयस्य कर्मण उदयेन दर्शनमोहनीयं कर्म निर्गच्छति. ५. दर्शनमोहनीयस्य कर्मण उदयेन मिथ्यात्वं निर्गच्छति, मिथ्यात्वेन उदीर्णेन, एवं खलु जीवोऽष्ट कर्मप्रकृतीर्बध्नाति. ६. जीवो भगवन् ! ज्ञानावरणीयं कर्म कतिभिः स्थानैर्बध्नाति ? गौतम ! द्वाभ्यां स्थानाभ्याम्. तद्यथाः—रागेण च, दोषेण च. ७. जीवो भगवन् ! कति कर्मप्रकृतीर्वेदयति ? गौतम ! अस्त्येकका वेदयति, अस्त्येकका नो वेदयति. या वेदयति ता अष्ट. ८. जीवो भगवन् ! ज्ञानावरणीयं कर्म वेदयति ? गौतम ! अस्त्येकको वेदयति, अस्त्येकको नो वेदयति. ९. नैरयिको भगवन् ! ज्ञानावरणीयं कर्म वेदयति ? गौतम ! नियमाद् वेदयति. १०. ज्ञानावरणीयस्य भगवन् ! कर्मणः कतिविधोऽनुभागः प्रज्ञप्तः ? गौतम ! दशविधोऽनुभागः प्रज्ञप्तः. तद्यथाः—श्रोत्रावरणः, श्रोत्रविज्ञानावरणः—अनु०

१. जुओ पृ० ८ सू०. २. आ उद्देशक विस्तारपूर्वक अने टीकासहित प्रज्ञापना सूत्रमां छे. (क० आ० पृ—६६०—६७३):—अनु०

केटली जातनो रस?

ते तो चोक्कस वेदे छे" इत्यादि. ['अणुभागो कइविहो कस्स'त्ति] 'कया कर्मनो केटला प्रकारनो रस छे?' ए द्वार छे. ते आ प्रमाणेः—"हे भगवन् ! ज्ञानावरणीय कर्मनो रस केटला प्रकारनो कह्यो छे? हे गौतम ! तेनो रस दश प्रकारनो कह्यो छे. ते आ प्रमाणेः-श्रोत्रावरण, श्रोत्रविज्ञानावरण" इत्यादि. श्रोत्रावरण ए द्रव्येंद्रियावरण छे अने श्रोत्रविज्ञानावरण ए भावेंद्रियावरण छे.

२. अथ कर्मचिन्ताधिकाराद् मोहनीयमाश्रित्याहः—*'जीवे णं'* इत्यादि. *'मोहणिज्जेणं'*ति मिथ्यात्वमोहनीयेन. *'उदिण्णेणं'*ति उदितेन. *'उवट्ठाएज्ज'*त्ति उपतिष्ठेत्, उपस्थानम्- परलोकक्रियासु अभ्युपगमं कुर्यादित्यर्थः. *'वीरियत्ताए'*त्ति वीर्ययोगाद् वीर्यः प्राणी, तद्भावो वीर्यता, अथवा वीर्यमेव स्वार्थिकप्रत्ययाद् वीर्यता, वीर्याणां वा भावो वीर्यता, तया. *'अवीरियत्ताए'*त्ति अविद्यमानवीर्यतया वीर्याऽभावेनेत्यर्थः. *'नो अवीरियत्ताए'*त्ति वीर्यहेतुकत्वादुपस्थानस्येति. *'बालवीरियत्ताए'*त्ति बालः सम्यगर्थानवबोधात्, सद्बोधकार्यविरत्यभावाच्च मिथ्यादृष्टिः, तस्य या वीर्यता परिणतिविशेषः सा तथा, तया. *'पंडियवीरियत्ताए'*त्ति पण्डितः सकलावद्यवर्जकः, तदन्यस्य परमार्थतो निर्ज्ञानत्वेनाऽपण्डितत्वात्. यदाहः—"तद् ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः, तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम्" इति. सर्वविरत इत्यर्थः. *'बालपंडियवीरियत्ताए'*त्ति बालो देशे विरत्यभावात्, पण्डितो देश एव विरतिसद्भावाद् इति बालपण्डितो देशविरतः. इह मिथ्यात्वे उदिते मिथ्यादृष्टित्वाज्जीवस्य बालवीर्येणैवोपस्थानं स्यात्, नेतराभ्याम्. एतदेवाहः—*'गोयमा !'* इत्यादि. उपस्थानविपक्षोऽपक्रमणम्, अतस्तदाश्रित्याहः—*'जीवे णं भंते !'* इत्यादि. *'अवक्कमेज्ज'*त्ति अपक्रामेद् अपसर्पेत्—उत्तमगुणस्थानकाद् हीनतरं गच्छेदित्यर्थः. *'बालवीरियत्ताए अवक्कमेज्ज'*त्ति मिथ्यात्वमोहोदये सम्यक्त्वात्, संयमात्, देशसंयमाद् वाऽपक्रामेत्—मिथ्यादृष्टिर्भवेदिति. *'णो पंडियवीरियत्ताए अवक्कमेज्ज'*त्ति नहि पण्डितत्वात् प्रधानतरं गुणस्थानकमस्ति, यतः पण्डितवीर्येणापसर्पेत्. *'सिय बालपंडियवीरियत्ताए अवक्कमेज्ज'*त्ति स्यात् कदाचित्, चारित्रमोहनीयोदयेन संयमादपगत्य बालपण्डितवीर्येण देशविरतो भवेदिति. वाचनान्तरे त्वेवम्:—*'बालवीरियत्ताए, नो पंडियवीरियत्ताए, नो बालपंडियवीरियत्ताए'*त्ति तत्र च मिथ्यात्वमोहोदयेन बालवीर्यस्यैव भावाद् इतरवीर्यद्वयनिषेध इति.

उपस्थान. वीर्य. बाल. पंडित.

२. आगळना प्रकरणमां कर्म विषे विचार आवेलो होवाथी हवे मोहनीय कर्म संबंधे विचार दर्शावे छेः ['जीवे णं' इत्यादि] ['मोहणिज्जेणं'ति] ['उदिण्णेणं'ति] ['उवट्ठाएज्ज'त्ति] अर्थात् उदयप्राप्त मोहनीय कर्मवडे उपस्थान करे -परलोकनी क्रियानो स्वीकार करे ['वीरियत्ताए'त्ति] वीर्यनो योग होवाथी वीर्य एटले प्राणी, प्राणिपणुं एटले वीर्यता- तेवडे. ['अवीरियत्ताए'त्ति] वीर्यना अभाववडे. ['नो अवीरियत्ताए' त्ति] कारण के उपस्थानमां वीर्यनी जरूर पडे छे. ['बालवीरियत्ताए' त्ति] जे जीवने सम्यग् अर्थनो बोध न होय अने सद्बोधकारक विरति न होय ते जीव 'बाल' कहेवाय अर्थात् मिथ्यादृष्टि जीव ते बाल, तेनी वीर्यतावडे एक प्रकारनी परिणतिवडे. ['पंडिअवीरियत्ताए'त्ति] जे जीव सर्व पापनो त्यागी होय ते 'पंडित' कहेवाय. अने जे जीव एवो न होय ते खरी रीतिए ज्ञानहीन होवाथी अपंडित छे. कह्युं छे के. -"जे ज्ञाननो प्रकाश थया पछी जो रागद्वेषादिनी परिणति आत्मामां देखाय तो ते ज्ञान ज नथी. अंधकारना शा भार छे के, ते जळहळता सूर्यकिरणना प्रकाश सामे टकी शके ?" तात्पर्य ए के, जे सर्वविरत होय ते 'पंडित' कहेवाय. ['बालपंडिअवीरियत्ताए'त्ति] अमुक भागमां विरति न होवाथी बाल अने अमुक भागमां विरति होवाथी पंडित अर्थात् देशविरतिवाळो ते 'बालपंडित'. मिथ्यात्वनो उदय होय त्यारे जीव मिथ्यादृष्टि गणाय छे अने ज्यारे जीव मिथ्यादृष्टि होय छे त्यारे ते बालवीर्यतावाळो ज होय छे. माटे आ स्थळे जीवनुं उपस्थान बालवीर्यवडे ज थाय छे पण बीजा बेवडे (पंडित अने बालपंडितवीर्यवडे) थतुं नथी. माटे ए ज वातने कहे छे केः ['गोयमा !' इत्यादि] उपस्थान क्रियानी विपक्षभूत अपक्रमण क्रिया छे. माटे हवे ते संबंधे कहे छेः ['जीवे णं भंते !' इत्यादि] ['अवक्कमेज्ज'त्ति] पाछो वळे अर्थात् उत्तमगुण स्थानकथी हलका गुण स्थानकने पामे. ['बालवीरियत्ताए अवक्कमेज्ज'त्ति] बालवीर्यतावडे पाछो वळे अर्थात् ज्यारे मिथ्यात्वमोहनो उदय होय त्यारे सम्यक्त्वथी, संयमथी के देशसंयमथी पाछो वळी जीव मिथ्यादृष्टि थाय. ['णो पंडिअवीरियत्ताए अवक्कमेज्ज'त्ति] पंडितवीर्यवडे पाछो फरतो नथी. कारण के पंडितना होवाथी प्रधानतर गुणस्थानक उपर होय छे. ['सिय बालपंडिअवीरिअत्ताए अवक्कमेज्ज'त्ति] कदाचित् चारित्रमोहनीयनो उदय थयो होय त्यारे संयमथी पतित थइ बालपंडितवीर्यवडे देशविरत थाय. आ ठेकाणे बीजी वाचनामां पाठांतर छे. ते आ प्रमाणे छे· ['बालवीरियत्ताए, नो पंडिअवीरियत्ताए, नो बालपंडिअवीरियत्ताए'त्ति] आ सूत्रमां पंडितवीर्यनो अने बालपंडितवीर्यनो निषेध कर्यो छे. कारण के ज्यारे मिथ्यात्वमोहनो उदय होय छे त्यारे मात्र बालवीर्य ज होय छे.

बालपंडित. अपक्रमण.

३. उदीर्णविपक्षत्वाद् उपशान्तस्य इति, उपशान्तसूत्रद्वयं तथैव. नवरम्—*'उवट्ठाएज्जा पंडियवीरियत्ताए'*त्ति उदीर्णाऽऽलापकापेक्षया उपशान्ताऽऽलापकयोर्यं विशेषः—प्रथमालापके सर्वथा मोहनीयेनोपशान्तेन सता उपतिष्ठेत क्रियासु पण्डितवीर्येण, उपशान्तमोहावस्थायां पण्डितवीर्यस्यैव भावात्, इतरयोश्चाभावात्. वृद्धैस्तु कांचिद् वाचनामाश्रित्येदं व्याख्यानम्:—मोहनीयेन उपशान्तेन सता न मिथ्यादृष्टिर्जायते—साधुः, श्रावको वा भवति इति. द्वितीयालापके तु *'अवक्कमेज्जा बालपंडियवीरियत्ताए'*त्ति मोहनीयेन हि उपशान्तेन संयतत्वाद् बालपण्डितवीर्येणापक्रामन् देशसंयतो भवति, देशतस्तस्य मोहोपशमसद्भावात्. ननु मिथ्यादृष्टिर्मोहोदय एव तस्य भावात्, मोहोपशमस्य चेहाधिकृतत्वाद् इति. अथापक्रामतीति यदुक्तं तत्र सामान्येन प्रश्नयन्नाहः—*'से भंते !'* किमित्याहः—*'से'* त्ति असौ जीवः, अथार्थो वा से- शब्दः *'आयाए'*त्ति आत्मना. *'अणायाए'*त्ति अनात्मना परत इत्यर्थः. अपक्रामति अपसर्पति—पूर्वं पण्डितत्वरुचिर्भूत्वा पश्चाद् मिश्ररुचिः, मिथ्यात्वरुचिर्वा भवतीति. कोऽसावित्याह—मोहनीयं कर्म, मिथ्यात्वमोहनीयम्, चारित्रमोहनीयं वा वेदयन् उदीर्णमोह इत्यर्थः. *'से कहमेयं भंते!'*त्ति अथ कथं केन प्रकारेण एतदपक्रमणम्? *'एवं'*ति मोहनीयं वेदयमानस्येति. इह उत्तरं *'गोयमा !'* इत्यादि. पूर्वमपक्रमणात् प्राग्,

---

१. अहीं 'ता' प्रत्यय स्वार्थमां पण लागे छेः—श्रीअभय०

असावपक्रमणकारी जीवः, एतज्जीवादि, अहिंसादि वा वस्तु एवं यथा जिनैरुक्तम् रोचते, श्रद्धत्ते, करोति वा; इदानीं मोहनीयोदयकाले स जीवः, एतज्जीवादि, अहिंसादि वा एवं यथा जिनैरुक्त नो रोचते, न श्रद्धत्ते. न करोति वा; एवं खलु उक्तप्रकारेण एतदपक्रमणम्, एवं मोहनीय-वेदने इत्यर्थः मोहनीयकर्माऽधिकारात् सामान्यकर्म चिन्तयन्नाहः—'से णूणं' इत्यादि. 'नेरइयस्स वा' इत्यादौ नास्ति मोक्षः, इत्येवं सम्बन्धात् षष्ठी. 'जं कडे'त्ति तैरेव यद् बद्धम्. 'पावे कम्मे'त्ति पापमशुभं नरकगत्यादि, सर्वमेव वा पापं दुष्टम्, मोक्षव्याघातहेतुत्वात्. 'तस्स'त्ति तस्मात् कर्मणः सकाशात्. 'अवेइय'त्ति तत् कर्माननुभूय.

३. 'उदीर्ण' नो विपक्ष 'उपशांत' छे. माटे हवे उपशांत संबंधे बे सूत्र कहे छे. तेनो अर्थ पूर्वनी पेठे ज जाणवो. विशेष ए के, ['उवट्ठाएज्जा पंडिअवीरियत्ताए'त्ति] उदीर्णसूत्रना आलापकनी अपेक्षाए उपशांत सूत्रना आलापकमां विशेष आ छे: प्रथम आलापकमां ज्यारे मोहनीय कर्म तद्दन उपशांत थाय त्यारे पंडितवीर्यवडे क्रियामां उपस्थान करे. कारण के जे अवस्थामां मोह उपशमी गयो होय ते अवस्थामां एकलु पंडितवीर्य ज होय छे, पण बीजां बे वीर्यो नथी होतां. वृद्धोए तो कोइ व्याख्याने आश्री आ प्रमाणे व्याख्यान कर्यु छेः "ज्यारे मोहनीय कर्म उपशांत थाय त्यारे जीव मिथ्यादृष्टि थतो नथी, पण साधु के श्रावक होय छे" बीजा आलापकमां तो ['अवक्कमेज्जा बालपंडिअवीरिअत्ताए'त्ति] ज्यारे मोहनीय कर्म उपशांत थाय त्यारे बालपंडितवीर्यवडे संयतपणाथी पाछो हटे छे अने देशसंयत थाय छे. कारण के तेनो मोहोपशम अमुक भागमां छे, पण मिथ्यादृष्टि थतो नथी. कारण के ज्यारे मोहनो उदय होय त्यारे ज मिथ्यादृष्टिपणु होय छे अने अहीं तो मोहोपशम संबंधी अधिकार छे. माटे तेने लगती ज हकीकत कहेवी. आगळना प्रकरणमां जे 'अपक्रमे छे' एम कह्यु छे. हवे ते संबंध सामान्य प्रकारे पूछता कहे छे के. ['से भंते! किं'] ए जीव ['आयाए' त्ति] आत्मावडे, के ['अणायाए'त्ति] अनात्मावडे अर्थात् परवडे अपक्रमे अर्थात् पहेलां पंडितरुचि थइ पछी मिश्ररुचि के मिथ्यात्वरुचि थाय तेमां आत्मा कारण छे? के पर कारण छे? ए जीव एटले कयो जीव? तो कहे छे के, मिथ्यात्व मोहनीय के चारित्र मोहनीयने वेदतो अर्थात् जेने मोह उदयवर्ती छे ते. ['से कहमेयं भंते'त्ति] ते अपक्रमण कया प्रकारे थाय? अर्थात ['एवं'ति] ए प्रमाणे मोहनीयने वेदता जीवनुं ए अपक्रमण कया प्रकारे थाय? अही उत्तर आ प्रमाणे छेः ['गोयमा!' इत्यादि] अपक्रमण थया पहेलां आ अपक्रमण करनारो जीव जिनोना कह्या प्रमाणे जीवादि अथवा अहिंसादि वस्तु प्रत्ये रुचि राखे छे, श्रद्धा राखे छे, जिने कह्या प्रमाणे करे छे. अने हमणा ज्यारे मोहनीयनो उदय छे त्यारे ए ज जीव जिनोना कह्या प्रमाणे जीवादि के अहिंसादि वस्तु प्रत्ये रुचि के श्रद्धा राखतो नथी, तथा जिने कह्या प्रमाणे करतो नथी. अने ए ज कारणथी ज्यारे मोहनीयनुं वेदन थतुं होय छे त्यारे ए अपक्रमण थाय छे. आ चालु प्रकरण मोहनीय कर्म विषे होवाथी हवे सामान्य कर्म संबंधे विचार दर्शावे छेः ['से णूणं' इत्यादि] ['नेरइयस्स वा'] इत्यादिमां 'नैरयिकनो के बीजा कोइनो मोक्ष नथी' ए प्रमाणे संबंध होवाथी छठ्ठी विभक्ति लागी छे. ['जे कडे'त्ति] तेओए ज जे ['पावे कम्मे'त्ति] पाप कर्म बांध्युं छे. पाप एटले अशुभ नरकगत्यादि अथवा जे कांइ दुष्ट कृत्य छे ते बधुं मोक्षमां व्याघातरूप होवाथी पाप छे. ['तस्स'त्ति] ते पाप कर्मने ['अवेइअत्त'त्ति] भोगव्या विना (तेओनो मोक्ष नथी ?).

उपशांत. आत्मवडे ? परवडे ? कर्मने वेद्या विना मोक्ष नथी !

४. 'एवं खलु'त्ति वक्ष्यमाणप्रकारेण, खलु वाक्यालंकारे. 'मए'त्ति मया अनेन च वस्तुप्रतिपादने सर्वज्ञत्वेनात्मनः स्वातन्त्र्यं प्रतिपादयति. 'पएसकम्मे य'त्ति प्रदेशाः कर्मपुद्गला जीवप्रदेशेषु उतप्रोताः, तद्रूपं कर्म प्रदेशकर्म. 'अणुभागकम्मे य' त्ति अनुभागस्तेषामेव कर्मप्रदेशानां संवेद्यमानताविषयो रसः, तद्रूपं कर्माऽनुभागकर्म. तत्र यत् प्रदेशकर्म तद् नियमाद् वेदयति, विपाकस्याऽननुभवनेऽपि कर्मप्रदेशानामवश्यं क्षपणात् प्रदेशेभ्यः प्रदेशान् नियमाच्छातयतीत्यर्थः. अनुभागकर्म च तथाभावं वेदयति, वा नवा, यथा मिथ्यात्वं तत्क्षयोपशमकालेऽनुभागकर्मतया न वेदयति, प्रदेशकर्मतया तु वेदयत्येवेति. इह च द्विविधेऽपि कर्मणि वेदयितव्ये प्रकारद्वयमस्ति, तच्चार्हता एव ज्ञायते इति दर्शयन्नाहः—ज्ञातं सामान्येनावगतम्, एतद् वक्ष्यमाणं वेदनाप्रकारद्वयम्, अर्हता जिनेन 'सुयं'ति स्मृतं प्रतिपादितम्, अनुचिन्तितं वा, तत्र स्मृतमिव स्मृतम्, केवलित्वेन स्मरणाभावेऽपि जिनस्यात्यन्तमव्यभिचारसाधर्म्यादिति. 'विण्णायं'ति विविधप्रकारैर्देशकालादिविभागरूपैर्ज्ञातं विज्ञातम्. तदेवाहः—'इमं कम्मं अयं जीवे'त्ति अनेन द्वयोरपि प्रत्यक्षतामाह, केवलित्वादर्हतः. 'अब्भोवगमियाए'त्ति प्राकृतत्वादभ्युपगमः—प्रव्रज्याप्रतिपत्तितो ब्रह्मचर्य-भूमिशयन-केशलुञ्चनादीनामङ्गीकारः, तेन निर्वृत्ता आभ्युपगमिकी, तया. 'वेयइस्सइ'त्ति भविष्यत्कालनिर्देशः भविष्यत्पदार्थो विशिष्टज्ञानवतामेव ज्ञेयः, अतीतो वर्तमानश्च पुनरनुभवद्वारेणाऽन्यस्यापि ज्ञेयः संभवतीति ज्ञापनार्थः. 'उवक्कमियाए'त्ति उपक्रम्यतेऽनेन इत्युपक्रमः—कर्मवेदनोपायः, तत्र भवा औपक्रमिकी. स्वयमुदीर्णस्य, उदीरणाकरणेन चोदयम्-उपनीतस्य कर्मणोऽनुभवः, तया औपक्रमिक्या वेदनया वेदयिष्यति. तथा च 'अहाकम्मं'ति यथाकर्म—बद्धकर्मानतिक्रमेण. 'अहानिगरणं'ति निकरणानां—नियतानां देशकालादीनां करणानां विपरिणामहेतूनामनतिक्रमेण—यथा यथा तत् कर्म भगवता दृष्टं तथा तथा विपरिणंस्यति इति. इतिशब्दो वाक्यार्थसमाप्ताविति.

४. ['एवं खलु'त्ति] कहेवाशे ए प्रकारे. ['मए'त्ति] में कह्युं छे. आ सूत्रवडे पोताना सर्वज्ञपणाने लीधे वस्तुस्वरूपने कहेवामां पोतानी स्वतंत्रता दर्शावी छे. ['पएसकम्मे य'त्ति] प्रदेश एटले कर्मना पुद्गलो, जीवना प्रदेशोमां जे कर्मपुद्गलो ओतप्रोत छे ते प्रदेशकर्म. ['अणुभागकम्मे य'त्ति] अनुभाग एटले ते ज कर्मप्रदेशोनो अनुभवातो रस, अने तद्रूप जे कर्म ते अनुभागकर्म. ते बेमां जे प्रदेशकर्म छे तेनुं वेदन तो चोक्कस थाय छे. जो के तेनो विपाक नथी अनुभवातो, तो पण कर्म प्रदेशोनो नाश तो नियमे थाय छे माटे जीव (पोताना) प्रदेशथी कर्मप्रदेशोने चोक्कस जूदा पाडे छे—

में कह्युं छे. प्रदेशकर्म. अनुभागकर्म.

---

१. अथवा 'से' शब्दनो 'अथ'—अनंतर—अर्थ छेः—श्रीअभय.

१. आ शब्द अलंकारसूचक छेः—श्रीअभय.

खेरी नाखे छे. अनुभागकर्मने तथाभावे वेदे छे अने नथी वेदतो. जेम के; मिथ्यात्वना क्षयोपशम वखते मिथ्यात्वने अनुभागकर्मपणे नथी वेदतो, पण प्रदेशकर्मपणे तो वेदे ज छे. अहीं पूर्वोक्त बन्ने प्रकारना वेदवायोग्य कर्मने वेदवाना बे प्रकार छे. अने ते बे प्रकारने अर्हतोए ज जाण्या छे. ए वातने दर्शावता कहे छे के, ए (वक्ष्यमाण) वेदनना बन्ने प्रकारने अर्हते सामान्य प्रकारे जाण्या छे. ['सुअं'ति] स्मर्या- प्रतिपाद्या-छे, अथवा अनुचिंतित कर्या छे. जिन केवलज्ञानी होवाथी तेने सर्व वस्तु प्रत्यक्ष ज होय छे अने तेथी ज तेने कोइ वस्तु संभारवी नथी पडती. तो पण सूत्रमां जे 'स्मृतम्-स्मर्या' ए पद मूक्युं छे तेनुं कारण जिनना ज्ञान साथे स्मरणनुं अत्यंत अव्यभिचारपणे सादृश्य छे. ['विण्णाय'ति] ते बे प्रकारने देश, काळादि विभागरूपे विविध प्रकारे जाण्या छे. ते ज वातने कहे छे के, ['इमं कम्मं अयं जीवे' त्ति] आ सूत्रवडे कर्म अने जीव श्रीजिनने प्रत्यक्ष जणाय छे एम सूचव्युं छे. कारण के अर्हत केवली छे. ['अब्भोवगमिआए'त्ति] अभ्युपगम एटले प्रव्रज्या लीधा पछी ब्रह्मचर्यनो, भूमिशयन (भोंय पथारी) नो अने केशलोच वगेरेनो स्वीकार, ते स्वीकारथी निपजेली जे क्रिया ते आभ्युपगमिकी, तेवडे ['वेयइस्सइ'त्ति] वेदशे. 'भविष्यत्‌काळविषयक पदार्थनुं ज्ञान विशिष्टज्ञानवाळाओने ज होय छे अने भूतकाळ तथा वर्तमानकाळ संबधी ज्ञान तो अनुभवद्वारा विशिष्टज्ञानी सिवाय बीजा प्राणिने पण होय छे ए वात जणाववा सारुं अहीं 'वेदशे' ए क्रियापदमां भविष्यत्काळनो निर्देश मूक्यो छे. ['उवक्कमिआए'त्ति] जेनाथी उपक्रमाय ते उपक्रम अर्थात् कर्मने वेदवानो उपाय, तेमां थएली ते औपक्रमिकी पोतानी मेळे उदीर्ण के उदीरणाद्वारा उदयमां आणेल कर्मनो अनुभव ते वडे औपक्रमिकी वेदनावडे—वेदशे. तथा ['अहाकम्मं'ति] जेवी रीतिए कर्म बान्युं छे ते प्रकारे. ['अहानिगरणं'ति] अने विपरिणामना कारणरूप नियत देश, काळादिक करणनी मर्यादाने उलध्या सिवाय. जे जे प्रकारे ते कर्म भगवंते जोयु हशे ते ते प्रकारे ['विपरिणामिस्सति' इति] विपरिणाम पामशे.

श्रीजिनने प्रत्यक्ष.

आभ्युपगमिकी.

औपक्रमिकी.

पुद्गल.

१५६. प्र०—एस णं भंते ! पोग्गले अतीतं अणंतं, सासयं समयं भुवीति वत्तव्वं सिया ?

१५६. उ०—हंता, गोयमा ! एस णं पोग्गले अतीतं अणंतं, सासयं समयं भुवीति वत्तव्वं सिया.

१५७. प्र०—एस णं भंते ! पोग्गले पडुप्पण्णं, सासयं समयं भवतीति वत्तव्वं सिया ?

१५७. उ०—हंता, गोयमा ! तं चेव उच्चारेयव्वं.

१५८. प्र० एस णं भंते ! पोग्गले अणागयं, अणंतं, सासयं समयं भविस्सतीति वत्तव्वं सिया ?

१५८. उ०—हंता, गोयमा ! तं चेव उच्चारेअव्वं. एवं खंधेण वि तिण्णि आलावगा. एवं जीवेण वि तिण्णि आलावगा भाणिअव्वा.

१५६. प्र० हे भगवन् ! 'ए पुद्गल वीतेला अनंत अने शाश्वत काळे हतु' एम कही शकाय ?

१५६. उ०—हे गौतम ! हा, 'ए पुद्गल वीतेला अनंत अने शाश्वत काळे हतु' एम कही शकाय.

१५७. प्र० हे भगवन् ! 'ए पुद्गल वर्तमान शाश्वत काळे छे' एम कहेवाय ?

१५७. उ० -हे गौतम ! हा. एम कहेवाय. (पूर्वोक्त प्रश्न प्रमाणे ज कहेवुं.)

१५८. प्र०— हे भगवन् ! 'ए पुद्गल अनंत अने शाश्वत भविष्यत्काळे थशे—रहेशे'—एम कही शकाय ?

१५८. उ०—हे गौतम ! हा, एम कहेवाय. (प्रश्न प्रमाणे ज कहेवुं) ए प्रमाणे स्कंध साथे पण त्रण आलापक कहेवा. तथा जीव साथे पण त्रण आलापक कहेवा.

५. अनन्तरं कर्म चिन्तितम्, तच्च पुद्गलात्मकमिति परमाण्वादिपुद्गलांश्चिन्तयन्नाह, अथवा परिणामाधिकारात् पुद्गलपरिणाममाहः—'एस णं भंते !' इत्यादि. 'पोग्गले'त्ति परमाणुः, उत्तरत्र स्कन्धग्रहणात्. 'तीतं'ति इह च "सर्वे अध्व—भाव—कालाः" इत्यनेनाधारे द्वितीया, ततश्च सर्वस्मिन्नतीते इत्यर्थः. 'अणंत'ति अपरिमाणमनादित्वात्, 'सासय'ति सदा विद्यमानम्, नहि लोकोऽतीतकालेन कदाचित् शून्य इति. 'समयं'ति कालम्, 'भुवि'त्ति अभूत्, इति एतद् वक्तव्यं स्यात् सद्भूतार्थत्वात्. 'पडुप्पण्णं'ति प्रत्युत्पन्नं वर्तमानम्, इत्यर्थः. वर्तमानस्यापि शाश्वतत्वं सदाभावाद्, एवमनागतस्यापि इति.

पुद्गलपरिणाम.

५. आगळना प्रकरणमां कर्म संबंधे विचार्युं छे. ते कर्म पुद्गलरूप छे माटे, अथवा परिणाम विषे प्रकरण चालु छे माटे हवे परमाणु वगेरे पुद्गलोना परिणाम संबंधे विचारतां कहे छे केः ['एस णं भंते !' इत्यादि.] ['पोग्गले'त्ति] नीचेना १५८ मा उत्तरसूत्रमां स्कंध लीधो छे माटे आ सूत्रनां पुद्गलनो अर्थ 'परमाणु' करवो. ['तीतं'ति] बधा भूतकाळमा, ['अणतं'ति] ते भूतकाळ केवो ? तो कहे छे के, अनादि होवाथी माप विनानो—अनंत—छेडा विनानो,

१. आ प्रयोग प्राकृतने धोरणे थयो छे. २. आ शब्द वाक्यनी समाप्ति सूचवे छेः—श्री अभय०

१. मूलच्छायाः—एष भगवन् ! पुद्गलोऽतीतम्, अनन्तम्, शाश्वतं समयम् 'अभूद्' इति वक्तव्यं स्यात् ? हन्त, गौतम ! एष पुद्गलोऽतीतम्, अनन्तम्, शाश्वतं समयम् 'अभूद्' इति वक्तव्यं स्यात्. एष भगवन् ! पुद्गलः प्रत्युत्पन्नम्, शाश्वतं समयं 'भवति' इति वक्तव्यं स्यात् ? हन्त, गौतम ! तच्चैव उच्चारयितव्यम्. एष भगवन् ! पुद्गलोऽनागतम्, अनन्तम्, शाश्वतं समयं 'भविष्यति' इति वक्तव्यं स्यात् ? हन्त, गौतम ! तच्चैव उच्चारयितव्यम्. एवं स्कन्धेनाऽपि त्रयः आलापकाः. एवं जीवेनाऽपि त्रयः आलापकाः भणितव्याः—अनु०

१. आ ठेकाणे "सर्वे अध्व—भाव—कालाः" आ सूत्रथी आधार अर्थमां बीजी विभक्ति थइ छेः—श्रीअभय०

तथा ['सासयं'ति] हमेशा रहेनारो. हजु सुधी एवुं थयुं नथी के लोक, कोइ वखत भूतकाळ विनानो—भूतकाळशून्य—होय. एवा अतीत ['समयं' ति] समये सद्भूत अर्थरूप होवाथी परमाणू 'हतो' एम कहेवाय? अर्थात् परमाणू भूतकाळमां 'हतो' एम कहेवाय? ['पडुप्पण्णं'ति] वर्तमान काळमां, वर्तमानकाळ पण सदा रहेतो होवाथी शाश्वत छे अने ए प्रमाणे भविष्यत्काळ पण शाश्वत छे.

छद्मस्थादि.

१५९. प्र०—छउमत्थे णं भंते! मणुस्से अतीतं, अणंतं, सासयं समयं केवलेणं संजमेणं, केवलेणं संवरेणं, केवलेणं बंभचेरवासेणं, केवलाहि पवयणमाईहि सिज्झिसु, बुज्झिसु, जाव–सव्वदुक्खाणं अंतं करिंसु?

१५९. उ०—गोयमा! णो इणट्ठे समट्ठे.

१६०. प्र०—से केणट्ठेणं भंते! एवं वुच्चइ–तं चेव जाव–अंतं करेंसु?

१६०. उ०—गोयमा! जे केइ अतकरा, अंतिमसरीरिआ वा सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा सव्वे ते उप्पण्णणाण–दंसणधरा, अरहा, जिणा, केवली भवित्ता, तओ पच्छा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिणिव्वायंति, सव्वदुक्खाणं अंतं करेंसु वा, करेंति वा, करिस्संति वा; से तेणट्ठेणं गोयमा! जाव–सव्वदुक्खाणं अंतं करेसु; पडुप्पन्ने वि एवं चेव, नवर- 'सिज्झंति' भाणियव्वं, अणागये वि एवं चेव, नवरं—'सिज्झिस्संति' भाणियव्वं. जहा छउमत्थो तहा आहोहिओ वि, तहा परमाहोहिओ वि; तिण्णि तिण्णि आलावगा भाणिअव्वा.

१६१. प्र०—केवली णं भंते! मणूसे अतीत, अणतं, सासय समयं जाव–अंतं करेसु?

१६१. उ०—हंता, सिज्झिसु, जाव–अंतं करेंसु, एते तिन्नि आलावगा भाणियव्वा छउमत्थस्स जहा, नवरं—सिज्झिसु, सिज्झंति, सिज्झिस्संति.

१६२. प्र०—से णूणं भंते! अतीतं, अणतं, सासयं समय; पडुप्पण्णं वा सासयं समयं; अणागयं अणंतं वा सासयं समयं जे केइ अंतकरा वा, अंतिमसरीरिआ वा, सव्वदुक्खाणं अतं करेंसु वा,

१५९. प्र०—हे भगवन्! वीतेला अनंत शाश्वत काळमां छद्मस्थ मनुष्य केवल सयमथी, केवल संवरथी, केवल ब्रह्मचर्यवासथी अने केवल प्रवचनमाताथी सिद्ध थयो, बुद्ध थयो, अने यावत्—सर्वदुःखोनो नाश करनार थयो?

१५९. उ०—हे गौतम! ए अर्थ समर्थ नथी.

१६०. प्र०—हे भगवन्! ते ए प्रमाणे शा हेतुथी कहो छो के, (पूर्वे प्रमाणे ज कहेवुं) 'पूर्वोक्त छद्मस्थ मनुष्य यावत्–अंतकर थयो नथी?'

१६०. उ०—हे गौतम! जे कोइ अंतकरे वा अंतिमशरीरवाळाए सर्व दुःखोना नाशने कर्यो, 'तेओ' करे छे के करशे ते बधा उत्पन्नज्ञानदर्शनधर, अरिहन्त, जिन अने केवली थइने त्यार पछी सिद्ध, बुद्ध अने मुक्त थया छे, परिनिर्वाण पाम्या छे तथा तेओए सर्व दुःखोनो नाश कर्यो छे, (तेओ) करे छे अने करशे. माटे हे गौतम! ते हेतुथी एम कह्युं छे के यावत्—सर्व दुःखोनो अंत कर्यो. वर्तमानकाळमां पण ए प्रमाणे ज जाणवु. विशेष ए के, 'सिद्ध थाय छे' एम कहेवु. तथा भविष्यत्काळमां तेवी ज रीते जाणवु. विशेष ए के, 'सिद्ध थशे' एम कहेवुं. जेम छद्मस्थ कह्यो तेम आधोवधिक अने परमाधोवधिक पण जाणवो, अने तेना त्रण त्रण आलापक कहेवा.

१६१. प्र०—हे भगवन्! वीतेला अनंत शाश्वत काळमां केवली मनुष्ये यावत् सर्व दुःखोनो नाश कर्यो?

१६१. उ०—हे गौतम! हा, ते सिद्ध थया, तेणे सर्व दुःखोनो नाश कर्यो. अहीं पण छद्मस्थनी पेठे त्रण आलापक कहेवा. विशेष ए के, सिद्ध थया, सिद्ध थाय छे अने सिद्ध थशे; एम कहेवुं.

१६२. प्र०—हे भगवन्! वीतेला अनंत शाश्वत काळने विषे, वर्तमान शाश्वत समयमां अने अनंत शाश्वत भविष्यत्काळमां जे कोइ अंतकरोए, अंतिमशरीरवाळाओए सर्वदुःखोनो नाश कर्यो,

---

१. मूलच्छाया.—छद्मस्थो भगवन्! मनुष्यः, अतीतम्, अनन्तम्, शाश्वतं समयं केवलेन संयमेन, केवलेन संवरेण, केवलेन ब्रह्मचर्यवासेन, केवलाभिः प्रवचनमातृभिरसैत्सीत्, अबुद्ध, यावत्–सर्वदुःखानामन्तमकार्षीत्? गौतम! नाऽयमर्थः समर्थः. तत् केनाऽर्थेन भगवन्! एवमुच्यते–तच्चैव यावदन्तमकार्षीत्? गौतम! ये केऽप्यन्तकराः, अन्तिमशरीरा वा सर्वदुःखानामन्तम्–अकार्षुर्वा, कुर्वन्ति वा, करिष्यन्ति वा सर्वे ते उत्पन्नज्ञान–दर्शनधराः, अर्हाः, जिनाः, केवलिनो भूत्वा, ततः पश्चात् सिध्यन्ति, बुध्यन्ते, मुच्यन्ते, परिनिर्वान्ति, सर्वदुःखानामन्तमकार्षुर्वा, कुर्वन्ति वा, करिष्यन्ति वा; तत् तेनाऽर्थेन गौतम! यावत्–सर्वदुःखानामन्तम्–अकार्षुः; प्रत्युत्पन्नेऽपि एवं चैव, नवरम्–'सिध्यन्ति' भणितव्यम्, अनागतेऽपि एवं चैव, नवरम्–'सेत्स्यन्ति' भणितव्यम्. यथा छद्मस्थस्तथा आधोऽवधिकोऽपि, तथा परमाऽधोवधिकोऽपि, त्रयः त्रयः आलापका भणितव्या. केवली भगवन्! मनुष्यः अतीतमनन्तम्, शाश्वतं समयं यावत्–अन्तमकार्षीत्? हन्त, असैत्सीत्, यावदन्तमकार्षीत्, एते त्रयः आलापका भणितव्याः छद्मस्थस्य यथा, नवरम्—असैत्सुः, सिध्यन्ति, सेत्स्यन्ति. तद् नूनं भगवन्! अतीतम्, अनन्तम्, शाश्वतं समयम्, प्रत्युत्पन्नं वा शाश्वतं समयम्, अनागतमनन्तं वा शाश्वतं समयं ये केऽपि अन्तकरा वा, अन्तिमशरीरा वा, सर्वदुःखानामन्तम्–अकार्षुर्वा:—अनु०

करेंति वा, करिस्संति वा; सव्वे ते उप्पन्नणाण–दंसणधरा, अरहा, जिणा, केवली भवित्ता, इओ पच्छा सिज्झंति, जाव–अंतं करेस्संति वा ?

१६२. उ०—हंता, गोयमा ! अतीतं, अणंतं, सासयं जाव-अंतं करिस्संति वा.

१६३. प्र०—से णूणं भंते ! उप्पण्णणाण–दंसणधरे, अरहा, जिणे केवली, 'अलमत्थु'त्ति वत्तव्वं सिया ?

१६३. उ०—हंता, गोयमा ! उप्पण्णणाण–दंसणधरे, अरहा, जिणे, केवली 'अलमत्थु'त्ति वत्तव्व सिया.

सेवं भंते !, सेवं भंते ! त्ति.

करे छे अने करशे; ते बधा उत्पन्नज्ञानदर्शनधर, अरिहंत, जिन अने केवली थइ त्यार पछी सिद्ध थाय छे यावत्—सर्व दुःखोनो नाश करशे ?

१६२. उ०—हे गौतम ! हा, वीतेला अनंत शाश्वत काळने विषे यावत्—सर्व दुःखोनो नाश करशे.

१६३. प्र०—हे भगवन् ! ते उत्पन्नज्ञानदर्शनधर, अरिहंत जिन अने केवली अलमस्तु–पूर्ण–कहेवाय ?

१६३. उ०—हे गौतम ! हा, ते उत्पन्नज्ञानदर्शनधर, अरिहंत, जिन अने केवली पूर्ण कहेवाय अर्थात् पूर्णज्ञानी कहेवाय.

हे भगवन् ! ते ए प्रमाणे छे, हे भगवन् ! ते ए प्रमाणे छे, एम कही यावत्—विहरे छे.

भगवंत**सुहम्मसामि**पणीए **सिरीभगवईसुत्ते** पढमसये चउत्थो उद्देसो सम्मत्तो.

सूर्य जेटले दूरथी उगतो देखाय छे तेटले ज दूरथी आथमतो पण देखाय छे?—हा.—उगता अने आथमता सूर्यनुं प्रकाशक्षेत्र सरखुं छे?—हा.—क्षेत्रविचार.—लोकांत अलोकांतने अडके?—हा.—द्वीपांत सागरांतने अडके?—छायान्त आतपांतने अडके?—हा.—जीवोने प्राणातिपात क्रिया छे?—हा.—क्रियाविचार.—ए प्रमाणे चोवीशे दंडक.—मृषावादादि.—रोह नामना श्रमणना प्रश्नो.—पहेलो लोक के अलोक?—बन्ने पहेला अने बन्ने पछी.—पहेला जीवो के अजीवो?—पूर्ववत्.—पहेला भव्यो के अभव्यो?—पहेला सिद्धो के असिद्धो?—पहेली सिद्धि के असिद्धि—संसार?—पहेलुं इंडुं के कुकडी?—पूर्ववत्.—ए प्रमाणेना अनेक प्रश्नो.—गौतमप्रश्न.—लोकस्थितिना केटला प्रकार?—आठ.—आकाश वगेरेनो परस्पर आधार आधेय भाव.—तेनां साधक लौकिक उदाहरणो.—जीवो अने पुद्गलो परस्पर बद्ध छे?—हा.—तेनुं साधक लौकिक उदाहरण.—सूक्ष्म स्नेहकाय पडे?—हा.—ते लांबो काळ रहे?—ना. उद्देशकसमाप्ति.—

१९७. प्र०—जावइयाओ णं भंते! उवासंतराओ उदयंते सूरिए चक्खुप्फासं हव्वं आगच्छति, अत्थमंते वि य णं सूरिए तावतियाओ चेव उवासंतराओ चक्खुप्फासं० ?

१९७. प्र०—हे भगवन्! जेटला अवकाशांतरथी—आकाशना व्यवधानथी—(जेटले दूरथी) उगतो सूर्य शीघ्र नजरे जोवाय छे तेटला ज दूरथी आथमतो सूर्य पण शीघ्र नजरे जोवाय छे?

१९७. उ०—हंता, गोयमा! जावइयाओ णं उवासंतराओ उदयंते सूरिए चक्खुप्फासं०, अत्थमंते वि सूरिए जाव—हव्वं आगच्छति.

१९७. उ०—हे गौतम! हा,—जेटले दूरथी उगतो सूर्य नजरे जोवाय छे तेटला ज दूरथी आथमतो सूर्य पण शीघ्र नजरे जोवाय छे.

१९८. प्र०—जावइया णं भंते! खित्तं उदयंते सूरिए आयवेणं सव्वओ समंता ओभासेइ, उज्जोएइ, तवेइ, पभासेइ; अत्थमंते वि य णं सूरिए तावइयं चेव खित्तं आयवेणं सव्वओ समंता ओभासेइ, उज्जोएइ, तवेइ, पभासेइ?

१९८. प्र०—हे भगवन्! उगतो सूर्य पोताना ताप द्वारा जेटला क्षेत्रने सर्व प्रकारे चारे बाजुथी–बधी दिशाओमां अने बधा खूणाओमां प्रकाशित करे छे, उद्द्योतित करे छे, तपावे छे अने खूब उष्ण करे छे तेटला ज क्षेत्रने बधी दिशाओमां अने बधा खूणाओमां आथमतो सूर्य पण पोताना ताप द्वारा प्रकाशित करे छे? उद्द्योतित करे छे? तपावे छे? अने खूब उनुं करे छे?

१९८. उ०—हंता, गोयमा! जावतियं णं खेत्तं जाव—पभासेइ.

१९८. उ०—हे गौतम! हा,—उगतो सूर्य जेटला क्षेत्रने प्रकाशे छे तेटला ज क्षेत्रने आथमतो सूर्य पण यावत्—खूब उनुं करे छे.

१९९. प्र०—तं भंते! किं पुट्ठं ओभासेइ, अपुट्ठं ओभासेइ?

१९९. प्र०—हे भगवन्! सूर्य जे क्षेत्रने प्रकाशित करे छे ते क्षेत्र सूर्यथी स्पर्शाएलुं होय छे? के अस्पर्शाएलुं होय छे?

---

१. मूलच्छाया:—यावतो भगवन्! अवकाशान्तरात् उदयन् सूर्यश्चक्षुःस्पर्शं शीघ्रमागच्छति, अस्तमयन्नपि च सूर्यस्तावत एवाऽवकाशान्तरात् चक्षुःस्पर्शम्०? हन्त, गौतम! यावतोऽवकाशान्तराद् उदयन् सूर्यश्चक्षुःस्पर्शम्०, अस्तमयन्नपि सूर्यो यावत्–शीघ्रमागच्छति. यावद् भगवन्! क्षेत्रमुदयन् सूर्य आतपेन [illegible] उद्द्योतयति, तपति, [illegible] च सूर्यस्तावदेव क्षेत्रम्–आतपेन सर्वतः समन्तादवभासयति, उद्द्योतय- [illegible] गौतम! [illegible] भगवन्! किं [illegible]?—अनु०

१९९. उ०—जाव–छद्दिसिं ओभासेति. एवं उज्जोवेइ, तवेइ, पभासेइ, जाव–नियमा छद्दिसिं.

१९९. उ०—हे गौतम! ते क्षेत्र सूर्यथी स्पर्शाएलुं [illegible] अने यावत्–ते क्षेत्रने छ ए दिशामां प्रकाशित करे छे, उद्योतित करे छे, तपावे छे तथा खूब तपावे छे. यावत्–चोक्कस छ ए दिशाओमां (खूब तपावे छे.)

२००. प्र०—से णूणं भंते! सव्वं ति सव्वावं–ति फुसमाण-कालसमयंसि जावतियं खेत्तं फुसइ तावतियं 'फुसमाणे पुट्ठे'त्ति वत्तव्वं सिया?

२००. प्र०—हे भगवन्! स्पर्श करवाना काळसमये सर्वात्म– सूर्यनी साथे संबंधवाळा– जेटला क्षेत्रने सर्व दिशाओमां सूर्य स्पर्शे छे तेटलुं ते स्पर्शातुं क्षेत्र 'स्पर्शाएलुं' एम कहेवाय?

२००. उ०—हंता, गोयमा! सव्वं ति जाव–वत्तव्वं सिया.

२००. उ०—हे गौतम! हा, सर्व यावत्–एम कहेवाय.

२०१. प्र०—तं भंते! किं पुट्ठं फुसइ, अपुट्ठं फुसइ?

२०१. प्र०—हे भगवन्! स्पर्शाएल क्षेत्रने स्पर्शे छे? के स्पर्शाया विनाना क्षेत्रने स्पर्शे छे?

२०१. उ०—जाव—नियमा छद्दिसिं.

२०१. उ०—हे गौतम? स्पर्शाएल क्षेत्रने स्पर्शे छे. यावत्–चोक्कस छ ए दिशामां स्पर्शे छे.

१. अथ षष्ठो व्याख्यायते, तस्य चाऽयं संबन्धः–अनन्तरोद्देशके अन्तिमसूत्रेषु *'असंखेज्जेसु णं भंते! जाव–जोतिसिय–वेमाणियावासेसु'* तथा *'संखेज्जेसु णं भंते! वेमाणियावाससयसहस्सेसु'* इत्येतद् अधीतम्, तेषु च ज्योतिष्कविमानावासाः प्रत्यक्षा एव, इति तद्गतदर्शनं प्रतीत्य, तथा *'जावंते'* इति यदुक्तमादिगाथायाम्, तच्च दर्शयितुमाहः–*'जावइयाओ'* इत्यादि. यत्परिमाणात्, *'उवासंतराओ'*त्ति अवकाशान्तरात्–आकाशविशेषात्, अवकाशरूपान्तरालाद् वा—यावत्यवकाशान्तरे स्थित इत्यर्थः. *'उदयंते'* त्ति उदयन् उद्गच्छन्, *'चक्खुप्फासं'* ति चक्षुषो दृष्टेः स्पर्श इव स्पर्शः, नतु स्पर्श एव. चक्षुषः अप्राप्तकारित्वात्, इति चक्षुःस्पर्शस्तम्. *'हव्वं'* ति शीघ्रम्, स च सर्वाऽभ्यन्तरमण्डले सप्तचत्वारिंशद्योजनानां सहस्रेषु द्वयोः शतयोस्त्रिषष्टौ च साधिकायां वर्तमान उदये दृश्यते. अस्तसमयेऽप्येवम्. एवं प्रतिमण्डलं दर्शने विशेषोऽस्ति, स च स्थानान्तरादवसेयः. *'सव्वओ समंता'* त्ति सर्वतः सर्वासु दिक्षु, समन्ताद् विदिक्षु, एकार्थौ वा एतौ. *'ओभासेइ'* इत्यादि. अवभासयति–ईषत् प्रकाशयति, यथा स्थूलतरमेव वस्तु दृश्यते. उद्योतयति भृशं प्रकाशयति, यथा स्थूलमेव दृश्यते. तपति अपनीतशीतं करोति, यथा वा सूक्ष्मं पिपीलिकादि दृश्यते तथा करोति. प्रभासयति अतितापयोगाद् विशेषतोऽपनीतशीतं विधत्ते, यथा वा सूक्ष्मतरं वस्तु दृश्यते तथा करोति इति.

१. हवे छट्ठा उद्देशकनुं विवेचन थाय छे. अने तेनो संबंध आ प्रमाणे छे.–आगळना उद्देशकमां छेलां सूत्रोमां 'असंखेज्जेसु णं भंते! जाव–जोइसिअ–वेमाणिआवासेसु' तथा 'संखेज्जेसु णं भंते! वेमाणिआवाससयसहस्सेसु' ए वात कही छे अर्थात् ते सूत्रोमां नजरो नजर जणाता ज ज्योतिष्कना विमानावासो कह्या छे. एथी तेनी अंदरना देखावने आश्रीने, तथा जे ['जावंते'] ए पद आदि गाथामां कह्युं छे. तेने दर्शाववा कहे छेः— ['जावइआओ' इत्यादि.] जेटला ['उवासंतराओ'त्ति] अवकाशांतरथी कोइ जातना आकाशथी के (अवकाश खाली भाग) रूप अंतराळथी— अर्थात् जेटला अवकाशने अंतरे सूर्य रहेलो छे. ['उदयंते'त्ति] उदय पामतो–उगतो सूर्य ['चक्खुप्फासं'ति] चक्षुःस्पर्शे- नजरे ['हव्वं'ति] शीघ्र आवे छे. अहीं 'चक्षुःस्पर्श' शब्दनो अर्थ आ प्रमाणे छे—चक्षु=नजर अने स्पर्श=अडकवु. जो के, 'स्पर्श' शब्दनो अर्थ 'अडकवुं' थाय छे तो पण अहीं तेनो अर्थ 'अडकवा जेवुं' करवो. कारण के, नजरे जोवाता कोइ पण पदार्थनुं ज्यारे नेत्रद्वारा निरीक्षण थाय छे त्यारे आंख अने पदार्थनो स्पर्श थतो नथी. कारण के, आंख अप्राप्तकारी छे. अर्थात् 'चक्षुःस्पर्श' एटले 'आंखने अडकवा जेवुं.' हवे ते सूर्य सौथी अंदरना मांडलामां कांइक वधारे ४७,२,६३ योजन जेटले वर्ततो उदयावस्थामां देखाय छे अने आथमवानी अवस्थामां पण ए ज रीते देखाय छे. तथा ए प्रमाणे दरेक मांडले जोवामां विशेष छे अने ते विशेष बीजा ग्रंथथी जाणवानो छे. ['सव्वओ समंता' त्ति] 'सर्वतः' एटले बधी दिशाओमां अने 'समंतात्' एटले बधा खुणाओमां. ['ओभासेइ' इत्यादि.] थोडुं प्रकाशे छे-जे प्रकाशने लीधे मोटामां मोटी ज वस्तु देखाय छे. खूब प्रकाशे छे उद्योत करे छे, जेथी मोटी वस्तु ज देखाय छे. तपे छे–ठंडकने दूर करे छे, अथवा ए ताप एवो छे के जेथी नानी कीडी वगेरे पण देखाय छे. खूब तपे छे–घणो ताप थतो होवाथी ठंडकने वधारे दूर करे छे. अथवा ए ताप एवो छे के जेथी नानामां नानी वस्तु देखाय छे.

उगता अने आथमता सूर्यनुं दूरपणुं.

२. एतत् क्षेत्रमेवाऽऽश्रित्याहः–*'तं भंते!'* इत्यादि. यत् क्षेत्रमवभासयति, उद्योतयति, तपति, प्रभासयति च तत् क्षेत्रं किं भदन्त! स्पृष्टमवभासयति? अस्पृष्टमवभासयति? इह यावत्–करणादिदं दृश्यम्–*"गोयमा! पुट्ठं ओभासेइ, नो अपुट्ठं. तं भंते! ओगाढं ओभासेइ,*

---

१. मूलच्छायाः—यावत्–षड्दिशमवभासयति. एवमुद्योतयति, तपति, प्रभासयति, यावत्–नियमात् षड्दिशम्. तद् नूनं भगवन्! सर्वम् इति सर्वापमिति स्पृश्यमानकालसमये यावत्कं क्षेत्रं स्पृशति तावत्कं स्पृश्यमानं स्पृष्टमिति वक्तव्यं स्यात्? हन्त, गौतम! सर्वम् इति यावत्–वक्तव्यं स्यात्. तद् भगवन्! किं स्पृष्टं स्पृशति, अस्पृष्टं स्पृशति? यावत्–नियमात् षड्दिशम्. २. ५९ [illegible]–अनु०

१. पूज्यो पु–८ पुं:–अनु० २. आ बन्ने शब्दो एक [illegible] छे:—श्रीअभय०

[illegible] ओभासइ ? गोयमा ! ओगाढं ओभासेइ, नो अणोगाढं. एवं अणंतरोगाढं ओभासेइ, नो परंपरोगाढं. तं भंते ! किं अणुं ओ-[illegible], बायरं ओभासइ ? गोयमा ! अणुं पि ओभासइ, बायरं पि ओभासइ. तं भंते ! उड्ढं ओभासइ, तिरियं ओभासइ, अहे ओभासइ ? [illegible] ! उड्ढं पि, ३. तं भंते ! आइं ओभासइ, मज्झे ओभासइ, अंते ओभासइ ? गोयमा ! आइं, ३. तं भंते ! सविसए ओभासेइ, [illegible] ओभासइ ? गोयमा ! सविसए ओभासइ, नो अविसए. तं भंते ! आणुपुव्विं ओभासेइ, अणाणुपुव्विं ओभासेइ ? गोयमा ! आ-[illegible] ओभासेइ, नो अणाणुपुव्विं. तं भंते ! कइदिसं ओभासेइ ? गोयमा ! नियमा छद्दिसं'' ति. एतेषां च पदानां प्रथमोद्देशकनारका-[illegible]व्याख्या दृश्या इति. य एव 'ओभासेइ' इत्यनेन सह सूत्रप्रपञ्च उक्तः, स एव 'उज्जोअइ' इत्यादिना पदत्रयेण वाच्यः, इति [illegible]आह:—'एवं उज्जोवेइ' इत्यादि.

२. हवे क्षेत्रने आश्रीने ए ज वातने कहे छेः–['तं भंते' इत्यादि.] जे क्षेत्रने अवभासे छे, उद्द्योतित करे छे, तपावे छे अने खूब तपावे छे. हे [illegible] ! ते क्षेत्रने स्पर्शीने अवभासे छे के स्पर्श्या सिवाय अवभासे छे ? अहीं 'यावत्' शब्द मूकेलो होवाथी आ प्रमाणे जाणवुं: -'हे गौतम ! स्पर्शीने [illegible] छे, पण स्पर्श्या सिवाय अवभासतो नथी. हे भगवन् ! ते क्षेत्रने अवगाहीने अवभासे छे के अवगाह्या सिवाय अवभासे छे ? हे गौतम ! अवगाहीने अवभासे छे, पण अवगाह्या सिवाय अवभासतो नथी. ए प्रमाणे अनंतर अवगाढने अवभासे छे, पण परंपराए अवगाढने अवभासतो नथी. हे भगवन् ! ते अणु क्षेत्रने अवभासे छे के बादर क्षेत्रने अवभासे छे ? हे गौतम ! ते अणुने पण अवभासे छे अने बादरने पण अवभासे छे. हे भगवन् ! ते क्षेत्रने उंचे अवभासे छे, तीरछे अवभासे छे के नीचे अवभासे छे ? हे गौतम ! तेने उंचे, तीरछे अने नीचे पण अवभासे छे. हे भगवन् ! ते क्षेत्रने आदिमां, मध्यमां के अंते अवभासे छे ? हे गौतम ! ते आदिमां, मध्यमां अने अंतमां पण अवभासे छे. हे भगवन् ! ते क्षेत्रने पोताना विषयमां अवभासे छे के परविषयमां अवभासे छे ? हे गौतम ! तेने पोताना विषयमां अवभासे छे, पण परविषयमां अवभासतो नथी. हे भगवन् ! ते क्षेत्रने क्रमपूर्वक अवभासे छे के क्रम सिवाय अवभासे छे ? हे गौतम ! तेने क्रमपूर्वक अवभासे छे, पण क्रम सिवाय अवभासतो नथी. हे भगवन् ! ते क्षेत्रने केटली दिशामां अवभासे छे ? हे गौतम ! चोक्कस छ ए दिशामां ते क्षेत्रने अवभासे छे.'' ए बधां पदोनी व्याख्या प्रथम उद्देशकमां कहेल नारकना आहार सूत्रनी पेठे कहेवी. जे सूत्रनो समूह 'अवभासे छे' ए क्रियापद साथे कह्यो छे ते ज सूत्रनो समूह 'उद्द्योत करे छे' 'तपावे छे' अने 'खूब तपावे छे' ए त्रण क्रियापद साथे पण कहेवो. ए ज वातने दर्शावतां कहे छे केः–['एवं उज्जोवेइ' इत्यादि.]

३. 'स्पृष्टं क्षेत्रं प्रभासयति' इत्युक्तम्, अथ स्पर्शनामेव दर्शयन्नाह:—'से णूणं' इत्यादि. 'सव्वं'ति प्राकृतत्वात् सर्वतः सर्वासु दिक्षु. 'सव्वावं–ति'त्ति प्राकृतत्वाद् एव सर्वात्मना, सर्वेण वाऽऽतपेनाऽऽपत्तिर्व्याप्तिर्यस्य क्षेत्रस्य तत् सर्वापत्ति. अथवा सर्वं क्षेत्रम्, 'इति' शब्दो 'विषयभूतं क्षेत्रं सर्वम्, नतु समस्तमेव' इत्यस्य अर्थस्य उपप्रदर्शनार्थः, तथा सर्वेणाऽऽतपेन, आपो व्याप्तिर्यस्य क्षेत्रस्य तत् सर्वापम्, 'इति' शब्दः 'सामान्यतः सर्वेणातपेन व्याप्तिः, नतु प्रतिप्रदेशं सर्वेण' इत्यस्याऽर्थस्योपप्रदर्शनार्थः. अथवा सह व्यापेनाऽऽतपव्याप्त्या यत् तत् सव्यापम्, इतिशब्दस्तु तथैव. 'फुसमाणकालसमयंसि'त्ति स्पृश्यमानक्षणे, अथवा स्पृशतः सूर्यस्य स्पर्शनायाः कालसमयः स्पृशत्कालसमयः—तत्र, आतपेनेति गम्यते. यावत् क्षेत्रं स्पृशति सूर्य इति प्रकृतम्, तावत् क्षेत्रं स्पृश्यमानं स्पृष्टम्–इति वक्तव्यं स्यादिति प्रश्नः. 'हंता' इत्याद्युत्तरम्. स्पृश्यमान-स्पृष्टयोश्च एकत्वं प्रथमसूत्रादवगन्तव्यम्.

३. 'स्पृष्ट–स्पर्शाएल–क्षेत्रने प्रभासे छे' एम कह्युं छे. माटे हवे स्पर्शनाने ज दर्शावता कहे छे केः–['से णूणं' इत्यादि.] ['सव्वं ति'त्ति] एटले सर्वतः–बधी दिशाओमां, ['सव्वावं ति'त्ति] सर्व आत्मवडे, अथवा 'सव्वावंति'–जे क्षेत्र खूब तापथी व्याप्त छे ते 'सर्वापत्ति' अथवा 'सव्वं' एटले 'सर्व' अने 'ति' एटले 'इति' अहीं आ 'इति' शब्द विषयभूत बधा क्षेत्रनो सूचक छे. पण जेटलुं क्षेत्र छे ते बधायनो सूचक नथी. 'सव्वावं' एटले 'सर्वाप' अर्थात् जे क्षेत्र खूब तडकाथी व्याप्त होय ते 'सर्वाप' अने 'ति' एटले 'इति' आ 'इति' शब्द 'क्षेत्रनो दरेक भागे भाग तापथी व्याप्त छे एम नथी, पण सामान्य रीते क्षेत्र तापथी व्याप्त छे' ए अर्थनो सूचक छे. अथवा 'सव्वावं' एटले 'सव्याप' जे तडकाथी व्याप्त होय ते क्षेत्र [illegible]. अने 'इति' शब्दनो अर्थ तो पूर्व प्रमाणे ज जाणवो. ['फुसमाणकालसमयंसि' त्ति] जे वखते स्पर्श कराय छे ते वखते, अथवा स्पर्श करता–सूर्यनी स्पर्शना–नो काळ–समय ते 'स्पृशत्कालसमय' तेमां. आ ठेकाणे 'आतपवडे' ए अर्थ अध्याहार्य छे. 'जेटलुं क्षेत्र सूर्य स्पर्शे छे' ए चालु वात छे. ते स्पृश्यमान क्षेत्र 'स्पृष्ट' एम कहेवाय ? ए प्रश्न छे. ['हंता' इत्यादि.] ए उत्तरसूत्र छे. स्पृश्यमान अने स्पृष्टनुं एकपणुं प्रथम सूत्रथी जाणवुं.

लोकांतादिस्पर्शना.

२०२. प्र०—*लोयंते भंते ! अलोयंतं फुसइ, अलोयंते वि लोयंतं फुसइ ?*

२०२. उ०—*हंता, गोयमा ! लोयंते अलोयंतं फुसइ, अलोयंते वि लोयंतं फुसइ.*

२०२. प्र०—हे भगवन् ! लोकनो अंत (छेडो) अलोकना अंतने स्पर्शे, अलोकनो पण अंत लोकना छेडाने स्पर्शे ?

२०२. उ०—हा, गौतम ! लोकनो छेडो अलोकना छेडाने स्पर्शे अने अलोकनो पण अंत लोकना छेडाने स्पर्शे.

---

१. जुओ पृ० ५२, प्रश्न ५ नामी टीका–पेरा–११:–अनु० २. आ शब्दोनो जे अर्थ कर्यो छे ते प्राकृतना धोरणे छेः–श्रीअभय० ३. जुओ पृष्ठ–४१, [illegible] अने तेनी टीका:—अनु०

१. [illegible]:—लोकान्तो भगवन् ! अलोकान्तं स्पृशति ? अलोकान्तोऽपि लोकान्तं स्पृशति ? हन्त, गौतम ! लोकान्तोऽलोकान्तं स्पृशति, अलोका-[illegible] स्पृशति:–अनु०

२०३. प्र०—तं भंते ! किं पुंट्ठं फुसइ, अपुट्ठं फुसइ ?

२०३. उ०—जाव–नियमा छद्दिसिं फुसइ.

२०४. प्र०—दीवंते भंते ! सागरंतं फुसइ, सागरंते वि दीवंतं फुसइ ?

२०४. उ०—हंता, जाव–नियमा छद्दिसिं फुसइ.

२०५. प्र०—एवं एएणं अभिलावेणं–उदंते पोयंतं फुसइ, छिद्दन्ते दूसंतं, छायंते आयवंतं० ?

२०५. उ०—जाव–नियमा छद्दिसिं फुसइ.

२०३. प्र०—हे भगवन् ! जे स्पर्शाय छे ते शुं स्पृष्ट छे के अस्पृष्ट छे ?

२०३. उ०—हे गौतम ! यावत्–नियमपूर्वक छ ५ दिशामां स्पर्शाय छे.

२०४. प्र०—हे भगवन् ! बेटनो छेडो समुद्रना छेडाने स्पर्शे समुद्रनो पण छेडो बेटना छेडाने स्पर्शे ?

२०४. उ०—हा, यावत्–नियमे छ ए दिशामां स्पर्शे.

२०५. प्र०—ए प्रमाणे ए अभिलापवडे–पाणीनो छेडो वहाणना छेडाने स्पर्शे, छिद्र–काणा–नो छेडो वस्त्रना छेडाने स्पर्शे, अने छायानो छेडो तडकाना छेडाने स्पर्शे ?

२०५. उ०—हे गौतम ! यावत् -नियमे छ ए दिशामां स्पर्शे.

४. स्पर्शनामेवाधिकृत्याऽऽहः–'लोयंते भंते ! अलोयंतं' इत्यादि. लोकान्तः सर्वतो लोकाऽवसानम्. अलोकान्तस्तु तदनन्तर एवेति. इहापि 'पुट्ठं फुसइ' इत्यादिसूत्रप्रपञ्चो दृश्यः. अत एवोक्तम्–'जाव–नियमा छद्दिसिं'ति एतद्भावना चैवम्–स्पृष्टमलोकान्तम्, लोकान्तः स्पृशति, स्पृष्टत्वं च व्यवहारतो दूरस्थस्यापि दृष्टम्, यथा–चक्षुःस्पर्श इत्युच्यते- अवगाढमासन्नमित्यर्थः, अवगाढत्वं चाऽऽसत्तिमात्रमपि स्यात्, अत उच्यते-अनन्तराऽवगाढमव्यवधानेन संबद्धम्, नतु परंपराऽवगाढम्, शृङ्खलाकटिका इव परंपरासंबद्धम्, तं चाणुं स्पृशति, अलोकान्तस्य क्वचिद् विवक्षया प्रदेशमात्रत्वेन सूक्ष्मत्वात्. बादरमपि स्पृशति, क्वचिद् विवक्षयैव बहुप्रदेशत्वेन बादरत्वात्. तम् ऊर्ध्वम्, अधः, तिर्यक् च स्पृशति, ऊर्ध्वादिदिक्षु लोकान्तस्याऽलोकान्तस्य च भावात्. तं चादौ मध्येऽन्ते च स्पृशति. कथम्? अधस्तिर्यग्-ऊर्ध्व-लोकप्रान्तानामादि–मध्या -ऽन्तकल्पनात्. तं च स्वविषये स्पृशति स्पृष्टाऽवगाढादौ, नाऽविषयेऽस्पृष्टादाविति. तं चानुपूर्व्या स्पृशति, आनुपूर्वी चेह प्रथमे स्थाने लोकान्तः, ततोऽनन्तरं द्वितीये स्थानेऽलोकान्त इत्येवमवस्थानतया स्पृशति, अन्यथा तु स्पर्शनैव न स्यात्. तं च षट्सु दिक्षु स्पृशति, लोकान्तस्य पार्श्वतः सर्वतोऽलोकान्तस्य भावात्, इह च विदिक्षु स्पर्शना नास्ति, दिशां लोकविष्कम्भप्रमाणत्वात्, विदिशां च तत्परिहारेण भावादिति. एवम्, द्वीपान्त–सागरान्तादिसूत्रेषु स्पृष्टादिपदभावना कार्या. नवरम्–द्वीपान्त–सागरान्तादिसूत्रे 'छद्दिसिं' इत्यस्यैवं भावना–योजनसहस्रावगाढा द्वीपाश्च, समुद्राश्च भवन्ति, ततश्चोपरितनान्, अधस्तनांश्च द्वीप–समुद्रप्रदेशानाऽऽश्रित्य ऊर्ध्वाऽधोदिग्द्वयस्य स्पर्शना वाच्या. पूर्वादिदिशां तु प्रतीता एव, समन्ततस्तेषामवस्थानात्. 'उदंते पोयंतं'ति नद्याद्युदकान्तः, पोतान्तो नौपर्यवसानम्, इहाप्युच्छ्रयाऽपेक्षया ऊर्ध्वदिक्स्पर्शना वाच्या. जलनिमज्जने वा इति. 'छिद्दंते दूसंतं'ति छिद्रान्तः, दूष्यान्तं वस्त्रान्तं स्पृशति, इहापि षड्दिक्स्पर्शनाभावना–वस्त्रोच्छ्रयाऽपेक्षया, अथवा कम्बलरूपवस्त्रपोट्टलिकायां तन्मध्योत्पन्नजीवभक्षणेन तन्मध्यरन्ध्राऽपेक्षया लोकान्तसूत्रवत् षड्दिक्स्पर्शना भावयितव्या. 'छायंते आयवंतं'ति इह छायाभेदेन षड्दिग्भावना एवम्–आतपे व्योमवर्तिपक्षिप्रभृति-द्रव्यस्य या छाया तदन्तः, आतपान्तं चतसृषु दिक्षु स्पृशति, तथा तस्या एव छायाया भूमेः सकाशात् तद् द्रव्यं यावदुच्छ्रयोऽस्ति, ततश्च छायान्तः, आतपान्तम् ऊर्ध्वम्, अधश्च स्पृशति. अथवा प्रासाद–वरण्डिकादेर्या छाया तस्या भित्तेरवतरन्त्याः, आरोहन्त्या वाऽन्तः आतपान्तम् ऊर्ध्वम्, अधश्च स्पृशति इति भावनीयम्, अथवा तयोरेव छाया–ऽऽतपयोः पुद्गलानामसंख्येयप्रदेशाऽवगाहित्वाद् उच्छ्रयसद्भावः, तत्सद्भावाच्च ऊर्ध्वाऽधोविभागः, ततश्च छायान्त आतपान्तम् ऊर्ध्वम्, अधश्च स्पृशति इति.

लोकांत.

४. हवे स्पर्शनाने ज उद्देशीने कहे छे केः—['लोयंते भंते ! अलोयंतं' इत्यादि.] लोकांत एटले चारे बाजुथी लोकनो अंत–छेडो, अलोकांत एटले लोकना छेडानी पछीनो ज भाग, आ स्थळे पण पूर्वनी पेठे ['पुट्ठं फुसइ'] इत्यादि सूत्रो कहेवां. माटे ज कह्युं छे केः–['जाव–नियमा छद्दिसिं' ति] एनी भावना आ प्रमाणे जाणवीः–स्पर्शेल अलोकांतने लोकांत स्पर्शे छे. कोइ पदार्थ दूर रहेलो होय तो पण व्यवहारथी ते पदार्थ स्पृष्ट कहेवाय छे. जेम के, आंख, जोवा सारु कोइ पण पदार्थनो स्पर्श करती नथी तो पण 'चक्षुःस्पर्श' शब्दनो प्रयोग थाय छे, तेम अहीं न समजवुं माटे कहे छे के, अवगाढ एटले आसन्न. अवगाढपणुं तो मात्र निकटतारूप ज होय, माटे कहे छे के, अनंतरावगाढ–अव्यवधान विना संबद्ध, पण सांकळनी कडीओनी पेठे परंपराए संबद्ध–परंपराए अवगाढ–नहीं. 'ते अणुने स्पर्शे छे' कारण के विवक्षाथी कोइ स्थळे अलोकांत अल्प प्रदेश मात्र होवाथी सूक्ष्म छे. 'बादरने पण स्पर्शे छे' कारण के विवक्षाथी कोइ स्थळे अलोकांत पण बहुप्रदेशरूप होवाथी बादर छे. 'तेने ऊंचे, नीचे

अणु.
बादर. ऊंचे०.

---

१. मूलच्छायाः—तद् भगवन् ! किं स्पृष्टं स्पृशति ? अस्पृष्टं स्पृशति ? यावत्–नियमात् षड्दिशं स्पृशति. द्वीपान्तो भगवन् ! सागरान्तं स्पृशति ? सागरान्तोऽपि द्वीपान्तं स्पृशति ? हन्त, यावत्–नियमात् षड्दिशं स्पृशति. एवम् एतेनाऽभिलापेन–उदकान्तः पोतान्तं स्पृशति, छिद्रान्तो दूष्यान्तम्, छायान्त आतपान्तम्० ? यावत्–नियमात् षड्दिशं स्पृशतिः–अनु०

[illegible] स्पर्शे छे' कारण के ऊर्ध्वादि दिशाओमां लोकांत अने अलोकांत होय छे. 'तेने आदिमां, वचमां अने अंते स्पर्शे छे' ते केवी [illegible] जो कहे छे के, बीचेना, तीरछा अने उंचा लोकप्रांतोनी आदिपणे, वचलापणे अने अंतपणे कल्पना करवाथी पूर्व प्रमाणे थाय छे. 'तेने [illegible] विषयमां स्पर्शे छे' पोताना विषयमां एटले स्पृष्ट अने अवगाढादिमां, पण पोताना अविषयमां—अस्पृष्टादिमां—नहीं. 'तेने क्रमपूर्वक स्पर्शे [illegible] एटले अहीं प्रथम स्थानमां लोकांत अने त्यार पछी बीजा स्थानमां अलोकांत, ए प्रमाणे अवस्थानपणे स्पर्शे छे. जो एम न करवामां [illegible] स्पर्शना ज थाय नहीं. 'तेने छए दिशामां स्पर्शे छे' कारण के लोकांतने पडखे चारे बाजु अलोकांत छे. आ स्थळे खूणाओनी [illegible]. कारण के, दिशाओनुं प्रमाण लोकना विष्कंभ जेटलुं छे. अने विदिशाओ लोकना परिहारपूर्वक रहे छे. ए ज प्रमाणे द्वीपांत अने [illegible]दि सूत्रोमां पण 'स्पृष्ट' वगेरे पदोनी भावना करवी. विशेष ए के, द्वीपांत अने सागरांतादि सूत्रमां ['छद्दिसिं'] ए सूत्रनी भावना—विचार—[illegible] प्रमाणे करवीः—द्वीपो अने समुद्रो हजार योजन अवगाढ होय छे तेथी द्वीप तथा समुद्रना उपरना अने हेठळना प्रदेशोने आश्री ऊर्ध्वदि[illegible] अने अधोदिशानी स्पर्शना कहेवी. पूर्वादि दिशाओनी स्पर्शना तो प्रतीत ज छे. कारण के तेओनुं (प्रदेशोनुं) अवस्थान चारे बाजु छे. ['उदंते [illegible] ति] नदी वगेरेना पाणीनो छेडो नावना अंतने स्पर्शे छे. अहीं पण उंचाइनी अपेक्षाए ऊर्ध्व दिशानी स्पर्शना जाणवी. अथवा जलमां निमज्जन [illegible] उंचाइनी अपेक्षाए ते स्पर्शना जाणवी. ['छिद्दंते दूसंतं' ति] छिद्रनो अंत वस्त्रना अंतने स्पर्शे छे. अहीं पण वस्त्रनी उंचाइनी अपेक्षाए छ ए दिशाना स्पर्शनी भावना करवी. अथवा कांबळरूप वस्त्रनी पोटलिमां तेनी वच्चे उत्पन्न थएल कोइ जीवे खावाथी पडेल (तेना) [illegible] काणानी अपेक्षाए लोकांत सूत्रनी पेठे छ ए दिशाना स्पर्शनी भावना करवी. ['छायंते आयवंतं' ति] अहीं छायाना भेदथी छ दिशानी भावना [illegible] प्रमाणे करवीः—आतपमां आकाशमां उडता पक्षि वगेरे द्रव्यनी जे छाया, अने तेनो जे अंत ते छायानो अंत—ते, आतपना अंतने चारे दिशामां स्पर्शे छे. तथा ते ज छायानी उंचाइ जमीनथी मांडी ते द्रव्य सुधीनी छे. तेथी छायानो अंत आतपना अंतने उंचे अने नीचे स्पर्शे छे. अथवा हवेलीनी अने वरंडी वगेरेनी भींत उपरथी उतरती के चडती जे छाया, तेनो अंत आतपना अंतने उंचे अने नीचे स्पर्शे छे. एम भावना करवी. अथवा पुद्गलोनुं असंख्येय प्रदेशोमां अवगाहिपणुं होय छे तेथी ते ज छाया अने आतपने उंचाइ होवाथी तेनी उंचाइ अने नीचाइनो विभाग करवो. अने तेथी छायानो अंत आतपना अंतने उंचे अने नीचे स्पर्शे छे.

आदि०. क्रम. द्वीपनो छेडो. पाणीनो छेडो. काणानो छेडो. छायानो छेडो. प्रकाश अने छाया- ना अणुओ.

क्रियाविचार.

२०६. प्र०—*अत्थि णं भंते! जीवाणं पाणाइवाए णं किरिया कज्जइ?*

२०६. प्र०—हे भगवन्! जीवो द्वारा प्राणातिपात क्रिया कराय छे?

२०६. उ०—*हंता, अत्थि.*

२०६. उ०—हा, कराय छे.

२०७. प्र०—*सा भंते! किं पुट्ठा कज्जइ? अपुट्ठा कज्जइ?*

२०७. प्र०—हे भगवन्! जे क्रिया कराय छे ते शुं स्पृष्ट छे? के अस्पृष्ट छे?

२०७. उ०—*जाव—निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं.*

२०७. उ०—हे गौतम! यावत्—निर्व्याघातवडे छ ए दिशाने, व्याघातने आश्रीने कदाच त्रण दिशाने, कदाच चार दिशाने अने कदाच पांच दिशाने स्पर्शे छे.

२०८. प्र०—*सा भंते! किं कडा कज्जइ? अकडा कज्जइ?*

२०८. प्र०—हे भगवन्! जे क्रिया कराय छे ते शुं कृत छे? के अकृत छे?

२०८. उ०—*गोयमा! कडा कज्जइ, नो अकडा कज्जइ.*

२०८. उ०—हे गौतम! ते क्रिया कृत छे. पण अकृत नथी.

२०९. प्र०—*सा भंते! किं अत्तकडा कज्जइ? परकडा कज्जइ? तदुभयकडा कज्जइ?*

२०९. प्र०—हे भगवन्! जे क्रिया कराय छे ते शुं आत्मकृत छे? परकृत छे? के उभयकृत छे?

२०९. उ०—*गोयमा! अत्तकडा कज्जइ, णो परकडा कज्जइ, णो तदुभयकडा कज्जइ.*

२०९. उ०—हे गौतम! ते क्रिया आत्मकृत छे. पण परकृत के तदुभयकृत नथी.

२१०. प्र०—*सा भंते! किं आणुपुव्विं कडा कज्जइ? अणाणुपुव्विं कडा कज्जइ?*

२१०. प्र०—हे भगवन्! जे क्रिया कराय छे ते अनुक्रमपूर्वक कृत छे? के अनुक्रम सिवाय कृत छे?

२१०. उ०—*गोयमा! आणुपुव्विं कडा कज्जइ, णो अणाणुपुव्विं कडा कज्जइ. जा य कडा कज्जइ, जा य कज्जिस्सइ सव्वा सा आणुपुव्विकडा, णो अणाणुपुव्विकड त्ति वत्तव्वं सिया.*

२१०. उ०—हे गौतम! ते अनुक्रमपूर्वक कृत छे. पण अनुक्रम सिवाय कृत नथी. वळी जे कृत क्रिया कराय छे अने कराशे ते बधी अनुक्रमपूर्वक कृत छे. पण अनुक्रम सिवाय कृत नथी एम कहेवाय.

---

१. [illegible]छायाः—अस्ति भगवन्! जीवैः प्राणातिपातः क्रिया क्रियते? हन्त, अस्ति. सा भगवन्! किं स्पृष्टा क्रियते, अस्पृष्टा क्रियते? यावत्—निर्व्या[illegible] [illegible]दिशम्, व्याघातं प्रतीत्य स्यात् त्रिदिशम्, स्यात् चतुर्दिशम्, स्यात् पञ्चदिशम्. सा भगवन्! किं कृता क्रियते, अकृता क्रियते? गौतम! कृता [illegible] नो अकृता क्रियते. सा भगवन्! किम् आत्मकृता क्रियते, परकृता क्रियते, तदुभयकृता क्रियते? गौतम! आत्मकृता क्रियते, नो परकृता क्रियते, [illegible] क्रियते. सा भगवन्! किम् आनुपूर्वी कृता क्रियते, अनानुपूर्वी कृता क्रियते? गौतम! आनुपूर्वी कृता क्रियते, नो अनानुपूर्वी कृता क्रियते. [illegible] या च करिष्यते सर्वा सा आनुपूर्वीकृता, नो अनानुपूर्वीकृता इति वक्तव्यं स्यात्.—अनु.

२११. प्र०—अत्थि णं भंते ! नेरइयाणं पाणाइवायकिरिया कज्जइ ?

२११. उ०—हंता, अत्थि.

२१२. प्र०—सा भंते ! किं पुट्ठा कज्जइ ? अपुट्ठा कज्जइ ?

२१२. उ०—जाव–नियमा छद्दिसिं कज्जइ.

२१३. प्र०—सा भंते ! किं कडा कज्जइ ? अकडा कज्जइ ?

२१३. उ०—तं चेव जाव–णो अणाणुपुव्विं कड त्ति वत्तव्वं सिया.

२१४.—जहा णेरइया तहा एगिंदियवज्जा भाणियव्वा जाव–वेमाणिआ. एगिंदिया जहा जीवा तहा भाणियव्वा.

२१५.—जहा पाणाइवाए तहा मुसावाए, तहा अदिण्णादाणे, मेहुणे, परिग्गहे, कोहे जाव–मिच्छादंसणसल्ले. एवं एए अट्ठारस चउवीसं दंडगा भाणिअव्वा.

सेवं भंते !, सेवं भंते ! त्ति भगवं गोयमे समणं भगवं जाव–विहरति.

२११. प्र०—हे भगवन् ! नैरयिको द्वारा प्राणातिपात [illegible] कराय छे ?

२११. उ०—हे गौतम ! हा, कराय छे.

२१२. प्र०—हे भगवन् ! जे क्रिया कराय छे ते [illegible] छे ? के अस्पृष्ट छे ?

२१२. उ०—हे गौतम ! ते यावत्–नियमे छ ए दिशामां कराय छे.

२१३. प्र०—हे भगवन् ! जे क्रिया कराय छे ते शुं कृत छे के अकृत छे ?

२१३. उ०—हे गौतम ! ते पूर्व प्रमाणे जाणवुं, यावत्–ते अनुक्रम सिवाय कृत छे एम न कहेवाय.

२१४.—नैरयिकोनी पेठे एकेंद्रिय सिवायना यावत्–वैमानिक सुधीना बधा जीवो कहेवा. अने जीवोनी पेठे एकेंद्रियो कहेवा.

२१५.—प्राणातिपातनी क्रिया पेठे मृषावाद, अदत्तादान, मैथुन, परिग्रह, क्रोध अने यावत्–मिथ्यादर्शनशल्य सुधी जाणवुं. अने ए प्रमाणे ए अढार पापस्थान विषे चोवीश दंडक कहेवा.

हे भगवन् ! ते ए प्रमाणे छे. हे भगवन् ! ते ए प्रमाणे छे. एम कही भगवान् गौतम श्रमण भगवंत महावीरने नमीने यावत्–विहरे छे.

५. स्पर्शनाऽधिकारादेव च प्राणातिपातादिपापस्थानप्रभवकर्मस्पर्शनाम् अधिकृत्याऽऽह:–'अत्थि' इत्यादि. अस्त्ययं पक्षः '*किरिया कज्जइ*' त्ति क्रियते इति क्रिया–कर्म, सा क्रियते भवति. '*पुट्ठे*' इत्यादेर्व्याख्या पूर्ववत्. '*कडा कज्जइ*'त्ति कृता भवति, अकृतस्य कर्मणोऽभावात्. '*अत्तकडा कज्जइ*'त्ति आत्मकृतमेव कर्म भवति, नाऽन्यथा. '*अणाणुपुव्विं कडा कज्जइ*'त्ति पूर्व–पश्चाद्विभागो नाऽस्ति यत्र तद् अनानुपूर्वी-शब्देनोच्यत इति. '*जहा णेरइया तहा एगिंदियवज्जा भाणियव्व*' त्ति नारकवदसुरादयोऽपि वाच्याः एकेन्द्रियवर्जाः, ते त्वन्यथा, तेषां हि दिक्पदे '*निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं*' इत्यादेर्विशेषाऽभिलापस्य जीवपदोक्तस्य भावात्. अत एवाह:–'*एगिंदिया जहा जीवा तहा भाणियव्व*'त्ति '*जाव–मिच्छादंसणसल्ले*' इह यावत्–करणाद् '*माणे माया–लोभे*' '*पेज्जे*' अनभिव्यक्तमायालोभस्वभावमभि-ष्वङ्गमात्रं प्रेम. '*दोसे*' अनभिव्यक्तक्रोध–मानस्वरूपमप्रीतिमात्रं द्वेषः. कलहो राटिः. '*अब्भक्खाणे*' असद्दोषाऽऽविष्करणम्. पैशून्यं प्रच्छन्न-मसद्दोषाऽऽविष्करणम्. '*परपरिवाए*' विप्रकीर्णं परेषां गुणदोषवचनम्. '*अरइरइ*' अरतिर्मोहनीयोदयात् चित्तोद्वेगः तत्फला, रतिर्विषयेषु मोहनीयोदयात् चित्ताऽभिरतिः अरतिरतिः. '*मायामोसे*' तृतीयकषायद्वितीयाश्रवयोः संयोगः. अनेन च सर्वसंयोगा उपलक्षिताः. अथवा वेषान्तर–भाषान्तरकरणेन यत् परवञ्चनं तद् मायामृषा इति. मिथ्यादर्शनं शल्यमिव विविधव्यथानिबन्धनत्वाद् मिथ्यादर्शनशल्यम्–इति.

[illegible] घातक्रिया.

आत्मकृत.

एकेंद्रिय.

५. स्पर्शनानो ज अधिकार होवाथी प्राणातिपात (हिंसा) वगेरे पापस्थानकथी उत्पन्न थती कर्म संबंधी स्पर्शनाने उद्देशीने कहे छे के:–['अत्थि' इत्यादि.] आ पक्ष छे–आ वात छे ? ['किरिया कज्जइ'त्ति] कराय ते क्रिया अने क्रिया एटले कर्म, ते थाय छे ? ['पुट्ठे'] इत्यादि सूत्रनी व्याख्या पूर्वनी पेठे करवी. ['कडा कज्जइ'त्ति] कृत होय ते थाय छे. कारण के अकृत कर्मनो अभाव छे. ['अत्तकडा कज्जइ'त्ति] कर्म तो आत्मकृत ज होय छे. पण अन्यथा–परकृत–नथी होतुं. ['अणाणुपुव्विं कडा कज्जइ' त्ति] ज्यां आगळ पाछळनो विभाग न होय ते 'अनानुपूर्वी' शब्दथी व्यवहराय छे. ['जहा णेरइया तहा एगिंदियवज्जा भाणियव्व'त्ति] एकेंद्रिय जीवोने वर्जीने नारकिओनी पेठे असुरादिक बधा जीवो पण कहेवा. अने एकेंद्रिय जीवो जूदी रीते कहेवा. कारण के तेओने विषे दिक्पदमां 'अडचण न होय तो छ ए दिशामां अने अडचण होय तो कदाच त्रण दिशामां' इत्यादि विशेष

---

१. मूलच्छाया:— अस्ति भगवन् ! नैरयिकैः प्राणातिपातक्रिया क्रियते ? हन्त, अस्ति. सा भगवन् ! किं स्पृष्टा क्रियते, अस्पृष्टा क्रियते ? यावत्–नियमात्–षड्दिशं क्रियते. सा भगवन् ! किं कृता क्रियते, अकृता क्रियते ? तदेव यावत्–नो अनानुपूर्वी कृता इति वक्तव्यं स्यात्, यथा नैरयिकास्तथा एकेन्द्रियवर्जा भणितव्या यावत्–वैमानिकाः. एकेन्द्रिया यथा जीवास्तथा भणितव्याः. यथा प्राणातिपातस्तथा मृषावादः, तथाऽदत्तादानम्, मैथुनम्, परिग्रहः, क्रोधो यावत्–मिथ्यादर्शनशल्यम्, एवमेते अष्टादश चतुर्विंशतिर्दण्डका भणितव्याः. तदेवं भगवन् !, तदेवं भगवन् ! इति भगवान् गौतमः श्रमणं भगवन्तं यावत्–विहरति:–अनु०

[illegible] विशेष औपपातिकमां कहेलो छे. माटे ज कहे छे के, ['एगिंदिया जहा जीवा तहा भाणिअव्व'त्ति] ['जाव-मिच्छादंसणसल्ले'] अहीं 'यावत्' [illegible] शब्दथी मान, माया, लोभ, वगेरे जाणवा. प्रेम-जे आसक्तिमां माया अने लोभनो स्वभाव अप्रकट छे ते आसक्ति प्रेम. द्वेष-अप्रकट क्रोध अने [illegible] भाव अप्रीति ते द्वेष. कलह एटले राड-कजीओ. अभ्याख्यान एटले अछता दोषोनुं जाहेर करवुं. पैशून्य एटले अछता दोषोनुं गुप्तपणे [illegible] करवुं. परपरिवाद-विप्रकीर्णपणे बीजाओना गुण दोष कहेवा. ['अरइरइ'त्ति] मोहनीयना उदयथी चित्तना उद्वेगरूप फलवाळी ते अरति, मोह- [illegible] उदयथी विषयोमां चित्तनी अभिरति ते रति अने ते बन्ने अरतिरति. मायामृषावाद एटले त्रीजा कषायनो अने बीजा आश्रवनो संयोग. आ, [illegible] दोषोनुं उपलक्षण छे. अथवा मायामृषावाद एटले वेष बदलावीने के भाषा बदलावीने जे बीजाने ठगवुं ते. अनेक प्रकारनी पीडानुं [illegible] होवाथी मिथ्यादर्शन, शल्यनी पेठे छे माटे ते मिथ्यादर्शनशल्य छे.

प्रेमादि. मिथ्यादर्शन [illegible]

श्रमण भगवंत महावीर अने आर्य श्रीरोह.

संबंधो—ते णं काले णं, ते णं समए णं समणस्स भगवओ महावीरस्स अंतेवासी रोहे णामं अणगारे पगइभद्दए, पगइमउए, पगइविणीए, पगइउवसंते, पगइपयणुकोह-माण-माया-लोभे, मिउमद्दवसंपन्ने, अलीणे, भद्दए, विणीए समणस्स भगवओ महावीरस्स अदूरसामंते उड्ढंजाणु, अहोसिरे, झाणकोट्ठोवगए संजमेणं, तवसा अप्पाणं भावेमाणे विहरइ. तए णं से रोहे अणगारे जायसड्ढे जाव-पज्जुवासमाणे एवं वदासीः—

संबंध—ते काले, ते समये श्रमण भगवंत महावीरना शिष्य रोह नामना अनगार हता. जेओ स्वभावे भद्र, कोमळ, विनयी, शांत, ओछा क्रोध, मान, माया अने लोभवाळा, अत्यंत निरभिमानी, गुरुने आशरे रहेनारा, कोइने संताप न करे तेवा अने गुरुभक्त हता. ते रोह नामना अनगार पोते उभडक रहेला, नीचे नमेल मुखवाळा, ध्यानरूप कोठामां पेठेला तथा संयम अने तपवडे आत्माने भावता श्रमण भगवंत महावीरनी आजुबाजु विहरे छे. पछी ते रोह नामना अनगार जातश्रद्ध थइ यावत्-पर्युपासना करता आ प्रमाणे बोल्याः—

२१६. प्र०—पुव्विं भंते! लोए, पच्छा अलोए? पुव्विं अलोए, पच्छा लोए?

२१६. उ०—रोहा! लोए य, अलोए य, पुव्विं पेते, पच्छा पेते-दो वि ए सासया भावा, अणाणुपुव्वी एसा रोहा!.

२१६. प्र०—हे भगवन्! पहेलो लोक छे अने पछी अलोक छे? के पहेलो अलोक छे अने पछी लोक छे?

२१६. उ०—हे रोह! लोक अने अलोक, ए पहेलो पण छे अने पछी पण छे. ए बन्ने पण शाश्वत भाव छे, हे रोह! ए बेमां 'अमुक पहेलो अने अमुक पछी' एवो क्रम नथी.

२१७. प्र०—पुव्विं भंते! जीवा, पच्छा अजीवा? पुव्विं अजीवा पच्छा जीवा?

२१७. उ०—जहेव लोए, अलोए य; तहेव जीवा य, अजीवा य. एवं भवसिद्धिआ य अभवसिद्धिआ य, सिद्धी, असिद्धी. सिद्धा, असिद्धा.

२१७. प्र०—हे भगवन्! जीवो पहेला छे अने अजीवो पछी छे? के पहेला अजीवो छे अने पछी जीवो छे?

२१७. उ०—हे रोह! जेम लोक अने अलोक विषे कह्युं तेम जीवो अने अजीवो संबंधे पण जाणवुं. ए प्रमाणे भवसिद्धिको, अने अभवसिद्धिको, सिद्धि अने असिद्धि-संसार तथा सिद्ध अने संसारिओ पण जाणवा.

२१८. प्र०—पुव्विं भंते! अंडए, पच्छा कुक्कुडी? पुव्विं कुक्कुडी, पच्छा अंडए? 'रोहा! से णं अंडए कओ?' 'भयवं! कुक्कुडीओ.' 'सा णं कुक्कुडी कओ?' 'भंते! अंडयाओ.'

२१८. उ०—एवामेव रोहा! से य अंडए, सा य कुक्कुडी पुव्विं पेते, पच्छा पेते-दुवे सासया भावा, अणाणुपुव्वी एसा रोहा!.

२१८. प्र०—हे भगवन्! पहेलां इंडुं छे अने पछी कुकडी छे? के पहेलां कुकडी छे अने पछी इंडुं छे? 'हे रोह! ते इंडुं क्यांथी थयुं?' 'हे भगवन्! ते इंडुं कुकडीथी थयुं.' 'हे रोह! ते कुकडी क्यांथी थइ?' 'हे भगवन्! ते कुकडी इंडाथी थइ.'

२१८. उ०—ए ज प्रमाणे हे रोह! ते इंडुं अने ते कुकडी ए पहेलां पण छे अने पछी पण छे-ए शाश्वत भाव छे. पण हे रोह! ते बेमां कोइ जातनो क्रम नथी.

---

१. मूलच्छायाः—तस्मिन् काले, तस्मिन् समये श्रमणस्य भगवतो महावीरस्याऽन्तेवासी रोहो नाम अनगारः प्रकृतिभद्रकः, प्रकृतिमृदुकः, प्रकृतिविनीतः, प्रकृत्युपशान्तः, प्रकृतिप्रतनुक्रोध-मान-माया-लोभः, मृदुमार्दवसम्पन्नः, अलीनः, भद्रकः, विनीतः श्रमणस्य भगवतो महावीरस्य अदूरसामन्ते ऊर्ध्वजानुः, अधःशिराः, ध्यानकोष्ठोपगतः संयमेन, तपसाऽऽत्मानं भावयन् विहरति. तदा स रोहोऽनगारो जातश्रद्धो यावत्-पर्युपासीन [illegible] अवादीत्—पूर्वं भगवन्! लोकः, पश्चाद् अलोकः पूर्वम्-अलोकः, पश्चाद् लोकः? रोह! लोकश्च अलोकश्च, पूर्वम्-अपि एतौ, पश्चाद् अपि एतौ-द्वौ अपि [illegible] शाश्वतौ भावौ अनानुपूर्वी एषा रोह!. पूर्वं भगवन्! जीवाः, पश्चाद् अजीवाः पूर्वम्-अजीवाः, पश्चाद् जीवाः? यथैव लोकः, अलोकश्च; तथैव जीवाश्च, [illegible] एवं भवसिद्धिकाश्च, अभवसिद्धिकाश्च. सिद्धिः, असिद्धिः. सिद्धाः, असिद्धाः. पूर्वं भगवन्! अण्डकम्, पश्चात् कुकुटी? पूर्वं कुकुटी, पश्चाद् अण्डकम्? [illegible] एवमेव रोह! तद् अण्डकम्, सा च कुकुटी पूर्वम्-अपि एते [illegible]

२१९. प्र०—पुव्विं भंते ! लोयंते, पच्छा अलोयंते ? पुव्विं अलोयंते पच्छा लोयंते ?

२१९. उ०—रोहा ! लोयंते य, अलोयंते य; जाव—अणाणुपुव्वी एसा रोहा !.

२२०. प्र०—पुव्विं भंते ! लोयंते, पच्छा सत्तमे उवासंतरे? पुच्छा.

२२०. उ०—रोहा ! लोयंते य, सत्तमे उवासंतरे; पुव्विं पि दो वि एते, जाव—अणाणुपुव्वी एसा रोहा !. एवं लोयंते य, सत्तमे य तणुवाए, एवं घणवाए, घणोदही, सत्तमा पुढवी. एवं लोयंते एक्केकेणं संजोएयव्वे इमेहिं ठाणेहिं, तं जहा:—

उवास—वाय—घणउदहि—पुढवी—दीवा य सागरा वासा,
नेरइआई अत्थिय समया कम्माइं लेस्साओ.
दिट्ठी दंसण णाणा सण्णा सरीरा य जोग—उवओगे,
दव्वपएसा पज्जव अद्धा किं पुव्विं लोयन्ते.

२२१. प्र०—पुव्विं भंते ! लोयंते, पच्छा सव्वद्धा ?

२२१. उ०—जहा लोयंतेणं संजोइआ सव्वे ठाणा एते. एव अलोयंतेण वि संजोएयव्वा सव्वे.

२२२. प्र०—पुव्विं भंते ! सत्तमे उवासंतरे, पच्छा सत्तमे तणुवाए ?

२२२. उ०—एवं सत्तमं उवासंतरं सव्वेहिं समं संजोएअव्वं, जाव—सव्वद्धाए.

२२३. प्र०—पुव्विं भंते ! सत्तमे तणुवाए, पच्छा सत्तमे घणवाए ?

२२३. उ०—एअं पि तहेव नेयव्वं, जाव—सव्वद्धा. एवं उवरिल्लं एक्केकं संजोयंतेणं जो जो हिट्ठिल्लो, तं तं छड्डुंतेणं नेयव्वं, जाव—अतीअ—अणागयद्धा, पच्छा सव्वद्धा, जाव—अणाणुपुव्वी एसा रोहा !.

सेवं भंते !, सेवं भंते ! त्ति जाव—विहरइ.

२१९. प्र०—हे भगवन् ! पहेलां लोकांत छे अने पछी अलोकांत छे ? के पहेलां अलोकांत छे अने पछी लोकांत छे ?

२१९. उ०—हे रोह ! लोकांत अने अलोकांत, ए [illegible] यावत्—हे रोह ! कोइ जातनो क्रम नथी.

२२०. प्र०—हे भगवन् ! पहेलां लोकांत छे अने पछी सातमुं अवकाशांतर छे ? इत्यादि पूछवुं.

२२०. उ०—हे रोह ! लोकांत अने सातमुं अवकाशांतर, ए बन्ने पहेलां पण छे. ए प्रमाणे यावत्—हे रोह ! ए बेमां कोइ जातनो क्रम नथी. ए प्रमाणे लोकांत, सातमो तनुवात, ए प्रमाणे घनवात, घनोदधि अने सातमी पृथिवी. ए प्रमाणे एक एकनी साथे लोकांत आ नीचे लखेलां स्थानो साथे जोडवो:—

अवकाशांतर, वात, घनोदधि, पृथिवी, द्वीप, सागर, वर्ष—क्षेत्र, नैरयिकादिक जीव, अस्तिकाय, समय, कर्म, लेश्या, दृष्टि, दर्शन, ज्ञान, संज्ञा, शरीर, योग, उपयोग, द्रव्यप्रदेशो अने पर्यवो तथा शुं काळ पहेलां छे अने लोकांत (पछी छे?)

२२१. प्र०—हे भगवन् ! पहेलां लोकांत छे अने पछी सर्वाद्धा छे ?

२२१. उ०—हे रोह ! जेम लोकांत साथे ए बधां स्थानो जोड्यां, तेम आ संबंधे पण जाणवुं. अने ए प्रमाणे ए बधां स्थानो अलोकांत साथे पण जोडवां.

२२२. प्र०—हे भगवन् ! पहेलां सातमुं अवकाशांतर छे अने पछी सातमो तनुवात छे ?

२२२. उ०—हे रोह ! ए प्रमाणे सातमुं अवकाशांतर बधा साथे जोडवुं अने ए प्रमाणे यावत्—सर्वाद्धा सुधी जाणवुं.

२२३. प्र०—हे भगवन् ! पहेलां सातमो तनुवात छे अने पछी सातमो घनवात छे ?

२२३. उ०—हे रोह ! ए पण ते प्रमाणे जाणवुं, यावत्—सर्वाद्धा. ए प्रमाणे उपरना एक एकने संयोजतां अने जे जे हेठलो होय तेने छोडतां पूर्व प्रमाणे जाणवुं, यावत्—अतीत अने अनागतकाळ अने पछी सर्वाद्धा, यावत्—हे रोह ! एमां कोइ जातनो क्रम नथी.

हे भगवन् ! ते ए प्रमाणे छे, हे भगवन् ! ते ए प्रमाणे छे एम कही यावत्—विहरे छे.

---

१. मूलच्छाया:—पूर्वं भगवन् ! लोकान्तः, पश्चाद् अलोकान्तः; पूर्वम् अलोकान्तः, पश्चाद् लोकान्तः ? रोह ! लोकान्तश्च, अलोकान्तश्च; यावत्—अनानुपूर्वी एषा रोह !. पूर्वं भगवन् ! लोकान्तः, पश्चात् सप्तमम्—अवकाशान्तरम् ? पृच्छा. रोह ! लोकान्तश्च, सप्तमम्—अवकाशान्तरम्. पूर्वम्—अपि द्वौ अपि एतौ यावत्—अनानुपूर्वी एषा रोह !. एवं लोकान्तश्च सप्तमश्च तनुवातः, एवं घनवातः, घनोदधिः, सप्तमी पृथिवी. एवं लोकान्त एकैकेन संयोजयितव्य एभिः स्थानैः, तद्यथा:—अवकाश—वात—घनोदधि—पृथिवी—द्वीपाश्च सागरा वर्षाणि, नैरयिकादि अस्तिकायाः समयाः कर्माणि लेश्याः. दृष्टिर्दर्शनं ज्ञानानि संज्ञा शरीराणि च योगोपयोगौ, द्रव्यप्रदेशाः पर्यवा अद्धा किं पूर्वं लोकान्तः. पूर्वं भगवन् ! लोकान्तः, पश्चात् सर्वाद्धा ? यथा लोकान्तेन संयुक्तानि सर्वाणि स्थानानि एतानि. एवम्—अलोकान्तेनाऽपि संयोजयितव्यानि सर्वाणि. पूर्वं भगवन् ! सप्तमम्—अवकाशान्तरम्, पश्चात् सप्तमस्तनुवातः ? एवं सप्तमम्—अवकाशान्तरं सर्वैः समं संयोजयितव्यम्, यावत्—सर्वाद्धा. पूर्वं भगवन् ! सप्तमस्तनुवातः, पश्चात् सप्तमो घनवातः ? एतद्—अपि तथैव ज्ञातव्यम्, यावत्—सर्वाद्धा. एवम्—उपरितनम्, एकैकेन संयोजयता यो योऽधस्तनः, तं तं छर्दयता ज्ञातव्यम्, यावत्—अतीत—अनागताद्धा, पश्चात् सर्वाद्धा, यावत्—अनानुपूर्वी एषा रोह !. तदेवं भगवन् !, तदेवं भगवन् ! इति यावत्—विहरति:—अनु०

६. एवं तावद् गौतमद्वारेण कर्म प्ररूपितम्, तच्च प्रवाहतः शाश्वतम्, इत्यतः शाश्वतान् एव लोकादिभावान् रोहकाऽभिधानमुनि-[illegible] प्ररूपयितुं प्रस्तावयन्नाहः—'*ते णं काले णं*' इत्यादि. '*पगइभद्दए*' त्ति स्वभावत एव परोपकारकरणशीलः, '*पगइमउए*' त्ति [illegible] एव भावमार्दविकः, अत एव '*पगइविणीए*' त्ति तथा '*पगइउवसंते*'त्ति क्रोधोदयाऽभावात्, '*पगइपयणुकोह–माण–माया-लोभे*' सत्यपि कषायोदये तत्कार्याऽभावात्–प्रतनुक्रोधादिभावः. '*मिउमद्दवसंपन्ने*' त्ति मृदु यद् मार्दवम्–अत्यर्थम्–अहंकृतिजयः, तत् [illegible] प्राप्तो गुरूपदेशाद् यः स तथा. '*अलीणे*' त्ति गुरुसमाश्रितः, संलीनो वा. '*भद्दए*' त्ति अनुपतापको गुरुशिक्षागुणात्. '*विणीए*' त्ति गुरुसेवागुणात्. '*भवसिद्धिया य*' त्ति भविष्यतीति भवा, भवा सिद्धिर्निर्वृत्तिर्येषां ते भवसिद्धिका इत्यर्थः. '*सत्तमे उवासंतरे*' त्ति सप्तमपृथिव्या अधोवर्तिआकाशम्–इति. सूत्रसंग्रहगाथेः—'*उवास*' इत्यादिके. तत्र '*उवासे*' त्ति सप्तावकाशान्तराणि. '*वाय*' त्ति तनुवाताः, घनवाताः. '*घणउदहि*' त्ति घनोदधयः सप्त. '*पुढवि*'त्ति नरकपृथ्व्यः सप्तैव. '*दीवा य*' त्ति जम्बूद्वीपाद्योऽसंख्येयाः, एवम्–सागरा लवणादयः. '*वास*' त्ति वर्षाणि भरतादीनि सप्त एव. '*नेरइयाइ*' त्ति चतुर्विंशतिदण्डकः. '*अत्थिय*' त्ति अस्तिकायाः पञ्च. '*समय*' त्ति कालविभागाः. कर्माण्यष्टौ. लेश्याः षट्. दृष्टयो मिथ्यादृष्ट्यादयस्तिस्रः. दर्शनानि चत्वारि. ज्ञानानि पञ्च. संज्ञाश्चतस्रः. शरीराणि पञ्च. योगास्त्रयः. उपयोगौ द्वौ. द्रव्याणि षट्. प्रदेशा अनन्ताः. पर्यवा अनन्ताः. एवम् '*अद्ध*' त्ति अतीताद्धा, अनागताद्धा, सर्वाद्धा चेति. '*किं पुव्विं लोयंति*' त्ति अयं सूत्राभिलापनिर्देशः तथैव. पश्चिमसूत्राभिलापं दर्शयन् आहः—'*पुव्विं भंते! लोयंते, पच्छा सव्वद्धे?*' त्ति एतानि च सूत्राणि शून्य–ज्ञानादिवादनिरासेन विचित्रबाह्या–ऽऽध्यात्मिकवस्तुसत्ताऽभिधानार्थानि, ईश्वरादिकृतत्वनिरासेन च अनादित्वाऽभिधानार्थानि इति.

६. ए प्रमाणे गौतमद्वारा कर्मनुं प्ररूपण थयुं. अने ते कर्म प्रवाहथी शाश्वत छे, माटे हवे शाश्वत लोकादि भावोने रोहक नामना मुनिवर द्वारा प्ररूपाववा प्रस्तावना करतां कहे छे केः–['ते णं काले णं' इत्यादि.] ['पगइभद्दए'त्ति] स्वभावथी ज परोपकार करवाना स्वभाववाळो, ['पगइमउए'त्ति] स्वभावथी ज कोमळ, माटे ज ['पगइविणीए'] स्वभावथी विनयवाळो, तथा ['पगइउवसंते'त्ति] क्रोधनो उदय न होवाथी स्वभावे शांत, ['पगइपयणुकोह–माण–माया–लोभे'] जो के कषायनो उदय छे तो पण तेनुं परिणाम न होवाथी जेना क्रोधादिक भाव पातळा छे एवो, ['मिउमद्दवसंपन्ने'त्ति] गुरुना उपदेशथी अहंकार उपर अत्यंत जय मेळवनार–निरभिमानी, ['अलीणे'त्ति] गुरुने आशरे रहेलो अथवा गुप्तेंद्रिय, ['भद्दए'त्ति] गुरुनी शिक्षाना गुणथी कोइने संताप न उपजावे तेवो, ['विणीए'त्ति] गुरुसेवाना गुणथी विनीत–विनयवंत. ['भवसिद्धिआ य'त्ति] जेओनी सिद्धि थनारी छे ते भवसिद्धिक. ['सत्तमे उवासंतरे'त्ति] सातमी पृथिवीनी नीचेनुं आकाश. सूत्रसंग्रहगाथाः—['उवास' इत्यादि.] तेमां ['उवासे'त्ति] 'उवास' एटले सात आकाशांतरो. ['वाय'त्ति] तनुवात अने घनवात. ['घणउदहि'त्ति] सात घनोदधि. ['पुढवि'त्ति] सात नरक पृथिवी. ['दीवा य'त्ति] जंबूद्वीप वगेरे असंख्य द्वीपो. ए प्रमाणे लवण वगेरे समुद्रो. ['वास'त्ति] भरतादिक सात क्षेत्रो. ['नेरइयाइ'त्ति] नैरयिकादिक चोवीश दंडक. ['अत्थिय'त्ति] पांच अस्तिकाय. ['समय'त्ति] कालना विभागो. आठ कर्मो. छ लेश्या. मिथ्यादृष्टि वगेरे त्रण दृष्टि. चार दर्शन. पांच ज्ञान. चार संज्ञा. पांच शरीर. त्रण योगो. बे उपयोग. छ द्रव्यो. अनंता प्रदेशो. अनंत पर्यायो. ए प्रमाणे ['अद्ध'त्ति] भूतकाळ, भविष्यत्काळ अने समग्र काळ. ['किं पुव्विं लोयंति'त्ति] आ सूत्र बोलवानी पद्धति पूर्ववत् छे. वळी छेल्ला सूत्राभिलापने दर्शावतां कहे छे केः–['पुव्विं भंते! लोयंते, पच्छा सव्वद्धे?' त्ति] ए बधां सूत्रो शून्यवाद[1], ज्ञानवाद[2] वगेरेना निरासपूर्वक विचित्र बाह्य अने आध्यात्मिक पदार्थोनी सत्ताना सूचक छे. तथा 'आ जगत् ईश्वर कृत छे' इत्यादि वादना निरासपूर्वक जगतना अनादिपणाना सूचक छे.

आर्य रोह मुनिस्वभाव.

सूत्रप्रयोजन.

लोकस्थिति.

२२४ प्र०—'*भंते!*' *त्ति भगवं गोयमे समणं जाव–एवं वयासीः–कइविहा णं भंते! लोयट्ठिती पन्नत्ता?*

२२४. प्र०—'हे भगवन्!' एम कहीने भगवंत गौतमे श्रमण भगवंत महावीरने यावत्–आ प्रमाणे कह्युंः—हे भगवन्! लोकनी स्थिति केटला प्रकारनी कही छे?

२२४. उ०—*गोयमा! अट्ठविहा लोयट्ठिती पन्नत्ता. तंजहाः—आगासपइट्ठिए वाए. वायपइट्ठिए उदही, उदय(हि)–*

२२४. उ०—हे गौतम! लोकनी स्थिति आठ प्रकारनी कही छे. ते आ प्रमाणेः—वात–वायु–आकाशने आधारे रहेलो छे. उदधि वायुने आधारे रहेलो छे. पृथिवी–जमीन–उदधिने

---

१. शून्यवाद एटले बधुं शून्य छे—पदार्थ के ज्ञान कांइ ज नथी. आ शून्यवादने केटलाक बौद्धो स्वीकारे छे. ते माटे विशेष विवेचन सारु जुओ रत्ना[illegible]–पृ–२७–१२. (य० ग्रं). २. ज्ञानवाद एटले जे कांइ बधुं देखाय छे ते ज्ञानरूप छे एम मानवुं तेः–अनु०

१. [illegible]:—भगवन्! इति भगवान् गौतमः श्रमणं यावत्–एवम् अवादीत्:–कतिविधा भगवन्! लोकस्थितिः प्रज्ञप्ता? गौतम! अष्टविधा लोकस्थितिः [illegible]—आकाशप्रतिष्ठितो वातः, वातप्रतिष्ठित उदधिः, उदधि(क) प्रतिष्ठिता पृथिवी:–अनु०

पइट्ठिया पुढवी. पुढविपइट्ठिया तसा, थावरा पाणा. अजीवा जीवपइट्ठिया. जीवा कम्मपइट्ठिया. अजीवा जीवसंगहिया. जीवा कम्मसंगहिया.

आधारे रहेली छे. त्रस जीवो—हाली चाली शके तेवा [illegible] अने स्थावर जीवो—कायम स्थिर रहेनार प्राणिओ—पृथिवीने [illegible] रहेला छे. अजीवो—जड पदार्थो—जीवने आधारे रहेला [illegible] (सकर्मक) जीवो कर्मने आधारे रहेला छे. अजीवोने जीवोए [illegible] रेला छे अने जीवोने कर्मोए संघरेला छे.

२२५. प्र०—*से केणट्ठेणं भंते! एवं वुच्चइ—'अट्ठविहा जाव—जीवा कम्मसंगहिया'?*

२२५. प्र०—हे भगवन्! एम कहेवानुं शुं कारण के, '[illegible] कनी स्थिति आठ प्रकारनी कही छे अने यावत्—जीवोने कर्मोए संघरेला छे'?

२२५. उ०—*गोयमा! से जहाणामए केई पुरिसे वत्थिमाडोवेइ, वत्थिमाडोवेत्ता उप्पिं—सितं बंधइ, बंधइत्ता; मज्झेणं गंठिं बंधइ, बंधइत्ता; उवरिल्लं गंठिं मुयइ, मुइत्ता; उवरिल्लं देसं वामेइ, उवरिल्लं देसं वामेत्ता; उवरिल्लं देसं आउयायस्स पूरेइ, पूरित्ता उप्पिं—सितं बंधइ, बंधित्ता मज्झिल्लगंठिं मुयइ, मुइत्ता; से णूणं गोयमा! से आउयाये वाउयायस्स उप्पिं उवरिमतले चिट्ठइ? हंता, चिट्ठइ. से तेणट्ठेणं जाव—'जीवा कम्मसंगहिया'. से जहा वा केइ पुरिसे वत्थिं आडोवेइ, आडोवित्ता कडीए बंधइ, बंधित्ता; अत्थाह—मतार—मपोरुसियंसि उदगंसि ओगाहेज्जा. से णूणं गोयमा! से पुरिसे तस्स आउयायस्स उवरिमतले चिट्ठइ? हंता, चिट्ठइ. एवं वा अट्ठविहा लोयट्ठिई पन्नत्ता, जाव—जीवा कम्मसंगहिया.*

२२५. उ०— हे गौतम! जेम कोइ एक पुरुष होय, [illegible] ते (पुरुष) चामडानी मसकने पवनवडे फुलावे. पछी ते मसकनुं मुख बंध करे, मसकने वचले भागे गांठ बांधे, पछी ते मसकनुं मुख उघाडुं करे अने तेनी अंदरनो पवन काढी नांखे. पछी ते मसकना उपरना भागमां पाणी भरे, पछी पाछुं ते मसकनुं मुख बांधी दे, पछी तेनी वचली गांठ छोडी दे. तो हे गौतम! ते भरेलुं पाणी ते पवननी उपर उपरना भागमां रहे? 'हा, रहे' ते कारण थी यावत्—'जीवोने कर्मोए संघरेला छे' ए, पूर्वे प्रमाणे कह्युं छे. अथवा हे गौतम! जेम कोइ एक पुरुष होय, अने ते चामडानी मसकने पवनवडे फुलावी पोतानी कडे बांधे, पछी ते पुरुष ताग विनाना, तरी न शकाय तेवा, अने माथोडा करतां वधारे उंडा पाणीमां प्रवेश करे. तो हे गौतम! ते पुरुष ते पाणीनी उपर उपरना भागमां रहे? 'हा, रहे' ए रीते लोकनी स्थिति आठ प्रकारनी कही छे, यावत्—जीवोने कर्मोए संघरेला छे.

२२६. प्र०—*अत्थि णं भंते! जीवा य, पोग्गला य अन्नमन्नबद्धा, अन्नमन्नपुट्ठा, अन्नमन्नओगाढा, अण्णमण्णसिणेहपडिबद्धा, अन्नमन्नघडत्ताए चिट्ठंति?*

२२६. प्र०—हे भगवन्! जीवो अने पुद्गलो परस्पर संबद्ध छे. परस्पर वधारे संबद्ध छे, परस्पर एक बीजा मळी गएला छे, परस्पर स्नेह—चिकाश—थी प्रतिबद्ध छे अने परस्पर घट्ट थइने रहे छे?

२२६. उ०—*हंता, अत्थि.*

२२६. उ०—हे गौतम! हा.

२२७. प्र०—*से केणट्ठेणं भंते! जाव—चिट्ठंति?*

२२७. प्र०—हे भगवन्! तेम कहेवानुं शुं कारण के, यावत्—'तेओ ते प्रमाणे रहे छे'?

२२७. उ०—*गोयमा! से जहाणामए हरदे सिया, पुन्ने, पुण्णप्पमाणे, वोलट्टमाणे, वोसट्टमाणे, समभरघडत्ताए चिट्ठइ.*

२२७. उ०—हे गौतम! जेम कोइ एक ह्रद—पाणीनो नद— छे अने ते पाणीथी भरेलो, पाणीथी छलोछल भरेलो, पाणीथी छलकातो, पाणीथी वधतो छे तथा ते भरेला घडानी पेठे रहे छे. हवे ते

---

१. मूलच्छाया:—पृथिवीप्रतिष्ठितास्त्रसाः, स्थावराः प्राणाः. अजीवा जीवप्रतिष्ठिताः. जीवाः कर्मप्रतिष्ठिताः. अजीवा जीवसंगृहीताः. जीवाः कर्मसंगृहीताः. तत् केनाऽर्थेन भगवन्! एवमुच्यते 'अष्टविधा यावत्—जीवाः कर्मसंगृहीताः?' गौतम! तद् यथानामकः कश्चित् पुरुषो बस्तिमाटोपयति, बस्तिमाटोप्य उपरि तद् बध्नाति, बद्ध्वा मध्ये ग्रन्थिं बध्नाति, बद्ध्वा उपरितनां ग्रन्थिं मुञ्चति, मुक्त्वा उपरितनं देशं वमयति, उपरितनं देशं वमयित्वा उपरितनं देशम् अप्कायेन पूरयति, पूरयित्वा उपरि तद् बध्नाति, बद्ध्वा मध्यमग्रन्थिं मुञ्चति, मुक्त्वा तद् नूनं गौतम! स अप्कायः वायुकायस्य उपरि उपरिमतले तिष्ठति? हन्त, तिष्ठति. तत् तेनार्थेन यावत्—'जीवाः कर्मसंगृहीताः' तद् यथा वा कश्चित् पुरुषो बस्तिम् आटोपयति, आटोप्य कट्यां बध्नाति, बद्ध्वा अस्ताघा—ऽतारा—ऽपौरुषेये, उदके अवगाहयेत्, तद् नूनं गौतम! स पुरुषस्तस्य अप्कायस्य उपरिमतले तिष्ठति? हन्त, तिष्ठति. एवं वाऽष्टविधा लोकस्थितिः प्रज्ञप्ता, यावत्—जीवाः कर्मसंगृहीताः. अस्ति भगवन्! जीवाश्च, पुद्गलाश्च अन्योन्यबद्धाः, अन्योन्यस्पृष्टाः, अन्योन्यावगाढाः, अन्योन्यस्नेहप्रतिबद्धाः, अन्योन्यघटतया तिष्ठन्ति? हन्त, अस्ति. तत् केनाऽर्थेन भगवन्! यावत्—तिष्ठन्ति? गौतम! तद् यथानामको ह्रदः स्यात्, पूर्णः, पूर्णप्रमाणः, व्यपलोटयन्, विकसन्, समभरघटतया तिष्ठति:—अनु०

[illegible] पुरिसे तंसि हरदंसि एगं महं नावं सयासवं, सयछिदं [illegible]. से णूणं गोयमा! सा णावा तेहिं आसवदारेहिं आ- [illegible], आपूरमाणी पुण्णा, पुण्णप्पमाणा, वोलट्टमाणा, वोसट्टमाणा, [illegible]ताए चिट्ठइ? हंता, चिट्ठइ. से तेणट्ठेणं गोयमा! [illegible] णं जीवा य जाव–चिट्ठंति.

हृदमां कोइ पुरुष एक मोटी, सो नाना काणावाळी, सो मोटा काणा- वाळी नावने नाखे. तो हे गौतम! ते नाव ते काणाओथी भराती, वधारे भराती, छलकाती, पाणीथी वधती थाय? अने ते भरेला घडानी पेठे रहे? 'हा, रहे' माटे हे गौतम! ते हेतुथी यावत्– 'जीवो पूर्व प्रमाणे रहे छे'.

७. लोकान्तादिलोकपदार्थप्रस्तावाद् अथ गौतममुखेन लोकस्थितिप्रज्ञापनायाह:—*'कइविहा णं'* इत्यादि. आकाशप्रतिष्ठितो वायुः–तनुवात–घनवातरूपः, तस्यावकाशान्तरोपरि स्थितत्वात्. आकाशं तु स्वप्रतिष्ठितमेव इति न तत्प्रतिष्ठाचिन्ता कृता इति. तथा वातप्रतिष्ठित उदधिः–घनोदधिः, तनुवात–घनवातोपरि स्थितत्वात्. तथा उदधिप्रतिष्ठिता पृथिवी, घनोदधीनामुपरि स्थितत्वाद् रत्नप्रभादीनाम्, बाहुल्यापेक्षया च इदमुक्तम्. अन्यथा ईषत्प्राग्भारा पृथिवी आकाशप्रतिष्ठिता एव. तथा पृथिवीप्रतिष्ठितास्त्रस–स्थावराः प्राणाः, इदमपि प्रायिकम्–एव, अन्यथा आकाश–पर्वत–विमानप्रतिष्ठिता अपि ते सन्ति इति. तथाऽजीवाः शरीरादिपुद्गलरूपा जीवप्रतिष्ठिताः, जीवेषु तेषां स्थितत्वात्. तथा जीवाः कर्मप्रतिष्ठिताः, कर्मसु अनुदयाऽवस्थकर्मपुद्गलसमुदायरूपेषु संसारिजीवानामाश्रितत्वात्. अन्ये त्वाहुः—"जीवाः कर्मभिः प्रतिष्ठिताः–नारकादिभावेनावस्थिताः". तथाऽजीवा जीवसंगृहीताः, मनो–भाषादिपुद्गलानां जीवैः संगृहीतत्वात्. अथाऽजीवा जीवप्रतिष्ठिताः, तथाऽजीवा जीवसंगृहीता इत्येतयोः को भेदः? उच्यते–पूर्वस्मिन् वाक्ये आधाराऽऽधेयभाव उक्तः, उत्तरे तु संग्राह्य-संग्राहकभाव इति भेदः, यच्च यस्य संग्राह्यं तत् तस्याऽऽधेयमपि अर्थापत्तितः स्यात्, यथाऽपूपस्य तैलम्, इति आधारा–ऽऽधेयभावोऽपि उत्तरवाक्ये दृश्य इति. तथा जीवाः कर्मसंगृहीताः, संसारिजीवानाम् उदयप्राप्तकर्मवशवर्तित्वात्, ये च यद्वशास्ते तत्र प्रतिष्ठिताः, यथा घटे रूपादयः, इत्येवम्–इहाऽपि आधारा-ऽऽधेयता दृश्या इति. *'से जहानामए केइ'* त्ति स यथानामको यत्प्रकारनामा देवदत्तादिनामा इत्यर्थः. अथवा *'से'* इति सः, यथा इति दृष्टान्तार्थः. *'नाम'* इति संभावनायाम्, *'ए'* इति वाक्याऽलंकारे. *'वत्थि'* ति बस्तिं–दृतिम्. *'आडोवेइ'* त्ति आटोपयेद् वायुना पूरयेत्, *'उप्पिं–सितं बंधइ'* त्ति उपरि सितं 'षिञ् बन्धने' इति वचनात्, क्तप्रत्ययस्य च भावार्थत्वात्, कर्मार्थत्वाद् वा बद्धं ग्रन्थिमित्यर्थः. बध्नाति करोतीत्यर्थः. अथवा *'उप्पिंसि'* त्ति उपरि, *'तं'* इति बस्तिम्, *'से आउयाए'* त्ति सोऽप्कायः तस्य वायुकायस्य *'उप्पिं'* ति उपरि, उपरिभावश्च व्यवहारतोऽपि स्याद् इत्यत आहः–उपरितले सर्वोपरीत्यर्थः, यथा वायुराधारो जलस्य दृष्टः, एवमाधारा-ऽऽधेयभावो भवति आकाश–घनवातादीनाम् इति, आधाराऽऽधेयभावश्च प्रागेव सर्वपदेषु व्यञ्जित इति. *'अत्थाहंअतारंअपोरुसियंसि'* त्ति अस्ताघम्–अविद्यमानस्ताघम्–अगाधमित्यर्थः, अस्ताघो वा निरस्ताधस्तलमित्यर्थः, अत एवाऽतारम्–तरीतुमशक्यम्, पाठान्तरेणाऽपारम्–पारवर्जितम्, पुरुषः प्रमाणमस्य इति पौरुषेयम्, तत्प्रतिषेधाद् अपौरुषेयम्, ततः कर्मधारयः, अतस्तत्र. मकारश्चेहाऽलाक्षणिकः. *'एवं वा'* इत्यत्र वाशब्दो दृष्टान्ताऽन्तरतासूचनार्थः.

७. लोकांत वगेरे लोकना पदार्थोनो प्रस्ताव होवाथी हवे गौतमना मुख द्वारा लोकस्थितिने जणाववा सारु कहे छे केः–['कइविहा णं' इत्यादि. तनुवात अने घनवातरूप वायु आकाशने आधारे रहेलो छे. कारण के, ते वायु अवकाशांतरनी उपर रहेलो छे. अने आकाश तो पोताने आधारे ज रहेलुं छे–तेनो बीजो कोइ आधार नथी माटे 'आकाश कोने आधारे रहेलुं छे?' ए संबंधी विचार नथी कर्यो. तथा घनोदधि, वातने आधारे रहेलो छे, कारण के घनोदधि, तनुवात अने घनवात उपर रहेलो छे. तथा पृथिवी घनोदधिने आधारे रहेली, छे कारण के रत्नप्रभा वगेरे पृथिवीओ घनोदधिनी उपर रहेली छे. शं०–आ सूत्रमां जे कह्युं छे 'पृथिवीओ घनोदधिने आधारे रहेली छे' ते बराबर नथी. कारण के, पृथिवीओ आठ छे तेमां सात पृथिवीओ तो घनोदधिने आधारे कही ते व्याजबी छे. पण आठमी ईषत्प्राग्भारा (सिद्धशिला) पृथिवी तो घनोदधिने आधारे नथी रही. पण ते आकाशने ज आधारे रहेली छे. माटे सूत्रमां ईषत्प्राग्भारा सिवायनी बीजी पृथिवीओ घनोदधिने आधारे रहेली छे एम कहेवुं उचित छे, पण सामान्य प्रकारे सर्व पृथिवीओ घनोदधिने आधारे रहेली छे ते कथन तो सुसंगत नथी. समा०–पूर्वनी शंका ठीक छे. पण सूत्रनुं आ वचन औपचारिक छे. ते आ रीतेः–जेम एक सो माणसनो समुदाय जतो होय, तेमां पोणोसो माणस छत्रीवाळा होय अने पचीश माणस छत्री विनाना होय तो पण ते समुदायमां छत्रीवाळा घणा होवाथी अने छत्री विनाना थोडा होवाथी ते समुदाय छत्रीवाळो कहेवाय छे अर्थात् जेनी संख्या वधारे होय तेनो व्यवहार मुख्यपणे थाय छे. तेम ज आ आठ पृथिवीओमां सात पृथिवीओ तो घनोदधिने आधारे रहेली छे अने मात्र एक आठमी सिद्धशिला घनोदधिने आधारे नथी रही. तो पण वधारे संख्यावाळी पृथिवीओ घनोदधिने आधारे रहेली छे माटे ज एम कह्युं छे के, 'पृथिवीओ घनोदधिने आधारे रहेली छे' अने एम

आर्य श्रीगौतम. कोण कोने आधारे छे?

शंका.

समाधान.

---

६. मूलच्छायाः— अथ कश्चित् पुरुषस्तस्मिन् हृदे एकां महतीं नावं शतास्रवाम्, शतच्छिद्राम् अवगाहयेत्, तद् नूनं गौतम! सा नौः तैः [illegible] आपूर्यमाणी, आपूर्यमाणी पूर्णा, पूर्णप्रमाणा, [illegible], [illegible] समभरघटतया तिष्ठति? हन्त, तिष्ठति. तद् तेनाऽर्थेन गौतम! अस्ति [illegible]–तिष्ठन्ति–[illegible].

सामान्य प्रकारे कहेवुं ते उचित पण छे. त्रस–हाली चाली शके तेवा प्राणिओ अने स्थावर–हाली चाली न शके तेवा जीवो–ए बधा [illegible] पृथिवीने आधारे रहेला छे. आ वचन पण प्रायिक छे. कारण के पृथिवी सिवाय पण जीवो आकाशने, पर्वतने अने विमानने आधारे रहेला छे. [illegible] शरीरादि पुद्गलरूप अजीवो जीवने आधारे रहेला छे, कारण के तेओ जीवोमां स्थित छे. तथा जीवो कर्मने आधारे रहेला छे, कारण के संसारि जीवो आधार अनुदय अवस्थामां रहेल कर्मपुद्गलना समुदाय उपर छे. बीजाओ तो कहे छे के, "जीवो कर्मने आधारे रहेला छे एटले जीवो नारकादि [illegible] रहेला छे." तथा अजीवोने जीवोए संघरेला छे, कारण के मनना अने भाषा वगेरेना पुद्गलो जीवोए संघरेला छे. शं०–'अजीवो जीवोने आधारे [illegible] छे' तथा 'अजीवोने जीवोए संघरेला छे' ए बे वाक्यना अर्थमां शो भेद–तफावत–छे ? समा०–आगळना वाक्यमां आधार आधेय–भाव कह्यो छे. [illegible] पाछळना वाक्यमां संग्राह्य–संग्राहक भाव कह्यो छे. ए प्रमाणे ए बे वाक्यमां भिन्नता छे. तथा पाछळना वाक्यमां आधार—आधेय भाव पण छे [illegible] ते आ रीते छे:–जे जेनुं संग्राह्य होय ते तेनुं आधेय पण होय छे. अर्थात् जेम, पूडलावडे तेल संग्रहाय छे तो ते तेल संग्राह्य पण छे अने आधेय [illegible] छे. तेम अहीं पण समजवुं. तथा जीवोने कर्मोए संघरेला छे, कारण के संसारि जीवो उदयप्राप्त कर्मने ताबे रहेला छे. वळी जे जेने वश होय ते तेमां रहेलुं होय छे, जेम; घटना रूपादिगुणो घटने वश रहेला छे माटे ज ते घटमां रहेला छे. ए प्रमाणे अहीं पण आधार आधेय भाव जाणवो. [['से] जहानामए केइ' त्ति] कोइ एक देवदत्तादि नामवाळो पुरुष, ['वत्थि'ति] मसकने ['आडोवेइ'त्ति] आटोपे–वायुवडे फुलावे. ['उप्पिं–सिअं बंधइ'त्ति] उपर गांठ बांधे. अथवा ['उप्पिसि'त्ति] एटले उपर अने ['तं' इति] एटले ते मसकने. ['से आउयाए'त्ति] अप्काय–पाणी, ते वायुकायनी उपर. उपरपणुं व्यवहारथी पण होय, माटे कहे छे के, उपरने तळिये अर्थात् सौथी उपरना भागमां. जेम जलनो आधार वायु छे ए प्रमाणे आकाश अने घनवातादिनो पण परस्पर आधार–आधेय भाव समजवो. अने ते आधार–आधेय भाव सर्व पदोमां पहेलां ज व्यक्त थइ चूक्यो छे. ['अत्थाह–मतार–मपोरुसिअंसि'त्ति] अगाध अथवा तळिया विनानुं घणुं ऊंडुं, माटे ज न तरी शकाय तेवुं, अथवा 'अपार' एवुं पाठांतर होवाथी अपार–पार विनानुं, पुरुष जेटलुं ऊंडुं ते पौरुषेय अने तेवुं नहीं (ते करतां वधारे ऊंडुं) ते अपौरुषेय, एवा पाणीमां. ['एवं वा' इति.]

त्रस. स्थावर. कर्मपाश. मसक.

'*एगयओ न साहण्णंति*' त्ति एकत एकत्वेन एकस्कन्धतया इत्यर्थः, न संहन्येते न संहती स्याताम्. '*नत्थि सिणेहकाए*' त्ति स्नेहकायः— स्नेहराशिर्नास्ति सूक्ष्मत्वात्, त्र्यादियोगे तु स्थूलत्वात् सोऽस्ति. '*दुक्खत्ताए कज्जंति*' त्ति पञ्च पुद्गलाः संहत्य दुःखतया—कर्मतया क्रियन्ते— भवन्तीत्यर्थः. '*दुक्खे वि य णं*' ति कर्माऽपि च, '*से*' त्ति तत् शाश्वतम् अनादित्वात्, '*सय*' त्ति सर्वदा, '*समियं*' ति सम्यक्, सपरिमाणं वा चीयते—चयं याति, अपचीयते—अपचयं याति. तथा '*पुव्विं*' ति भाषणात् प्राक्, '*भास*' त्ति वाग्द्रव्यसंहतिः, '*भास*' त्ति सत्यादि-भाषा स्यात्, तत्कारणत्वात्, विभङ्गज्ञानित्वेन वा तेषां मतमात्रमेतद् निरुपपत्तिकम्—उन्मत्तकवचनवत्, अतो न इह उपपत्तिः अत्यर्थं गवेषणीया. एवं सर्वत्र अपि इति. तथा '*भासिज्जमाणी भासा अभास*' त्ति निसृज्यमानवाग्द्रव्याणि अभाषा, वर्तमानसमयस्य अतिसूक्ष्मत्वेन व्यवहाराऽनङ्गत्वादिति. '*भासासमयवितिक्कंतं च णं*' ति इह क्त–प्रत्ययस्य भावार्थत्वात्, विभक्तिविपरिणामाच्च भाषासमयव्यतिक्रमे च '*भासिय*' त्ति निसृष्टा सती भाषा भवति, प्रतिपाद्यस्य अभिधेये प्रत्ययोत्पादकत्वाद् इति. '*अभासओ णं भास*' त्ति अभाषमाणस्य भाषा, भाषणात् पूर्वं पश्चाच्च तदभ्युपगमात्. '*नो खलु भासओ*' त्ति भाष्यमाणायाः तस्या अनभ्युपगमाद् इति. तथा '*पुव्विं किरिया*' इत्यादि. क्रिया कायिक्यादिका, सा यावद् न क्रियते तावद् '*दुक्ख*' त्ति दुःखहेतुः. '*कज्जमाण*' त्ति क्रियमाणा क्रिया न दुःखा—न दुःखहेतुः. क्रियासमयव्यतिक्रान्तं च क्रियायाः क्रियमाणताव्यतिक्रमे च, कृता सती क्रिया दुःखेति. इदमपि तन्मतमात्रमेव निरुपपत्तिकम्. अथवा पूर्वं क्रिया दुःखा, अनभ्यासात्. क्रियमाणा क्रिया न दुःखा, अभ्यासात्. कृता क्रिया दुःखा, अनुताप–श्रमादेः. '*करणओ दुक्ख*' त्ति करणम्–आश्रित्य—करणकाले कुर्वतः इत्यर्थः. '*अकरणओ दुक्ख*' त्ति अकरणम्—आश्रित्य–अकुर्वत इति यावत्. '*नो खलु सा करणओ दुक्ख*' त्ति अक्रियमाणत्वे दुःखतया तस्या अभ्युपगमात्. '*सेवं वत्तव्वं सिया*' अथ एवं पूर्वोक्तं वस्तु, वक्तव्यं स्याद् उपपन्नत्वाद् अस्य इति. अथ अन्ययूथिकान्तरमतमाहः—अकृत्यम्—अनागतकालापेक्षया अनिर्वर्तनीयं 'जीवैः' इति गम्यम्. दुःखम्—असातम्, तत्कारणं वा कर्म. तथा अकृत्यत्वाद् एव अस्पृश्यम्—अबन्धनीयम्. तथा क्रियमाणं वर्तमानकाले, कृत च अतीतकाले, तन्निषेधाद् अक्रियमाणकृतम्, कालत्रयेऽपि कर्मणो बन्धनिषेधाद् अकृत्वा अकृत्वा आभीक्ष्ण्ये द्विर्वचनम्. 'दुःखम्' इति प्रकृतमेव. के? इत्याहः— प्राण—भूत—जीव—सत्त्वाः. प्राणादिलक्षणं चेदम्—"प्राणा द्वि—त्रि—चतुःप्रोक्ताः भूतास्तु तरवः स्मृताः, जीवाः पञ्चेन्द्रिया ज्ञेयाः शेषा सत्त्वा इतीरिताः." '*वेअणं*' ति शुभाऽशुभं कर्म, वेदनां पीडां वा, वेदयन्ति अनुभवन्ति, इत्येतद् वक्तव्य स्यात्, अस्यैव उपपद्यमानत्वात्, यादृच्छिकं हि सर्वं लोके सुख—दुःखम्—इति. यदाहः—"अतर्कितोपस्थितमेव सर्वं चित्रं जनानां सुख—दुःखजातम्, काकस्य तालेन यथाऽभिघातो न बुद्धिपूर्वोऽत्र वृथाऽभिमानः." '*से कहमेअं*' ति अथ कथमेतद् भदन्त! एवम्—अन्ययूथिकोक्तन्यायेन? इति प्रश्नः. '*जं णं ते अन्नउत्थिआ*' इत्यादि उत्तरम्. व्याख्या चास्य प्राग्वत्. मिथ्या च एतद् एवम्—यदि चलदेव प्रथमसमये चलितं न भवेत्, तदा द्वितीयादिष्वपि तद् अचलितमेव इति न कदाचनाऽपि चलेत्, अत एव वर्तमानस्याऽपि विवक्षया अतीतत्वं न विरुद्धम्. एतच्च प्रागेव निर्णीतमिति न पुनः उच्यते. यच्चोच्यते 'चलितकार्याऽकरणाद् अचलितमेव' इति. तद् अयुक्तम्, यतः प्रतिक्षणम्—उत्पद्यमानेषु श्वास—कोशादिवस्तुषु अन्त्यक्षणभावि वस्तु आद्यक्षणे स्वकार्यं न करोत्येव, असत्त्वात्. अतो यद् अन्त्यसमयचलितं कार्यं विवक्षितं परेण, तद् आद्यसमयचलित यदि न करोति तदा क इव दोषोऽत्र?, कारणानां स्वस्वकार्यकरणस्वभावत्वाद् इति.

कुतीर्थिकप्रलाप.

१. आगळना उद्देशकमां 'कर्म अस्थिर छे' एम कह्युं छे अने कर्म वगेरे परोक्ष वस्तुना स्वरूपमां कुतीर्थिको विवाद करे छे माटे तेओना विवादने अटकाववा तथा आगळ कहेली संग्रह गाथामां कहेलुं जे ['चलणाओ'त्ति] ए पद छे, तेनुं प्रतिपादन करवा आ दशमा उद्देशकनु व्याख्यान करवामां आवे छे. तेमां आ सुत्र छेः–['अन्नउत्थिआ णं' इत्यादि.] ['चलमाणे अचलिए' त्ति] चालतु कर्म चाल्युं गणातुं नथी. कारण के चालतुं कर्म, चालेल कर्म जे कार्य करी शके छे ते, ते करी शकतुं नथी. तथा वर्तमानकाळनी वस्तुनो व्यवहार भूतकाळनी वस्तुनी पेठे थवो ए दुर्घट छे. ए प्रमाणे बीजे ठिकाणे पण समजवुं. ['एगयओ न साहण्णंति' त्ति] एक स्कंधपणे जोडाता नथी–मळता नथी. ['नत्थि सिणेहकाए' त्ति] तेओ बन्ने परमाणुओ सूक्ष्म होवाथी तेमां स्नेह–चीकाशगुण नथी. अने ज्यारे त्रण, चार के पांच वगेरे परमाणुओ भेगा थाय छे त्यारे तेमां स्थूलपणुं आवे छे, तेथी तेमां चिकाश पण होय छे. ['दुक्खत्ताए कज्जंति' त्ति] पांच पुद्गलो भेगा थइने दुःख-कर्म-पणे थाय छे. ['दुक्खे वि य णं' ति] अने ['से' त्ति] ते कर्म अनादिनुं होवाथी शाश्वत- नित्य–छे. ['सय' त्ति] हमेशा ['समिअं'ति] सारी रीते, अथवा मापपूर्वक चय–वृद्धि–पामे छे अने नाश पामे छे. तथा ['पुव्विं' ति] बोल्या पहेलांनी जे ['भास' त्ति] शब्दना अणुओनी थोकडी ते ['भास'त्ति] सत्य वगेरे भाषा कहेवाय छे. कारण के, ते शब्दना अणुओ सा- चाना कारणरूप छे. अथवा विभंगज्ञानिपणाने लीधे ए प्रमाणे ते अन्यतीर्थिकोनुं युक्तिविनानुं मत छे. जे उन्मत्त मनुष्यना वचननी जेवुं छे. माटे आ स्थळे तेनी सिद्धिने सारु वधारे युक्ति गोतवानी जरूर नथी. अने ए प्रमाणे बीजे ठेकाणे पण जाणवुं. तथा ['भासिज्जमाणी भासा अभास' त्ति] मुख द्वारा बहार नीकळतां शब्दना अणुओ अभाषा छे. कारण के वर्तमानकाळ घणो सूक्ष्म होवाथी व्यवहारनुं अंग नथी. ['भासासमयवितिक्कंतं च णं' ति] भाषानो समय गया पछीनी अर्थात् ['भासिअ' त्ति] मुख द्वारा नीकळेली भाषा–बोलाएली भाषा–ते भाषा कहेवाय छे. कारण के, ते भाषाद्वारा सांभळनारने अर्थनुं ज्ञान थाय छे. ['अभासओ णं भास'त्ति] बोल्यां पहेलां के पछी भाषानो स्वीकार करेलो होवाथी ते अभाषमाण–नहीं बोलता–नी भाषा छे. ['नो खलु भासओ' त्ति] बोलाती भाषा, भाषा तरीके नहीं स्वीकारेली होवाथी बोलता पुरुषनी भाषा, ए भाषा न कहेवाय. तथा ['पुव्विं

१. जुओ आगळ पृ–८:–अनु० २. 'व्यतिक्रान्त' आ शब्दने छेडे रहेलो 'त' क्रियानो सूचक छे अने विभक्तिओनुं परिवर्तन थवुं होवाथी आवी रीतेनी सप्तमी जेवो अर्थ करवोः—श्रीअभय०

[किरिआ' इत्यादि.] क्रिया एटले कायिकी वगेरे क्रिया. ज्यां सुधी ते क्रिया कराती नथी त्यां सुधी ['दुक्ख' त्ति] दुःखमां हेतुरूप छे. ['कज्जमाण' त्ति] कराती क्रिया दुःखमां हेतुरूप नथी. ज्यारे क्रियानो समय वीती जाय छे एटले 'क्रिया कराय छे' ए व्यवहार मटीने, 'क्रिया कराएली छे' एवो व्यवहार थाय छे त्यारे करेली क्रिया ['दुक्खे' त्ति] दुःखमां हेतुरूप छे. आ पण तेओनुं ज युक्तिविनानुं मत छे. अथवा अभ्यास (टेव) न होवाने लीधे पहेलां क्रिया दुःखरूप लागे छे. पछी अभ्यास पडी जवाथी कराती क्रिया दुःखरूप नथी लागती अने क्रिया कर्या पछी पश्चात्ताप थाय छे, अथवा थाक वगेरे लागे छे तेथी करेली क्रिया दुःखरूप लागे छे. ['करणओ दुक्ख' त्ति] करणने आश्रीने—करवाने वखते—करता पुरुषने. ['अकरणओ दुक्ख' त्ति] अकरणने आश्रीने—नहीं करता पुरुषने. ['नो खलु सा करणओ दुक्ख' त्ति] कारण के, क्रियानी अक्रियमाण स्थितिमां तेने (ते क्रियाने) दुःखरूपे स्वीकारेली छे. ['सेवं वत्तव्वं सिया'] ए प्रमाणे पूर्वोक्त वस्तु वक्तव्य छे. कारण के, ए उपपन्न—युक्तियुक्त छे. हवे बीजा कोइ अन्ययूथिकनुं मत कहे छे के, अकृत्य एटले भविष्यत्काळनी अपेक्षाए जीवोवडे अनिर्वर्तनीय—अनिष्पाद्य—नहीं उपजे तेवुं. दुःख एटले सुख नहीं अथवा तेनुं कारण कर्म, तथा अकृत्य होवाथी ज अबंधनीय—न बंधाय तेवुं छे. तथा वर्तमान काळे करातुं ते क्रियमाण अने भूतकाळे कराएलुं ते कृत, ते बन्नेनो निषेध करवाथी अक्रियमाणकृत, अर्थात् त्रणे काळे पण कर्मना बंधनो निषेध होवाथी दुःखने नहीं करीने नहीं करीने. कोण ? तो कहे छे के, प्राणो, भूतो, जीवो अने सत्त्वो. ए प्राण वगेरेनुं स्वरूप आ छेः—"बे इंद्रियवाळा, त्रण इंद्रियवाळा अने चार इंद्रियवाळा जीवो 'प्राण' कहेवाय छे. वृक्षोने 'भूतो' कहेवाय छे. जे पांच इंद्रियवाळा होय ते 'जीवो' कहेवाय छे अने बाकीना बधा—पृथिवी वगेरेना जीवो—'सत्त्वो' कहेवाय छे." ['वेअणं' ति] सारा के नरसा कर्मने अथवा पीडाने अनुभवे छे, एम वक्तव्य छे, कारण के ए रीते ए युक्तियुक्त छे. लोकमां जे कांइ सुख के दुःख देखाय छे ते बधुं यादृच्छिक छे. कह्युं छे के, "माणसोने जे कांइ विचित्र सुख के दुःख थाय छे ते बधुं अतर्कितोपस्थित छे—विचार सिवाय थाय छे.—जेम; कागडाने बेसवुं अने ताडने पडवुं ते प्रमाणे ए बधुं थाय छे. पण कांइ बुद्धिपूर्वक थतुं नथी, माटे 'में कर्युं' एवुं अभिमान राखवुं ए नकामुं—खोटुं—छे." ['से कहमेयं' ति] हे भगवन् ! अन्ययूथिके कहेल न्याये ए प्रमाणे ए केम होइ शके ? ए प्रश्न छे. ['जं णं ते अन्नउत्थिआ' इत्यादि.] ए उत्तर छे. एनी व्याख्या पूर्वनी पेठे जाणवी. अने ते बधुं मिथ्या—खोटुं—आ प्रमाणे छेः—जो चालतुं ज कर्म प्रथम समये चलित—'चालेलुं' न होय तो बीजा समयोमां पण ते कर्म अचलित ज होय—कोइ पण समये ते कर्म चाले ज नहीं. माटे ज वर्तमानने पण विवक्षावडे लागतुं अतीतपणुं विरुद्ध नथी. ए विषे आगळ ज निर्णय कर्यो छे. माटे फरीथी कहेता नथी. जे कह्युं छे के, चलित कर्म जे काम करे छे ते काम चालतुं कर्म नथी करतुं माटे चालताने 'चलित' केम कहेवाय ?' ते कथन अयुक्त छे. कारण के प्रतिक्षणे उत्पन्न थता 'स्थास,' (घडो बनावती वखते माटीने जे पहोळी करवी ते 'स्थास' कहेवाय.) कोश वगेरे उत्पन्न थया पछी छेवटे—छेल्ले क्षणे—उत्पन्न थनारुं घटरूप कार्य प्रथम क्षणे—घट करवाना आरंभ समये—असत् होवाथी पोतानुं कर्तव्य न करे ए युक्तियुक्त ज छे. अने अहीं कुतीर्थिकोए अंत समयनुं चलित कर्म जे कार्य करे छे, ते कार्यने 'कार्य' तरीके कल्पेलुं छे. हवे जो ते कार्यने आद्य समयनुं चलित कर्म न करे तो तेओ एवो दोष दइ शकता नथी के, चलित कर्मनी पेठे कार्य न करवाथी 'चालतुं' कर्म चलित कहेवातुं नथी. तेनुं कारण ए के, दरेक कारणो पोत पोतानां कार्यो करे छे. पण बीजुं कारण बीजा कारणना कार्यने नथी करतुं तेम छतां एमां दोष देवो ते कांइ ज नहीं एम गणवुं युक्त छे.

ते प्रज्ञापनी असत्यता.

२. यच्चोक्तम्—'द्वौ परमाणू न संहन्येते, सूक्ष्मतया स्नेहाभावात्' तद् अयुक्तम्. एकस्याऽपि परमाणोः स्नेहसंभवात्, सार्धपुद्गलस्य संहतत्वेन तैरेव अभ्युपगमाच्च. यत उक्तम्—'*तिण्णि परमाणु—पोग्गला एगयओ साहणंति, ते भिज्जमाणा दुहा वि, तिविहा वि कज्जंति. *दुहा कज्जमाणा एगयओ दिवड्ढे*' त्ति अनेन हि सार्धपुद्गलस्य संहतत्वाभ्युपगमेन तस्य स्नेहोऽभ्युपगत एव, इति कथं परमाण्वोः स्नेहाभावेन संघाताभावः ? इति. यच्चोक्तम्—'एकतः सार्धः, एकतः सार्धः' इति. एतद् अपि अचारु, परमाणोः अर्धीकरणे परमाणुत्वाभावप्रसङ्गात्. तथा यदुक्तम्—'पञ्च पुद्गलाः संहताः कर्मतया भवन्ति' तद् अपि असंगतम्, कर्मणोऽनन्तपरमाणुतया अनन्तस्कन्धरूपत्वात्, पञ्चाणुकस्य च स्कन्धमात्रत्वात्. तथा कर्म जीवावरणस्वभावमिष्यते, तच्च कथं पञ्चपरमाणुस्कन्धमात्ररूपं सद् असंख्यातप्रदेशात्मकं जीवम्—आवृणुयात् ? इति. तथा यदुक्तम्—'कर्म च शाश्वतम्' तद् अपि असमीचीनम्, कर्मणः शाश्वतत्वे क्षयोपशमाद्यभावेन ज्ञानादीनां हानेः, उत्कर्षस्य च अभावप्रसङ्गात्. दृश्येते च ज्ञानादिहानि—वृद्धी. तथा यदुक्तम्—'कर्म सदा चीयते, अपचीयते च' इति. तद् अपि एकान्तशाश्वतत्वे नोपपद्यते इति. यच्चोक्तम्—'भाषणात् पूर्वं भाषा, तद्धेतुत्वात्' तद् अयुक्तमेव, औपचारिकत्वात्, उपचारस्य च तत्त्वतोऽवस्तुत्वात्. किञ्च, उपचारः तात्त्विके वस्तुनि सति संभवति, इति तात्त्विकी भाषा अस्तीति सिद्धम्. यच्च उक्तम्—'भाष्यमाणा अभाषा, वर्तमानसमयस्य अव्यवहारिकत्वात्' तदपि असम्यक्, वर्तमानसमयस्य एव अस्तित्वेन व्यवहाराङ्गत्वात्, अतीता—ऽनागतयोश्च विनष्टा—ऽनुत्पन्नतया असत्त्वेन व्यवहारानङ्गत्वाद् इति. यच्च उक्तम्—'भाषासमय'—इत्यादि. तदपि असाधु, भाष्यमाणभाषाया अभावे 'भाषासमय'—इत्यस्य अभिलापस्य अभावप्रसङ्गात्. यच्च—'प्रतिपाद्यस्य अभिधेये प्रत्ययोत्पादकत्वात्' इति हेतुः, सोऽनैकान्तिकः—करादिचेष्टानाम्—अभिधेयप्रतिपादकत्वे सत्यपि भाषात्वाऽसिद्धेः. तथा यदुक्तम्—'अभाषकस्य भाषा' इति. तद् असंगततरम्, एवं हि सिद्धस्य, अचेतनस्य वा भाषाप्राप्तिप्रसङ्ग इति. एवं क्रिया अपि वर्तमानकाल एव युक्ता, तस्यैव सत्त्वादिति. यच्च अनभ्यासा—ऽभ्यासादिकं कारणम्—उक्तम्, तच्च अनैकान्तिकम्—अनभ्यासादौ अपि यतः काचित् सुखादिरूपा एव. तथा यदुक्तम्—'अकरणतः क्रिया दुःखा' इति. तदपि प्रतीतिबाधितम्, यतः करणकाल एव क्रिया दुःखा, सुखा वा दृश्यते. न पुनः पूर्वं पश्चाद् वा, तदसत्त्वाद् इति.

२. वळी जे कह्युं छे के, 'बे परमाणुओ चोंटता नथी, कारण के ते सूक्ष्म छे माटे चिकाश विनाना छे.' ते पण अयुक्त छे. कारण के एक परमाणुमां पण चिकाश होय छे. तथा ते अन्यतीर्थिकोए ज एम स्वीकार्युं छे के, दोढ दोढ परमाणुओ परस्पर चोंटी जाय छे अर्थात् एम

कुतीर्थिक प्रलाप अने तेनी असत्यता.

---

* [illegible]

स्वीकारवाथी अडधा परमाणुमां पण तेओना मते चिकाश होवी संभवे छे. तेओए कह्युं छे के, [‘तिन्नि परमाणुपोग्गला एगयओ साहण्णंति, ते भिज्जमाणा दुहा वि, तिविहा वि कज्जंति. दुहा कज्जमाणां एगयओ दिवड्ढे’त्ति] आ सूत्रथी तेओए ‘दोढ दोढ परमाणु चोंटे छे’ एम स्वीकार्युं छे, तो पछी तेमां चिकाश तो स्वीकारी ज होवी जोइए. ज्यारे एम छे तो पछी ‘बे परमाणुओ चिकाश विनाना होवाथी चोंटता नथी’ एम कहेवुं ते व्याजबी केम होइ शके? वळी जे कह्युं छे के, ‘एक तरफ दोढ अने बीजी तरफ दोढ’ ए पण सारुं नथी. कारण के परमाणुना बे भाग थइ शकता ज नथी. जो तेना बे भाग करवामां आवे तो ते ‘परमाणु’ कहेवाय ज नहीं. तथा जे कह्युं छे के, ‘चोंटेला पांच पुद्गलो कर्मपणे थाय छे’ ते पण असंगत छे. कारण के कर्म अनंत परमाणुरूप होवाथी अनंत स्कंधरूप छे अने पांच परमाणु तो मात्र स्कंधरूप ज छे. तथा कर्म, ए जीवने आवरण कर-वाना स्वभाववाळुं छे, जो ए मात्र पांच ज परमाणुरूप होय तो असंख्यात प्रदेशवाळा जीवने केवी रीते ढांकी शके? तथा जे कह्युं छे के, ‘कर्म, ए शाश्वत छे’ ते पण ठीक नथी. जो कर्मने शाश्वत मानवामां आवे तो तेनो (कर्मनो) क्षयोपशम वगेरे न थवाथी ज्ञानादिनी हानि अने वृद्धि न थवी जोइए. पण लोकमां ‘कोइने थोडुं ज्ञान अने कोइने वधारे ज्ञान’ ए प्रमाणे ज्ञानादिकनी हानि अने वृद्धि जणाय छे. माटे कर्म शाश्वत न होवुं जोइए. तथा जे कह्युं छे के, ‘कर्म हमेशा चय पामे छे अने नाश पामे छे’ ते पण जो कर्मने शाश्वत मानवामां आवे तो अयुक्त छे. वळी जे कह्युं छे के, ‘भाषामां हेतु होवाथी बोल्या पहेलांनी भाषा कहेवाय छे’ ते अयुक्त ज छे. कारण के ते कथन औपचारिक छे अने उपचार तो खरी रीते वस्तु-रूप नथी. वळी ज्यारे कोइ एक सत्य वस्तु होय त्यारे तेना उपरथी उपचार थइ शके छे माटे ‘भाषा’ ए तात्त्विक वस्तु छे एम सिद्ध थयुं. वळी जे कह्युं छे के, ‘बोलाती भाषा, भाषा कहेवाती नथी, कारण के वर्तमानकाळ व्यवहारनुं अंग नथी.’ ते पण खोटुं छे. कारण के विद्यमानरूप होवाथी वर्तमानकाळ ज व्यवहारनुं अंग छे. अने भूतकाळ, नाश पामेल होवाथी अविद्यमानरूप छे. तथा भविष्यत्काळ, असद्रूप होवाथी अविद्यमानरूप छे माटे ते बन्ने काळ व्यवहारनुं अंग नथी. वळी जे कह्युं छे के, [‘भासासमय’ इत्यादि.] ते पण ठीक नथी. कारण के भाष्यमाण भाषानो अभाव होवाथी [‘भासासमय’ इत्यादि.] ए सूत्रना अभिलापनो असंभव प्रसक्त छे. अर्थात् ज्यारे वर्तमान काळनी भाषा न होय त्यारे भूतकाळनी भाषा तो होय ज नहीं. ‘सांभळनारने अर्थनुं ज्ञान कराववामां हेतुरूप छे’ ए जे हेतु कह्यो छे ते अनैकांतिक–व्यभिचारी–छे. कारण के हाथ अने आंख वगेरेनी चेष्टाथी पण सांभळनारने अर्थनुं भान थइ शके छे, तो पण ते चेष्टा भाषा कहेवाती नथी. वळी जे कह्युं छे के, ‘अभाषकनी भाषा छे’ ते तो वधारे खोटुं छे. कारण के जो तेम मानवामां आवे तो सिद्धने अथवा जडने भाषानी प्राप्ति थवी जोइए. ए प्रमाणे क्रिया पण वर्तमानकाळे ज युक्त छे. कारण के ते वर्तमानकाळ ज सद्रूप छे. वळी जे ‘टेव तथा नहीं टेव होवानुं’ कारण लख्युं ते पण व्यभिचारी छे. कारण के टेव वगेरे न होय तो पण कोइ एक क्रिया सुखरूप ज लागे छे. तथा जे कह्युं के, ‘नहीं करवाथी क्रिया दुःखरूप लागे छे’ ते कथन अनुभवविरुद्ध छे. कारण के करवाने समये ज क्रिया दुःखरूप के सुखरूप लागे छे. पण कर्या पहेलां के कर्या पछी असद्रूप होवाथी क्रिया सुख के दुःखरूप होइ शकती नथी.

३. तथा यदुक्तम्–*‘अकिच्चं’* इत्यादि यदृच्छावादिमताश्रयणात्. तदपि असाधीयः. यतो यदि अकरणाद् एव कर्म दुःखम्, सुखं वा स्यात् तदा विविधैहिक–पारलौकिकानुष्ठानाऽभावप्रसङ्गः स्यात्. अभ्युपगतं च किंचित् पारलौकिकानुष्ठानं तैरपि च इति. एवमेतत् सर्वम्–अ-ज्ञानविजृम्भितम्. उक्तं च वृद्धैः–*“परतित्थिअवत्तव्वयपढमसए दसमयम्मि उद्देसे, विब्भंगीणादेसा मइभेआ या वि सा सव्वा.” “सब्भूअं असब्भूअे भंगा चत्तारि होंति विब्भंगे, उम्मत्तवायसरिसं तो अन्नाणं ति निद्दिट्ठं”* सद्भूते परमाणौ असद्भूतम्–अर्धादि. असद्भूते सर्वगात्मनि सद्भूतं चैतन्यम्. सद्भूते परमाणौ सद्भूतं निष्प्रदेशत्वम्. असद्भूते सर्वगात्मनि असद्भूतम्–अकर्तृत्वमिति. *‘अहं पुण गोयमा ! एवं आइ-क्खामि’* इत्यादि तु प्रतीतार्थमेव इति. नवरम्–*‘दोण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए’* त्ति एकस्य अपि परमाणोः शीतो–ष्ण–स्निग्ध–रूक्षस्पर्शानाम्–अन्यतरद् अविरुद्धं स्पर्शद्वयम्–एकदा एव अस्ति. ततो द्वयोरपि तयोः स्निग्धत्वभावात् स्नेहकायोऽस्त्येव. ततश्च तौ विषमस्नेहात् संहन्येते. इदं च परमतानुवृत्त्या उक्तम्. अन्यथा रूक्षौ अपि रूक्षत्ववैषम्ये संहन्येते एव. यदाहः–*“समनिद्धयाए बंधो न होइ, समलुक्खयाए वि न होइ, वेमायनिद्ध–लुक्खत्तणेण बंधो उ खंधाणं”* ति. *‘खंधे वि य णं से असासए’* त्ति उपचयाऽपचयिकत्वात्. अत एव आहः–*‘सया समियं’* इत्यादि. *‘पुव्विं भासा अभास’* त्ति भाष्यते इति भाषा, भाषणात् पूर्वं न भाष्यते इति न भाषा इति. *‘भासिज्जमाणी भासा भास’* त्ति शब्दार्थोपपत्तेः. *‘भासिआ अभास’* त्ति शब्दार्थवियोगात्. *‘पुव्विं किरिया अदुक्खा’* त्ति करणात् पूर्वं क्रिया एव नास्ति इति. असत्त्वादेव च न दुःखा, सुखाऽपि नासौ असत्त्वादेव. केवलं परमतानुवृत्त्या ‘अदुःखा’ इत्युक्तम्. *‘जहा भास’* त्ति वचनात् *‘कज्जमाणी किरिया दुक्खा’* सत्त्वात्. इहाऽपि यत् क्रियमाणा क्रिया दुःखा इत्युक्तम्, तत् परमतानुवृत्त्या एव, अन्यथा सुखाऽपि क्रियमाणा एव क्रिया. तथा *‘किरियासमयवितिक्कंतं च णं’* इत्यादि दृश्यमिति. *‘किच्चं दुक्खं’* इत्यादि. अनेन च कर्मसत्ता वेदिता, प्रमाणसिद्धत्वाद् अस्य. तथाहि:–इह यद् द्वयोः इष्टशब्दादिविषयसुखसाधनसमेतयोः एकस्य दुःखलक्षणं फलम्, अन्यस्य इतरत्, न तद् विशिष्टहेतुमन्तरेण संभाव्यते, कार्यत्वात्, घटवत्. यश्चासौ विशिष्टो हेतुः स कर्म इति. आह च:—*“जो तुल्लसाहणाणं फले विसेसो न सो विणा हेउं, कज्जत्तणओ गोयम ! घडो व्व, हेउ य से कम्मं”* ति.

३. तथा यदृच्छावादिना मतने लइने जे कह्युं छे के, [‘अकिच्चं’ इत्यादि.] ते पण अयुक्त छे. कारण के जो कर्या सिवाय ज कर्म दुःख के सुख-रूप थतुं होय तो अनेक प्रकारनां ऐहिक अने पारलौकिक अनुष्ठानोनो अभाव आवशे. अने ते अन्ययूथिकोए पण कांइक पारलौकिक अनुष्ठान तो

१. प्र० छा:—परतीर्थिकवक्तव्यकप्रथमशते दशमे उद्देशे, विभङ्गिनामादेशा मतिभेदाश्चापि सा सर्वा. सद्भूतमसद्भूते भङ्गाश्चत्वारो भवन्ति विभङ्गे, उन्मत्तवाक्सदृशं ततोऽज्ञानमिति निर्दिष्टम्. २. एतद् गाथाद्वयं श्रीभगवतीअवचूर्णौ. ३. समस्निग्धतया बन्धः न भवति, समरूक्षतयाऽपि न भवति, विमात्र-स्निग्ध–रूक्षत्वेन बन्धस्तु स्कन्धानाम्. ४. एतत्समानं श्रीतत्त्वार्थसूत्रे पञ्चमाध्याये ३२, ३३, ३४, ३५, ३६ सूत्रे. ५. [illegible] न स विना हेतुम्, कार्यत्वतो गौतम ! घट इव हेतुश्च तत् कर्म: १. इयं गाथा श्रीविशेषावश्यके [illegible]

[illegible] ज छे. ए प्रमाणे ए बधुं अज्ञानना चाळारूप छे. वृद्धोए कह्युं छे के, "परतीर्थिकनी वक्तव्यतावाळा प्रथम शतकमां दशमा उद्देशकमां [illegible]ओना मतिभेदना प्रकारो छे–ते बधी वक्तव्यता तेवी ज छे. सद्भूत अने असद्भूत ए भेदवडे विभंगमां चार भांगा थाय छे. ए अन्य-यूथिकोनुं वक्तव्य उन्मत्तना वचन जेवुं छे माटे तेने अज्ञान कह्युं छे." ते चार भांगा आ छेः–

चार भांगा.

१. साचामां खोटुं. २. खोटामां साचुं.

३. साचामां साचुं. ४. खोटामां खोटुं.

तेनां उदाहरणो आ छेः–सद्भूत–साचा–परमाणुमां असद्भूत–खोटुं–अडधुं वगेरे. खोटा व्यापक आत्मामां साचुं चैतन्य. साचा परमाणुमां साचुं अप्रदेशपणुं. अने खोटा व्यापक आत्मामां खोटुं अकर्तापणुं. ['अहं पुण गोयमा! एवं आइक्खामि' इत्यादि.] ए बधुं तो स्पष्ट अर्थवाळुं ज छे. विशेष ए के, ['दोण्हं परमाणुपोग्गलाणं अत्थि सिणेहकाए' त्ति] ठंडो, उनो, चिकणो अने लुखो; ए चार स्पर्शमांना कोइ पण बे अविरुद्ध स्पर्श एक पण परमाणुमां एक ज काळे होय छे. माटे ते बे परमाणुओमां चिकाश होवाथी तेमां स्नेहकाय होय ज छे. तेथी ते बन्ने एक बीजा करतां ओछी वधती चिकाशवाळा होवाथी परस्पर चोंटी जाय छे. आ वात बीजाना मतने लइने कही छे. नहीं तो, एक बीजा करतां ओछी वधती लुखाशवाळा पण परमाणुओ परस्पर चोंटी जाय ज छे. कह्युं छे के, "जेमां सरखी चिकाश होय अने जेमां सरखी लुखाश होय तेवा पुद्गलो परस्पर चोंटता नथी. पण एक बीजा करतां ओछी वधती चिकाश अने लुखाशवाळा पुद्गलो परस्पर चोंटी जाय छे" ['खंधे वि य णं से असासए' त्ति] कारण के ते स्कंध वधघटना स्वभाववाळो छे. माटे ज कहे छे के, ['सया समियं' इत्यादि.] ['पुव्विं भासा अभास' त्ति] बोलाय छे माटे भाषा कहेवाय. अने बोलाया पहेलां बोलाती नथी माटे भाषा न कहेवाय. ['भासिज्जमाणी भासा भास' त्ति] बोलाती भाषा भाषा छे, कारण के शब्द अने अर्थनी उपपत्ति थाय छे. ['भासिआ अभास' त्ति] बोलाएली (भाषा) अभाषा छे, कारण के शब्द अने अर्थनो वियोग छे. ['पुव्विं किरिया अदुक्ख' त्ति] कर्या पहेलां क्रिया ज नथी. अने तेम होवाथी ज ते दुःख के सुखरूप नथी, कारण के ते नथी ज. मात्र बीजाना मतने आश्रीने 'दुःखरूप नथी' एम एकलुं कह्युं छे. ['जहा भास' त्ति] एम कह्युं होवाथी 'कराती क्रिया दुःखरूप छे.' कारण के ते विद्यमान छे. अहीं पण जे कह्युं छे के, 'कराती क्रिया दुःखरूप छे' ते परमतने आश्रीने ज कह्युं छे. नहीं तो कराती ज क्रिया सुखरूप पण होय छे. तथा ['किरियासमयवितिक्कंतं च णं' इत्यादि.] ए बधुं जाणवुं. ['किच्चं दुक्खं' इत्यादि.] आ सूत्रथी कर्मनी सत्ता जणावी छे. कारण के कर्मनी सत्ता प्रमाणोथी सिद्ध छे. ते आ प्रमाणेः–कोइ एक बे पुरुषो होय अने ते बन्नेने इष्ट शब्द, इष्ट गंध, इष्ट रूप वगेरे विषयसुखना साधनो प्राप्त होय. तो पण ते बेमांथी एक जीवने दुःखरूप फळ मळे छे अने बीजा जीवने सुखरूप फळ मळे छे. स्थूल कारणोनी सरखी रीते सगवड होवा छतां जे जूदुं जूदुं कार्य नीपजे छे ते कोइ बीजा चोक्कस हेतु सिवाय बनतुं नथी. कारण के जे कांइ कार्य नीपजे छे ते घडानी पेठे कारण सिवाय बनतुं नथी. माटे पूर्वे कहेल जूदा जूदा कार्यनो जे कोइ चोक्कस हेतु छे ते कर्म छे. कह्युं छे के, "जेओनी पासे दरेक साधनो सरखां होय, पण (ते साधनोथी) फळ मळवामां जूदाइ होय, तो हे गौतम! ते फळ मळवानी जूदाइनुं कोइ चोक्कस बीजुं कारण होवुं जोइए–कारण सिवाय ते थइ शके नहीं. कारण के जे कार्य थतुं देखाय छे तेनुं घडानी पेठे कारण होवुं जोइए. अने जे कारण–हेतु–छे ते कर्म छे."

श्रीमहावीरमत.

परमाणुमां चिकाश.

कर्म.

बीजा मतवाळाना क्रियाविषे प्रश्नोत्तर.

३२५. प्र०—अन्नउत्थिआ णं भंते! एवं आइक्खंति, जाव–"एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेंति. तं जहाः–इरियावहिअं च, संपराइयं च. जं समयं इरियावहिअं पकरेइ तं समयं संपराइअं पकरेइ, जं समयं संपराइअं पकरेइ, तं समयं इरियावहिअं पकरेइ–इरियावहिआए पकरणयाए संपराइअं पकरेइ, संपराइआए पकरणयाए इरियावहिअं पकरेइ. एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेंति. तं जहाः–इरियावहिअं च, संपराइअं च." से कहं एअं भंते! एवं?

३२५. प्र०—हे भगवन्! अन्यतीर्थिको ए प्रमाणे कहे छे के, यावत्–एक जीव एक समये बे क्रियाओ करे छे. ते आ प्रमाणेः–ऐर्यापथिकी अने सांपरायिकी. जे समये ऐर्यापथिकी क्रिया करे छे ते समये सांपरायिकी क्रिया करे छे अने जे समये सांपरायिकी क्रिया करे छे ते समये ऐर्यापथिकी क्रिया करे छे. ऐर्यापथिकी क्रिया करवाथी सांपरायिकी क्रिया करे छे अने सांपरायिकी क्रिया करवाथी ऐर्यापथिकी क्रिया करे छे ए प्रमाणे एक जीव एक समये बे क्रिया करे छे–एक ऐर्यापथिकी अने बीजी सांपरायिकी. हे भगवन्! ए ते ए प्रमाणे केवी रीते होय?

---

१. आ वात श्रीभगवतीजीनी अवचूर्णिमां छे. २. आ वातने मळती विगतवार हकीकत श्रीतत्त्वार्थसूत्रना पांचमा अध्यायमां ३२, ३३, ३४, ३५ अने ३६ मा सूत्रमां छे. ३. आ गाथा श्रीविशेषावश्यकसूत्रमां, बीजा गणधरवादमां १६१२ मी छे. (पृ० ६८९. य० ग्रं०):–अनु०

१. मूलच्छायाः—अन्यतीर्थिका भगवन्! एवमाख्यान्ति, यावत्–एवं खलु एको जीवः एकेन समयेन द्वे क्रिये प्रकरोति. तद्यथाः–ऐर्यापथिकीं च, सांपरायिकीं च. यं समयम् ऐर्यापथिकीं प्रकरोति, तं समयं सांपरायिकीं प्रकरोति. यं समयं सांपरायिकीं प्रकरोति, तं समयम् ऐर्यापथिकीं प्रकरोति. ऐर्यापथिक्याः प्रकरणतया सांपरायिकीं प्रकरोति, सांपरायिक्याः प्रकरणतया ऐर्यापथिकीं प्रकरोति. एवं खलु एको जीवः एकेन समयेन द्वे क्रिये प्रकरोति–तद्यथाः–ऐर्यापथिकीं च, सांपरायिकीं च. तद् कथमेतद् भगवन्! एवम्?–अनु०

१. 'एक काळे एक जीव बे किया करे छे' ए प्रमाणे केटलाक महाशयोनुं मानवुं छे. आ ३२५ मुं सूत्र पण एक काळे बे क्रिया करवानुं माननार [illegible] दार्शनिको संबंधे कहायुं छे. आ श्रीभगवतीसूत्र ज्यारे हस्तीमां आव्युं हशे त्यारे (श्रीमहावीरना समान काळे अथवा त्यार पछी) 'एक काळे एक जीव बे किया करे छे' ए प्रमाणे माननाराओनो एक मोटो पंथ हशे एम आ सूत्रथी समजी शकाय छे. 'एक काळे एक जीव बे आयुष्य उपार्जी [illegible] पण एक मत ते काळे हशे (जुओ पृ० २०४, प्रश्न–१९५) तथा ते मत अने आ मतने बहु अंतर होय एम जणातुं नथी. [illegible] एक काळे बे क्रिया करवानुं मानवुं ज जोइए, नहीं तो एक क्रियाथी जूदां जूदां बे आयुष्य [illegible]

३२५. उ०—*गोयमा ! जं णं ते अन्नउत्थिआ एवं आइक्खंति, तं चेव जाव–जे ते एवं आहिंसु, मिच्छा ते एवं आहिंसु. अहं पुण गोयमा ! एवं आइक्खामि–एवं खलु एगे जीवे एगसमए एकं किरियं पकरेइ. परउत्थियवत्तव्वं णेयव्वं. ससमयवत्तव्वयाए णेयव्वं. जाव–इरियावहिअं, संपराइअं वा.*

३२५. उ०—हे गौतम ! जे ते अन्यतीर्थिको ए प्रमाणे कहे छे, यावत्–जे तेओए एम कह्युं छे ते खोटुं कह्युं छे. वळी हे गौतम ! हुं आ प्रमाणे कहुं छुं के, एक जीव एक समये एक क्रिया करे छे. अहीं परतीर्थिकनुं तथा स्वसमयनुं वक्तव्य कहेवुं. यावत्–ऐर्यापथिकी अथवा सांपरायिकी क्रिया करे छे.

४. पुनरपि अन्ययूथिकान्तरमतमुपदर्शयन् आहः–'*अन्नउत्थिया णं*' इत्यादि. तत्र च '*इरियावहियं*' ति ईर्या गमनम्, तद्विषयः पन्था मार्गः–ईर्यापथः, तत्र भवा ऐर्यापथिकी–केवलकाययोगप्रत्ययः कर्मबन्ध इत्यर्थः. '*संपराइयं च*' त्ति संपरैति भ्रमति प्राणी भवे एभिरिति संपरायाः कषायाः, तत्प्रत्यया या सा सांपरायिकी–कषायहेतुकः कर्मबन्ध इत्यर्थः. '*परउत्थियवत्तव्वं णेयव्वं*' ति इह सूत्रे अन्ययूथिकवक्तव्यं स्वयमुच्चारणीयम्, ग्रन्थगौरवभयेन अलिखितत्वात् तस्य. तच्चेदम्–'*जं समयं संपराइयं पकरेइ, तं समयं इरियावहियं पकरेइ–इरियावहियापकरणयाए संपराइयं पकरेइ, संपराइयपकरणयाए इरियावहियं पकरेइ. एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ. तं जहाः–इरियावहियं, संपराइयं च*' इति. '*ससमयवत्तव्वयाए णेयव्वं*' '*सूत्रम्*' इति गम्यम्. सा च एवम्ः–"*से कहमेअं भंते ! एवं ? गोयमा ! जं णं ते अन्नउत्थिआ एवमाइक्खंति, जाव–संपराइयं च. जे ते एवमाहिंसु, मिच्छा ते एवमाहिंसु. अहं पुण गोयमा ! एवं आइक्खामि, एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ. तं जहाः–*" इत्यादि पूर्वोक्तानुसारेण

प्रमाणे अहीं ३२५ मां प्रश्न सूत्रमां जे मत जणाव्युं छे ते मतनो स्थापक अने श्रीविशेषावश्यकमां जणावेलो ते ज मतनो स्थापक एक ज होय तो तेमां कांइ प्रायः अणघटतुं नथी. एम धारीने अहीं शब्दशः तेनो हेवाल आपीए छीएः—

"अट्ठाविसा दो वाससया तइआ सिद्धिं गयस्स वीरस्स, दोकिरियाणं दिट्ठी उल्लुगतीरे समुप्पण्णा. २४२४. अष्टाविंशत्यभ्यधिके द्वे वर्षशते तदा सिद्धिं गतस्य श्रीमहावीरस्य अत्रान्तरे द्वैक्रियनिह्नवानां दृष्टिरुल्लुकतीरे समुत्पन्ना इति. नइखेडजणवउल्लुग महगिरि धणगुत्त अज्जगंगे य किरिया दो रायगिहे महातवोवतीरमणिनाए. २४२५. उल्लुका नाम नदी, तदुपलक्षितो जनपदोऽप्युल्लुका. उल्लुकानद्याश्चैकस्मिंस्तीरे धूलिप्राकारावृतनगरविशेषरूपं खेटस्थानम् आसीत्, द्वितीये तु उल्लुकातीरं नाम नगरम्. अन्ये त्वाहुः–एतदेव उल्लुकातीरं धूलिप्राकारावृतत्वात् खेटम् उच्यते. तत्र च महागिरिशिष्यो धनगुप्तो नाम. अस्याऽपि शिष्य आर्यगङ्गो नामाचार्यः. अयं च नद्याः पूर्वतटे, तदाचार्यस्त्वपरतटे. ततोऽन्यदा शरत्समये सूरिवन्दनार्थं गच्छन् गङ्गो नदीमुत्तरति. स च खल्वाटः. ततस्तस्योपरिष्टादुष्णेन दह्यते खल्ली. अधस्तात्तु नद्याः शीतजलेन शैत्यमुत्पद्यते. ततोऽत्रान्तरे कथमपि मिथ्यात्वमोहनीयोदयादसौ चिन्तितवान्ः–अहो ! सिद्धान्ते युगपत्क्रियाद्वयानुभवः किल निषिद्धः, अहं तु एकस्मिन्नेव समये शैत्यम्, औष्ण्यं च वेदयामि, अतोऽनुभवविरुद्धत्वाद् नेदम् आगमोक्तं शोभमानम् आभाति. इति विचिन्त्य गुरुभ्यो निवेदयामास. ततस्तैर्वक्ष्यमाणयुक्तिभिः प्रज्ञापितोऽसौ. यदा च स्वाग्रहग्रस्तबुद्धित्वाद् न किञ्चित् प्रतिपद्यते. तदोद्घाट्य बाह्यः कृतो विहरन् राजगृहं नगरम् आगतः. तत्र च महातपस्तीरप्रभवनाम्नि प्रश्रवणे मणिनागनाम्नो नागस्य चैत्यम् अस्ति. तत्समीपे च स्थितो गङ्गः पर्षत्पुरस्सरं युगपत्क्रियाद्वयवेदनं प्ररूपयति स्म. तच्च श्रुत्वा प्रकुपितो मणिनागस्तम् अवादीत्ः–अरे दुष्टशिक्षक ! किमेवं प्रज्ञापयसि, यतोऽत्रैव प्रदेशे समवसृतेन श्रीमद्वर्धमानस्वामिना एकस्मिन् समये एकस्या एव क्रियाया वेदनं प्ररूपितम्. तच्च इह स्थितेन मयापि श्रुतम्. तत् किं ततोऽपि लष्टतरः प्ररूपको भवान्, येनैवं युगपत् क्रियाद्वयवेदनं प्ररूपयसि ? तत्परित्यज एतां कूटप्ररूपणाम्, अन्यथा नाशयिष्यामि त्वाम्. इत्यादितदुदितभयवाक्यैर्युक्तिवचनैश्च प्रबुद्धोऽसौ मिथ्यादुष्कृतं दत्त्वा गुरुमूलं गत्वा प्रतिक्रान्त इति.—(श्रीविशेषावश्यके गा० २४२४, २४२५. पृ० ९७१–९७२. य० ग्रं०):–अनु०

"भगवंत श्रीमहावीर सिद्ध थया पछी २२८ वर्षे 'उल्लुकातीर' नामना नगरमां एक काळे बे क्रियाने जणावनार निह्नवोनो पंथ उत्पन्न थयो. 'उल्लुका' नामनी नदी छे, ते नदीवाळो देश पण 'उल्लुका' कहेवाय छे. ते उल्लुका नदीने एक कांठे धूळना गढथी विंटाएलुं एक खेटस्थान हतुं अने बीजे कांठे 'उल्लुकातीर' नामनुं नगर हतुं. बीजाओ तो कहे छे केः–'उल्लुकातीर' नगर ज धूळना किल्लावाळुं छे माटे तेने ज खेटस्थान कहेवाय. ते नगरमां महागिरिना शिष्य धनगुप्त अने तेना पण शिष्य आर्य गंग नामना आचार्य रहेता हता. ए आर्य गंग नदीना पूर्वना कांठा उपर हता अने तेना गुरु पश्चिमना कांठा उपर हता. एक दिवसे शरद ऋतुमां पोताना गुरुने वांदवा जवा माटे ते आर्य गंग नदीमां उतर्या. ते गंग आचार्य टालीआ हता–तेना माथामां टाल हती तेथी उपर तडको पडतो होवाथी तेनी टालने ताप लाग्यो अने नीचे नदीनुं पाणी होवाथी तेमने टंडक लागी. तो आ समये कोइ रीते मिथ्यात्वमोहनीयना उदयथी तेणे आ प्रमाणे विचार्युं केः–अहो ! आगममां तो 'एक काळे बे क्रियानो अनुभव न थई शके' एम कह्युं छे अने हुं तो एक ज काळे ताप अने टंडक अनुभवुं छुं माटे आगमवाक्य अनुभव विरुद्ध होवाथी असंगत लागे छे. एम विचारीने तेणे पोतानो अभिप्राय गुरुश्रीने जणाव्यो. पछी गुरुए अनेक युक्तिओथी (जे युक्तिओ अहीं कहेवानी छे) तेने समजाव्यो पण तेणे पोतानो आग्रह मूक्यो नहीं. पछी तेने उघाडो पाडीने बहिष्कृत कर्यो अने ते विहार करतो करतो राजगृह नगरमां आव्यो. त्यां 'महातपस्तीरप्रभव' नामना झरणामां मणिनाग नामना नागनुं चैत्य हतुं. ते चैत्यनी पासे रहीने ते गंग आचार्ये सभानी समक्ष 'एक काळे बे क्रिया अनुभवाय छे' एवा पोताना सिद्धांतने जाहेर कर्यो. ते सांभळीने गुस्से थएला मणिनागे तेने कह्युं केः–"अरे दुष्टशिक्षक ! तुं आ शुं जणावे छे. कारण के एक वखते आ ज ठेकाणे पधारेला श्रीमहावीर भगवंते एक समये एक ज क्रियानो अनुभव जणाव्यो हतो. अने ते वात अहीं रहीने में पण सांभळी हती. तो शुं तुं ते श्रमण महावीर करतां पण लष्ट प्ररूपक थइ गयो छे के जेथी एक काळे बे क्रियानो अनुभव होवानुं जणावे छे. माटे ए खोटी वात छोडी दे, नहीं तो तारो नाश करी नाखीश." ए प्रमाणे मणिनागनी डरामणीथी अने युक्तिओथी ते गंग आचार्यने बोध थयो, पछी तेणे पोतानी भुलनी माफी मागी अने गुरुनी पासे जइ आलोचन कर्युं.–(श्रीविशेषावश्यक गा० २४२४, २४२५. पृ० ९७१–९७२. य० ग्रं०):–अनु०

१. मूलच्छायाः—गौतम ! यत् ते अन्यतीर्थिका एवमाख्यान्ति. तदेव यावत्–ये ते एवमाहुः, मिथ्या ते एवमाहुः–अहं पुनर्गौतम ! एवम् आख्यामि, एवं खलु एको जीवः एकसमये एकां क्रियां प्रकरोति. परतीर्थिकवक्तव्यं नेतव्यम्, स्वसमयवक्तव्यतया नेतव्यम्, यावत्–ऐर्यापथिकीम्, सांपरायिकीं वाः–अनु०

[illegible]मिति. मिथ्यात्वं च अस्य एवम्:—ऐर्यापथिकी क्रिया अकषायोदयप्रभवा, इतरा तु कषायप्रभवा इति कथमेकस्य एकदा तयोः संभवः ? विरोधाद् इति.

४. वळी फरीने पण बीजा अन्ययूथिकना मतने दर्शावतां कहे छे केः—[‘अन्नउत्थिआ णं’ इत्यादि.] अने तेमां [‘इरियावहियं’ ति] ईर्या एटले जवुं अने पथ एटले मार्ग अर्थात् जे जवानो मार्ग ते ईर्यापथ. तेमां थएली जे क्रिया ते ऐर्यापथिकी क्रिया अर्थात् मात्र शरीरना व्यापारथी थतो कर्मबन्ध. [‘संपराइयं च’ त्ति] जेनावडे प्राणी संसारमां भमे ते संपराय अर्थात् कषाय. ते कषायोथी जे क्रिया थाय ते सांपरायिकी—कषायोथी थतो कर्मबंध. [‘परउत्थियवत्तव्वं णेयव्वं’ ति] आ सूत्रमां परतीर्थिकनुं मत पोतानी मेळे कहेवुं. कारण के पुस्तक वधी जवाना भयथी अहीं तेने लख्युं नथी. ते मतनो पाठ आ छेः—[‘जं समयं संपराइयं पकरेइ, तं समयं इरियावहियं पकरेइ; इरियावहियापकरणयाए संपराइयं पकरेइ, संपराइयपकरणयाए इरियावहियं पकरेइ. एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ. तं जहा:—इरियावहियं, संपराइयं च’ इति] [‘ससमयवत्तव्वयाए णेयव्वं’] अहीं ‘सूत्र’ ए अध्याहार्य छे. ते वक्तव्यता आ छेः—[‘से कहमेयं भंते! एवं? गोयमा! जं णं ते अन्नउत्थिया एवं आइक्खंति, जाव—संपराइयं च. जे ते एवं आहिंसु, मिच्छा ते एवं आहिंसु; अहं पुण गोयमा! एवं आइक्खामि, एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ. तं जहा:—इत्यादि.] ए बधुं पूर्वे कह्या प्रमाणे जाणवुं. तेनी असत्यता आ प्रमाणे छेः—ऐर्यापथिकी क्रियानुं कारण अकषाय—कषाय विनानी—स्थिति छे अने सांपरायिकी क्रियानुं कारण कषायवाळी स्थिति छे. माटे ते बन्ने परस्पर विरुद्ध क्रियानी उत्पत्ति एक ज काळे एक जीवमां केम होइ शके? कारण के ते बन्ने क्रिया परस्पर विरुद्ध छे.

एक काळे बे क्रिया माननार अन्यतीर्थिक.

ते मतनी असत्यता.

उपपातविरह.

३२६. प्र०—*निरयगई णं भंते! केवतियं कालं विरहिआ उववाएणं पण्णत्ता?*

३२६. उ०—*गोयमा! जहण्णेणं एक्कं समयं, उक्कोसेणं बारस मुहुत्ता. एवं वक्कंतीपयं भाणिअव्वं निरवसेसं.*

सेवं भंते!, सेवं भंते त्ति जाव—विहरइ.

३२६. प्र०—हे भगवन्! निरय गति—नारकी—केटला काळ सुधी उपपातवडे विरहित—उपपात विनानी—कही छे?

३२६. उ०—हे गौतम! जघन्ये एक समय सुधी अने उत्कृष्टे बार मुहूर्त सुधी नारकी उपपात विनानी कही छे. अहीं ए प्रमाणे व्युत्क्रांतिपद आखुं कहेवुं.

हे भगवन्! ते ए प्रमाणे छे. हे भगवन्! ते ए प्रमाणे छे. एम कही यावत्—विहरे छे.

भगवंतसुहम्मसामिपणीए **सिरीभगवईसुत्ते** पढमसये दसमो उद्देसो सम्मत्तो.

५. अनन्तरं क्रिया उक्ता, क्रियावतां च उत्पादो भवति, इति उत्पादविरहप्ररूपणाय आहः—*‘निरयगई’* इत्यादि. *‘वक्कंतीपयं’* ति व्युत्क्रान्तिर्जीवानामुत्पादः, तदर्थं प्रकरणं व्युत्क्रान्तिपदम्, तच्च प्रज्ञापनायां षष्ठम्, तच्च अर्थलेशत एवं द्रष्टव्यम्—पञ्चेन्द्रियतिर्यग्गतौ, मनुष्यगतौ, देवगतौ च उत्कर्षतो द्वादश मुहूर्ताः, जघन्यतस्तु एकसमय उत्पादविरह इति. तथा—*“चउवीसई मुहुत्ता सत्त अहोरत्त तह य पन्नरस, मासो य दो य चउरो छम्मासा विरहकालो उ.” “उक्कोसो रयणाईसु सव्वासु जहण्णओ भवे समयो, एमेव य उव्वट्टण, संखा पुण सुरवरा तुल्ला.”* सा चेयम्:—*“ऐगो य दो य तिण्णि य संखमसंखा च एगसमएणं, उववज्जंते चइया उव्वट्टंता वि एमेव.”* तिर्यग्गतौ च विरहकालो यथा:—*“भिन्नमुहुत्तो विगलिंदियाण समुच्छिमाण य तहेव, बारस मुहुत्त गब्भे उक्कोस, जहन्नओ समओ.”* एकेन्द्रियाणां तु विरह एव नास्ति. मनुष्यगतौ तु *“बारस मुहुत्त गब्भे मुहुत्त समुच्छिमेसु चउवीसं, उक्कोसविरहकालो दोसु वि य जहन्नओ समओ”* देवगतौ तु *“भवण—वण—जोइ—सोहम्मी—साणे चउवीस मुहुत्ता ओ, उक्कोसविरहकालो पंचसु वि जहन्नओ समओ. नव दिण वीस मुहुत्ता बारस दस चेव दिण मुहुत्ताओ, बावीसा अद्ध चिय पणयाल असीइ दिवससयं, संखेज्जा मासा आणय—पाणयएसु तह आरणऽच्चुए वासा, संखेज्जा विन्नेया गेवेज्जेसुं अओ वोच्छं. हेट्ठिमवाससयाइं मज्झि सहस्साइं उवरिमे लक्खा, संखेज्जा*

१. मूलच्छायाः—निरयगतिर्भगवन्! कियन्तं कालं विरहिता उपपातेन प्रज्ञप्ता? गौतम! जघन्येन एकं समयम्, उत्कृष्टेन द्वादश मुहूर्तान्. एवं व्युत्क्रान्तिपदं भणितव्यं निरवशेषम्. तदेवं भगवन्! तदेवं भगवन् इति यावत्—विहरतिः—अनु०

१. प्र० छायाः—चतुर्विंशतिर्मुहूर्ताः सप्त अहोरात्राणि तथा च पञ्चदश, मासश्च द्वौ च चत्वारः षण्मासा विरहकालस्तु. २. उत्कृष्टो रत्ना (रत्नप्रभा)—दिषु सर्वासु जघन्यतो भवेत् समयः, एवमेव च उद्वर्तनम्, संख्या पुनः सुरवरास्तुल्याः. ३. एकश्च द्वौ च त्रयश्च संख्याता असंख्याताश्च एकसमयेन, उपपद्यन्ते च्यवमाना उद्वर्तमाना अपि एवमेव. ४. भिन्नमुहूर्तो विकलेन्द्रियाणां सम्मूर्छिमानां च तथैव, द्वादश मुहूर्ता गर्भे उत्कृष्टेन, जघन्यतः समयः. ५. द्वादश मुहूर्ता गर्भे मुहूर्ताः सम्मूर्छिमेषु चतुर्विंशतिः, उत्कृष्टविरहकालः द्वयोरपि च जघन्यतः समयः. ६. भवन—वन (व्यन्तर)—ज्योतिषिक—सौधर्मेशाने चतुर्विंशतिर्मुहूर्तास्तु, उत्कृष्टविरहकालः पञ्चस्वपि जघन्यतः समयः. नव दिना विंशतिर्मुहूर्ता द्वादश दश चैव दिना मुहूर्तास्तु, द्वाविंशतिरर्धं चैव पञ्चचत्वारिंशद् अशीतिर्दिवसशतम्. संख्येया मासा आनत—प्राणतेषु तथा आरणा—ऽच्युते वर्षाणि, संख्येयानि विज्ञेयानि ग्रैवेयकेषु अतो वक्ष्ये, अधस्तने वर्षशतानि मध्ये सहस्राणि उपरितने लक्षाणि, संख्येयानि विज्ञेयानि यथासंख्यं तु त्रिष्वपि. पल्यासंख्यभागः उत्कृष्टो भवति [illegible] सर्वेषु जघन्यतः समयः. उपपातविरहकालः [illegible] वर्णितस्तु देवेषु, उद्वर्तनायामपि एवं सर्वेषां भवति विज्ञेया, जघन्येन [illegible] विरहः [illegible]—अनु०

विन्नेया जहासंखेणं तु तिसुं पि. पलियाअसंखभागो उक्कोसो होइ विरहकालो ओ, विजयाईसु निद्दिट्ठो सव्वेसुं जहन्नओ समओ. उववायविरहकालो इय एसो वण्णिओ उ देवेसु, उवट्टणा वि एवं सव्वेसिं होइ विन्नेया. जहन्नेण एगसमओ उक्कोसेणं तु होंति छम्मासा, विरहो सिद्धिगईए उवट्टणवज्जिया नियम'' त्ति.

इति गुरुगमभङ्गैः सागरस्याऽहमस्य स्फुटमुपचितजाड्यः पञ्चमाङ्गस्य सद्यः,
प्रथमशतपदार्थावर्तगर्तं व्यतीतो विवरणवरपोतौ प्राप्य सद्धीवराणाम्.[5]

उत्पादविरह. प्रज्ञापना. कह्युं छे के.

५. आगळना प्रकरणमां क्रिया विषे हकीकत कही छे. अने क्रियावाळा जीवोनो उत्पाद–उत्पत्ति–थाय छे माटे हवे उत्पादना विरह विषे प्ररूपणा करवा कहे छे केः–['निरयगई' इत्यादि.] व्युत्क्रांति एटले जीवोनो उत्पाद, अने ते संबंधी जे प्रकरण ते व्युत्क्रांतिपद. ते व्युत्क्रांतिपद[1] प्रज्ञापना सूत्रमां छट्ठुं छे. तेनो टुंको अर्थ आ प्रमाणे छेः–''पंचेंद्रियतिर्यंचगतिमां, मनुष्यगतिमां अने देवगतिमां वधारेमां वधारे बार मुहूर्तनो अने ओछामां ओछो एक समयनो उत्पाद विरह छे.'' कह्युं छे के, ''रत्नप्रभा वगेरे बधी नरकोमां अनुक्रमे वधारेमां वधारे उत्पादविरहनो काळ आ प्रमाणे छेः–(१)[3] चोवीश मुहूर्त. (२) सात अहोरात्र. (३) पन्नर अहोरात्र. (४) एक मास. (५) बे मास. (६) चार मास अने (७) छ मास. तथा ओछामां ओछो उत्पादविरह एक समयनो होय छे. ए प्रमाणे उद्वर्तनाना विरह संबंधी काळ विषे पण जाणवुं. अने नैरयिकोनी संख्या तो देवोनी समान छे. ते संख्या आ छेः–एक, बे, त्रण, संख्येय अने असंख्येय जीवो एक समये उपजे छे, च्यवे छे अने उद्वर्ते छे.'' तिर्यंचगतिमां विरहकाळ आ प्रमाणे छेः–''विकलेंद्रियोनो अने संमूर्छिमोनो वधारेमां वधारे विरहकाळ भिन्न मुहूर्तनो छे. गर्भज जीवोनो वधारेमां वधारे विरहकाळ बार मुहूर्तनो होय छे. अने ए बधानो ओछामां ओछो विरहकाळ एक समयनो छे.'' एक इंद्रियवाळा जीवोनो विरहकाळ ज नथी. मनुष्यगतिमां तो आ प्रमाणे छेः–''गर्भज मनुष्योनो वधारेमां वधारे विरहकाळ बार मुहूर्तनो अने संमूर्छिम मनुष्योनो वधारेमां वधारे विरहकाळ चोवीश मुहूर्तनो छे. अने ते बन्ने जातना मनुष्योनो ओछामां ओछो विरहकाळ एक समयनो होय छे.'' देवगतिमां तो आ रीते छेः–''भवनपति, वानव्यंतर, ज्योतिषिक, सौधर्म अने ईशान; ए पांचेमां वधारेमां वधारे विरहकाळ चोवीश मुहूर्तनो छे. अने ओछामां ओछो विरहकाळ एक समयनो छे'' ''(३)[4]नव दिवस अने वीश मुहूर्त, (४) बार दिवस अने दश मुहूर्त, (५) साडी बावीश दिवस, (६) पीस्ताळीश दिवस, (७) एंशी दिवस, (८) सो दिवस अने (९–१०) संख्येय मास–एक वर्षनी अंदर; आनत अने प्राणतमां. तथा (११–१२) आरण अने अच्युतमां संख्येय वर्ष–सो वर्षनी अंदर, एटलो काळ जाणवो. तथा हवे ग्रैवेयक विषे कहीशः–नीचलामां संख्येय सो वर्ष, वचलामां संख्येय हजार वर्ष अने उपलामां संख्येय लाख वर्ष अनुक्रमे जाणवां–ए त्रणेमां पूर्व प्रमाणे काळ जाणवो. विजय वगेरे विमानमां वधारेमां वधारे विरहकाळ पल्योपमनो असंख्य भाग जाणवो. अने बधामां सौथी ओछामां ओछो एक समयनो विरहकाळ जाणवो. ए प्रमाणे वर्णवेलो देवोमां उपपातविरहकाळ जाणवो. अने ए ज रीते उद्वर्तना पण बधानी जाणवी.'' ''जघन्ये–ओछामां ओछो–एक समय अने वधारेमां वधारे छ मास सिद्धिगतिनो उपपात विरहकाळ जाणवो, अने ते सिद्धिगति उद्वर्तना विनानी ज छे अर्थात् त्यां गया पछी मरण होतुं नथी.''

इति गुरुगमम्हेरे हुं वद्यो छेक मूढ निधिसम शुभसूत्र पांचमानी सुगूढ,
प्रथम शतक खाडी, मेळवी धीवरोनी विवरण वर नौका, शीघ्र अर्थो करीने.

१. आ 'व्युत्क्रान्तिपद' प्रज्ञापनासूत्रमां (क० आ० पृ० २८६–३१९) छे. तेमां अनेक वातो विकासवादने लगती तद्दन नवी जाणवा जेवी छे. २. आ बधी गाथाओ त्रैलोक्यदीपिका (संग्रहणी)मां छे. ३. आ बधा आंकडाओ नरकना सूचक छे. ४. आ बधा आंकडाओ स्वर्गना सूचक छे. ५. श्रीभगवतीजीनुं विवरण करतां श्रीअभयदेवसूरिजीए चूर्णि अने अवचूर्णि (जूओ पृ०१७८ मां१, २ जुं टिप्पण) नुं अवलंबन कर्युं छे अने तेथी ते बेने 'विवरणवरपोतौ' ए वाक्यथी नावनुं रूपक आप्युं छेः–अनु०

प्रथम शतक समाप्त.

बेडारूपः समुद्रेऽखिलजलचरिते क्षारभारे भवेऽस्मिन्, दायी यः सद्गुणानां परकृतिकरणाद्वैतजीवी तपस्वी ।
अस्माकं वीरवीरोऽनुगतनरवरो वाहको दान्ति-शान्त्योर्, दद्यात् श्रीवीरदेवः सकलशिववरं मारहा चाप्तमुख्यः ॥ १ ॥

शतक २.—उद्देशक १.

उच्छ्वास.—पृथिवी वगेरेना जीवोने श्वासोच्छ्वास छे ?—हा.—तेओ श्वासोच्छ्वासमां शुं ले अने शुं काढे ?—एक जातना (श्वासोच्छ्वासना) अणुओ.—ते अणुओमां रूप, रस, गंध अने स्पर्श पण छे.—प्रज्ञापना सूत्र.—नैरयिक.—छए दिशा.—पवनना जीवोने श्वासोच्छ्वास होय?—हा.—जीव पवनमांथी नीकळीने पाछो अनेक वार पवनमां आवे ?—हा.—तेनुं मरण केवी रीते थाय ?—आघात थवाथी.—सशरीर अने अशरीर.—पवनने चार शरीर.—सकर्मक मृतादी साधु.—प्राण.—भूत.—जीव —सत्त्व.—विज्ञ.—वेत्ता.—अकर्मक मृतादी साधु.—सिद्ध.—बुद्ध.—मुक्त.—पारगत.—परंपरागत.—श्रीगौतमविहार.—आर्य श्रीस्कंदक.—कृतंगला नगरी.—छत्रपलाशक चैत्य.—श्रावस्ती नगरी.—गर्दभाल परिव्राजक.—ऋग्वेदादि चार वेद.—इतिहास (पुराण)—निघंटु.—षष्टितंत्र.—गणितशास्त्र.—वेदना छ अंग—शिक्षा.—कल्प.—व्याकरण.—पिंगळ.—निरुक्त.—ज्योतिःशास्त्र.—पिंगलक नामे श्रमण.—वैशालिकश्रावक.—कात्यायनगोत्रीय स्कंदक परिव्राजक.—स्कंदक प्रत्ये पिंगलकना प्रश्नो.—लोकनो छेडो छ के नथी ?—जीवनो छेडो छे के नथी ?—सिद्धिनो छेडो छे के नथी ?—सिद्धनो छेडो छे के नथी ?—कया मरणथी जीव वधे अने घटे ?—स्कंदक परिव्राजकनुं मौन.—त्रण वार आक्षेपपूर्वक एना ए प्रश्नो.—स्कंदकने थएल शंकादि.—श्रीमहावीर पधार्यानी वात.—स्कंदकनो विचार.—श्रीमहावीर पासे जइ पूर्वोक्त प्रश्नना खुलासा लेवानी जिज्ञासा.—श्रीमहावीरने सेववानी इच्छा.—तापसनो वेष.—स्कंदक परिव्राजक विषे श्रीमहावीर अने श्रीगौतम वच्चे वातचित.—श्रीमहावीरना स्थान तरफ स्कंदकनुं गमन.—'स्कंदक साधु थशे' ? एम श्रीगौतमनो प्रश्न.—हा.—स्कंदकने आवता जोइने श्रीगौतमे करेलो तेमनो आदर.—तेनी गुप्त वातनुं स्पष्टीकरण.—स्कंदकनो अचंबावाळो प्रश्न.—श्रीगौतमना धर्माचार्य (महावीर) उपर स्कंदकनुं बहु मान.—व्यावृत्तभोजी (नित्याहारी) श्रीमहावीर.—तेओना शरीरनुं सौंदर्य.—श्रीमहावीरने मळ्या पछी स्कंदकने थएलो हर्ष.—स्कंदकना पूर्वोक्त प्रश्नोना खुलासा.—द्रव्य, क्षेत्र, काळ अने भाव.—अमुक रीते लोक वगेरेनो छेडो छे अने अमुक प्रकारे तेनो छेडो नथी.—बालमरण.—पंडितमरण.—बालमरणना बार भेद—वलन्मरण —वशार्त्तमरण.—अंतःशल्यमरण.—तद्भवमरण.—गिरिपतन.—तरुपतन.—जलप्रवेश.—अग्निप्रवेश.—विषभक्षण —शस्त्रावपात.—वैहानस.—गृध्रस्पृष्ट.—ए मरणोथी जीवनो संसार वधे.—पंडितमरणना बे भेद.—पादपोपगमन.—भक्तप्रत्याख्यान.—निर्हारिम.—अनिर्हारिम.—ए मरणोथी जीवनो संसार घटे.—स्कंदकप्रतिबोध.—धर्म सांभळवानी तेनी इच्छा.—धर्मनुं कथन.—श्रीमहावीरना प्रवचन उपर स्कंदकनी श्रद्धा—प्रीति.—तापस वेषनो परित्याग.—बळता संसारनो विचार.—श्रीमहावीर पासे साधु थवानी इच्छा.—श्रीस्कंदक साधु.—तेने श्रीमहावीरे आपेली शिखामण.—स्कंदकनुं आध्यात्मिक जीवन.—स्कंदकनुं अग्यार अंगोनुं भणवुं.—तप करवा माटे श्रीमहावीरनी अनुमति.—श्रीस्कंदकनी घणी आकरी तपस्या.—भिक्षुनी बार प्रतिमा अने तेनुं टुंकुं स्वरूप.—गुणरत्नसंवत्सर तप अने तेनुं टुंकुं स्वरूप.—आकरी तपस्या करवाथी स्कंदकना शरीरनी क्षीणता.—'श्रीमहावीर पासे अनशन करवुं' एवो श्रीस्कंदकनो विचार.—क्षमापना.—विपुल पर्वत.—विपुल पर्वत उपर घणा साधुओनी साथे श्रीस्कंदक.—भगवंतने वंदना —फरीवार व्रतनो उच्चार.—एक मास सुधी अनशन.—समाधिपूर्वक श्रीस्कंदकनुं कालगमन.—तेना पात्रो अने वस्त्रो साथे साधुओनुं पुनरागमन.—श्रीगौतमप्रश्न.—ते स्कंदक कइ गतिमां गया ?—अच्युतकल्प.—बावीश सागरोपमनी आवरदा.—महाविदेहमां मुक्ति.—श्रीस्कंदकनुं जीवन समाप्त.—

१.—*गाहा:—*

ऊसास खंदए वि अ समुग्घाय पुढवि—दिअ अन्नउत्थि भासा य,
देवा य चमरचंचा समयक्खित्तऽत्थिकाय बियसए.

१.—आ बीजा शतकमां दश उद्देशको छे. अने ते उद्देशकोमां नीचे प्रमाणेना अधिकारो छे:—प्रथम उद्देशकमां श्वासोच्छ्वास विषे अने स्कंदक नामना अनगार विषे अधिकार छे. बीजा उद्देशकमां समुद्घात विषे विवेचन छे. त्रीजा उद्देशकमां पृथिवी विषे विचार छे. चोथा उद्देशकमां इंद्रियो विषे विचार छे. पांचमा उद्देशकमां अन्यतीर्थिकनो अधिकार छे. छट्ठा उद्देशकमां भाषा संबंधे विवेचन छे. सातमा उद्देशकमां देवनो अधिकार छे. आठमा उद्देशकमां चमरचंचा नाम (देवनगरी)नी वात छे. नवमा उद्देशकमां समयक्षेत्रनुं स्वरूप छे अने दशमा उद्देशकमां अस्तिकाय संबंधे विवेचन छे.

---

१. मूलच्छाया:—गाथा:—उच्छ्वासः स्कन्दकोऽपि च समुद्घातः पृथिवी—इन्द्रियाणि अन्ययूथिका भाषा च, देवाश्च चमरचञ्चा समयाः क्षेत्रम्—अस्तिकाया [illegible]

२.—ते[1] णं काले णं, ते णं समये णं रायगिहे णामं नयरे होत्था. वण्णओ. सामी समोसढे. परिसा णिग्गया. धम्मो कहिओ. पडिगया परिसा.

२.—ते काळे, ते समये राजगृह नामनुं नगर हतुं. वर्णक. स्वामी (श्रीमहावीरस्वामी) समवसर्या–पधार्या. तेओनी देशना सांभळवा सभा नीकळी–मळी. तेओए धर्म कह्यो. ते सांभळी सभा विसर्जित थइ.

३. प्र०—ते णं काले णं, ते णं समये णं जेट्ठे अंतेवासी जाव–पज्जुवासमाणे एवं वदासीः–जे इमे भंते ! बेइंदिया, तेइंदिया, चउरिंदिया, पंचिंदिया जीवा; एएसि णं आणामं वा, पाणामं वा, उस्सासं वा, निस्सासं वा जाणामो पासामो. जे इमे पुढविकाइया, जाव–वणप्फइकाइया एगिंदिया जीवा; एएसि णं आणामं वा, पाणामं वा, उस्सासं वा, नीसासं वा न याणामो, न पासामो. एए णं भंते ! जीवा आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, नीससंति वा ?

३. प्र०—ते काळे, ते समये भगवंतना मोटा शिष्य यावत्–पर्युपासना करता आ प्रमाणे बोल्याः–हे भगवन् ! जे आ बे इंद्रियवाळा, त्रण इंद्रियवाळा, चार इंद्रियवाळा अने पांच इंद्रियवाळा जीवो छे. एओना अंदरना अने बहारना उच्छ्वासने तथा अंदरना अने बहारना निःश्वासने जाणीए छीए, देखीए छीए, पण जे आ एक इंद्रियवाळा पृथिवीना जीवो छे, यावत्–(पाणीना, वायुना, अग्निना अने) वनस्पतिना जीवो छे. तेओना अंदरना अने बहारना उच्छ्वासने तथा अंदरना अने बहारना निःश्वासने जाणता नथी, देखता नथी. तो शुं हे भगवन् ! ते एक इंद्रियवाळा जीवो अंदरना अने बहारना उच्छ्वासने ले छे ? तथा अंदरना अने बहारना निःश्वासने मूके छे ?

३. उ०—हंता, गोयमा ! एए वि णं जीवा आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णिस्ससंति वा.

३. उ०—हे गौतम ! हा, ए एक इंद्रियवाळा जीवो पण बहारना अने अंदरना उच्छ्वासने ले छे तथा बहारना अने अंदरना निःश्वासने मूके छे.

४. प्र०—किं णं भंते ! एते जीवा आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, णीससंति वा ?

४. प्र०—हे भगवन् ! ते जीवो केवा प्रकारनां द्रव्योने बहारना अने अंदरना श्वासमा ले छे ? तथा केवा प्रकारनां द्रव्योने बहारना अने अंदरना निःश्वासमा मूके छे ?

४. उ०—गोयमा ! दव्वओ णं अणंतपएसिआइं दव्वाइं, खेत्तओ असंखेज्जपएसोगाढाइं, कालओ अन्नयरठितीआइं, भावओ वण्णमंताइं, गंधमंताइं, रसमंताइं, फासमंताइं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, नीससंति वा.

४. उ०—हे गौतम ! द्रव्यथी अनंत प्रदेशवाळां द्रव्योने, क्षेत्रथी असंख्य प्रदेशमां रहेलां द्रव्योने, काळथी कोइ पण जातनी स्थितिवाळां (एक पळ रहेनारां के बे पळ रहेनारां वगेरे) द्रव्योने तथा भावथी वर्णवाळां, गंधवाळां रसवाळां अने स्पर्शवाळां द्रव्योने बहारना अने अंदरना श्वासमां ले छे. तथा तेवां ज द्रव्योने बहारना अने अंदरना निःश्वासमां मूके छे.

५. प्र०—जाइं भावओ वण्णमंताइं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, नीससंति वा; ताइं किं एगवण्णाइं आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, नीससंति वा ?

५. प्र०—हे भगवन् ! ते जीवो, भावथी वर्णवाळां जे द्रव्योने बहारना अने अंदरना श्वासमां ले छे तथा मूके छे ते द्रव्यो शुं एक वर्णवाळां छे ?

५. उ०—आहारगमो णेयव्वो, जाव–पंचदिसं.

५. उ०—हे गौतम ! अहीं आहारगम जाणवो अने ते यावत्–पांच दिशा तरफथी श्वास अने निःश्वासनां अणुओ मेळवे छे.

---

१. मूलच्छायाः—तस्मिन् काले, तस्मिन् समये राजगृहं नाम नगरमभवत्. वर्णकः. स्वामी समवसृतः. पर्षद् निर्गता. धर्मः कथितः. प्रतिगता पर्षत्. तस्मिन् काले, तस्मिन् समये ज्येष्ठोऽन्तेवासी यावत्–पर्युपासीन एवम् अवादीत्ः–ये इमे भगवन् ! द्वीन्द्रियाः, त्रीन्द्रियाः, चतुरिन्द्रियाः, पञ्चेन्द्रिया जीवा एतेषाम् आनामं वा, प्राणामं वा, उच्छ्वासं वा, निःश्वासं वा जानीमः, पश्यामः. ये इमे पृथिवीकायिकाः, यावत्–वनस्पतिकायिका एकेन्द्रिया जीवाः, एतेषाम् आनामं वा, प्राणामं वा, उच्छ्वासं वा, निःश्वासं वा न जानीमः, न पश्यामः. एते भगवन् ! जीवा आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा ? हन्त, गौतम ! एतेऽपि जीवा आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा. किं भगवन् ! एते जीवा आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा ? गौतम ! द्रव्यतोऽनन्तप्रदेशानि द्रव्याणि, क्षेत्रतोऽसंख्येयप्रदेशाऽवगाढानि, कालतोऽन्यतरस्थितिकानि, भावतो वर्णवन्ति, गन्धवन्ति, रसवन्ति, स्पर्शवन्ति आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा. यानि भावतो वर्णवन्ति आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा तानि किम् एकवर्णानि आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा ? आहारगमो ज्ञातव्यः, यावत्–पञ्चदिशम्ः—अनु०

६. प्र०—*किं णं भंते ! नेरइया आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, नीससंति वा ?*

६. प्र०—हे भगवन् ! नैरयिको केवा प्रकारनां द्रव्योने वहारना अने अंदरना श्वासमां ले छे ? अने केवा प्रकारनां द्रव्योने वहारना अने अंदरना निःश्वासमां मूके छे ?

६. उ०—*तं चेव जाव–नियमा छद्दिसिं आणमंति वा, पाणमंति वा, उस्ससंति वा, निस्ससंति वा.*

६. उ०—हे गौतम ! ते संबंधे पूर्व प्रमाणे ज जाणवुं, अने यावत्–नियमे छए दिशामांथी वहारना तथा अंदरना श्वास अने निःश्वासनां अणुओने मेळवे छे.

७.—*जीव–एगिंदिया वाघाय–निव्वाघाया य भाणियव्वा. सेसा नियमा छद्दिसिं.*

७.—जीवो अने एकेंद्रियो संबंधे एम कहेवुं के, तेओने जो कांइ व्याघात–बाधक–अडचण–न होय तो तेओ बधी दिशाओमांथी श्वास अने निःश्वासनां अणुओ मेळवे छे. अने जो तेओने कांइ अडचण होय तो ते छए दिशामांथी श्वास अने निःश्वासना अणुओ मेळवी शकता नथी, पण कोइ वार त्रण दिशामांथी, कोइ वार चार दिशामांथी अने कोइ वार पांच दिशामांथी श्वास अने निःश्वासनां अणुओ मेळवे छे अने बाकी बधा जीवो चोक्कस छए दिशामांथी श्वास तथा निःश्वासनां अणुओ मेळवे छे.

१. व्याख्यातं प्रथमं शतम्, अथ द्वितीयं व्याख्यायते. तत्राऽपि प्रथमोद्देशकः, तस्य चाऽयम्–अभिसंबन्धः–प्रथमशताऽन्तिमोद्देशकान्ते जीवानाम् उत्पादविरहोऽभिहितः, इह तु तेषामेव उच्छ्वासादि चिन्त्यते इति एवंसंबन्धस्याऽस्य इदम् उपोद्घातसूत्राऽनन्तरं सूत्रम्–'*जे इमे*' इत्यादि. यद्यपि एकेन्द्रियाणाम् आगमादिप्रमाणाद् जीवत्वं प्रतीयते, तथापि समुच्छ्वासादीनां साक्षाद् अनुपलम्भात्, जीवशरीरस्य च निरुच्छ्वासादेरपि कदाचिद् दर्शनात् पृथिव्यादिषु उच्छ्वासादिविषया शङ्का स्याद् इति तन्निरासाय, 'तेषाम् उच्छ्वासादिकम् अस्ति' इत्येतस्याऽऽगमप्रमाणप्रसिद्धस्य प्रदर्शनपरम् इदं सूत्रम् अवगन्तव्यम् इति. उच्छ्वासाद्यधिकाराद् जीवादिषु पञ्चविंशतौ पदेषु उच्छ्वासादिद्रव्याणां स्वरूपनिर्णयाय प्रश्नयन् आह:–'*किं णं भंते ! जीवे*' इत्यादि. '*किम्*' इत्यस्य सामान्यनिर्देशत्वात् कानि किंविधानि द्रव्याणि इत्यर्थः. '*आहारगमो नेयव्वो*' त्ति प्रज्ञापनाया अष्टाविंशतितमाऽऽहारपदोक्तसूत्रपद्धतिरिहाऽध्येया इत्यर्थः, सा च इयम्:–'*दुवन्नाइं, तिवन्नाइं, जाव–पंचवन्नाइं पि. जाइं वन्नओ कालाइं ताइं किं एकगुणकालाइं ? जाव–अनंतगुणकालाइं पि*' इत्यादिरिति. '*जीव–एगिंदिया*' इत्यादि. जीवा एकेन्द्रियाश्च '*वाघाय–निव्वाघाय*' त्ति मतुब्लोपाद् व्याघात–निर्व्याघातवन्तो भणितव्याः. इह च एवंपाठेऽपि निर्व्याघातशब्दः पूर्वं द्रष्टव्यः, तदभिलापस्य सूत्रे तथैव दृश्यमानत्वात्, तत्र जीवा निर्व्याघात–सव्याघाताः सूत्रे एव दर्शिताः. एकेन्द्रियास्तु एवम्:–'*पुढविक्काइया णं भंते ! कइदिसं आणमंति० ? गोयमा ! निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं*' इत्यादि. एवम्–अप्कायादिषु अपि. तत्र निर्व्याघातेन षड्दिशम्, षड् दिशो यत्र आनमनादौ तत् तथा. व्याघातं प्रतीत्य स्यात् त्रिदिशम्, स्यात् चतुर्दिशम्, स्यात् पञ्चदिशम् आनमन्ति. यतस्तेषां लोकान्तवृत्तौ अलोकेन त्र्यादिदिक्षु उच्छ्वासादिपुद्गलानां व्याघातः संभवति इति. '*सेसा नियमा छद्दिसिं*' ति शेषा नारकादित्रसाः षड्दिशम् आनमन्ति, तेषां हि त्रसनाड्यन्तर्भूतत्वात् षड्दिशम् उच्छ्वासादिपुद्गलग्रहोऽस्त्येव इति.

१. प्रथम शतकनुं विवेचन थइ चूक्युं. हवे द्वितीय शतकनुं विवेचन शरु थाय छे. अने तेमां पण तेनो प्रथम उद्देशक विवेचाय छे. अने तेनो अभिसंबंध आ छेः–'पहेला शतकना छेल्ला उद्देशकने छेडे जीवोनी उत्पत्तिनो विरह कह्यो छे. अने आ स्थळे तो ते ज जीवो संबंधी उच्छ्वास वगेरे विषे चिंतन थवानुं छे' ए प्रमाणेना संबंधवाळा आ पहेला उद्देशकनुं, उपोद्घात सूत्र पछी तुरत ज आ सूत्र छेः–['जे इमे' इत्यादि.] जो के पृथिवी, पाणी वगेरे (एक इंद्रियवाळा), जीवो छे–चैतन्यवाळा छे. ए वात आगम वगेरे प्रमाणोथी प्रतीत थाय छे. तो पण तेओने उच्छ्वास अने निःश्वास वगेरे होय छे के नहीं ? ए प्रमाणे शंका थवी, ए स्वाभाविक छे. कारण के जेम मनुष्य, पशु वगेरेनो उच्छ्वास अने निःश्वास नजरे जणाय छे तेम पृथ्वी, पाणी वगेरेनो उच्छ्वास तथा निःश्वास नजरे जणातो नथी. शं०– कदाच एम कहेवामां आवे के, ज्यारे ते पृथ्वी वगेरे चैतन्यवाळा छे, एम प्रतीत थइ शके छे, त्यारे तेओना उच्छ्वास विषे शंका थवानुं कारण नथी. कारण के जीवमात्रने उच्छ्वास अने निःश्वास होय छे ए वात आबाळगोपाळने प्रतीत छे. तो अहीं तेना (पृथ्वी वगेरेना) उच्छ्वास वगेरे विषे शंका थवानुं शुं कारण ? समा०–जो के जीव मात्रने उच्छ्वास तथा निःश्वास वगेरे होय छे, ए वात जगजाहेर छे. पण केटलाक जीवता जीवोनुं (डेडका वगेरेनुं) शरीर (घणी वार घणा काळ सुधी) उच्छ्वास अने निःश्वास विनानुं देखाय छे, माटे पृथ्वी वगेरेना जीवो पण तेवा प्रकारना छे के मनुष्यादिनी पेठे श्वासोच्छ्वासवाळा छे ? ए प्रमाणे

संबंध. सूत्रतात्पर्य. शंका. समाधान.

१. मूलच्छायाः–किं भगवन् ! नैरयिका आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा ? तथैव यावत्–नियमेन षड्दिशम् आनमन्ति वा, प्राणमन्ति वा, उच्छ्वसन्ति वा, निःश्वसन्ति वा. जीव–एकेन्द्रिया व्याघातात्, निर्व्याघाताच्च भणितव्याः, शेषा नियमात् षड्दिशम्:–अनु०
२. प्र० छाया:—द्विवर्णानि, त्रिवर्णानि, यावत्–पञ्चवर्णान्यपि. यानि वर्णतः कालानि तानि किमेकगुणकालानि ? यावत्–अनन्तगुणकालानि अपि.
[illegible]
[illegible]

प्रज्ञापना.

श्वासोच्छ्वासनां अणुओ केवां?

व्याघात-निर्व्याघात.

कया कया जीवो केटली दिशाओमांथी श्वास अने निःश्वासनां अणुओ मेळवे छे?

१२. *'एक्कारस अंगाइं अहिज्जइ'* त्ति इह कश्चिदाह–ननु अनेन स्कन्दकचरितात् प्रागेव एकादशाङ्गनिष्पत्तिरवसीयते, पञ्चमाङ्गान्तर्भूतं च स्कन्दकचरितमिदमुपलभ्यते इति कथं न विरोधः? उच्यते–श्रीमन्महावीरतीर्थे किल नव वाचनाः, तत्र च सर्ववाचनासु स्कन्दकचरितात् पूर्वकाले ये स्कन्दकचरिताभिधेया अर्थास्ते चरितान्तरद्वारेण प्रज्ञाप्यन्ते, स्कन्दकचरितोत्पत्तौ च सुधर्मस्वामिना जम्बूनामानं स्वशिष्यमङ्गीकृत्याधिकृतवाचनायामस्यां स्कन्दकचरितमेवाश्रित्य तदर्थप्ररूपणा कृता इति न विरोधः. अथवा सातिशयित्वाद् गणधराणामनागतकालभाविचरितनिबन्धनमदुष्टमिति. भाविशिष्यसंतानापेक्षयाऽतीतकालनिर्देशोऽपि न दुष्ट इति. *'मासिअं'* ति मासपरिमाणम्, *'भिक्खुपडिमं'* ति भिक्षूचितमभिग्रहविशेषम्, एतत्स्वरूपं च–*"गच्छा विणिक्खमित्ता पडिवज्जइ मासिअं महापडिमं, दत्तेगभोयणस्स पाणस्स वि एग जा मास"* इत्यादि. नन्वयमेकादशाङ्गधारी पठितः, प्रतिमाश्च विशिष्टश्रुतवानेव करोति, यदाह–*"गच्छे च्चिय निम्माओ जा पुव्वा दस भवे असंपुण्णा, नवमस्स तईयवत्थू होइ जहन्नो सुयाहिगमो"* इति कथं न विरोधः? उच्यते–पुरुषान्तरविषयोऽयं श्रुतनियमः, तस्य तु सर्वविदुपदेशेन प्रवृत्तत्वाद् न दोष इति.

१२. तथा ['एक्कारस अंगाइं अहिज्जइ' त्ति] अग्यार अंगोने भणे छे. शं०–श्रीस्कंदक पोते साधु थया पछी अग्यार अंगोने भण्या छे माटे एम प्रतीत थाय छे के श्रीस्कंदक पोते साधु थया ते पहेलां अग्यार अंगो बनेलां होवां जोइए अर्थात् ज्यारे श्रीस्कंदक, परिव्राजक स्थितिमां हशे त्यारे अग्यार अंगो बनी गयां हशे. ज्यारे एम होय त्यारे श्रीभगवतीजी नामना पांचमा अंगमां (जे अंग, श्रीस्कंदक साधु थयां पहेलांनुं बन्युं छे—जे अंग बन्युं त्यारे श्रीस्कंदक, तापसनी स्थितिमां हशे) ते श्रीस्कंदकनुं साधु तरीकेनुं जीवन केम होइ शके? कारण के जे ग्रंथमां जेनुं जीवन होय ते पुरुष ते ग्रंथनी पहेलां हयात होवो जोइए, आ जीवन संबंधे एम नथी माटे कांइ विरोध केम न होय? समा०–श्रीमहावीर भगवंतना तीर्थमां नव वाचना थएली छे अने ते दरेक वाचनाओमां स्कंदकनी पहेलां थएली, स्कंदकचरित्रना जेवी अनेक बिनाओ आवे छे, ते बधी बिनाओ (ज्यां सुधी स्कंदकनी विद्यमानता नथी त्यां सुधी) बीजा कोइना चरित्रद्वारा जणाय छे अने ज्यारे श्रीस्कंदक उत्पन्न थया त्यारे ते स्कंदकना जेवी बिनाने श्रीसुधर्मास्वामीए पोताना जंबू नामना शिष्यने उद्देशीने आ चालु वाचनामां श्रीस्कंदकना चरित्रनो आधार लइने कही छे माटे विरोध जेवुं कांइ नथी. अथवा गणधरो अतिशययुक्त ज्ञानवाळा होय छे माटे भविष्यत्काळनी बीना कहेवामां तेओने हरकत नथी अने जे अहीं 'भूतकाळ' नो निर्देश कर्यो छे ते थनारा शिष्यसमूहने अपेक्षीने कह्यो छे माटे ते पण निर्दोष छे. ['मासिअं' ति] एक महिना जेटली–एक महिना सुधी ['भिक्खुपडिमं'] भिक्षुने (साधुने)

श्रीस्कंदकनुं अध्ययन अने शंका.

समाधान.

भिक्षुप्रतिमा.

---

१. 'धूमांगार' ए आहारसंबंधी दोष छे. तेनुं विवेचन आ छेः—

"राग–दोसेहिं धूमइंगाल" तथा "राग–द्वेषाभ्यां प्रेमाऽप्रेमाभ्याम् आहारविषयाभ्यां ××× चारित्रेन्धनस्य धूमायमानताकरणम्, अङ्गारकरणं च" इति–श्रीपञ्चाशके त्रयोदशपञ्चाशके ४९ गाथायाम्:–अनु०

"प्राप्त थएल आहारने प्रेमपूर्वक के द्वेषपूर्वक खावो ते 'धूमांगार' दोष. कारण के तेवी रीते आहार लेवाथी चारित्ररूप इंधणाने धूम लागे छे अथवा ते बळीने अंगाररूप थइ जाय छे माटे 'धूमांगार दोष' कहेवाय छेः–श्रीपंचाशकनुं तेरमुं पंचाशक, गाथा ४९:–अनु०

१. [illegible]—गच्छाद् विनिष्क्रम्य प्रतिपद्यते मासिकीं महाप्रतिमाम्, दत्त्येकभोजनस्य पानस्याऽपि एका यावद् मासम्. २. गच्छे एव निर्मातो यावद् [illegible] दश भवन्ति असंपूर्णानि, नवमस्य तृतीयवस्तु भवति जघन्यः श्रुताधिगमः.–अनु०

योग्य एक मासनो अभिग्रह–तप–तेने, ए भिक्षुप्रतिमानुं स्वरूप आ रीते छेः–"गच्छथी–साधुना–समुदायथी–नीकळीने–जुदा रहीने–एक [illegible]

१. साधुओनी प्रतिमा विषे संक्षिप्त समजूती आ छेः—

प्रतिमायंत्र.

प्रतिमाः	समयः	विशेष विधिः
१ ली.	एक मास.	अन्न अने पाणीनी एक दत्ति लेवी.
२ जी.	बे मास.	अन्न अने पाणीनी बे दत्ति लेवी.
३ जी.	त्रण मास.	,, त्रण ,,
४ थी.	चार मास.	,, चार ,,
५ मी.	पांच मास.	,, पांच ,,
६ ट्ठी.	छ मास.	,, छ ,,
७ मी.	सात मास.	,, सात ,,
८ मी.	सात रात्री दिवस.	पाणी पीधा विना एकांतर उपवास करवा. पारणे आंबिल.गामनी बहार रहेवुं, चत्ता के पडखे सूवुं अने उभडक बेसीने जे आवे ते सहवुं.
९ मी.	,,	,, तथा उभडक रहेवुं अने वांका लाकडानी पेठे सुवुं वगेरे.
१० मी.	,,	,, तथा गोदोहासन अने वीरासन. संकोचाइने बेसवुं.
११ मी.	एक अहोरात्र.	पाणी विनानो छट्ठ–बे उपवास. गामनी बहार हाथने लंबावीने रहेवुं.
१२ मी.	एक रात्री.	अट्ठम–त्रण उपवास. नदी वगेरेने कांठे भेखड उपर रहेवुं, आंखो न पटपटाववी.

साधुनी बार प्रतिमा विषे सविस्तर विवेचन श्रीहरिभद्रसूरिकृत श्रीपंचाशक नामना ग्रंथमां अढारमा पंचाशकमां पहेलेथी वीश गाथा सुधी आप्युं छे. माटे विस्तररुचि जिज्ञासुओए ते ठेकाणेथी बार प्रतिमा विषेनुं विवेचन जोवुंः—अनु०

२. आ गाथा श्रीहरिभद्रसूरिविरचित श्रीपंचाशक नामना ग्रंथमां अढारमा पंचाशकमां सातमी छे. त्यां ते गाथानी टीकामां जे विवेचन छे तेनो सार आ छेः–

गच्छात् साधुसमूहाद् विनिष्क्रम्य तं विमुच्य इत्यर्थः. तत्र यदि आचार्यादिरसौ तदा अल्पकालिकं साध्वन्तरे स्वपदनिक्षेपं कृत्वा शुभेषु द्रव्यादिषु शरत्काले सकलसाध्वामन्त्रणपूर्वकं [उक्तं चः–"खामेइ तओ संघं सबालवुड्ढं जहोचियं एवं, भणंतं संविग्गो पुव्वविरुद्धे विसेसेणं. जं किंचि पमाएणं न सुट्ठु मे वट्टियं मए पुव्विं, तं मे खामेमि अहं निस्सल्लो निक्कसाओ" त्ति.] प्रतिपद्यतेऽभ्युपगच्छति, मासिकीं मासप्रमाणाम्, महाप्रतिमां गुरुकप्रतिज्ञाम्. तत्र च दत्तिरविच्छिन्नदानरूपा, एका एकैव, भोजनस्य अन्नस्याऽज्ञातोञ्छरूपस्य उत्तरैषणापञ्चकाऽन्यतरोपात्तस्य अलेपकारिणः कृपणादिभिरनिभूक्षितस्य एकस्यामिषत्कस्यैव [illegible] [illegible] (छ) [illegible], तथा पानकस्याऽपि पानकाऽऽहारस्य च एकैव [illegible] [illegible] [illegible] इति.

साधुना टोळाथी बहार नीकळीने प्रतिमावहनादि करवानुं छे. जो प्रतिमाने वहनार कोइ आचार्य होय, तो तेणे पोताने स्थाने कोइ [illegible] लाउ साधुने नीमवो अने पछी सारा द्रव्यादिना योगे शरत्कालमां बधा साधुने आमंत्रीने ते कार्य करवुं. कह्युं छे के, "ते प्रतिमाने वहनार पुरुष, बाळ अने वृद्धो सहित आखा संघने यथोचित रीते खमावे छे अने पोताना विरोधिओने तो विशेषतावडे खमावे छे. ते संविग्न पुरुष कहे छे के, जे कोइ मारा प्रमादथी तमारी साथे पहेलां सारी रीते न वर्त्यो होय ते माटे हुं निखालस रीते अने कषाय रहित थइने तमने खमावुं छुं." [illegible] [illegible] [illegible]

दत्ति. [illegible] महाप्रतिमाने—मोटी प्रतिमाने—एक जातना तपने—स्वीकारे छे अर्थात् एक महिना सुधी अन्न अने पाणीनी एक दत्ती करे छे. दत्तिनुं स्वरूप आ छे—'दत्ति' शब्दनो अर्थ 'दान—देवुं' थाय छे. देनार ज्यारे अन्न के पाणीने देतो होय त्यारे देवाता अन्न के पाणीनी ज्यां सुधी एक धार होय अने ते एक धारमां आवे तेटलुं ज लेवुं तथा धार तुटी गया पछी जरा पण न लेवुं ते 'दत्ति' कहेवाय छे." इत्यादि. शं०—श्रीस्कंदक अनगार

शंका. [illegible] अंगोने भण्या छे एम आगळ जणाव्युं छे. तो ते, प्रतिमाने केवी रीते करी शके? कारण के जे विशेष प्रकारे श्रुतज्ञानना अभ्यासी होय तेओ ज प्रतिमाने करी शके छे. कह्युं छे के—"जेणे गच्छमां (साधुना समुदायमां) ज रहीने प्रतिमा करवा माटे (दुःख वगेरे सहवानो) सारो अभ्यास कर्यो होय, तथा जेने कांइक ओछा दशपूर्व सुधीनुं ज्ञान होय अने ओछामां ओछुं तो नवमा पूर्वनी तृतीय वस्तु सुधीनुं तो ज्ञान होवुं ज जोइए. तेवो ज ते प्रतिमाने करी शके छे" हवे ज्यारे शास्त्रमां कह्या प्रमाणे पूर्वोक्त प्रकारनो पुरुष ज प्रतिमा करी शके छे, तो श्रीस्कंदक ते प्रतिमाने केवी रीते करी शके, कारण के तेओने कोइपण पूर्वनुं ज्ञान हतुं ज नहीं. माटे तेओनी प्रतिमा करवानी वीना विरोधवाळी केम न होय? समा०—'अमुक

समाधान. पूर्व सुधीना अभ्यासवाळो पुरुष ज प्रतिमाने करी शके' एवो नियम बीजा पुरुषोने माटे छे, पण श्रीस्कंदकने ते नियम लागु पडतो नथी. कारण के सर्वज्ञ भगवंत श्रीमहावीरना उपदेशथी श्रीस्कंदके प्रतिमा करवानी प्रवृत्ति करी हती माटे कोइ जातनो दोष नथी.

१३. *'अहासुत्तं'* ति सामान्यसूत्राऽनतिक्रमेण, *'अहाकप्पं'* ति प्रतिमाकल्पाऽनतिक्रमेण, तत्कल्पवस्त्वनतिक्रमेण वा, *'अहामग्गं'* ति ज्ञानादिमोक्षमार्गानतिक्रमेण वा, क्षायोपशमिकभावाऽनतिक्रमेण वा, *'अहातचं'* ति यथातत्त्वम्—तत्त्वाऽनतिक्रमेण—'मासिकी भिक्षुप्रतिमा' इति शब्दार्थानतिलङ्घनेनेत्यर्थः. *'अहासम्मं'* ति यथासाम्यम्—समभावाऽनतिक्रमेण, *'काएणं'* ति न मनोरथमात्रेण, *'फासेइ'* त्ति उचितकाले विधिना ग्रहणात्, *'पालेइ'* त्ति असकृदुपयोगेन प्रतिजागरणात्, *'सोहेइ'* त्ति शोभयति पारणकदिने गुर्वादिदत्तशेषभोजनकरणात्, शोधयति वाऽतिचारपङ्कक्षालनात्, *'तीरेइ'* त्ति पूर्णेऽपि तदवधौ स्तोककालावस्थानात्, *'पूरेइ'* त्ति पूर्णेऽपि तदवधौ तत्कृत्यपरिमाणपूरणात्, *'किट्टेइ'* त्ति कीर्तयति पारणकदिने इदं च इदं चैतस्याः कृत्यम्, तच्च मया कृतमित्येवं कीर्तनात्, *'अणुपालेइ'* त्ति तत्समाप्तौ च तदनुमोदनात्, किमुक्तं भवति इत्याह—आज्ञया आराधयति इति. एवमेताः सप्त सप्तमासान्ताः. ततोऽष्टमी—प्रथमा सप्तरात्रिंदिवा सप्ताहोरात्रमाना, एवं नवमी, दशमी चेति, एतास्तिस्रोऽपि चतुर्थभक्तेनाऽपानकेनेति, उत्तानकादिस्थानकृतस्तु विशेषः. *'राइंदिय'* त्ति रात्रिंदिवा एकादशी अहोरात्रपरिमाणा, इयं च षष्ठभक्तेन. *'एगराइअं'* ति एकरात्रिकी, इयं चाष्टमेन भवतीति.

प्रतिमानिर्वहन. १३. ['अहासुत्तं'ति] सामान्य सूत्रमां कह्या प्रमाणे, ['अहाकप्पं'ति] प्रतिमाना कल्पमां कह्या प्रमाणे अथवा कल्पनी वस्तुओ जेम छे तेम, ['अहामग्गं'ति] ज्ञानादिरूप मोक्षना मार्गनी मर्यादापूर्वक अथवा क्षायोपशमिक भाव प्रमाणे, ['अहातच्चं'ति] तत्त्व प्रमाणे अर्थात् 'मासिकी भिक्षुप्रतिमा' ए शब्दना अर्थ प्रमाणे, ['अहासम्मं'ति] सम भावपूर्वक, ['काएणं'ति] मात्र मनोरथ करवाथी ज नहीं, पण शरीरद्वारा प्रवृत्ति करवाथी, ['फासेइ'त्ति] उचित समये विधिपूर्वक ग्रहण करवाथी, ['पालेइ'त्ति] वारंवार उपयोगपूर्वक सावधानता राखवाथी पाळे छे, ['सोहेइ'त्ति] पारणाने दिवसे गुरु-वगेरेथी अपाएल शेष भोजन करवाथी व्रतने शोभावे छे, अथवा व्रतमां दूषणरूप कचरो न आववाथी व्रतने शोधे छे, ['तीरेइ'त्ति] तेनी मर्यादा पूरी थया पछी पण थोडो काळ रहे छे, ['पूरेइ'त्ति] तेनी मर्यादा पूरी थया पछी पण ते संबंधी कार्योनुं परिमाण पूरुं करे छे, ['किट्टेइ'त्ति] पारणाने दिवसे 'व्रत संबंधी आ आ कार्य छे अने ते में कर्युं छे' ए प्रमाणे कीर्तन करे छे, ['अणुपालेइ'त्ति] व्रत पूरुं थया पछी तेनी अनुमोदना (प्रशंसा)

---

१. आ गाथा श्रीहरिभद्रसूरिविरचित श्रीपंचाशक नामना ग्रंथमां अढारमा पंचाशकमां पांचमी छे. त्यां ते गाथानी टीकामां जे विवेचन छे तेनो सार आ छेः—

गच्छ एव साधुसमुदायमध्य एव तिष्ठन्, निर्मातः प्रतिमाकल्पपरिकर्मणि आहारादिविषये परिनिष्ठितः, आह च:—"पडिमाकप्पिअतुल्लो गच्छे चिअ कुणइ दुविहपरिकम्मं, आहारो—वहिमाइसु तहेव पडिवज्जए कप्पं." आहारादिप्रतिकर्म दर्शयिष्यते. परिकर्मपरिमाणं चैवम्:—आसामाद्यासु सप्तसु या यावत्परिमाणा तस्यास्तत्प्रमाणमेव प्रतिकर्म. तथा वर्षासु नैताः प्रतिपद्यते, न च प्रतिकर्म करोति. तथा आद्यद्वयमेकत्रैव वर्षे. तृतीय—चतुर्थ्यौ चैकैकस्मिन् वर्षे. अन्यासां तु तिसृणामन्यत्र वर्षे प्रतिकर्म, अन्यत्र च प्रतिपत्तिः. तदेवं नवभिर्वर्षैः आद्याः सप्त समाप्यन्ते इति. अथ तस्य कियान् श्रुताधिगमः भवति? इत्याह—यावत् पूर्वाणि, 'दश' इति प्रतीतम्—असंपूर्णानि किंचिद् ऊनानि, संपूर्णदशपूर्वधरो हि अमोघवचनत्वाद् धर्मदेशनया भव्योपकारित्वेन तीर्थवृद्धिकारित्वात् प्रतिमादिकल्पं न प्रतिपद्यते. भवेत् स्यात्, श्रुताधिगम इति योगः, उत्कृष्टश्चायम्, जघन्यस्य वक्ष्यमाणत्वात्. अथ जघन्यमेव आहः—नवमस्य पूर्वस्य प्रत्याख्याननामधेयस्य तृतीयवस्तु आचाराख्यं तद्भागविशेषम्, 'यावत्' इति वर्तते. भवति स्यात्, जघन्यः अल्पीयान्, श्रुताधिगमः श्रुतज्ञानम्—सूत्रतोऽर्थतश्च. एतच्छ्रुतविकलो हि निरतिशयज्ञानत्वात् कालादि न जानाति इति. (पृ—२७९, [illegible]सूरिर्भगवतीविवरणप्रणेता.):—अनु०

जे साधुनी एवी भावना होय के, पोते 'भिक्षुप्रतिमा'ने वहवा इच्छे छे. तो तेणे साधुना टोळामां ज रहीने 'भिक्षुप्रतिमा' संबंधी आचारो पाळवानी टेव राखवी जोइए—भिक्षुप्रतिमा तप करती वखते जे जातनो नीरस आहार लेवातो होय या जेवी जातनुं ध्यान अने विचरण थतुं होय ते बधुं 'भिक्षुप्रतिमा' ने स्वीकार्या पहेलां पोतानी जात उपर अजमाववुं जोइए, जेथी ते तपनो स्वीकार कर्या पछी बराबर सावधानीथी तेनुं निर्वहन थाय. आ ज प्रकारनी हकीकत बीजा ग्रंथोमां पण कही छे. 'जे भिक्षु प्रतिमा जेटला काळ सुधी निर्वहवानी होय तेटला काळ सुधी तेनो अभ्यास करवो जोइए' ए नियम शरुआतनी सात भिक्षुप्रतिमाओने लागु पडे छे. चोमासानी मोसममां ते भिक्षुप्रतिमाओ लेवाती नथी, तेम तेनो अभ्यास पण थतो नथी. सात प्रतिमा पछीनी पेली अने बीजी प्रतिमा (बन्ने)नो साथे एक वर्षमां अभ्यास थइ शके छे अने ते पछीनी त्रीजी प्रतिमाना अभ्यास माटे एक वर्षनी जरूर छे तथा चोथी प्रतिमा माटे पण एम छे. बीजी त्रण प्रतिमाओनो अभ्यास जूदे वर्षे थाय छे तथा तेनो अंगीकार पण जूदे वर्षे थाय छे—एक ज वर्षमां साथे तेनो अभ्यास अने अंगीकार थइ शकतो नथी. तो ए प्रमाणे शरुआतनी सात प्रतिमाओ नव वर्षोवडे समाप्त थाय छे. हवे जे साधु प्रतिमाने लइ तेनुं निर्वहन करवा इच्छे छे तेनो शास्त्राभ्यास केवा प्रकारनो—केटलो होवो जोइए, ते विषे जणावे छे—वधारेमां वधारे तो तेनो शास्त्राभ्यास लगभग दस पूर्व जेटलो (दसमुं पूर्व पूरुं नहीं) होवो जोइए अने ओछामां ओछो तेनो शास्त्राभ्यास नवमा पूर्वनी त्रीजी वस्तु सुधी होवो जोइए. जे मुनि पूरेपूरां दसे पूर्व जाणतो होय ते 'भिक्षुप्रतिमा' वगेरे आकरां तपने स्वीकारतो नथी. कारण के तेटला अभ्यासी मुनिनी वाणी अमोघ होय छे अने तेथी ते तीर्थ-[illegible] धर्मोपदेश [illegible]—[illegible] छे. अर्थात् ए मुनि पोतानी शक्तिनो उपयोग लोककल्याणमां ज करे छे. ([illegible]).—अनु०

दरेक प्रतिमानो समय.

करे छे—व्रतने वखाणे छे अर्थात् व्रतने आज्ञापूर्वक आराधे छे. ए प्रमाणे ए सात प्रतिमा सात मास सुधी चाले छे—पहेली प्रतिमा एक मास, बीजी प्रतिमा बे मास अने ए प्रमाणे सातमी प्रतिमा सात मास सुधी चाले छे. त्यार पछी आठमी प्रतिमा आवे छे ते ' प्रथमा ' कहेवाय छे. तेनु [illegible] सात रात्री दिवसनुं छे. अने नवमी तथा दशमी प्रतिमा पण ए ज प्रकारनी छे. तथा ए त्रणे (आठमी, नवमी, दशमी) प्रतिमामां चोविहारो ([illegible] पीधा विनानो) उपवास करवो जोइए. वळी ए त्रणे प्रतिमामां ' उत्तानक ' वगेरे स्थानथी विशेषता छे—ए त्रणे प्रतिमामां बेसवानां आसनो [illegible]

आसनभेद.

जूदां छे माटे विशेषता छे. [' राइंदिय ' त्ति] अग्यारमी प्रतिमा अहोरात्र सुधी चाले छे अने तेमां छट्ठ (बे उपवास) करवानो छे. [' एगराइयं ' ति] बारमी प्रतिमा एक रात्री सुधी चाले छे अने तेमां अट्ठम (त्रण उपवास) करवानो छे.

१४. *'गुणरयणसंवच्छरं'* ति गुणानां निर्जराविशेषाणाम्, रचनं संवत्सरेण सत्रिभागवर्षेण यस्मिंस्तपसि तद् गुणरचनं संवत्सरम्, गुणा एव वा रत्नानि यत्र स तथा गुणरत्नः, गुणरत्नः संवत्सरो यत्र तद् गुणरत्नसंवत्सरं तपः. इह च त्रयोदश मासाः, सप्तदशदिनाधिकाः तपः-कालः, त्रिसप्ततिश्च दिनानि पारणककाल इति. एवं चायम्—*"पन्नरस वीस चउव्वीस चेव चउव्वीस पणवीसा य, चउवीस एक्कवीसा चउवीसा सत्तवीसा य. तीसा तेत्तीसा वि य चउवीस छव्वीस अट्ठवीसा य, तीसा बत्तीसा वि य सोलसमासेसु तवदिवसा. पन्नरस दसट्ठ छ पंच चउर पंचसु य तिण्णि तिण्णि त्ति, पंचसु दो दो य तहा सोलसमासेसु पारणगा."* इह च यत्र मासे अष्टमादितपसो यावन्ति दिनानि न पूर्यन्ते, तावन्ति अग्रेतनमासाद् आकृष्य पूरणीयानि, अधिकानि च अग्रेतनमासे क्षेप्तव्यानि. *'चउत्थंचउत्थेणं'* ति चतुर्थं भक्तं यावद् भक्तं त्यज्यते यत्र तच्चतुर्थम्, इयं चोपवासस्य संज्ञा. एवम्, षष्ठादिकमुपवासद्वयादेरिति. *'अणिक्खित्तेणं'* ति अविश्रान्तेन, *'दिय'* त्ति दिवा दिवसे इत्यर्थः, *'ठाणुक्कुडुए'* त्ति स्थानमासनम्, उत्कुटुकमाधारे पुताऽलगनरूपं यस्यासौ स्थानोत्कुटुकः, *'वीरासणेणं'* ति सिंहासने उपविष्टस्य भून्यस्तपादस्य अपनीतसिंहासनस्येव यदवस्थानम्, तद्वीरासनं तेन, *'अवाउडेण य'* त्ति प्रावरणाभावेन च.

गुणरत्न संवत्सर तप अने तेनुं स्वरूप.

१४. ['गुणरयणसंवच्छरं' ति] जे तप करवामां आवे त्यारे सोळ महिना सुधी एक जातनी निर्जरारूप गुणोनी रचना (उत्पत्ति) थाय ते तप 'गुणरयणसंवच्छर' कहेवाय, अथवा जे तपमां, गुणरूप रतनोवाळुं आखुं वर्ष वीतावाय छे ते तप 'गुणरयणसंवच्छर' कहेवाय. आ तपमां तेर मास अने सत्तर दिवस सुधी तप करवानुं छे अने तोंतेर दिवस पारणानो वखत छे. ते आ प्रमाणे छे—प्रथम—पहेला मासमां पन्नर दिवस, बीजा मासमां वीश दिवस, त्रीजा मासमां चोवीश दिवस, चोथा मासमां चोवीश दिवस, पांचमा मासमां पचीश दिवस, छठ्ठा मासमां चोवीश दिवस, सातमा मासमां एकवीश दिवस, आठमा मासमां चोवीश दिवस, नवमा मासमां सत्तावीश दिवस, दशमा मासमां त्रीश दिवस, अग्यारमा मासमां तेत्रीश दिवस, बारमा मासमां चोवीश दिवस, तेरमा मासमां छव्वीश दिवस, चौदमा मासमां अट्ठावीश दिवस, पन्नरमा मासमां त्रीश दिवस अने सोळमा मासमां बत्रीश दिवस तप करवाना छे. तथा प्रथम मासमां पन्नर दिवस, बीजा मासमां दश दिवस, त्रीजा मासमां आठ दिवस, चोथा मासमां छ दिवस, पांचमा मासमां पांच दिवस, छठ्ठा मासमां चार दिवस, सातमा मासमां त्रण दिवस, आठमा मासमां त्रण दिवस, नवमा मासमां त्रण दिवस, दशमा मासमां त्रण दिवस, अग्यारमा मासमां त्रण दिवस, तथा बारमा, तेरमा, चौदमा, पन्नरमा अने सोळमा मासमां पण बे बे दिवस पारणाना छे" शं०—आगळ जे तपना दिवसो गणाव्या छे तेमां एम पण कह्युं छे के कोई मासमां बत्रीश दिवस तप करवो, तो ए कथन केवी रीते संगत थाय, कारण के मासना दिवसो तो त्रीश ज होय छे ? समा०—जे मासमां अट्ठम वगेरे तपना जेटला दिवसो पूरा न थता होय—खूटता होय—तेटला दिवसो आगळना मासथी खेंचीने पूरा करवा अर्थात् जे मासमां बत्रीश दिवस तप करवानुं छे, ते पासेना मासना बे दिवसो उपरना मासमां खेंची लेवा अने जे मासमां तप करतां वधारे दिवसो होय ते दिवसो तेनी पछीना मासमां मेळवी अर्थात् कोइ मासमां एकवीश दिवस तप करवानुं कह्युं होय तो ते मासनुं तप पूरुं थया पछी नव दिवसो वधे छे माटे ते नव दिवसो ते मास पछीना मासमां मेळवी देवा. ['चउत्थंचउत्थेणं' ति] चउत्थ एटले चतुर्थ—उपवास. 'चतुर्थ' शब्दनो शब्दार्थ आ छे:—जे व्रतमां चोथा टंक सुधी जमाय नहीं ते व्रत 'चतुर्थभक्त' कहेवाय अर्थात् साधारण रीते एक दिवसना बे टंक गणाय छे अने ए ज प्रकारे त्रण दिवसोना मळीने छ टंक थाय छे. तो आजे एक टंक खाइ, बीजे दिवसे बन्ने टंक न खाइ अने चोथुं टंक आवे त्यां सुधी पण न जमवुं ते 'चतुर्थभक्त' कहेवाय. ए ज प्रमाणे 'छट्ठ' ए बे उपवास तथा 'अट्ठम' ए त्रण उपवासनी संज्ञा छे—जे व्रतमां छठ्ठा टंक सुधी जमाय नहीं ते 'छट्ठ' अने जे व्रतमां आठमा टंक सुधी जमाय नहीं ते 'अट्ठम' ए प्रमाणे सर्वत्र जाणवुं. ['अणिक्खित्तेणं' ति] निरंतर—विसामो लीधा विना—रोज, ['दिय' त्ति] दिवसे, ['ठाणुक्कुडुए' ति] स्थान एटले आसन अने उत्कुटुक एटले उभडक अर्थात् जे उभडक बेसे, किंतु नितंबना भागने जमीन साथे न अडकवा दे ते 'उत्कुटुक आसनवाळो' 'स्थानोत्कुटुक' कहेवाय. ['वीरासणेणं' ति] वीरासनवडे, वीरासननुं स्वरूप आ छे:—जेम, कोइ एक मनुष्य सिंहासन उपर बेठेल होय अने तेने तेना पग, नीचे मूकेला होय, ए वखते ते सिंहासन लइ लीधा पछी पेला बेठेल मनुष्यनुं जे आसन—बेसवानी रीत—ते 'वीरासन' कहेवाय. ['अवाउडेण य' त्ति] कांइ ओढ्या के पहेर्या सिवाय.

चतुर्थ.

उत्कुटुकासन.

वीरासन.

---

१. प्र० छाः—पञ्चदश विंशतिः चतुर्विंशतिरेव चतुर्विंशतिः पञ्चविंशतिश्च, चतुर्विंशतिः एकविंशतिः चतुर्विंशतिः सप्तविंशतिश्च. त्रिंशत् त्रयस्त्रिंशत् अपि च चतुर्विंशतिः षड्विंशतिरष्टाविंशतिश्च, त्रिंशद् द्वात्रिंशद् अपि च षोडशमासेषु तपोदिवसाः. २. पञ्चदश दश अष्टौ षट् पञ्च चत्वारः पञ्चसु च त्रयस्त्रय इति, पञ्चसु द्वौ द्वौ च तथा षोडशमासेषु पारणकानिः—अनु०

३. श्रीप्रवचनसारोद्धार नामना ग्रंथमां 'गुणरत्नसंवत्सर' नामना तपसंबंधी नीचे प्रमाणे हकीकत छेः—

" गुणरयणवच्छरम्मि सोलस मासा हवंति तवचरणे, एगंतरोववासा पढमे मासम्मि कायव्वा. ठायव्वं उक्कडआसणेण दिवसे, निसाइ पुण निच्चं वीरासणिएण तहा होअव्वं अवाउडेणं च. बीआइमासेसु कमा एगुत्तराइ वुड्ढीए, जा सोलसमे सोलस उववासा हुंति मासम्मि. "

" 'गुणरत्नसंवत्सर' नामनुं तप करतां सोळ महिना लागे छे. ते तपमां पहेले महिने एकांतर उपवास करवा पडे छे. अने दिवसे, [illegible] गोवाळनी पेठे उत्कट आसने रहेवुं पडे छे, तथा रात्रीए कांइ पण ओढ्या के पहेर्या सिवाय वीरासने बेसी ध्यान ध्यावुं पडे छे. ए [illegible] मास वीताववो पडे छे. बीजे मासे बबे उपवास करी पारणुं अने ए रीते यावत्—सोळमे मासे सोळ सोळ उपवास करीने पारणुं [illegible] महिने एक एक उपवास वधारीने पारणुं करवुं." (श्रीप्रवचनसारोद्धार, द्वार—२७१, गाथा—[illegible])—अनु०

१५. 'ओरालेणं' इत्यादि. ओरालेन आशंसारहिततया प्रधानेन. प्रधानं चाल्पमपि स्यात्, इत्यत आह--विपुलेन विस्तीर्णेन बहुदिनत्वात्. विपुलं च [illegible]मपि स्यात्, अप्रयत्नकृतं वा स्यात्, अत आह--'पयत्तेणं' ति प्रदत्तेन अनुज्ञातेन गुरुभिः, प्रयत्नेन वा प्रयत्नवता प्रमादरहि-[illegible]. एवंविधमपि सामान्यतः प्रतिपन्नं स्यात्, इत्याह--प्रगृहीतेन बहुमानप्रकर्षाद् आश्रितेन, तथा, कल्याणेन नीरोगताकारणेन, शिवेन शि-[illegible], धन्येन धर्मधनसाधुना, मङ्गल्येन दुरितोपशमनसाधुना, सश्रीकेण सम्यक्पालनात् सशोभेन, उदग्रेण उन्नतपर्यवसानेन--उत्तरोत्तरं वृद्धि-[illegible] इत्यर्थः, उदात्तेन उन्नतभाववता, 'उत्तमेणं' ति ऊर्ध्वं तमसः--अज्ञानात्, यत् तत् तथा, तेन--ज्ञानयुक्तेनेत्यर्थः, उत्तमपुरुषाऽऽसेवितत्वाद् वा उत्तमेन, उदारेण औदार्यवता निःस्पृहत्वातिरेकात्, महानुभागेन महाप्रभावेण, 'सुक्के'त्ति शुष्को नीरसशरीरत्वात्, 'लुक्खे'त्ति बुभुक्षा-[illegible] रूक्षीभूतत्वकत्वात्, अस्थीनि चर्मावनद्धानि यस्य सोऽस्थिचर्मावनद्धः, किटिकिटिका निर्मांसास्थिसंबन्धी उपवेशनादिक्रियासमुत्थः शब्द-विशेषः, तां भूतः प्राप्तो यः स किटिकिटिकाभूतः, कृशो दुर्बलः, धमनीसंततो नाडीव्याप्तः--मांसक्षयेण दृश्यमाननाडीकत्वात्, 'जीवंजीवेणं' ति [illegible]त्वाद् जीवजीवेन जीवबलेन गच्छति, न शरीरबलेनेत्यर्थः. 'भासं भासित्ता' इत्यादौ कालत्रयनिर्देशः. 'गिलायति' ग्लायति ग्लानो भवति. 'से जहा णाम ए' त्ति 'से'त्ति अथार्थः, 'यथा' इति दृष्टान्तार्थः, 'नाम' इति संभावनायाम्, 'ए' इति वाक्यालंकारे, 'कट्ठसगडिअ' त्ति काष्ठ-भृता शकटिका:--काष्ठशकटिका:, 'पत्तसगडिअ' त्ति पलाशादिपत्रभृता गन्त्री, 'पत्ततिलभंडगसगडिअ' त्ति पत्रयुक्ततिलानाम्, भाण्डकानां च मृन्मयभाजनानां भृता गन्त्रीत्यर्थः, 'तिलसंठगसगडिय' त्ति क्वचित् पाठः, प्रतीतार्थश्च. 'एरंडकट्ठसगडिअ' त्ति एरण्डकाष्ठमयी एरण्डकाष्ठभृता वा शकटिका:, एरण्डकाष्ठग्रहणं च तेषामसारत्वेन तच्छकटिकायाः शुष्कायाः सत्याः अतिशयेन गमनादौ सशब्दत्वं स्यादिति. अङ्गारशक-टिका अङ्गारभृता गन्त्री, 'उण्हे दिन्ना, सुक्का समाणी' इति विशेषणद्वयं काष्ठादीनामार्द्राणामेव संभवतीति यथासंभवमायोज्यमिति. हुताशन इव भस्मराशिप्रतिच्छन्नः 'तवेणं तेएणं' ति तपोलक्षणेन तेजसा. अयमभिप्रायः--यथा भस्मच्छन्नोऽग्निर्बहिर्वृत्त्या तेजोरहितः, अन्तर्वृत्त्या तु ज्वलति, एवं स्कन्दकोऽपि अपचितमांस--शोणितत्वाद् बहिर्निस्तेजाः, अन्तस्तु शुभध्यानतपसा ज्वलतीति. उक्तमेवार्थमाह:--'तव--तेअ--' इत्यादि.

तपप्रशंसा.

१५. ['ओरालेणं' इत्यादि.] उदार एटले प्रधान--कोइ पण जातनी आशा विनानुं--तेवडे, कोइ प्रधान पदार्थ एवो होय के जे प्रधान होय अने अल्प पण होय, माटे कहे छे के, विपुल--घणा दिवस सुधी पहोंचे तेवुं होवाथी विस्तीर्ण--विशाल--तेवडे, कोइ विपुल एवुं पण होय के जेमां गुरुनी अनुमति न होय अथवा जेने शरु करवामां कांइ प्रयत्ननी जरूर न होय, माटे कहे छे के, ['पयत्तेणं' ति] गुरुए दीघेल--गुरुद्वारा अनुमति मेळवीने आचरेलुं अथवा प्रमादने छोडीने प्रयत्नपूर्वक करेलुं--तेवडे, एवा प्रकारनुं पण साधारणपणे स्वीकारेलुं होय, माटे कहे छे के, प्रगृहीत--घणा मानपूर्वक आचरेलुं--तेवडे, तथा निरोगिपणाना कारणभूत--तेवडे, कल्याणना हेतुभूत--तेवडे, धर्मरूप धनमां साधुभूत--तेवडे, पापने शमाववामां निमित्तभूत--तेवडे. सारी रीते पाळेलुं छे माटे शोभावाळुं--तेवडे, जेनुं छेवट सारुं छे तेवडे, उत्तरोत्तर वधारावाळुं--तेवडे, उन्नतभाववाळुं--तेवडे, ['उत्तमेणं' ति] अज्ञान रहित--तेवडे, अर्थात् ज्ञानवाळा तपवडे, अथवा उत्तम पुरुषोए सेवेलुं छे माटे उत्तम--तेवडे, ते तपमां निःस्वार्थपणानो भाग वधारे होवाथी ते उदार छे--तेवडे, महाप्रभाववाळा ते तपवडे श्रीस्कंदक अनगार ['सुक्के' त्ति] शुष्क थया अर्थात् शरीरमांथी रस कस जतो रहेवाथी सुकाइ गया, ['लुक्खे' त्ति] भूखना प्रभावे लुखा--रुखा--थइ गया, चामडीथी ढंकाएल हाडकावाळा थया, जे मनुष्यना शरीरमां मांस न होय, पण मात्र हाडकां होय, अने ज्यारे ते मात्र हाडकाना खोखावाळो मनुष्य बेसे, उठे के गति वगेरे कोइ पण क्रिया करे त्यारे तेनो अवाज थाय छे अने ते अवाजने 'किटिकिटिका' कहे छे अर्थात् खट् खट् के कट् कट्. ज्यारे श्रीस्कंदक अनगार हाले चाले छे त्यारे पण पूर्वोक्त प्रकारनो शब्द--अवाज--थाय छे माटे तेओने 'किटिकिटिकाभूत' कह्या. वळी तेओ पातळा थया, तेओनी आकृति (शरीर) मांसरहित होवाथी तेमां चारे तरफ नाडीओ ज जणाय छे--माटे नाडीव्याप्त थइ गया, ['जीवंजीवेणं' ति] शरीरना बळे नहीं, पण जीवना बळे चाले छे, ['भासं भासित्ता'] ए बधामां त्रणे काळ सूचव्या छे. ['गिलायति'] ग्लानि पामे छे. ['से जहा णाम ए' त्ति] ['कट्ठसगडिअ' त्ति] लाकडाथी भरेली सगडीओ, ['पत्तसगडिअ' त्ति] खाखरा वगेरे झाडना पांदडाओथी भरेली सगडीओ--नानी गाडीओ, ['पत्ततिल-भंडगसगडिअ' त्ति] पांदडावाळा तलना झाडवाथी--तलसराओथी अने माटीना वासणोथी भरेली सगडीओ, ['तिलसंठगसगडिअ' त्ति] ए प्रमाणेनो पाठ बीजा कोइ पुस्तकमां छे अने तेनो अर्थ स्पष्ट छे--'तलना सांठाओथी --तलसराओथी--भरेली सगडीओ.' ['एरंडकट्ठसगडिअ' त्ति] एरंडाना लाकडाथी बनेली के भरेली सगडीओ, एरंडानां लाकडां पोलां होय छे माटे तेने सुकवीने सगडीमां भरी ज्यारे सगडी चलाववामां आवे त्यारे तेनो अवाज घणो थाय छे माटे अहीं एरंडानां लाकडां ग्रहण कर्यां छे. अंगारशक-टिका एटले अंगाराथी भरेली सगडी, ['उण्हे दिन्ना, सुक्का समाणी'] लीलां लाकडांओने तपाववानी अने सुकववानी जरूर रहे छे माटे आ बे विशेषणो--'तडके मूकेली अने सुकवेली'--ज्यां लीलां लाकडांनो संभव होय त्यां ज लगाडवां. राखमां भारेल अग्निनी पेठ ते स्कंदक अनगार ['तवेणं तेएणं' त्ति] तपरूप तेजवडे देदीप्यमान छे--जेम राखमां भारेलो अग्नि बहारथी तेज विनानो अने अंदरथी तो बळतो ज होय छे, तेम श्रीस्कंदकनुं शरीर मांस अने लोही विनानुं थइ गयुं छे माटे ते बहारथी निस्तेज लागे छे अने अंदरथी तो पवित्र तपवडे जाज्वल्यमान छे. कहेली ज वातने (फरीथी) कहे छे के, ['तव--तेअ'--इत्यादि.]

श्रीस्कंदकनी शारीरिक क्षीणता.

श्रीस्कंदकनुं अंतर.

१६. 'पुव्वरत्तावरत्तकालसमयंसि' त्ति पूर्वरात्रश्च रात्रेः पूर्वो भागः, अपररात्रश्च अपकृष्टा रात्रिः--पश्चिमस्तद्भाग इत्यर्थः, तल्लक्षणो यः [illegible]--कालात्मकः समयः स तथा तत्र, अथवा 'पूर्वरात्रापररात्रकालसमये' इत्यत्र रेफलोपात् 'पुव्वरत्तावरत्तकालसमयंसि' त्ति स्यात्. धर्मजागरिकां जाग्रतः कुर्वत इत्यर्थः. 'तं अत्थि ता मे' त्ति तदेवमपि अस्ति तावत् मम उत्थानादि--न सर्वथा क्षीणमिति भावः 'तं [illegible] मे अत्थि' त्ति तत् तस्मात्, यावत् 'ता' इति भाषामात्रे, मे मम अस्ति; 'जाव' त्ति यावच्च 'सुहत्थि' त्ति शुभार्थी भव्यान् प्रति, [illegible] वा पुरुषवरगन्धहस्ती, एतच्च भगवत्साक्षिकोऽनशनविधिर्महाफलो भवतीत्यभिप्रायेण, भगवन्निर्वाणे शोकदुःखभाजनं मा भूवमहम्, [illegible] वा चिन्तितमनेनेति. 'कल्लं' इत्यादि. 'कल्लं' ति श्वः, प्रादुः प्राकाश्ये, ततः प्रकाशप्रभातायां रजन्याम् फुल्लोत्पलकमलकोमलो-

[illegible] छे. ४. 'नाम' आ शब्द संभावनाद्योतक छे. [illegible]

न्मीलिते, फुल्लं विकसितम्, तच्च तदुत्पलं च फुल्लोत्पलम्, तच्च कमलश्च हरिणविशेषः—फुल्लोत्पल-कमलौ, तयोः कोमलमकठोरम्, [illegible] दलानाम्, नयनयोश्च उन्मीलनं यस्मिंस्तथा तस्मिन्, अथेति रजनीविभातानन्तरम्, पाण्डुरे प्रभाते रक्ताशोकप्रकाशेन किंशुकस्य, शुकमुखस्य, गुञ्जार्धस्य च रागेण सदृशो यः स तथा तस्मिन्, तथा, कमलाकराः ह्रदादयस्तेषु खण्डानि नलिनीखण्डानि, तेषां बोधको यः स कमलाकरखण्डबोधकः, तस्मिन् उत्थितेऽभ्युद्गते, कस्मिन्? इत्याह—'सूरे' पुनः किंभूते? इत्याहः—'सहस्सरस्सिम्मि' इत्यादि. 'कडाईहिं' ति, इह पदैकदेशात् पदसमुदायो दृश्यस्ततः कृतयोग्यादिभिरिति स्यात्, तत्र कृता योगा प्रत्युपेक्षणादिव्यापाराः येषां सन्ति ते कृतयोगिनः, आदिशब्दात् प्रियधर्माणः, दृढधर्माणः इत्यादि गृह्यते इति. 'विउल' त्ति विपुलम्—विपुलाभिधानम्, 'मेहघणसंनिगासं' ति घनमेघसदृशम्—सान्द्रजलदसमानं कालकमित्यर्थः, 'देवसंनिवायं' ति देवानां सन्निपातः समागमो रमणीयत्वाद् यत्र स तथा तम्, 'पुढवीसिलापट्टयं' ति पृथिवीशिलारूपः पट्टकः आसनविशेषः—पृथिवीशिलापट्टकः, काष्ठशिलाऽपि शिला स्यात्, अतस्तद्व्यवच्छेदाय पृथिवीग्रहणम्. 'संलेहणा—झूसणाझूसिअस्स' त्ति संलिख्यते कृशीक्रियते ऽनयेति संलेखना तपः, तस्या जोषणा सेवा, तया जुष्टः सेवितः, झूषितो वा क्षपितो यः स तथा तस्य, 'भत्त—पाणपडियाइक्खिअस्स' त्ति प्रत्याख्यातभक्त—पानस्य, 'कालं' ति मरणम्, 'तिकट्टु' त्ति इति कृत्वा—इदं विषयीकृत्य, 'एवं संपेहेइ' त्ति एवम्—उक्तलक्षणमेव, संप्रेक्षते पर्यालोचयति संगतासंगतविभागतः. 'उच्चारपासवणभूमिं पडिलेहेइ' त्ति पादपोपगमनाद् आराद् उच्चारादेस्तस्य कर्तव्यत्वाद् उच्चारादिभूमिप्रत्युपेक्षणं न निरर्थकम्. 'संपलिअंकनिसन्ने' त्ति पद्मासनोपविष्टः, 'सिरसावत्तं' ति शिरसाऽप्राप्तमस्पृष्टम्, अथवा शिरसि आवर्तः—आवृत्तिरावर्तनं परिभ्रमणं यस्यासौ सप्तम्यलोपात् शिरस्यावर्तः—तम्, 'सट्ठिभत्ताइं' ति प्रतिदिनं भोजनद्वयस्य त्यागात् त्रिंशता दिनैः षष्टिर्भक्तानि त्यक्तानि भवन्ति. 'अणसणाए' त्ति प्राकृतत्वाद् अनशनेन 'छेइत्त' त्ति छित्त्वा परित्यज्य, 'आलोइअपडिक्कंते' त्ति आलोचितं गुरूणां निवेदितं यदतिचारजातम्, तत् प्रतिक्रान्तमकरणविषयीकृतं येनासावालोचितप्रतिक्रान्तः, अथवा आलोचितश्चासावालोचनादानात्, प्रतिक्रान्तश्च मिथ्यादुष्कृतदानात् आलोचितप्रतिक्रान्तः. 'परिणिव्वाणवत्तियं' ति परिनिर्वाणं मरणम्, तत्र यच्छरीरस्य परिष्ठापनं तदपि परिनिर्वाणमेव, तदेव प्रत्ययो हेतुर्यस्य स परिनिर्वाणप्रत्ययः—अतस्तम्, 'कहिं गए' त्ति कस्यां गतौ, 'कहिं उववन्ने' त्ति क्व देवलोकादौ? इति. 'एगइआणं' ति एकेषाम्, न तु सर्वेषाम्, 'आउक्खएणं' ति आयुष्ककर्मदलिकनिर्जरणेन, 'भवक्खएणं' ति देवभवनिबन्धनभूतकर्मणां गत्यादीनां निर्जरणेन, 'ठिइक्खएणं' ति आयुष्ककर्मणः स्थितेर्वेदनेन; 'अणंतरं' ति देवभवसंबन्धिनम्, 'चयं' ति शरीरम्, 'चइत्त' त्ति त्यक्त्वा, अथवा 'चयं' ति च्यवं च्यवनम्, 'चइत्त' त्ति च्युत्वा कृत्वा अनन्तरं क्व गमिष्यति? इत्येवमनन्तरशब्दस्य संबन्धः कार्यः.

भगवत्सुधर्मस्वामिप्रणीते श्रीभगवतीसूत्रे द्वितीयशते प्रथम उद्देशके श्रीअभयदेवसूरिविरचितं विवरणं समाप्तम्.

श्रीस्कंदकनो विचार.

१६. ['पुव्वरतावरत्तकालसमयंसि' त्ति] रात्रीनो पूर्व भाग अने रात्रीनो पश्चिम भाग—ते वखते धर्म जागरण करतां श्रीस्कंदकने विचार थयो के, ['तं अत्थि ता मे' त्ति] में आवुं आकरुं तप कर्युं तो पण मारी उठवा, बेसवा वगेरेनी शक्ति तद्दन नाश पामी नथी, माटे ['तं जाव ता मे अत्थि' त्ति] ज्यां सुधी मारी शक्ति छे अने ['जाव' त्ति] ज्यां सुधी श्रमण भगवंत महावीर ['सुहत्थि' त्ति] शुभार्थी छे अर्थात् भव्योने लाभ दे छे अथवा उत्तम गंधहस्तीनी पेठे पुरुषोमां उत्तम तरीके जगतमां विद्यमान छे त्यां सुधी तेनी पासे जइ अनशन करूं. श्रीस्कंदके जे पूर्व प्रमाणे विचार कर्यो तेनुं

अनशननुं कारण.

कारण ए के, जो अनशननो विधि भगवंतनी साक्षिए करवामां आवे तो तेनुं मोटुं फळ थाय छे अथवा भगवंतनुं निर्वाण थया पछी मने शोकजन्य दुःख न थाय माटे भगवंत निर्वाण पामे ते पहेलां ज हुं तेओनी पासे जइने अनशन करूं.(पूर्वोक्त विचारनां आ बे कारणो जणाय छे.) ['कल्लं' इत्यादि.] काले—आवती काले प्रकाशथी रात्री उजळी थया पछी, विकसेल उत्पलनी पांखडीओ अने एक प्रकारना हरणनी आंखो कोमळतापूर्वक उघड्या पछी, धोळुं प्रभात थया पछी तथा राता आसोपालवनी जेवो, केसुडांनी जेवो, पोपटनी चांच जेवो अने चणोठीना अडधा भाग जेवो लाल चोळ तथा कमळना वराओमां रहेलां कमलिनीनां खंडोने विकसित करनार, हजार किरणवाळो सूर्य उग्या पछी इत्यादि. ['कडाईहिं' ति] जेओ पडिलेहण—प्रतिलेखन—वगेरे क्रियाओमां कुशळ छे, धर्मप्रिय अने धर्ममां दृढ छे, तेओनी साथे ['विउल' त्ति] विपुल नामना पर्वत उपर, ['मेहघणसंनिगासं' ति] अंधारेल मेघनी जेवी अर्थात् काळी, ['देवसंनिवायं' ति] जेनी सुंदरताथी ज्यां देवो आवे छे एवी ['पुढवीसिलापट्टयं' ति] काळी शिला उपर. ['संलेहणा—झूसणाझूसि-

अनशन.

अस्स' त्ति] जेनाथी कृश थवाय ते संलेखना अर्थात् एक जातनुं तप, ते तपनी सेवाथी जुष्ट थएल अथवा ते तपनी सेवाथी क्षपित थएल—तेना, ['भत्त—पाणपडियाइक्खिअस्स' त्ति] जेणे जमवानुं अने पीवानुं छोडी दीधुं छे—तेना. ['कालं' ति] मरणने, ['ति कट्टु' त्ति] एम करीने—एवुं लक्ष्य राखीने, ['एवं संपेहेइ' त्ति] पूर्वे कर्युं ते संगत छे के असंगत छे एम समालोचे छे. ['उच्चार—पासवणभूमिं पडिलेहेइ' त्ति] पादपोपगमन अनशन स्वीकार्या पहेलां तेने लघुशंका वगेरेनी जरूर रहे छे माटे ते सारु जग्यानुं पडिलेहण करवुं उपयुक्त छे—नकामुं नथी. ['संपलिअंकनिसन्ने' त्ति] पद्मासने बेठेल, ['सिरसावत्तं' त्ति] माथा साथे नहीं अडकेल अथवा माथामां आवर्तवाळुं—तेने. ['सट्ठिभत्ताइं' ति] साठ टंक सुधी ['अणसणाए' त्ति] जम्या सिवाय ['छेइत्त' त्ति] वीतावीने ['आलोइअपडिक्कंते' त्ति] गुरुए जणावेल अतिचारोने नहीं करनार अथवा आलोचनाना दानथी आलोचित अने मिथ्यादुष्कृत देवाथी प्रतिक्रांत ते 'आलोचितप्रतिक्रांत' कहेवाय. ['परिणिव्वाणवत्तियं' ति] परिनिर्वाण एटले मरण अथवा शरीरने परठववुं ते,

श्रीस्कंदकनुं परलोक गमन.

जेमां परिनिर्वाण निमित्त छे ते—तेने. ['कहिं गए' त्ति] कइ गतिमां, ['कहिं उववन्ने' त्ति] कया देवलोक वगेरेमां उत्पन्न थया छे? ['एगइआणं' ति] बधानी नहीं, पण केटलाकनी, ['आउक्खएणं' ति] आयुष्य कर्मना दळिआंनी निर्जरा थवाथी, ['भवक्खएणं' ति] देवभवनां कारणभूत गत्यादि कर्मोनुं निर्जरण थवाथी, ['ठिइक्खएणं' ति] आयुष्य कर्मनी स्थितिने भोगवी लेवाथी, ['अणंतरं' ति] देवनुं, ['चयं' ति] शरीर, ['चइत्त' त्ति] छोडीने अथवा ['चयं' ति] ['चइत्त' त्ति] देवभवथी च्यवीने तुरत ज क्यां जशे? ए रीते 'अनंतर' शब्दनो संबंध करवो.

---

१. 'पूर्वरात्रापररात्र' आ शब्दमांथी, 'अपर' शब्दना 'र' नो लोप करवाथी पण उपलो शब्द बने छे. २. आ शब्द, भाषानी शोभारूप छे. ३. [illegible] पदनो एक भाग जणाव्यो होय त्यां ते एक भागथी पदनो समुदाय पण जाणी शकाय छे माटे अहीं 'कृत' पदथी 'कृतयोगी' पद जाणवुं. ४. [illegible] लाकडानी शिला न लेवाय माटे 'पृथिवी' शब्द मूक्यो छे. ५. आ शब्दमां सातमी विभक्ति पण छे:—श्रीअभय.

[illegible]

शतक २.—उद्देशक २.

समुद्घात केटला?—सात.—वेदनासमुद्घात.—कषायसमुद्घात.—मरणसमुद्घात.—वैक्रियसमुद्घात.—तैजससमुद्घात.—आहारकसमुद्घात.—केवलिसमुद्घात.—भावितात्मा अनगार.—समुद्घातपद (प्रज्ञापनासूत्र).—

१९. प्र०—कइ णं भंते! समुग्घाया पन्नत्ता?

१९. उ०—गोयमा! सत्त समुग्घाया पन्नत्ता, तं जहाः—वेदणासमुग्घाये, एवं समुग्घायपदं छाउमत्थियसमुग्घायवज्जं भाणियव्वं, जाव—वेमाणियाणं. कसायसमुग्घाया, अप्पाबहुयं.

१९. प्र०—हे भगवन्! केटला समुद्घातो कह्या छे?

१९. उ०—हे गौतम! समुद्घातो सात कह्या छे. ते आ प्रमाणेः—वेदनासमुद्घात वगेरे—(कषायसमुद्घात, मारणांतिकसमुद्घात, वैक्रियसमुद्घात, तैजससमुद्घात, आहारकसमुद्घात अने केवलिसमुद्घात.) आ ठेकाणे प्रज्ञापना सूत्रमां आवेलुं, छत्रीशमुं—छेल्लुं—समुद्घातपद जाणवुं, परंतु तेमां आवती छाद्मस्थिकसमुद्घातनी हकीकत न कहेवी अने ए प्रमाणे यावत्—वैमानिको सुधी जाणवुं तथा कषायसमुद्घातो अने अल्पबहुत्व कहेवुं.

२०. प्र०—अणगारस्स णं भंते! भावियप्पणो केवलीसमुग्घाये जाव—सासतं, अणागयद्धं चिट्ठंति?

२०. उ०—समुग्घायपदं नेयव्वं.

२०. प्र०—हे भगवन्! भावितात्मा अनगारने केवलिसमुद्घात यावत्—आखा भविष्यकाळ सुधी शाश्वतरीते रहे?

२०. उ०—हे गौतम! अहीं पण उपर कह्युं ते—समुद्घातपद—जाणवुं.

भगवंतसुहम्मसामिपणीए सिरीभगवईसुत्ते बीए सये बीओ उद्देसो सम्मत्तो.

१. अथ द्वितीयः प्रारभ्यते, अस्य चायमभिसंबन्धः—*'केण वा मरणेणं मरमाणे जीवे वड्ढइ?'* त्ति प्रागुक्तम्, मरणं च मारणान्तिकसमुद्घातेन समवहतस्य, अन्यथा च भवतीति समुद्घातस्वरूपमिहोच्यते इति एवंसंबन्धस्यास्येदं सूत्रम्—*'कइ णं भन्ते! समुग्घाया'* इत्यादि. तत्र 'हन् हिंसा-गत्योः' इति वचनाद् हननानि घाताः, 'सम्' एकीभावे, 'उत्' प्राबल्ये; ततश्च एकीभावेन प्राबल्येन च घाताः समुद्घाताः. अथ केन सह एकीभावः? उच्यते, यदा आत्मा वेदनादिसमुद्घातगतो भवति, तदा वेदनाद्यनुभवज्ञाने परिणत एव भवतीति वेदनाद्यनुभवज्ञानेन सहैकीभावः. अथ प्राबल्येन घाताः कथम्? उच्यते, यस्माद् वेदनादिसमुद्घातपरिणतो बहून् वेदनीयादिकर्मप्रदेशान् कालान्तरानुभवयोग्यान् उदीरणाकरणेन आकृष्य, उदये प्रक्षिप्य, अनुभूय निर्जरयति—आत्मप्रदेशैः सह श्लिष्टान् शातयतीत्यर्थः, अतः प्राबल्येन घाता इति. *'सत्त समुग्घाय'* त्ति वेदनासमुद्घातादयः, एते च प्रज्ञापनायामिव द्रष्टव्याः. अत एवाह—*'छाउमत्थिअ'* इत्यादि.

---

१. मूलच्छायाः—कति भगवन्! समुद्घाताः प्रज्ञप्ताः? गौतम! सप्त समुद्घाताः प्रज्ञप्ताः, तद्यथाः—वेदनासमुद्घातः, एवं समुद्घातपदं छाद्मस्थिक-[illegible] यावत्—वैमानिकानाम्, कषायसमुद्घाताः, अल्पबहुत्वम्. अनगारस्य भगवन्! भावितात्मनः केवलिसमुद्घातो यावत्—शाश्वत[illegible] [illegible]

'[illegible]उमत्थिअसमुग्घायवज्जं'ति 'कइ णं भन्ते! छाउमत्थिअसमुग्घाया पण्णत्ता'? इत्यादिसूत्रवर्जितम्. 'समुग्घायपयं' ति [illegible] षट्त्रिंशत्तमं पदं समुद्घातार्थमिह नेतव्यम्, तच्चैवम्—"कइ णं भन्ते! समुग्घाया पण्णत्ता? गोयमा! सत्त समुग्घाया पण्णत्ता. तं [illegible] वेयणासमुग्घाए, कसायसमुग्घाए" इत्यादि. इह संग्रहगाथा—'वेयण–कसाय–मरणे वेउव्विय–तेउए य आहारे, केवलिए चेव भवे जीव–[illegible]स्साण सत्तेव.' जीवपदे मनुष्यपदे च सप्त वाच्याः, नारकादिषु तु यथायोगमित्यर्थः. तत्र वेदनासमुद्घातेन समुद्धत आत्मा वेदनीयकर्मपुद्गलानां शातं करोति, कषायसमुद्घातेन कषायपुद्गलानाम्, मारणान्तिकसमुद्घातेन आयुष्यकर्मपुद्गलानाम्, वैकुर्विकसमुद्घातेन समुद्धतो जीवः प्रदेशान् शरीराद् बहिर्निष्काश्य शरीरविष्कम्भ-बाहल्यमात्रम्, आयामतश्च संख्येययोजनानि दण्डं निसृजति, निसृज्य च यथास्थूलान् वैक्रियशरीरनामकर्मपुद्गलान् प्रागूबद्धान् शातयति, यथासूक्ष्मांश्चाऽऽदत्ते. यथोक्तम्—"वेउव्वियसमुग्घाएणं समोहणइ, [illegible] जोयणाइं दंडं निसिरइ, अहाबायरे पोग्गले परिसाडेइ, अहासुहुमे पोग्गले आइयत्ति." एवं तैजसा–ऽऽहारकसमुद्घातावपि [illegible]. केवलिसमुद्घातेन तु समुद्धतः केवली वेदनीयादिकर्मपुद्गलान् शातयतीति. एतेषु च सर्वेष्वपि समुद्घातेषु शरीराद् जीवप्रदेशनिर्गमोऽस्ति. सर्वे चैतेऽन्तर्मुहूर्तमानाः, नवरम्—कैवलिकोऽष्टसामयिकः, एते चैकेन्द्रिय–विकलेन्द्रियाणामादितस्त्रयः, वायु–नारकाणां चत्वारः, देवानाम्, पञ्चेन्द्रियतिरश्चां च पञ्च, मनुष्याणां तु सप्त.

भगवत्सुधर्मस्वामिप्रणीते श्रीभगवतीसूत्रे द्वितीयशते द्वितीय उद्देशके श्रीअभयदेवसूरिविरचितं विवरणं समाप्तम्.

१. हवे बीजा उद्देशकनी शरुआत थाय छे अने तेनो संबंध आप्रमाणे छेः—'जीव केवी रीते मरे तो तेनो संसार वधे'? ए प्रकारनो प्रश्न आगळना उद्देशकमां कर्यो हतो अर्थात् ए प्रश्नना पेटामां मरण संबंधी बीना आवी जाय छे. ए मरण बे रीते थइ शके छे–एक तो मारणांतिकसमुद्घातपूर्वक अने बीजुं मारणांतिकसमुद्घात सिवाय. माटे वांचनारने सहज संदेह थाय के, 'समुद्घात ए शुं?' तो ते शंकाने टाळवा सारु आ बीजा उद्देशकमां समुद्घातनुं स्वरूप कहेवानुं छे— आ रीते पहेला अने बीजा उद्देशकनो परस्पर संबंध छे अने तेनुं पहेलुं सूत्र आ छेः—['कइ णं भंते! समुग्घाया' इत्यादि.] समुद्घात शब्दनो आ अर्थ छेः—सम्—मळी जवुं, लीन थवुं के एकमेक थवुं. उत्—प्रबलता अने घात—हनन, हणवुं अर्थात् एकमेक थवापूर्वक प्रबलतावडे हनन ते समुद्घात. तेनुं सविस्तर विवेचन आ छे—जेम, कोइ एक जीव वेदनासमुद्घातवाळो होय तो ते वेदनाना अनुभव ज्ञाननी साथे एकमेक थइ जाय छे. तेम थया सिवाय ते, वेदनासमुद्घातवाळो बनी शकतो नथी. एकमेक थया पछी आत्मा साथे संबद्ध थएलां वेदनीयकर्मना पुद्गलो उपर ते जीव प्रबळतापूर्वक प्रहार करे छे मारो–हनन–चलावे छे अर्थात् जे वेदनीयकर्म काळांतरे वेदवा योग्य छे तेने उदीरणाकरण द्वारा खेंची उदयमां नांखी (तेने) आत्माथी सर्वथा जूदुं करी नांखे छे. आ प्रकारनुं स्वरूप वेदनीयसमुद्घातवाळानुं के वेदनीयसमुद्घातनुं होय छे. ए ज रीते बीजा समुद्घातो माटे पण जाणवुं. तात्पर्य ए के, जेवा समुद्घातमां आत्मा वर्ततो होय तेना अनुभवज्ञान साथे एकमेक थइ ते संबंधी कर्मोने आत्माथी सर्वथा जूदां करे छे, ए स्वरूप सामान्य समुद्घातनुं छे. ['सत्त समुग्घाय'त्ति] ते वेदनासमुद्घात वगेरे सात समुद्घातो संबंधी सविस्तर विवेचन 'प्रज्ञापना' सूत्रमां कह्या प्रमाणे जाणवुं. ['छाउमत्थिअसमुग्घायवज्जं'ति] पण 'प्रज्ञापना' सूत्रमां कहेल ['कइ णं भंते! छाउमत्थिअसमुग्घाया पण्णत्ता?—'हे भगवन्!

समुद्घात विचार.

---

१. प्र०छाः—कति भगवन्! छाद्मस्थिकसमुद्घाताः प्रज्ञप्ताः? २. कति भगवन्! समुद्घाताः प्रज्ञप्ताः? गौतम! सप्त समुद्घाताः प्रज्ञप्ताः. तद्यथाः—वेदनासमुद्घातः, कषायसमुद्घातः. ३. वेदना–कषाय–मरणं वैकुर्विक–तैजसश्च आहारकः, केवलिक एव भवेद् जीव–मनुष्याणां [illegible]. ४. वैकुर्विकसमुद्घातेन समवहन्ति, संख्येयानि योजनानि दण्डं निसृजति, यथाबादरान् पुद्गलान् परिशाटयति, यथासूक्ष्मान् पुद्गलान् आददातिः—अनु०

१. जैनदर्शनमां मुख्य आ बे वस्तुओ छे–एक आत्मा अने बीजुं कर्म. आत्मा शुद्ध, सत्, चिद् अने आनंदमय छे. कर्म ए जड [illegible] होइ आत्माना मूळ स्वरूपने प्रकट थवामां नडतररूप छे. जेम जड पदार्थना अणुओ होय छे तेम आत्माना पण अणुओ जेने जैन परिभाषामां प्रदेशो तरीके ओळखवामां आवे छे. चेतनात्मक असंख्य अणुओना समुदायने आत्मा कहेवामां आवे छे. अहीं आ वात [illegible] लक्ष्यमां राखवानी छे के, जड पदार्थना (आ स्थळे 'जड' शब्द पुद्गलमां संकेत्यो छे.) अणुओमां अने आत्मीय अणुओमां आ एक [illegible] अंतर छे—जेम जड अणुओ विखराइ जइ तद्दन जूदां जूदां थइ शके छे—एक एक थइ अलग रही शके छे, तेम आत्मीय प्रदेशो [illegible] पण कोइ पण प्रकारे जुदा जूदा थइ शकता ज नथी–हमेशा ते प्रदेशो भेगा ज रहे छे. ते अणुओनो एक बीजानो संबंध अकृत्रिम अने अविनश्वर छे. वळी ते आत्मीय प्रदेशोमां संकोचशक्ति अने विकासशक्ति–ए बे शक्तिओ छे. संकोचशक्तिना प्रभावे आत्मा नानामां नाना कुंथुआना शरीरमां पण समाइ शके छे अने विकासशक्तिना प्रभावे आत्मा आखा ब्रह्मांडमां पण व्यापी शके छे. जेम एक दीवो बळतो होय अने तेनो प्रकाश आखा ओरडाने अजवाळतो होय. हवे जो ते दीवा उपर कुंडलो के पाली ढांकी देवामां आवे तो तेनो प्रकाश तेटला ज स्थानमां व्यापे छे. जेम प्रकाशमां संकोचवानी अने व्यापवानी शक्ति छे–जेटलुं स्थान मळे तेटला स्थानमां प्रकाश रही शके छे तेम आत्मामां पण संकोचावानी अने व्यापवानी शक्ति छे–जेटलुं शरीर मळे तेटला शरीरमां आत्मा समाइ शके छे अर्थात् जे शरीर जेटलुं लांबुं, पहोळुं, उंचुं, टुंकुं के नीचुं होय, ते शरीरमां रहेनारो आत्मा पण तेटलो ज लांबो, पहोळो, उंचो, टुंको के नीचो होय. (जुओ तत्त्वार्थसूत्र अ० ५, सू० १६.) आत्मा ए अमूर्त पदार्थ छे तो पण शरीरनी अपेक्षाए तेमां [illegible] वगेरेने जणावी छे. केटलीएक वार केटलांक कारणोने लइने आत्मा पोताना प्रदेशोने शरीरथी बहार पण प्रसरावे छे तथा पाछा संकोची ले छे [illegible] ते क्रियाने जैन परिभाषामां 'समुद्घात' कहे छे. श्रीप्रज्ञापनासूत्रमां (क० आ० पृ० ७९३ थी ८४८ सुधी) आ समुद्घात विषे [illegible] 'समुद्घात' नामनुं छत्रीशमुं पद मूक्युं छे. तेमां समुद्घात संबंधी सविस्तर विवेचन छे. त्यां ते विवेचननी शरुआतमां आणवा जेवी आ वात [illegible]—

"इह सप्त समुद्घाता भवन्ति, तद्यथा–'वेदन–कसाय–मरणे' त्ति. वेदनं च, कषायश्च, मरणं च वेदन–कषाय–मरणम्. ××× तस्मिन् विषये त्रयः समुद्घाता भवन्ति, तद्यथा–वेदनासमुद्घातः, कषायसमुद्घातः, मरणसमुद्घातश्च. 'वेउव्विय'त्ति वैक्रियविषयश्चतुर्थः समुद्घातः. तैजसः पञ्चमः समुद्घातः, षष्ठः 'आहार' इति आहारकशरीरविषयः. सप्तमः केवलिकः—

समुद्घात सात छेः—वेदनासमुद्घात. कषायसमुद्घात. मरणसमुद्घात. वैक्रियसमुद्घात. तैजससमुद्घात. आहारकसमुद्घात अने केवलिसमुद्घात. स्थूल दृष्टिए जेम, कोइ एक पक्षी होय [illegible] धूळ पडी गइ होय त्यारे [illegible] उपरनी धूळ [illegible]

[illegible] भवति. अथ समुद्घातः इति कः शब्दार्थः? उच्यते, सम् इति [illegible], उद् प्राबल्ये, एकीभावेन प्राबल्येन घातः समुद्घातः. केन सह एकी-[illegible]? इति चेद् उच्यते, अर्थाद् वेदनादिभिः. यदा आत्मा वेदनादि-[illegible] भवति, तदा वेदनाद्यनुभवज्ञानपरिणत एव भवति, नान्यज्ञा-[illegible] प्राबल्येन कथं घातः? इति चेद् उच्यते, इह वेदनीयादि-[illegible]परिणतो बहून् वेदनीयादिकर्मप्रदेशान् कालान्तराऽनुभवयोग्यान् [illegible] आकृष्य, उदयावलिकायां प्रक्षिप्य, अनुभूय निर्जरयति-[illegible]: सह संश्लिष्टान् शातयतीति भावः. × × × तथाहि–वेदनासमु-[illegible] असद्वेद्यकर्माश्रयः, कषायसमुद्घातः कषायाख्यचारित्रमोहनीयकर्माश्रयः, [illegible]न्तिकसमुद्घातोऽन्तर्मुहूर्तशेषायुःकर्माश्रयः, वैकुर्विक–तैजसा–ऽऽहारक-[illegible] यथाक्रमं वैक्रियशरीर–तैजसशरीर–आहारकशरीरनामकर्माश्रयाः, [illegible]समुद्घातः सदसद्वेद्यशुभाशुभनामोच्चैर्नीचैर्गोत्रकर्माश्रयः. तत्र वेदना-[illegible] आत्मा असातवेदनीयकर्मपुद्गलपरिशातं करोति. तथाहि–वेदनापीडितो जीवः स्वप्रदेशान् अनन्तानन्तकर्मस्कन्धवेष्टितान् शरीराद् बहिरपि विक्षिपति, तैश्च प्रदेशैर्वदन–जठरादिरन्ध्राणि कर्मस्कन्धाद्यपान्तरा-[illegible] च आपूर्य आयामतो विस्तरतश्च शरीरमात्रं क्षेत्रम्–अभिव्याप्य [illegible] यावद् अवतिष्ठते. तस्मिंश्च अन्तर्मुहूर्ते प्रभूताऽसातावेदनीयकर्म-पुद्गलपरिशातं करोति. कषायसमुद्घातसमुद्धतः कषायाख्यचारित्रमोहनीय-कर्मपुद्गलपरिशातं विधत्ते. तथाहि–कषायोदयसमाकुलो जीवः प्रदेशान् बहिर्विक्षिपति, तैः प्रदेशैः वदनो-दरादिरन्ध्राणि कर्मस्कन्धाद्यपान्तरालानि च आपूर्य आयामतो विस्तरतश्च देहमात्रं क्षेत्रम् अभिव्याप्य वर्तते. तथाभूतश्च प्रभूतान् कषायकर्मपुद्गलान् परिशातयति. एवं मरणसमुद्घातगत आयुः-कर्मपुद्गलान् परिशातयति, नवरम्–मरणसमुद्घातगतो विक्षिप्तस्वप्रदेशो वदनोदरादिरन्ध्राणि स्कन्धाद्यपान्तरालानि चाऽऽपूर्य विष्कम्भ–बाहुल्याभ्यां स्वशरीरप्रमाणम् आयामतः, स्वशरीरातिरेकतो जघन्यतोऽङ्गुलासंख्येयभागम्, उत्कर्षतोऽसंख्येयानि योजनानि एकदिशि क्षेत्रम् अभिव्याप्य वर्तते इति वक्तव्यम्. वैक्रियसमुद्घातगतः पुनर्जीवः प्रदेशान् शरीराद् बहिर्निष्कास्य शरीरविष्कम्भबाहल्यमानम् आयामतः संख्येययोजनप्रमाणं दण्डं निसृजति, निसृज्य च यथास्थूलान् वैक्रियशरीरनामकर्मपुद्गलान् प्राग्वत् शातयति. ×× × × × एवं तैजसा–ऽऽहारसमुद्घातावपि भावनीयौ. नवरम्–तैजससमुद्घातः तेजोलेश्याविनिर्गमकाले. स च तैजसनामकर्मपुद्गलपरिशातहेतुः. आहारक-समुद्घातगतस्तु आहारकशरीरनामकर्मपुद्गलान् परिशातयतीति. केवलिसमु-द्घातगतः केवली सदसद्वेद्यादिकर्मपुद्गलपरिशातं करोति. ××× नैरयिकाणाम् आद्याश्चत्वारो वेदनादिसमुद्घाताः. ×× असुरकुमारादीनां सर्वेषामपि देवानां (आद्याः) पञ्च समुद्घाताः. ×× वायुकायवर्जएकेन्द्रिय–विकलेन्द्रियाणाम् आद्यास्त्रयः समुद्घाताः. ×× वायुकायिकानां पूर्वे त्रयो वैक्रियसमुद्घात-सहिताश्चत्वारः. × × पञ्चेन्द्रियतिर्यग्योनिकानाम् (आद्याः) पञ्च. ×× मनुष्याणां तु (आद्याः) षडपि. ×× (श्रीमलयगिरिसूरि, प्रज्ञापना, पृ० ७९३ [illegible]–८२६. क० आ०):–अनु०

अणुओने संकेरवा आ 'समुद्घात' नामनी क्रिया करे छे. ज्यारे कोइ जीव वेदना (पीडा) थी रिबाय छे त्यारे ते अनंतानंत कर्मस्कंधोथी विंटाएला पोताना प्रदेशोने शरीरथी बहारना भागमां पण प्रसरावे छे. ते प्रदेशो मुखना अने जठर (होजरी) वगेरेना पोलाणमां तथा कर्मस्कंधादिना आंतरामां भराइ रहे छे तथा लंबाइ अने पहोळाइमां शरीर जेटली जग्यामां व्यापीने एक अन्तर्मुहूर्त सुधी ते प्रकारे जीव रहे छे अने तेटला काळमां ते, अशाता वेदनीय कर्मना घणां पुद्गलोने (जे कर्म पुद्गलोनो रस बीजे वखते अनुभवमां आवनार छे तेने पण उदीरणाकरणवडे खेंची, उदयावलिकामां नाखी वेदे छे)—पोता उपरथी खंखेरी नाखे छे–खेरवी नाखे छे. ए क्रियानुं नाम 'वेदनासमुद्घात' छे. ज्यारे जीव कषायना उदयथी घेराइ जाय छे–क्रोधादियुक्त दशामां होय छे–त्यारे ते पोताना प्रदेशोने बहारना भागमां प्रसरावे छे अने ते प्रदेशो मुख अने पेट वगेरेना पोलाणमां तथा कर्म स्कंधादिना आंतरामां भराइ रहे छे. तथा शरीर जेटली लांबी अने पहोळी जग्यामां व्यापीने ते प्रकारे जीव, एक अंतर्मुहूर्त सुधी रहे छे अने ए प्रमाणे रहीने एटला वखतमां कषायकर्मनां घणां पुद्गलोने ते पोता उपरथी खेरवी नाखे छे अने ते क्रिया 'कषायसमुद्घात'ना नामे ओळखाय छे. कोइ एक जीव पोतानुं चालु आयुष्य भोगवे छे अने ते आयुष्य भोग-वतां भोगवतां ज्यारे मात्र अंतर्मुहूर्त जेटलुं आयुष्य बाकी रहे छे त्यारे ते, पोताना प्रदेशोने बहार प्रसरावे छे अने ते प्रदेशो मुख अने पेटना पोलाणमां तथा स्कंधादिना आंतरामां भराइ रहे छे तथा शरीर करतां ओछामां ओछी आंगळना असंख्येय भाग जेटली मोटी अने वधारेमां वधारे असंख्य योजन मोटी जग्यामां व्यापीने ते प्रकारे जीव, एक अंत-र्मुहूर्त सुधी रहे छे अने तेटला वखतमां ते, आयुष्य कर्मनां अनेक पुद्गलोने पोता उपरथी खेरवी नाखे छे, आ क्रिया 'मरणसमुद्घात'ने नामे जैन परिभाषामां प्रसिद्ध छे. देवोमां, नारकिओमां, पवनमां अने केटलाक मनुष्य तथा पंचेंद्रिय तिर्यंचोमां रूप फेरववानी शक्ति होय छे अर्थात् पोताना शरीरने लांबुं करवुं, टुंकुं करवुं, पहोळुं करवुं, उंचुं करवुं, सांकडुं करवुं, सुंदर लावण्यवाळुं करवुं के पोतानुं रूप बदली बीजुं रूप धरवुं; ए प्रकारनी शक्ति होय छे. ते शक्तिने माटे जैनशास्त्रमां 'विक्रिया' शब्दनो वपराश छे. अने ते शक्तिथी फारफेर थइ जे कांइ बने छे तेने 'वैक्रियशरीर' कहेवामां आवे छे. जेम कोइ एक प्रमत्त मुनि होय, तेनुं शरीर जीर्ण-प्राय थयुं होय. अने ते एवुं इच्छे के मारे मारुं शरीर सुंदर, पुष्ट अने एक देव सरखुं बनाववुं छे तो ते, पोताना प्रदेशोने बहार एक दंडना आकारमां प्रसरावे छे. ते दंडनी पहोळाइ अने जाडाइ तो पोताना शरीर जेटली ज थवा दे छे. पण तेनी लंबाइ संख्येय योजन जेटली करे छे. तेम करीने ते, एक अंतर्मुहूर्त सुधी टके छे अने तेटला वखतमां वैक्रियशरीर नाम-कर्मनां स्थूल पुद्गलोने (जेने लइने शरीरनुं सौंदर्य हीणुं थयुं छे) पोता उपरथी खेरवी नाखे छे अने वैक्रियशरीर नाम कर्मनां बीजां नवां तथा सूक्ष्म पुद्गलोने (जेने लइने शरीरने धारे तेवुं करी शकाय छे) ले छे. आ क्रियाने जैन पंडितोए 'वैक्रियसमुद्घात'नुं नाम दीधुं छे. तपस्विओने तपस्या करतां जेम अनेक विभूतिओ मळे छे तेमांनी एक 'तेजोलेश्या' नामनी पण विभूति छे, जे तेजोलेश्याना प्रभावे अनेक गाम के अनेक देशोने तपस्वी सळगावी मूके छे. ज्यारे तेजोलेश्यानो विनिर्गम थाय छे त्यारे तैजससमुद्घात थाय छे अने ते समुद्घातथी तैजस नामकर्मनां पुद्गलो आत्माथी जुदां पडी विखराइ जाय छे. ए प्रमाणे आहारकसमुद्घात विषे पण समजवुं अर्थात् जैनशास्त्रकारोए पांच प्रकारनां शरीरो कह्यां छे. (जूओ तत्त्वार्थ-सूत्र, अ० २, सू० ३७ थी ३९) तेमां एक 'आहारक' नामनुं पण शरीर छे. ते शरीर सर्व जीवोने नथी होतुं पण मनुष्योने अने तेमां पण चौदपूर्वना जाणनारने ज ते आहारकशरीर होय छे. ते चौदपूर्वी आहारकसमुद्घात करे छे अने ते द्वारा पोताना आत्मा उपर रहेलां आहारक शरीर नाम-कर्मनां पुद्गलोने विखेरी नाखे छे. हवे एक छेल्लो केवलिसमुद्घात छे. अने तेनुं स्पष्टीकरण आ छे:—जेने केवळज्ञान होय ते ज केवलिसमुद्घात करी शके छे. मात्र आ एक ज समुद्घातनो वखत आठ समय जेटलो छे अने एटला वखतमां केवळी जीव, केवलिसमुद्घात द्वारा पोता [illegible] आयुष्य सिवायनां त्रण अघाती कर्मनां पुद्गलोने खेरवी नाखे छे. ए प्रमाणे साते समुद्घात संबंधी संक्षिप्त विवेचन अहीं जणाव्युं [illegible] जाणवानी इच्छावाळा महाशयोए उपर कह्युं ते प्रज्ञापनासूत्रनुं समुद्घात पद जोवुं तथा स्थानांगसूत्रमां चोथुं स्थान (क० आ० पृ० [illegible]) अने सातमुं स्थान (क० आ० पृ० ४६८) मूळ अने टीका साथे जोवुं. 'समुद्घात' शब्दनो अर्थ टीकाना अनुवादमां विवेचायो [illegible] एटलुं जणाववानुं छे के, केटला समुद्घात कोने होय? ते आ छे:—सात समुद्घातमांना पहेला चार, [illegible] पांच समुद्घात होय छे [illegible] जीव–सिवाय बीजा एकेंद्रिय अने विकलेंद्रिय [illegible] समुद्घात होय छे. [illegible] समुद्घात होय छे.

[illegible] छाद्मस्थिकसमुद्घातो केटला कह्या छे'] ए हकीकत अहीं जाणवाबी नथी, माटे ज मूळ सूत्रमां तेने निषेधी छे. ['समुग्घायपदं'ति] [illegible] समुद्घात संबंधी विवेचनवाळुं 'समुद्घातपद' नामनुं छत्रीशमुं पद छे. ते आ रीते छेः—'हे भगवन्! समुद्घातो केटला कह्या छे? हे गौतम! [illegible] सात कह्या छे. ते आ रीतेः—वेदनासमुद्घात, कषायसमुद्घात,' इत्यादि. आ स्थळे संग्रहगाथा छेः—वेदना, कषाय, मरण, वैक्रिय, तैजस, [illegible] अने केवलिसमुद्घात (ए सात समुद्घात छे) अने ए साते, जीव अने मनुष्योमां होय छे." नारक वगेरेमां तो जे घटे ते होय छे. वेदनासमुद्घातवाळो जीव वेदनीयकर्मनां पुद्गलोनो नाश करे छे, कषायसमुद्घातवाळो जीव कषायनां पुद्गलोनो नाश करे छे, मारणांतिक समुद्घातवाळो जीव आयुष्यकर्मनां पुद्गलोनो नाश करे छे, वैक्रियसमुद्घातवाळो जीव पोताना प्रदेशोने शरीरथी बहार काढी तेनो, एक मोटो संख्येय योजन लांबो दंड बनावे छे, ते दंडनी पहोळाइ अने जाडाइ तो पोताना (दंड बनावनारना) शरीर जेटली होय छे. ते दंड कर्या पछी, आगळनां बांधेलां अने जाडां वैक्रियशरीरनामकर्मनां पुद्गलोनो नाश करे छे (नाश कर्या पछी) जेवां जोइए तेवां सूक्ष्म वैक्रियशरीरनामकर्मनां पुद्गलोने ले छे. कह्युं छे के, "जीव वैक्रियसमुद्घात करे छे, पछी संख्येय योजन लांबो दंड बनावे छे, त्यारबाद जाडां पुद्गलोने विखेरी नाखे छे अने जेवां जोइए तेवां सूक्ष्म पुद्गलो ले छे" ए प्रमाणे तैजससमुद्घात अने आहारकसमुद्घात विषे पण जाणवुं. केवळिसमुद्घातवाळो केवळज्ञानी जीव वेदनीयकर्म वगेरे चार अघाती कर्मनां पुद्गलोनो नाश करे छे. ए बधा य समुद्घातोमां शरीरथी बहार आत्माना प्रदेशो नीकळे छे. केवळिसमुद्घात सिवायना ए छ समुद्घातनो काळ अंतर्मुहूर्त जेटलो छे अने केवळिसमुद्घातनो काळ मात्र आठ समयनो छे. एक इंद्रियवाळा, बे इंद्रियवाळा, त्रण इंद्रियवाळा अने चार इंद्रियवाळा जीवोने शरुआतना त्रण समुद्घात, पवन अने नारकिओने चार समुद्घात, देव तथा पंचेंद्रिय तिर्यंचोने पांच समुद्घात अने मनुष्योने साते समुद्घातो संभवे छे.

(Margin notes: [illegible]. समुद्घातनुं फळ. समुद्घातकाळ. कया समुद्घातो कोने?)

अने छद्मस्थ मनुष्योने तो पहेला छ समुद्घात होय छे तथा छेल्लो—सातमो—समुद्घात केवळज्ञानिने होय छे. (श्रीमलयगिरिसूरि, प्रज्ञापना, पृ—७९३—७९४—८२६. क० आ०) वळी 'कयो समुद्घात कोने होय?' 'कयो समुद्घात केटला वखत सुधी टके?' 'कयो समुद्घात कया कर्मने लीधे थाय?' अने कया समुद्घातनुं कयुं फळ छे?' ए हकीकतने जणाववा माटे नीचे 'समुद्घातयंत्र' नामनो एक कोठो आप्यो छे तेनाथी उपरनी जिज्ञासाओ शांत थइ जशे माटे ते वात आ टिप्पणमां लखी नथीः—अनु०

समुद्घातयंत्र.

	समुद्घात.	कोने होय?	केटलो समय?	कया कर्मथी?	परिणाम.
१	वेदनासमुद्घात.	सर्व छद्मस्थ जीवने.	अंतर्मुहूर्त.	अशाता वेदनीय कर्मथी.	अशाता वेदनीय कर्मना अणुओनो नाश.
२	कषायसमुद्घात.	,,	,,	कषाय नामना चारित्र मोहनीय कर्मथी.	कषाय कर्मना अणुओनो नाश.
३	मरणसमुद्घात.	,,	,,	आयुष्य कर्मथी.	आयुष्य कर्मना अणुओनो नाश.
४	वैक्रियसमुद्घात.	नैरयिकोने, व्यंतरोने, ज्योतिष्कोने, वैमानिकोने, पंचेंद्रिय तिर्यंचोने, पवनने अने छद्मस्थ मनुष्योने.	,,	वैक्रियशरीर नामकर्मथी.	वैक्रिय शरीर नामकर्मना जूनां पुद्गलोनो नाश अने तेनां नवां पुद्गलोनुं ग्रहण.
५	तैजससमुद्घात.	व्यंतरोने, ज्योतिष्कोने, वैमानिकोने, पंचेंद्रिय तिर्यंचोने अने छद्मस्थ मनुष्योने.	,,	तैजसशरीर नामकर्मथी.	तैजसशरीर नामकर्मना पुद्गलोनो नाश.
६	आहारकसमुद्घात.	मनुष्यने—चतुर्दशपूर्वधरने.	,,	आहारकशरीर नामकर्मथी.	आहारकशरीर नामकर्मनां पुद्गलोनो नाश.
७	केवलिसमुद्घात.	मनुष्यने—केवळज्ञानवाळाने.	आठ समय.	आयुष्य सिवायनां त्रण अघाती कर्मथी.	आयुष्य सिवायनां त्रण अघाती कर्मपुद्गलोनो नाश.

बेधारूपः समुद्रेऽखिलजलचरिते क्षारभारे भवेऽस्मिन्, दायी यः सद्गुणानां परकृतिकरणाद्वैतजीवी तपस्वी।
अस्माकं वीरवीरोऽनुगतनरवरो वाहको दान्ति-शान्त्योर्, दयात् श्रीवीरदेवः सकलशिववरं मारहा चाप्तमुख्यः ॥ १ ॥

शतक २.—उद्देशक ३.

पृथिवीओ केटली छे ?—सात.—रत्नप्रभा.—शर्कराप्रभा.—वालुकाप्रभा.—पंकप्रभा.—धूमप्रभा.—तमप्रभा.—तमतमाप्रभा.—सर्व जीवो नरकमां, पूर्वे अनेकवार उत्पन्न थया छे ?—हा.—जीवाभिगमसूत्रनो बीजो उद्देशक.—

२१. प्र०—कइ णं भंते ! पुढवीओ पण्णत्ताओ ?

